THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

શ્રીમુક્તિ-કમલ-જૈન-મોહન-માલા : પુષ્પ ૫૨

# સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ

## ખંડ ૧

## સાર્વજનીન સાહિત્ય

પ્રણેતા

હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.,

ભૂતપૂર્વ ગણિતાધ્યાપક અને કાલાંતરે "અર્ધમાગધી"ના પ્રાધ્યાપક
અને પીએચ. ડી. ના માર્ગદર્શક

પ્રકાશક

શાહ લાલચંદ નંદલાલ વકીલ

કાર્યાધિકારી,

શ્રીમુક્તિ-કમલ-જૈન-મોહન-માલા, વડોદરા

પ્રથમ આવૃત્તિ : નકલ ૬૦૦

વિક્રમસંવત્ ૨૦૧૩ ] વીરસંવત્ ૨૪૮૩ [ ઇ. સ. ૧૯૫૬

મૂલ્ય : રૂા. ૬-૦-૦

પ્રકાશક :—

શાહ લાલચંદ નંદલાલ વકીલ,
કાર્યાધિકારી,
શ્રીમુક્તિ-કમલ-જૈન-મોહન-માલા ::
મંછાસદન, કોઠીપોળ, રાવપુરા, વડોદરા

[ આ પુસ્તકના પુનર્મુદ્રણાદિ સર્વ હક
પ્રો. હીરાલાલ ર. કાપડિયાને સ્વાધીન છે. ]

વિશેષ વિજ્ઞપ્તિ કે આ પુસ્તક જેમને અભિપ્રાયાર્થે અપાય તેમણે પોતાનો અભિપ્રાય પ્રો. કાપડિયા ઉપર બારોબાર લખી મોકલાવવો અને જેમને સમાલોચનાર્થે આ મોકલાય તેમણે સમાલોચનાની નકલ એમને જ મોકલાવવા કૃપા કરવી.

મુદ્રક :—
શા. નાથાલાલ ઓચ્છવલાલ
આનંદસાગર મુદ્રણાલય, નવસારી.

S'rī-Mukti-Kamala-Jaina-Mohana-Mālā No 58

# A History of the Sanskrit Literature of the Jainas

VOLUME I

Secular Literature

by

Hiralal Rasikdās Kapadia M. A.,

Formerly Lecturer in Mathematics and subsequently Professor of Ardhamagadhi and University Teacher for Ph D, in Ardhamagadhi

Published by

Shah Lalchand Nandlal Vakil

Secretary, S'rī-Mukti-Kamala-Jaina-Mohana-Mālā, Baroda

First Edition : Copies 600

Vikrama Era 2013 ] Vīra Era 2483 [ A. D 1956

Price Rs. 6/-

પણ પ્રથમથી જ આકર્ષ્યો છે, એને લઈને 'શાસ્ત્રવિશારદ' જૈનાચાર્ય સ્વ. વિજયધર્મસૂરિજીનું મુંબઈમાં ચાતુર્માસ થતાં એમના વિદ્વાન શિષ્યોના — ખાસ કરીને 'ન્યાયતીર્થ' 'ન્યાયવિશારદ' ઉપાધ્યાય સ્વ. મંગળવિજયજી અને 'ન્યાયવિશારદ' 'ન્યાયતીર્થ' મુનિરાજશ્રી ન્યાયવિજયજીના જ્ઞાનનો આ દિશામાં મેં લાભ લીધો. એથી હું તત્ત્વજ્ઞાન અને સાહિત્યના વિશિષ્ટ અને સમુચિત અભ્યાસ માટે શ્રીગણેશ માંડી શક્યો.

સને ૧૯૨૩માં "મુંબઈ વિદ્યાપીઠ" તરફથી ગણિતશાસ્ત્રને અંગે સંશોધનદાન (research grant) મળતાં જૈન આગમો વિચારવાની મને અમૂલ્ય તક મળી. સાથે સાથે એ અરસામાં ઉપર્યુક્ત ન્યાયવિજયજીની ન્યાયકુસુમાંજલિના અંગ્રેજી અને ગુજરાતી અનુવાદો તેમજ સ્પષ્ટીકરણો તૈયાર કરવાનો લાભ મળતાં હું કલમ પકડતાં શીખ્યો.

યોગ્યતા—મારા અભ્યાસને દૃઢીભૂત કરવા માટે અને એનો યથેષ્ટ વિકાસ સાધવા માટે મેં એક પછી એક નાની મોટી કૃતિઓ તૈયાર કરવા માંડી. તેમ થતાં જૈન સાહિત્યથી ધીમે ધીમે વધારે ને વધારે પરિચિત બનતો ગયો. અનેકવિધ ભાષાઓમાં રચાયેલા આ વિશાળ ક્ષેત્રને પહોંચી વળવા માટે મારામાં બળ હતું નહિ, પરંતુ મારી પરિસ્થિતિએ મને પુણ્યપત્તન (પૂના)ના "ભાંડારકર પ્રાચ્ય-વિદ્યા-સંશોધન-મંદિર" દ્વારા મુંબઈ સરકારની માલિકીની પાંચેક હજાર જૈન હસ્તલિખિત પ્રતિઓનું વિસ્તૃત અને વર્ણનાત્મક સૂચીપત્ર તૈયાર કરવા જેવું ભગીરથ કાર્ય ઉપાડવા પ્રેર્યો. આનું પરિણામ એ આવ્યું કે હું જૈન સાહિત્યના ઇતિહાસની આછી રૂપરેખા આલેખવા જેટલી શક્તિ મેળવી શક્યો. તેમ થતાં મેં જૈન સાહિત્યને 'આગમિક' અને 'અનાગમિક' એમ બે વર્ગમાં વિભક્ત કરી પ્રથમ વર્ગને અનુલક્ષીને એનો ઇતિહાસ અંગ્રેજીમાં આલેખ્યો, અને "મુંબઈ વિદ્યાપીઠ" તરફથી પ્રકાશન-દાન (publication grant) મળતાં એ સને ૧૯૪૧માં મે પ્રસિદ્ધ પણ કર્યો. આ કાર્ય થતું હતું

આજથી લગભગ અડધા સૈકાની અંદર કાલધર્મ પામેલા મુનિવરો માટે યોજ્યો છે. બાકી એથી પ્રાચીન મુનિવરોનો નિર્દેશ કરતી વેળા મેં એ શબ્દ વાપર્યો નથી. તેમ છતાં એમને અંગેનુ મારું બહુમાન એક યા બીજી રીતે દર્શાવવા મેં પ્રયાસ કર્યો છે.

'શ્રી'—કેટલીક વાર મુનિવરોનાં નામમાં 'શ્રી' એ માનાર્થક શબ્દ નહિ હોઇ એમના અંશરૂપે એ જોવાય છે. જેમકે શ્રીચન્દ્ર. આજે એનો એ પ્રમાણે નિર્ણય કરવામાં કોઇ કોઇ વાર મુશ્કેલી નડે છે એટલે આવા સંયોગમાં 'શ્રી' શબ્દ નહિ વાપરવાનો મારો નમ્ર મત આવકાર્ય ગણાશે.

આ પુસ્તકને બને તેટલે અંશે પરિપૂર્ણ અને ઉપયોગી બનાવવાના હેતુથી મેં ત્રણ પરિશિષ્ટો આપ્યાં છેઃ (૧) ગ્રંથકારોની સૂચી, (૨) ગ્રંથોની અને લેખોની સૂચી અને (૩) પ્રકીર્ણક વિશેષનામોની સૂચી. પ્રથમ સૂચીને મેં ત્રણ વર્ગમાં વિભક્ત કરી છેઃ (અ) શ્વેતાંબર અને યાપનીય, (આ) દિગંબર અને (ઇ) અજૈન. બીજી સૂચી માટે પણ આ પદ્ધતિ મેં સ્વીકારી છે. ત્રીજી સૂચીમાં તીર્થંકરોનાં, જાતજાતના, સંપ્રદાયના અનુયાયીઓનાં, મુનિવરોનાં, ગચ્છોનાં, નૃપાદિક ગૃહસ્થોનાં, બિરુદોનાં, ભૌગોલિક સ્થળોનાં, સંપાદકોનાં, પ્રકાશકોનાં, પ્રકાશન-સંસ્થાઓનાં, સામયિકોનાં, સંસ્કૃત ભાષાના કેટલાક પ્રકારોનાં તેમજ કેટલીક સંસ્કૃતેતર ભાષાઓનાં નામ અપાયાં છે. વિશેષમાં વીરસંવત્ અને શકસંવત્ એ બે સંવતોની તેમજ ભારતની આધુનિક પ્રાદેશિક ભાષાઓમાં તથા વિદેશી ભાષાઓમાં રચાયેલાં ભાષાંતર (અનુવાદ) અને રૂપાંતરોની તેમજ પ્રસ્તાવનાની નોંધ આ પરિશિષ્ટમાં મેં લીધી છે.

'યાપનીય' સંપ્રદાયના ગ્રંથકારો અને ગ્રંથોની નોંધ બીજા એની જેમ સ્વતંત્ર રીતે ન લેતાં મેં શ્વેતાંબરની સાથે સાથે લીધી છે, કેમકે એક તો એ સંપ્રદાયની કૃતિઓ અલ્પ પ્રમાણમાં છે અને બીજું એનાં મંતવ્યોનો ઝોક શ્વેતાંબરીય સિદ્ધાન્ત તરફનો છે.

નિરૂપણરૂપ વ્યાકરણ 'પંચાંગી' કહેવાય છે. એના બે પ્રકાર પડે છે. (૧) એકકર્તૃક અને (૨) અનેકકર્તૃક. પ્રથમ પ્રકારનાં ત્રણ પંચાંગી વ્યાકરણો છે: (૧) શાકટાયન, (૨) બુદ્ધિસાગર અને (૩) સિ૦ હૈ૦. ઐન્દ્ર અને સદ્દપાહુડ એ બે જૈન વ્યાકરણો તો ક્યારનાં લુપ્ત થઇ ગયાં છે એટલે એ બેમાં તેમજ નિમ્નલિખિત અનુપલબ્ધ જણાતાં ચાર જૈન વ્યાકરણોમાં કેવળ સૂત્રપાઠને જ સ્થાન અપાયું હશે કે એ બધા 'પંચાંગી' હશે તે જાણવું બાકી રહે છે.:—

૫૬વિશ્રાન્તવિદ્યાધર, ૫૭ભદ્રેશ્વર, ૫૮પ્રેમલાભ અને નૂતનવ્યાકરણ.

જૈનેન્દ્ર અને મુષ્ટિવ્યાકરણમાં સૂત્રપાઠ તો છે જ. બાલબોધ, વિદ્યાનન્દ અને શબ્દભૂષણમાં પણ તેમ હશે. શબ્દાર્ણવ વ્યાકરણ જ હોય તો એ માટે પણ એમ જ સમજવાનું રહે છે. શબ્દભૂષણ પદ્યાત્મક રચના છે.

પ્રક્રિયા–ગ્રન્થોનો મુખ્ય સંબંધ સૂત્રપાઠની જ સાથે છે. એ એની સાધનિકાની દૃષ્ટિએ ગોઠવણી છે.

ગણપાઠ પૂરતી સ્વતંત્ર મુખ્ય કૃતિ બે છે: ગણરત્નમહોદધિ અને ગણદર્પણ. વિશેષમાં આ બંને પદ્યાત્મક છે. ઉપસર્ગમંડન વ્યાકરણ-વિષયક કૃતિ હોય તો એ કૃતિ પણ એક રીતે ગણપાઠ સંબંધી ગણાય.

ધાતુપાઠને અંગે સિદ્ધિચન્દ્રગણિકૃત ધાતુમંજરી છે.

લિંગાનુશાસન તરીકે મિશ્રલિંગકોશ છે.

ઉણાદિસૂત્ર પરત્વે ૫૯વસુનન્દિકૃત ઉણાદિપ્રત્યય છે.

---

૫૬ આ અજૈન છે એવું માનવા માટે કોઈ સબળ પ્રમાણ જણાતું નથી.

૫૭–૫૮ આ બંનેની નોંધ જૈન ગ્રન્થાવલીમા છે અને જિનરત્નકોશના પ્રથમ વિભાગ (પૃ ૨૮૦)મા પ્રેમલાભનો ઉલ્લેખ છે, બાકી એની એક હાથપોથી કોઈ સ્થળે મળતી હોય તો તેની એમા નોંધ નથી આથી મેં એને 'અનુપલબ્ધ' કહ્યા છે.

૫૯ એઓ દિગંબર હશે.

આમ ગણપાઠાદિને લગતી કૃતિઓ ૭ છે. એ પૈકી છેલ્લી ચારને માટે મેં 'આંશિક' એવો નિર્દેશ કર્યો છે.

**આદ્ય વ્યાકરણ**— આપણા આ દેશમાં વ્યાકરણોની રચના ઘણા પ્રાચીન સમયથી હાથ ધરાઈ છે. તેમ છતા મહાવીરસ્વામીની પૂર્વે કોઈ જૈને— મુનિવરે કે ગૃહસ્થે સંસ્કૃતમાં વ્યાકરણ રચ્યું હોય એમ જણાતું નથી. એ હિસાબે [૬૦]ઐન્દ્ર વ્યાકરણ એ વીરશાસનની સ્થાપના કરતાં પહેલાંનું છે અને [૬૧]સદ્દપાહુડ વીરશાસન સ્થપાતાં રચાયું છે. એ જૈનોના સૌથી પ્રાચીન વ્યાકરણો છે પરંતુ એ બેમાંથી એકે આજે તો ઉપલબ્ધ નથી. આથી ઉપલબ્ધ સાહિત્યનો વિચાર કરતાં જણાય છે કે દિ દેવનન્દિએ જે [૬૨]જૈનેન્દ્ર-વ્યાકરણ રચ્યું છે તે સમગ્ર ઉપલબ્ધ જૈન વ્યાકરણોની અપેક્ષાએ પ્રાચીનતમ ગણાય. એવી રીતે 'યાપનીય' સંપ્રદાયનું આદ્ય વ્યાકરણ તે યાપનીય શાકટાયનકૃત [૬૩]શબ્દાનુશાસન છે. શ્વેતાંબરોનું ઉપલબ્ધ થતુ સૌથી પ્રથમ વ્યાકરણ તે બુદ્ધિસાગરસૂરિકૃત [૬૪]બુદ્ધિસાગર છે. જૈન ન્યાસોમાં તો દિ. દેવનન્દિએ પાણિનિકૃત અષ્ટાધ્યાયી ઉપર [૬૫]શબ્દાવતાર નામનો રચેલો ન્યાસ સૌથી પ્રાચીન છે જ્યારે વિશ્રાન્તવિદ્યાધર ઉપર મલ્લવાદીએ રચેલો [૬૬]ન્યાસ એ સૌથી પ્રથમ શ્વેતાંબરીય ન્યાસ છે.

**સર્વોત્તમ વ્યાકરણ**— સમસ્ત જૈન વ્યાકરણોમાં 'કલિ૦' હેમચન્દ્રસૂરિકૃત સિ૦ હે૦ નામનું વ્યાકરણ એની સાંગોપાંગતા, સરળતા

૬૦ જુઓ પૃ ૧૨-૧૪.

૬૧ જુઓ પૃ ૧૪-૧૫.

૬૨ જુઓ પૃ. ૧૫—૨૦.

૬૩ જુઓ પૃ ૨૫, ૨૬ અને ૫૮.

૬૪ જુઓ પૃ. ૩૧-૩૨

૬૫ જુઓ પૃ. ૧૬.

૬૬ જુઓ પૃ. ૨૪.

અર્થમાધુર્ય ઇત્યાદિને લઇને કળશરૂપ છે. એ એક વેળા ગુજરાતનું પ્રધાનતમ વ્યાકરણ હતું અને આજે પણ છે. એ વ્યાકરણ પાણિનીય અષ્ટા૦ ઇત્યાદિથી ચડિયાતું છે એમ પ્રબન્ધચિન્તામણિમાં નિમ્નલિખિત પદ્યમાં સુચવાયું છેઃ—

"भ्रातः ! संवृणु पाणिनिप्रलपितं कातन्त्रकन्था वृथा
मा कार्षीः कटु शाकटायनवचः क्षुद्रेण चान्द्रेण किम् ? ।
किं कण्ठाभरणादिभिर्वठरयस्यात्मानमन्यैरपि ?
श्रूयन्ते यदि तावदर्थमधुराः श्रीसिद्धहेमोक्तयः ॥"

આ પદ્ય દ્વારા અષ્ટા૦ને પ્રલાપ, [૬૭]કાતન્ત્રને કન્થા, શાકટાયનને કટુ, ચાન્દ્રને ક્ષુદ્ર અને સરસ્વતીકંઠાભરણને જડતાપોષક કહ્યાં છે.

સિ૦ હે૦ની બૃહદ્વૃત્તિની અવચૂર્ણિકામાં કહ્યું છે (જુઓ પૃ. ૭૫) કે સિ૦ હે૦ અતિવિસ્તીર્ણ કે વિપ્રકીર્ણ નથી તેમજ એ કાતન્ત્રની પેઠે સંકીર્ણ પણ નથી.

પ્રભાવકચરિત (શૃંગ ૨૨, શ્લો. ૮૨)માં કહ્યું છે કે અત્યારે જે કલાપક લક્ષણ અર્થાત્ વ્યાકરણ પ્રવૃત્ત છે તે સંક્ષિપ્ત છે અને એમાં શબ્દની નિષ્પત્તિ જેવી જોઇએ તેવી નથી. વળી પાણિનિ એ વેદનું અંગ છે એમ કહી બ્રાહ્મણો ગર્વથી એ વ્યાકરણ ઉપર ઇર્ષ્યા કરી ભણાવતા નથી માટે તમે નવું વ્યાકરણ રચો.

વ્યાકરણોની રચના મુખ્યતયા સૂત્રાત્મક હોવાથી એ ગદ્યમાં હોય એ સ્વભાવિક છે. તેમ છતાં જૈનોને હાથે નીચે મુજબનાં બે વ્યાકરણો પદ્યમાં યોજાયાં છે.—

૬૭ આ કાતન્ત્ર વ્યાકરણની રચના પ્રક્રિયા અનુસાર છે. જુઓ संस्कृत व्याकरण शास्त्रका इतिहास (ભાગ ૧, પૃ. ૩૭૫).

(૧) બુદ્ધિસાગરસૂરિકૃત બુદ્ધિસાગર (વિ. સં. ૧૦૮૦).

(૨) દાનવિજયકૃત શબ્દભૂષણ (લ. વિ. સં. ૧૭૭૦).

ભોજવ્યાકરણ પદ્યમાં છે ખરું પણ એ કંઇ સ્વતંત્ર—મૌલિક કૃતિ નથી. એ તો સારસ્વત વ્યાકરણના વિવરણરૂપ છે.

**સિદ્ધહેમચન્દ્રની સર્વોત્તમતા**— સહસ્રાવધાની મુનિસુન્દરસૂરિએ વિ. સં. ૧૪૫૫માં બાલ્યાવસ્થામાં જીભની પટુતા કેળવવા માટે જે [૬૮]ત્રૈવિદ્યગોષ્ઠી યાને [૬૯]ત્રૈવિદ્યગોષ્ઠિકા રચી છે તેમાં (પત્ર ૨અ-૨આમાં) એમણે નીચે મુજબના ક્રમે ૨૦ વ્યાકરણોનો ઉલ્લેખ કર્યો છેઃ—

(૧) ઐન્દ્ર, (૨) જૈનેન્દ્ર, (૩) સિદ્ધહેમચન્દ્ર, (૪) ચાન્દ્ર, (૫) પાણિનિ, (૬) સારસ્વત, (૭) શાકટાયન, (૮) વામન, (૯) વિશ્રાન્ત, (૧૦) બુદ્ધિસાગર, (૧૧) [૭૦]સરસ્વતીકંઠાભરણ, (૧૨) વિદ્યાધર, (૧૩) મુષ્ટિવ્યાકરણ, (૧૪) કલાપક, (૧૫) [૭૧]ભીમસેન, (૧૬) શિવ, (૧૭) ગૌડ, (૧૮) નન્દિ, (૧૯) જયોત્પલ અને (૨૦) જયદેવ.

---

૬૮ આ નામ અંતમાંના દ્વિતીય પદ્યમાં છે. એ નીચે મુજબ છે—

"शरशरमनु (१८५५)मितवर्षे स्वस्यान्येषां च शैशवे सुधियाम् ॥
जिह्वापटिमोपकृते विदधे त्रैविद्यगोष्ठीयम् ॥२॥"

૬૯ આ નામ પ્રારંભમાં બીજા પદ્યમાં છે.

૭૦ આ નામનું અલંકારશાસ્ત્ર રચનારા ભોજદેવની આ કૃતિ છે. એમાં ચચ્ચાર પાદવાળા આઠ અધ્યાય છે અને ૬૪૨૧ સૂત્રો છે. પહેલા સાત અધ્યાયમાં લૌકિક શબ્દોને સ્થાન અપાયું છે, જ્યારે આઠમા—અંતિમ અધ્યાયમાં સ્વરપ્રકરણ અને વૈદિક શબ્દોનું અન્વાખ્યાન છે. આ વ્યાકરણ પાણિનીય અષ્ટા૦ અને ચન્દ્ર વ્યાકરણને આધારે રચાયું છે. આ વ્યાકરણમાં પરિભાષા, લિંગાનુશાસન, ઉણાદિ અને ગણપાઠનું તે તે અધિકારમાં નિરૂપણ છે એ એની વિશેષતા ગણાય છે.

૭૧ પાણિનિએ રચેલા મનાતા ધાતુપાઠને અંગે ધાતુઓના અર્થ જે ભીમસેને આપ્યા છે એ ભીમસેન અત્ર અભિપ્રેત હોય તો DCGCM (Vol II. pt. I, Nos. 208-217) જોવું ઘટે.

વિશેષમાં પત્ર ૮આમાં એમણે કહ્યું છે કે જો તમને લક્ષણાનુગામિની (અર્થાત્ વ્યાકરણવિષયક) ગોષ્ઠી ગમતી હોય તો હાલમાં બધાં યે લક્ષણોમા (વ્યાકરણોમાં) શ્રીસિદ્ધહેમચન્દ્ર જ લક્ષણ મુખ્ય છે એમ તજ્જ્ઞોનું કહેવું છે. આમ અહીં એમણે સિ૦ હે૦ને સર્વોત્તમ વ્યાકરણ કહ્યું છે.

**સિદ્ધહેમચન્દ્ર સર્વોત્તમ કે વિદ્યાનન્દ વ્યાકરણ?**—સહસ્રાવધાની મુનિસુન્દરસૂરિએ વિ. સં. ૧૪૬૬માં રચેલી ગુર્વાવલીના નિમ્નલિખિત ૧૭૧મા પદ્યમાં વિ. સં. ૧૩૧૨ કરતાં પહેલાં રચાયેલા વિદ્યાનન્દ વ્યાકરણનું મૂલ્ય આંક્યું છે:—

"विद्यानन्दाभिधं तेन कृतं व्याकरणं नवम् ।
भाति सर्वोत्तमं स्वल्पसूत्रं बह्वर्थसङ्ग्रहम् ॥१७१॥"

આમ અહીં વિદ્યાનન્દ વ્યાકરણને નવીન કહ્યું છે. વિશેષમાં આ વ્યાકરણમાં સૂત્ર થોડાં અને અર્થ ઘણો છે અને એ સમયે મુનિસુન્દરસૂરિ સામે જે જે [૭૨]વ્યાકરણો હશે (સિ૦ હે૦ તો હતું જ) તેમાં આ વ્યાકરણ એમને 'સર્વોત્તમ' જણાયાનો ઉલ્લેખ છે.

જિનરત્નકોશના પ્રથમ વિભાગમાં આ વ્યાકરણની નોંધ નથી એટલે એની કોઇ હાથપોથી પણ આજે ઉપલબ્ધ છે કે કેમ તે જાણવું બાકી રહે છે. આમ જ્યારે આ વ્યાકરણ મારા તો જોવામાં જ આવ્યું નથી તો એનું જે મૂલ્યાંકન મુનિસુન્દરસૂરિએ કર્યું છે તે ચકાસી જોવાની વાત હું જતી કરું છું. બાકી નવાઇની વાત તો એ છે કે ત્રૈવિદ્યગોષ્ઠીમાં વિદ્યાનન્દ વ્યાકરણનો ઉલ્લેખ સરખો યે નથી. તેમ છતાં એને ગુર્વાવલીમાં સિ૦ હે૦ કરતાં પણ ચડિયાતું કહ્યું છે.

---

૭૨ વીસ વ્યાકરણોનો ઉલ્લેખ ત્રૈવિદ્યગોષ્ઠીમા છે. જુઓ પૃ. ૪૮ (ઉપો૦).

આથી પ્રશ્ન ઉદ્ભવે છે કે શું વિ. સં. ૧૪૫૫માં દર્શાવેલા અભિપ્રાયને વિ. સં. ૧૪૬૬માં બદલી નાંખવા માટે મુનિસુન્દરસૂરિને કોઇ સબળ કારણ મળ્યું હશે કે પહેલો ઉલ્લેખ બાલ્યાવસ્થાનો હોવાથી આગળ ઉપર—અગિયાર વર્ષે એ સમુચિત ન જણાતાં એમણે ભિન્ન અભિપ્રાય દર્શાવ્યો ?

**પ્રક્રિયા-ગ્રન્થ**—વ્યાકરણના સૂત્રપાઠગત સૂત્રોનો ક્રમ સાધનિકા માટે ભાગ્યે જ યોગ્ય હોય એટલે એના અર્થીઓ માટે પ્રક્રિયા-ગ્રન્થ યોજાય એ સ્વાભાવિક છે. આવું કાર્ય પ્રત્યેક વ્યાકરણને અંગે થઇ તો શકે, પરંતુ વિશેષ પ્રચારમાં આવનારા અને મોટા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતા વ્યાકરણ માટે આ ઘટના સહજ બને, પાણિનિકૃત અષ્ટા૦ માટે કેટલાકને મતે બૌદ્ધ ધર્મકીર્તિએ લ. વિ. સં. ૧૧૪૦માં રૂપાવતાર નામનો પ્રક્રિયા-ગ્રન્થ રચ્યો છે અને ભટ્ટોજિ દીક્ષિતે વિ. સ. ૧૫૧૦થી ૧૫૭૫ના ગાળામાં સિદ્ધાન્તકૌમુદી નામનો પ્રક્રિયા-ગ્રન્થ રચ્યો છે અને નરેન્દ્રાચાર્યે લ. વિ સં. [૭૩]૧૩૦૦માં રચેલા સારસ્વત વ્યાકરણ પરત્વે અનુભૂતિસ્વરૂપાચાર્યે પ્રક્રિયા-ગ્રન્થ રચ્યો છે તેમ ઉપલબ્ધ જૈન વ્યાકરણો પૈકી દિ. દેવનન્દિકૃત જૈનેન્દ્ર વ્યાકરણ ઉપર શ્રુતનન્દિએ તેમજ ચારુકીર્તિએ એકેક પ્રક્રિયા-ગ્રન્થ રચ્યો છે અને શાકટાયન વ્યાકરણને અંગે અભયચન્દ્રે પ્રક્રિયા-સંગ્રહ, ભાવસેને શાકટાયન-ટીકા અને દયાલમુનિએ રૂપસિદ્ધિ એમ ત્રણ પ્રક્રિયા-ગ્રન્થો રચ્યા છે તેમજ સિ૦ હે૦ને અંગે વિનયવિજયગણિએ હૈમલઘુપ્રક્રિયા અને મેઘવિજય-ગણિએ ચન્દ્રપ્રભા ઇત્યાદિ ત્રણ કૃતિ અને વીરસેને હૈમપ્રક્રિયા રચી છે.

૭૩ જુઓ સં૦ વ્યા૦ ઇ૦ (ભા ૧, પૃ ૪૫૩).

આમ સિ૦ હે૦ને અંગે [૭૪]આધુનિક રચનાઓ બાદ કરતાં પાંચ પ્રક્રિયા-ગ્રન્થો રચાયા છે.

આ ઉપરથી એ ફલિત થાય છે કે જૈન વ્યાકરણો પૈકી ત્રણ જ વ્યાકરણ અંગે પ્રક્રિયા-ગ્રન્થ છે. સૌથી વધારે પ્રક્રિયા-ગ્રન્થ સિ૦ હે૦ને લક્ષીને છે અને એવી રચના વિ. સં. ૧૭૧૦ પહેલાં કોઇએ કર્યાનું જણાતું નથી (વીરસેનનો સમય જાણવામાં નથી). એવી રીતે જૈનેન્દ્ર વ્યાકરણ પરત્વે વિક્રમની બારમી સદી પહેલાં અને શાકટાયનને અંગે વિક્રમની અગિયારમી સદી પહેલાં કોઇ પ્રક્રિયા-ગ્રન્થ રચાયો લાગતો નથી. જો આમ કહેવું વાસ્તવિક હોય તો જૈન વ્યાકરણોમાં પ્રક્રિયા-ગ્રન્થથી વિભૂષિત થનારા વ્યાકરણ તરીકે શાકટાયન વ્યાકરણ સૌથી પહેલું છે.

સિ૦ હે૦નો ઉદ્ધાર કરી સિદ્ધ-સારસ્વત નામનું નવીન વ્યાકરણ દેવાનન્દસૂરિએ લ. વિ. સં. ૧૨૭૫માં રચ્યું. એ પૂર્વે કોઇએ તેમ કર્યું છે ખરું ?

**પાંચ અજૈન વ્યાકરણો**— આપણા આ દેશમાં સંસ્કૃત ભાષાનાં સંસ્કૃતમા વ્યાકરણો જે રચાયા છે તેમાં વૈદિક હિન્દુઓનો સબળ ફાળો છે. અહીં એમણે રચેલાં નિમ્નલિખિત ચાર વ્યાકરણો વિષે વિચાર કરાયો છે :—

(૧) ઐન્દ્ર, (૨) અષ્ટા૦, (૩) કાતન્ત્ર અને (૪) સારસ્વત.

ઐન્દ્ર વ્યાકરણ સિવાય બાકીનાં સંપૂર્ણ મળે છે. કાતન્ત્રનો અને ખાસ કરીને સારસ્વત વ્યાકરણનો જૈનોમાં જેટલો પ્રચાર થયેલો જણાય છે તેટલો અષ્ટા૦નો થયો નથી.

ઉવસગ્ગહરથોત્તની દ્વિજપાર્શ્વદેવગણિએ રચેલી લઘુટીકામાં એ ગણિએ કાતન્ત્રનાં સૂત્રો આપ્યાં છે. વળી તત્ત્વાર્થસૂત્ર ઉપર દિ.

૭૪ જુઓ પૃ. ૮૪.

શ્રુતસાગરે રચેલી તત્ત્વાર્થવૃત્તિમાં એ મુનિએ મોટે ભાગે કાતન્ત્રનાં અને કોઇ કોઇ વાર પાણિનિકૃત અષ્ટા૦નાં સૂત્રો આપ્યાં છે.

પાંચમું અજૈન વ્યાકરણ તે ચન્દ્ર વ્યાકરણ છે. એ બૌદ્ધ રચના છે અને એ મહત્ત્વની છે. ઉસભપંચાસિયા વગેરે રચનારા ધનપાલે આ વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો. બુદ્ધિસાગરસૂરિ વગેરે શ્વેતાંબર વૈયાકરણોએ પોતપોતાનું વ્યાકરણ રચતી વેળા આ વ્યાકરણનો ઉપયોગ કર્યો હતો.


**પાઇય, કાનડી અને ફારસી ભાષાનાં સંસ્કૃત વ્યાકરણો—** બધાં યે જૈન સંસ્કૃત વ્યાકરણો કંઈ કેવળ એ જ ભાષાનાં જ વ્યાકરણો નથી. સિ૦ હે૦ તો સંસ્કૃત ભાષાનું વ્યાકરણ હોવા ઉપરાંત પાઇય ભાષાના વિવિધ પ્રકારોને લગતું અમુક કક્ષાનું તો વ્યાકરણ છે જ.

સિ૦ હે૦ની પૂર્વેનાં કોઇ જૈન વ્યાકરણમાં પાઇય ભાષાના વ્યાકરણને સ્થાન અપાયું હોય એમ જણાતું નથી એટલું જ નહિ પણ આ ભાષાને અંગેનું સ્વતંત્ર વ્યાકરણ તો દિ. શ્રુતસાગરકૃત[૭૫] ઔદાર્ય-ચિન્તામણિ કરતાં પહેલાં કોઇ રચાયું હોય એમ જાણવામાં નથી.

દિ. અકલંક 'કાનડી' ભાષાનું વ્યાકરણ સંસ્કૃતમાં રચ્યું છે[૭૬] એવી રીતે 'પારસીક' (ફારસી) ભાષાનું સંસ્કૃત વ્યાકરણ ગૃહસ્થ વિક્રમસિંહે રચ્યું છે.[૭૭]

વ્યાકરણોનું વિહંગાવલોકન પૂરું થાય છે એટલે લગભગ વિ. સં. ૧૮૦૦ સુધીમાં રચાયેલાં વ્યાકરણોને વિષેની કેટલીક હકીકત હું નીચે મુજબ કોષ્ટક દ્વારા સૂચવું છું:—

૭૫ જુઓ પૃ ૪૨–૪૩.
૭૬ જુઓ પૃ ૫૬
૭૭ જુઓ પૃ ૫૬.



જૈન (૩૦)
ઉપલબ્ધ (૨૪)
અનુપલબ્ધ (૬)
સંસ્કૃત (૨૦)
પાઇય (૨) (સ્વતંત્ર)
પારસીક (૧)
કાનડી (૧) (દિ.)
સંસ્કૃત (૧૫) (માધ્યમ)
ગુજરાતી (૫) (માધ્યમ) (ઔક્તિક)
પંચાંગી (૩)
એકાંગી (૧૨)
સૂત્રપાઠ (૬)
ગણપાઠ (૩)
ધાતુપાઠ (૧)
લિંગાનુશાસન (૧)
ઉણાદિસૂત્ર (૧)
ગદ્યાત્મક (૫)
પદ્યાત્મક (૧)
ગ૦ (૧)
પ૦ (૨)
શ્વે. (૪)
દિ. (૩)
ગદ્યાત્મક (૨)
પદ્યાત્મક (૧) (શ્વે.)
શ્વે. (૧)
યા (૧)
અજૈન (૫)
વૈદિક (૪)
બૌદ્ધ (૧)
ઉપલબ્ધ (૩)
અનુપલબ્ધ (૧)

## [૨] કોશ : ૪૨ જૈન કૃતિ

### (લ. વિ. સં. ૧૦૦૦ – વિ. સં. ૨૦૦૫)

સંસ્કૃત શબ્દોના સંસ્કૃત પર્યાય રજૂ કરતા સંસ્કૃત કોશ યાને નામમાલાને લગતી કૃતિઓના મુખ્ય બે વર્ગ પાડી શકાય તેમ છે: (૧) એકાર્થક નામમાલા અને (૨) અનેકાર્થક નામમાલા. પ્રથમ વર્ગના એકાક્ષરી અને અનેકાક્ષરી એમ બે પેટાવર્ગ પાડતાં નામમાલાના ત્રણ પ્રકાર ઉદ્ભવે છે. આ ત્રણ જાતની નામમાલા પૈકી 'અનેકાક્ષરી' નામમાલામાંની કેટલીક અમુક જ પ્રકારના શબ્દો કે અમુક જ વિષયને રજૂ કરે છે અને એ દૃષ્ટિએ એ 'આંશિક' નામમાલા છે. એના શબ્દ અને વિષયની દૃષ્ટિએ બે ભેદ પડે છે. આ વાત ઝટ સમજાય તે માટે હું એ નીચે મુજબ રજૂ કરું છું અને એની સંખ્યા દર્શાવવાની સાથે સાથે શ્વેતાંબર અને દિગંબર કૃતિની સંખ્યા પણ નોંધું છું:—

[૭૮]સંસ્કૃત ભાષાની જૈન નામમાલા (૪૨)

- એકાર્થક (૩૫)
  - એકાક્ષરી (૬)
    - શ્વે (૫)
    - દિ (૧)
  - અનેકાક્ષરી (૨૯)
    - સંપૂર્ણ (૨૦)
      - શ્વે (૧૮)
      - દિ (૨)
    - આંશિક [૮૦](૯)
      - શબ્દતઃ (૫)
      - વિષયતઃ (૪)
- અનેકાર્થક (૭)
  - શ્વે (૨)
  - દિ [૭૯](૫)

---

૭૮ પારસીક કોશ પણ છે.

૭૯–૮૦ જુઓ પૃ. ૫૫.

પદ્યાત્મક રચના— આ તમામ નામમાલાઓ પદ્યાત્મક છે. આ ઘટના નામમાલા કંઠસ્થ કરવાની મુખ્યતયા અનુકૂળતાને આભારી જણાય છે.

શ્વેતાંબર અનેકાક્ષરી એકાર્થક કોશોમાં જેમ 'અનુષ્ટુભ્' છંદમાં ૧૮૮ પદ્યોમાં રચાયેલો લઘુનમનામકોશ સૌથી નાનો છે તેમ દિગંબર કોશોમાં ધનંજયનામમાલા છે. ત્રણેક દસકા ઉપર કેટલા યે શ્વેતાંબર મુનિઓ (દા. ત. શ્રીવિજયપ્રતાપસૂરિજી) પોતાના પ્રાથમિક અભ્યાસ દરમ્યાન આ નામમાલા કંઠસ્થ કરતા હતા એ એની અભ્યાસની દૃષ્ટિએ ઉપયોગિતા સૂચવે છે.

પ્રથા— જેમ મુખ્યતયા અજૈનોમાં અમરકોશ કંઠસ્થ કરવાની પ્રથા આજે પણ જોવાય છે તેમ ખાસ કરીને શ્વેતાંબરોમાં— તેરાપંથની કેટલીક સાધ્વીઓમાં સુદ્ધાં અભિધાનચિન્તામણિ મોઢે કરવાની પ્રથા છે.

ન્યૂનતા— અભિ૦ ચિ૦માં કેટલાક શબ્દો પૂરતી ન્યૂનતા જણાતાં શેષનામમાલા અને શિલોંછની રચના કરાઇ અને એ દ્વારા એ કોશને પરિપૂર્ણ બનાવવા પ્રયાસ કરાયો, પરંતુ હજી પણ કોઈ કોઈ શબ્દ (દા. ત. [૮૧]પાટીર) એમાં જણાતા નથી.

વિશેષમાં આ તેમજ અન્ય જૈન કોશો જે મેં અહીં નોંધ્યા છે

૭૯ નાનાર્થ-કોશના કર્તા અસગને દિગંબર અને નાનાર્થસંગ્રહને અનેકાર્થક ગણી આ સંખ્યા દર્શાવાઈ છે

૮૦ શબ્દભેદનામમાલા આશિક કોશ હોય તો નવને બદલે 'દસ' જોઇએ અને સંપૂર્ણની સંખ્યા વીસને બદલે 'ઓગણીસ' જોઈએ.

૮૧ આ શબ્દ યશોવિજયગણિકૃત જ્ઞાનસારના "ભાવપૂજાષ્ટક" નામના ૨૯મા અષ્ટકના દ્વિતીય પદ્યમા વપરાયો છે.

તેમાં જૈનોના [૮૨]પારિભાષિક શબ્દો[૮૩] બહુજ અલ્પ પ્રમાણમાં નજરે પડે છે. આથી પહેલી તકે બે કાર્ય થવાં જોઇએ: (૧) ખૂટતા શબ્દો રજૂ થવા જોઇએ અને (૨) કંઇ નહિ તો કથાનુયોગને લગતી જૈન સંસ્કૃત કૃતિઓમાં આવતા પારિભાષિક શબ્દો અર્થ સહિત અપાવા જોઇએ. આ તો એક કામચલાઉ પુરવણીની વાત થઈ. બાકી બીજાં બે વિશેષ મહત્ત્વનાં કાર્ય કરવાં જેવા છે. એક તો જૈનોના પ્રૌઢ અને પ્રાચીન સંસ્કૃત ગ્રંથોના નિર્દેશપૂર્વકનો કોશ જોઇએ. બીજો કોશ વિશેષ પ્રયાસ માંગી લે તેમ છે, કેમકે એમાં સમય અને સ્થાનને લઇને જે શબ્દના અર્થમાં પરિવર્તનો થયાં હોય તેની પણ નોંધ હોવી ઘટે.[૮૪] ખરી રીતે તો સમગ્ર— જૈન તેમજ અજૈન સંસ્કૃત સાહિત્યને લક્ષીને આ બીજી જાતનો મહાકોશ રચાવો જોઇએ. એ કાર્ય સુગમ બને તે માટે પણ જૈન વિભાગ તો જુદો તૈયાર થવો ઘટે.

---

૮૨ દાર્શનિક સાહિત્યને લગતો પારિભાષિક શબ્દોનો કોશ પણ મત્વર રચાવો જોઇએ પણ એ વાત હું અહીં જતી કરું છું.

૮૩ આવા શબ્દો **શબ્દરત્નમહોદધિ** નામના સંસ્કૃત-ગુજરાતી કોશમા અપાયા છે. આ મહાકાય કોશના સંગ્રાહક પંન્યાસ શ્રીમુક્તિવિજયગણિ (જન્મવર્ષ વિ સ. ૧૯૪૨) છે. આ કોશ "શ્રીહેમચંદ્રાચાર્ય જન ગ્રંથમાળા"મા બે ભાગમા અનુક્રમે ઇ. સ ૧૯૩૭ અને ઇ. સ ૧૯૪૧મા પ્રકાશિત કરાયો છે (એની એક નકલ મને પ. સંપતવિજયજી તરફથી ભેટ મળી હતી). વિ. સં ૧૯૫૧મા ભાવનગરથી દોલતરાય મગનલાલ શાહે પ્રસિદ્ધ કરેલો અને સવાઇલાલ વિ. છોટાલાલ વોરાએ યોજેલો **શબ્દચિન્તામણિ** નામનો સંસ્કૃત-ગુજરાતી કોશ અપ્રાપ્ય બનતા એ ખોટ પૂરી પાડવાના ઉદ્દેશથી આ કોશ યોજાયો હતો

૮૪ આવો કોશ હોય તો **તત્ત્વાર્થાધિગમસૂત્ર** (અ. ૫, સૂ ૪૨)માના 'અનાદિ' અને 'આદિમાન' શબ્દના અર્થ ઉપર પ્રકાશ પડે. આ બે શબ્દના પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ અર્થને અંગે થોડીક ચર્ચા પં સુખલાલે એમના ગુજરાતી વિવેચન (પૃ. ૨૪૮–૨૪૯, તૃતીય આવૃત્તિ, ઇ. સ. ૧૯૪૯)મા કરી છે.

ફારસી કોશ— જેમ ફારસી ભાષાનું સંસ્કૃત વ્યાકરણ વિક્રમસિંહ નામના જૈને રચ્યું છે તેમ આ ભાષાનો શબ્દકોશ કેટલાકને મતે સપાદલક્ષ નામના જૈને રચ્યો છે

## [૩] છન્દઃશાસ્ત્રઃ ૨૨ જૈન કૃતિ
## (વિક્રમની છઠ્ઠી સદીથી ચૌદમી સદી)

છન્દને અંગે જે બાવીસ જૈન કૃતિઓ રચાઇ છે એમાં દસેક સંદિગ્ધ છે. પૂજ્યપાદ તેમજ બુદ્ધિસાગરસૂરિએ રચેલું એકેક છન્દઃશાસ્ત્ર હજી સુધી તો મળી આવ્યું નથી. આથી છન્દઃશાસ્ત્રને લગતી બાકીની ઉપલબ્ધ કૃતિઓમાં જયદેવ અને દિ. જયકીર્તિની કૃતિઓ સૌથી પ્રાચીન ગણાય. એ પછીની કૃતિઓ તે છન્દઃશેખર, હૈમ છન્દોઽનુશાસન ઇત્યાદિ છે. આ બધી કૃતિઓમાં હૈમ છન્દોઽનુશાસન એની સ્વોપજ્ઞ વૃત્તિ વગેરેને લઇને ઘણું અગત્યનું સ્થાન ભોગવે છે.[૮૫]

ઉપર્યુક્ત પૂજ્યપાદ એ સર્વાર્થસિદ્ધિના કર્તા જ હોય તો છન્દઃશાસ્ત્રની સ્વતંત્ર રચનાની શરૂઆત વિક્રમની છઠ્ઠી સદીથી ગણાય. વિક્રમની ચૌદમી સદી પછી કોઈ સ્વતંત્ર નોંધપાત્ર રચના થઇ હોય એમ જણાતું નથી.

છન્દઃશાસ્ત્રને અંગે જેમ પદ્યાત્મક રચના મળે છે તેમ હૈમ છન્દોઽનુશાસન જેવી કૃતિ ગદ્યમા— સૂત્રરૂપે યોજાયેલી મળી આવે છે. કંઠસ્થ કરનારની દૃષ્ટિએ પદ્યાત્મક કૃતિ વિશેષ અનુકૂળ ગણાય.

કાનડી છન્દઃશાસ્ત્ર— જેમ કાનડી ભાષાનું સંસ્કૃતમાં વ્યાકરણ મળે છે (જુઓ પૃ. ૫૬) તેમ જયકીર્તિકૃત છન્દોઽનુશાસન કેટલાક કાનડી છન્દો ઉપર પ્રકાશ પાડે છે.

૮૫ જુઓ પૃ. ૧૪૬.

## [૪] અલંકારશાસ્ત્ર: ૨૯ જૈન કૃતિ

### (વિક્રમની નવમી સદીથી અઢારમી સદી)

કાવ્યશાસ્ત્રને અંગે જે ૨૯ કૃતિઓ છે તેમાં ચાર આંશિક છે. આ શાસ્ત્રમાં શ્વેતાંબરોનો ફાળો દિગંબરો કરતાં વિશેષ છે, કેમકે [૮૬]દિ૦ કૃતિ ગણીગાંઠી છે. બપ્પભટ્ટિસૂરિ કરતાં પહેલાં આ વિષયની કોઇ સ્વતંત્ર કૃતિ રચાઇ હોય એમ જણાતું નથી.

'થારાપદ્ર' ગચ્છના નમિ સાધુએ રુદ્રટકૃત કાવ્યાલંકાર ઉપર વિ. સં. ૧૧૨૫માં ટીકા રચી. એમને હાથે આ જાતનું દ્વાર યોગ્ય પ્રમાણમાં ખુલ્લું મૂકાતાં આગળ ઉપર આ માર્ગે અન્ય જૈન લેખકો વિવરણકાર તરીકે વિહરે છે. એ દરમ્યાનમાં વાગ્ભટ અને 'કલિ૦' હેમચન્દ્રસૂરિ જેવા તો સ્વતંત્ર કૃતિ પણ રચે છે.

સમસ્ત કૃતિઓમાં હૈમ [૮૭]કાવ્યાનુશાસન સૌથી મોખરે છે. એની બે સ્વોપજ્ઞ ટીકા એની મહત્તામાં વૃદ્ધિ કરે છે આ કાવ્યાનુશાસન ગદ્યમાં સૂત્રરૂપે છે. એટલે પદ્યાત્મક કૃતિઓમાં તો અલંકારમહોદધિ ઉત્તમ છે.

---

૮૬ શૃંગાર-ચન્દ્રિકા, શૃંગાર-મંજરી અને નેમિકુમારના પુત્ર વાગ્ભટે રચેલું કાવ્યાનુશાસન. આ વાગ્ભટ દિગંબર હશે એવી સંભાવના जैन साहित्य और इतिहास (પૃ ૪૮૭)માં કરાઈ છે.

૮૭ આમાંથી એક અવતરણ યશોવિજયગણિએ પ્રતિમાશતક (શ્લો ૧૬)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૬૫)મા આપ્યું છે એમ એ વૃત્તિગત નિમ્નલિખિત પાઠ ઉપરથી જાણી શકાય છે —

" 'पर्यायोक्तव्यंग[ग्य]स्योक्तिः पर्यायोक्तम्' इति हैमवचनात्"

"व्यङ्ग्यस्य पर्यायोक्तम्" એ હૈમ કાવ્યાનુશાસનના છઠ્ઠા અધ્યાયનું નવમું સૂત્ર છે

[૫] નાટ્યશાસ્ત્ર: ૧ જૈન કૃતિ (લ વિ. સં. ૧૨૦૦)

નાટ્યશાસ્ત્રને અંગે નાટ્યદર્પણ ઉપરાંત કોઇ સ્વતંત્ર ગ્રન્થ જૈનોએ રચ્યો હોય એમ જણાતું નથી એટલે એ વિષે વિશેષ કહેવાનુ રહેતું નથી.

[૬] સંગીતશાસ્ત્ર: ૭ જૈન કૃતિ
(વિ સં. ૧૩૫૦—લ વિ. સં. ૧૫૦૦)

સંગીતશાસ્ત્રને લગતી સાત કૃતિઓ છે. તેમાંની ચાર તો લ વિ સં. ૧૩૫૦થી લ વિ. સં. ૧૪૯૦ના ગાળામાં રચાયેલી છે. બાકીની ત્રણ કૃતિ વિષે વિશેષ માહિતી મળી શકી નથી આ પરિસ્થિતિમા આ બધી કૃતિમાં દિ. પાર્શ્વચન્દ્રની કૃતિને હું અગ્ર સ્થાન આપુ છું.

સુધાકલશની બને કૃતિ અત્યારે તો અપ્રસિદ્ધ છે અને એમાંની પહેલી તો અદ્યાપિ અપ્રાપ્ય છે એટલે બીજી પ્રસિદ્ધ કરાય તો આ દિશામાં વિશેષ પ્રકાશ પડે.

[૭] કામશાસ્ત્ર: ૩ જૈન કૃતિ (વિક્રમની ૧૭મી સદી)

કામશાસ્ત્રને અંગે જૈન કૃતિઓ ત્રણથી વધારે નથી અને તેમાં બે તો અપ્રકાશિત છે. વળી કંદર્પચૂડામણિ જૈન કૃતિ હોય તોપણ તે વિ. સં. ૧૬૩૩ની રચના છે. આ વિષય જૈનોને હાથે એમના ધાર્મિક વલણને લઇને લગભગ અણખેડાએલો જ રહ્યો છે એમ કહું તો કેમ?

[૮] સ્થાપત્ય: ૧ જૈન કૃતિ (ઉ. વિ. સં. ૧૪૦૦)

એકસંધિએ શિલ્પશાસ્ત્ર નામની કૃતિ રચી છે એ ઉપરાંત કોઇ જૈને આ વિષયની કોઇ કૃતિ રચ્યાનું જણાતુ નથી તેમ જ ઉપર્યુક્ત કૃતિ વિષે વિશેષ માહિતી મને મળી શકી નથી એટલે મૂલ્યાંકન અંગે હું કશું કહેતો નથી.

[૯] મુદ્રાશાસ્ત્ર

આ શાસ્ત્ર માટે તો કોઇ જૈને સંસ્કૃત કૃતિ રચી જ જણાતી નથી તો મૂલ્યાંકનની વાત જ શી કરવી?

### [૧૦] ગણિતશાસ્ત્ર: ૬ જૈન કૃતિ
### (લ. વિ. સં. ૯૦૦—લ. વિ. સં. ૧૪૦૦)

ગણિતશાસ્ત્રને અંગેની આઠ કૃતિ પૈકી ૭ ના કર્તા જૈન છે[88] અને એ ૭ યે કૃતિ સસ્કૃતમાં છે એમ માની લઇએ તો પાટીગણિતની ચાર અને ક્ષેત્રગણિતની[89] બે કૃતિ છે એમ કહેવાય. આ બધી કૃતિઓમા લ. વિ. સ. ૯૦૦માં રચાયેલ ગણિતસારસંગ્રહ વિશેષતઃ નોંધપાત્ર છે. એ પૂર્વે વિદ્યાવારિધિ ઉમાસ્વાતિ જેવા જૈન ગણિતજ્ઞો થઇ તો ગયા છે પણ એમની કોઇ સ્વતંત્ર કૃતિ હજી તો મળી આવી નથી.

જૈન ભૂગોળ અને ખગોળ જોતાં ગણિતની અને ખાસ કરીને ક્ષેત્રગણિતની મહત્ત્વની કૃતિઓ સજાયાની આશા તો રખાય, પણ કોણ જાણે કેમ એ દિશામાં વિક્રમની ચૌદમી સદી પછી અંધકારપટ છવાયો હોય એમ લાગે છે. આજે થોડાક પણ જૈન ગૃહસ્થો ગણિતની વિવિધ શાખાના સારા જાણકાર છે પણ એમાં સંસ્કૃત ગ્રંથ રચે તેવા તો કોઇક જ છે ને? આથી અત્યારે તો ગણિતશાસ્ત્રની વિવિધ શાખાઓ ઉપર પ્રકાશ પાડતી સબળ સંસ્કૃત કૃતિ રચાય એવો સંભવ બહુ જ ઓછો છે.

### [૧૧] નિમિત્તશાસ્ત્ર: ૪૯ જૈન કૃતિ
### (લ. વિ. સં. ૧૭૫—લ. વિ. સં. ૧૭૫૫)

નિમિત્તશાસ્ત્ર સંબધી જૈન કૃતિઓને આપણે આઠ વિભાગમાં વિભક્ત કરી શકીએ: (૧) જ્યોતિષ (ફલાદેશ), (૨) સામુદ્રિક, (૩) શકુન, (૪) સ્વપ્ન, (૫) રમલ, (૬) અંગવિદ્યા, (૭) પ્રશ્નવિચાર અને (૮) પ્રકીર્ણક. આ વિભાગોની કૃતિઓની સંખ્યા અનુક્રમે નીચે પ્રમાણે છે:—

[90] ૧૬, ૪, ૯, ૯, ૩, ૨, ૪ અને ૨.

---

૮૮ ગણિતસાર અને ગણિતતિલક એ બે તો અજૈન કૃતિ છે.

૮૯ સિદ્ધભૂપદ્ધતિ જતની ક્ષેત્રગણિતને અગેની કૃતિ હોય એમ લાગે છે

૯૦ પ્રશ્નપ્રકાશ એ પ્રશ્નવિચારની કૃતિ હોય તો આ સંખ્યા ૧૫ની અને પ્રશ્નવિચારની કૃતિઓની સંખ્યા પાચની ગણાય.

પદ્યમાં પ્રસ્તુત કૃતિને સદ્‌યન્ત્રરાજાગમ અને અંતિમ પદ્યમાં યન્ત્રરાજાગમ કહી છે. પાંચે અધ્યાયોના નામ સાન્વર્થ છે એ નીચે મુજબ છે.—

ગણિત, યન્ત્રઘટના, યન્ત્રરચના, યન્ત્રશોધન અને યન્ત્રવિચારણા.

સર્વજ્ઞના ચરણકમળનો અને મદનસૂરિ નામના ગુરુનો હૃદયમાં પરામર્શ કરીને યન્ત્રરાજની રચના કરાઈ છે. પ્રથમ અધ્યાયમાં જ્યા, ક્રાન્તિ, ધુજ્યાના ફળ, સૌમ્ય યન્ત્ર અને યામ્ય યંત્રને અંગે ઇષ્ટ અક્ષાંશોના ઉન્નત વલય-કેન્દ્રના વ્યાસાર્ધ, સાયન સૂર્ય દ્વારા બત્રીસ નક્ષત્રો અને ધ્રુવકો, નક્ષત્રોમાં દૃક્‌કર્મ ઇત્યાદિ લાવવાની રીત દર્શાવાઇ છે બીજા અધ્યાયમાં યંત્રની રચનાનો પ્રકાર વિચારાયો છે ત્રીજામાં યંત્રના ભેદો તેમજ સૌમ્ય યંત્ર વગેરેને અંગે કેટલાક સાધનોની સમજણ અપાઇ છે. ચોથામાં યંત્રના શોધનનો વિચાર કરાયો છે પાંચમામાં ગ્રહો અને નક્ષત્રોના અંશો લાવવાની રીત, બાર આગળના શંકુ ઉપરથી સાત આગળના શંકુની તેમજ સાત આંગળના શંકુ ઉપરથી બાર આંગળના શંકુની છાયા લાવવાની રીત તેમજ યંત્ર દ્વારા ભૌમાદિના ઉદય અને અસ્તનુ જ્ઞાન એમ વિવિધ બાબતો વિચારાઇ છે.

ટીકા—મલયેન્દુસૂરિએ આ સંસ્કૃત ટીકાની શરૂઆત એક પદ્યથી કરી છે વળી પ્રત્યેક અધ્યાયને અંતે પણ એકેક પદ્ય છે પાંચમા અધ્યાયને અંતે ત્રણ વધારાનાં પદ્યો છે ટીકામાં વિવિધ કોષ્ટકો અપાયાં છે એથી એનુ મહત્ત્વ વધ્યું છે.

—હી. ર.

# બે બોલ

વર્ષો અગાઉ જાણીતા પીઢ કર્મઠ સાહિત્યકાર શ્રીયુત મોહનલાલ દ. દેસાઈકૃત 'જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,' મેકડોનલકૃત 'સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' અને એના જેવાં અન્યાન્ય જૈન અજૈન પુસ્તકોને જોઈને એક સ્ફુરણા થયેલી કે પ્રાકૃત તેમજ સસ્કૃત સાહિત્યને લગતા જૈનધર્મના તમામ ગ્રન્થોનું, તેના પરિચય સાથે એક સંસ્કરણ તૈયાર થવુ જોઈએ. તે પછી તો જેઓને શ્રેષ્ઠ-શ્રેષ્ઠતમ કોટિના ગણી શકાય, તેવા વિદ્વાનો, ખાસ કરીને અજૈન વિદ્વાનોના હાથે લખાયેલાં ઇતિહાસ વિષયક પુસ્તકો અને તેમાંનાં પ્રકરણો આંખે ચઢવા માંડ્યા, અને જ્યારે એમાં જૈન સાહિત્ય તેમજ તેના સાસ્કૃતિક વિષય અગેની અલ્પજ્ઞતા અને અજ્ઞાનતા જોઈ, ત્યારે તો તે માટે મને ભારે દુ:ખ થયું અને આપણા શ્રીસંઘની બેદરકારી માટે શરમ પણ ઊપજી. અરે! કેટલાક લેખકોએ તો જાણે-અજાણે પણ, જૈનધર્મના મર્મની સમજણોના અભાવે, તેના સિદ્ધાન્તો અને સંસ્કૃતિને ભારે અન્યાય આપતી વિકૃત રજૂઆતો પણ કરેલી જોઈ; ત્યારે તો મારી પૂર્વોક્ત ભાવના બળવત્તર બની ગઈ. આમા મને ચોક્કસપણે એ પણ લાગ્યુ પહેલા અપરાધી જો કોઈ હોય તો તે જૈન ધર્મ-સંસ્કૃતિના ઉપાસકો તરીકે ગણાતા આપણે જ છીએ; જેમણે પોતાની અજોડ, અદ્ભુત, અનુપમ અને વિશ્વોપકારક સાહિત્યની કીમતી સમૃદ્ધિને, પ્રસિદ્ધિનો જોઈએ તેવો પ્રકાશ આપ્યો નથી. પરિણામે ભગવાન્ જિનેશ્વરદેવની મુદ્રાથી અંકિત, આપણા સંગીન અને મૌલિક સાહિત્યની પુનિત અને નિર્મળ ગંગા, યોગ્ય આત્માઓના હૃદય-નયપથસુધી બરાબર પહોંચી શકી નથી અને એનો સુયોગ્ય વિદ્વાનોને પણ, બહુ ઓછો લાભ મળ્યો છે. આમ છતાંયે મારે એ કહેવું જ જોઈએ કે આજ સુધીમા

જેટલું જૈન સાહિત્ય પ્રસિદ્ધ થયું છે તે પણ વિપુલ પ્રમાણમાં છે અને છેલ્લા દશકામા તો આધુનિક દૃષ્ટિએ સંપાદિત થયેલું સાહિત્ય પણ ઠીક ઠીક પ્રમાણમા બહાર પડી ચૂક્યું છે, છતાં આજના વિદ્વાન લેખકો તેને લક્ષ્યપૂર્વક વાંચતા, નથી, સમજતા નથી અને ઉપર ઉપરથી વાચીને ઇધર-તિધરથી ઉઠાવીને પોતાના ગ્રન્થમા માત્ર બે ત્રણ પાના, જૈન-દર્શન, સાહિત્યને લગના લખવાના રાખ્યા હોય તે ભરી દે છે અને પોતાની જાતને સંતોષ મનાવે છે પણ આ રીતે પાના ભરવાથી માત્ર જૈન સાહિત્યને ક્યારેય ન્યાય કે સંતોષ આપી શકાતો નથી. અને આ જ કારણે બીજા નબરના અપરાધી તરીકે હું લેખકોને સૂચવી શકું।

પણ હવે બન્નેએ નિરપરાધી બનવુ જોઈએ. જૈનસઘ તરફથી તો છેલ્લા દશ વર્ષમા અનેકદેશીય સાહિત્ય બહાર 'પડ્યું' છે ને હવે એ દિશામાં સારા પ્રમાણમા પ્રયત્નો જારી પણ છે. એટલે હવે લેખકોને પોતાનો ધર્મ બજાવવાનો રહે છે. એટલે કે તેઓએ જૈન સાહિત્યનો ઊંડા ઊતરીને મનનપૂર્વક ઠીક ઠીક અનુગમ કરવો જ જોઈશે એના મૌલિક ઉદ્દેશો ને ઉચ્ચતમ સિદ્ધાન્તો, એની પરિભાષાઓ ને અજોડ ખૂબીઓ અને વળી, એના સાસ્કૃતિક કાર્યક્રમો વગેરેને, ખૂબ ખૂબ અર્થપૂર્ણ રીતે સમજવા જોઈશે.

જૈન દર્શન એ એક નિરાલું દર્શન છે. એની સર્વજ્ઞમૂલક ખૂબીઓ અનન્ય છે મધ્યસ્થભાવે આમૂલચૂલક અધ્યયન કર્યા વિના એનુ સાચું રહસ્ય લાધશે નહિ અને એનું સાસ્કૃતિક ગૌરવ પણ સમજાશે નહીં અન્ય સંસ્કૃતિઓના અધ્યયન સાથે ભારતની આ મહાન્ સંસ્કૃતિનુ અધ્યયન નહિ થાય ત્યા સુધી અન્ય સાસ્કૃતિક અધ્યયનો અપૂર્ણ જ રહેશે અને વિદ્વાનોને તે ચમકતા નહિ જ લાગે આ વાત હું જ કહુ છુ એમ નથી; પણ આજના માધ્યસ્થ્ય વૃત્તિ ધરાવનારા અજૈન વિદ્વાનો પણ આ જ હકીકતને જાહેરમાં જોરશોરથી કહે છે. એટલે અજૈન

વિદ્વાનોને મારી વિનંતિ છે કે તેઓ જરી-પુરાણા થયેલા અસત્ પૂર્વ ગ્રહોને હવે ઝડપથી છોડે, પરાયા ભાવને તિલાંજલિ આપે, અને જૈન સંસ્કૃતિનું અધ્યયન-અધ્યાપન કરવા-કરાવામા, પૂરતો રસ અને ઉત્સાહ દાખવે.

આ ઠેકાણે મને જણાવતાં આનંદ થાય છે કે, આપણા કેટલાય ભારતીય વિદ્વાનોને એ પ્રતીતિ થઈ છે કે જૈન સાહિત્યમાં સાર્વદેશીય અને સાર્વક્ષેત્રીય હકીકતોનો અખૂટ ખજાનો ભર્યો છે. એટલે તે તરફ હવે તેઓનું ઠીક ઠીક પ્રમાણમાં આકર્ષણ વધતુ ચાલ્યુ છે તેઓ જૈન-સંસ્કૃતિના અધ્યયનમાં રસ લઈ રહ્યા છે, અને અધ્યયનની વિશિષ્ટ દિશાને ખુલ્લી કરી મોકળી કરી રહ્યા છે. અને તેમના જ હાથે—

"જૈનસંઘ પાસે વિપુલ સાહિત્ય સમૃદ્ધિ નથી, અને સાર્વદેશીય સાહિત્ય-સર્જન છે જ ક્યાં?"

ઈત્યાદિ જે જે ગેરસમજભર્યા અભિપ્રાયો, ખોટી રીતે બંધાયા હતા અને તેથી કેટલાકના હાથે જે અસંબદ્ધ વિધાનો બોલાયા, લખાયાં અને છપાયાં હતાં, એના પરિમાર્જનની શરૂઆત પણ થઈ ચૂકી છે. એ ખરેખર! એ એક અતિઆનંદનો વિષય છે.

જૈનસંઘને મારી સૂચના છે-વિનતિ છે કે, વર્તમાન પરિસ્થિતિ, જૈન સંસ્કૃતિના પ્રકાશ અને પ્રચાર માટે તો એટલી અને એવી અનુકૂળ છે કે, જો જૈન સંસ્કૃતિના પ્રચાર અને પ્રકાશ માટે, વિવિધ પ્રકારે હરણ-ફાળ ભરવામાં આવે તો જૈન સંસ્કૃતિનો પ્રવાહ વિશ્વભરમા વહેતો કરી શકાય અને એ પ્રવાહ અનેક આત્માઓ ડૂબકી મારીને પાવન બની શકે! પણ અફસોસની વાત એ છે કે, વર્તમાન કલહ-કંકાસમા અટવાઈ ગયેલા જૈનસંઘના સૂત્રધારોને પ્રચારનું મૂલ્ય સમજાયું જ નથી. અને જેઓને સમજાયું હશે તેઓ સક્રિય પ્રયત્નશીલ નથી પરિણામે

વર્તમાનની સાનુકૂળ પરિસ્થિતિનો સર્વાંગી લાભ શ્રીસંઘ ઉઠાવી શકતો નથી એ બીના જેટલી ખેદજનક છે તેટલી જ દુઃખદ છે આ દુઃખદ પરિસ્થિતિનો જલદી અંત લાવવો જોઈએ!

આટલી વાત તો પ્રાસંગિક હૈયે હતી, તેમાંથી થોડીક હોઠે આવી અને કલમે અહીં ટપકાવી.

હવે મૂળ મુદ્દા પર આવું.

આ પુસ્તક પ્રકાશક સંસ્થાના સૂત્રધારોને, વર્તમાન સમયમાં જાહેર પ્રજાને પોતાના સમૃદ્ધ વારસાનાં દર્શન કરાવવાની અને જૈનધર્મની સેવામા પોતાનો યત્કિંચિત ફાળો નોંધાવવાની, જૈન સંસ્કૃતિ અને સાહિત્યની પ્રૌઢતા, પ્રખરતા અને ગંભીરતા જોવાની ભાવના પ્રગટી અને જાણીતા સુરતનિવાસી, અનેક કૃતિઓના સંશોધક, સંપાદક અને અનુવાદક, વિદ્વાન લેખક શ્રીયુત હીરાલાલ રસિકલાલ કાપડિયાને મળવાનું થયું ત્યારે તેઓએ પોતાના પ્રકાશિત પ્રાકૃત ભાષાના ઇતિહાસની જેમ, જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ લખવાની પ્રેરણા કરી, અને પોતાની પાસે તેની કાચી સામગ્રી સારા પ્રમાણમાં હોવાનું પણ જણાવ્યું. અર્થાત્ આ વિષયમા તેમણે ઘણી સારી તૈયારી બતાવી. પૂજ્ય ગુરુદેવો અને સંસ્થાના કાર્યકારોને આ વાત કરતા, પ્રસ્તુત વાતને તેઓએ સહર્ષ વધાવી લીધી. પછી શ્રી. કાપડિયા સાથે, તેની રૂપરેખા, કાર્યમર્યાદા ને ગ્રન્થમર્યાદા નક્કી થઈ. પછી એમણે કાર્ય શરૂ કર્યું. રૂપરેખા તો ઠીક જળવાઈ, પણ બાકીની મર્યાદાઓ જળવાઈ ન શકી. ગ્રન્થમર્યાદા તો ત્રિગુણાધિક થઈ ગઈ, જેથી ત્રણ ખંડો પાડવાનું નક્કી થયુ, અને પરિણામે સંસ્થા આજે તેનો પહેલો ભાગ જ પ્રસિદ્ધ કરી રહી છે. આ પ્રકાશન દ્વારા જૈન સંસ્કૃત સાહિત્યની વિશાળતાનો અને તેની અનેકવિધ ખૂબીઓનો અર્થાત્ જૈન વિદ્વાનોએ વિદ્યા-કલા અને સાહિત્યના કેટકેટલાં ક્ષેત્ર

ઉપર કલમ ચલાવી છે તેનો ખ્યાલ મળશે, અને ઘણા ભ્રમો, અધૂરા ખ્યાલો દૂર થશે અને વળી આ પ્રકાશનથી જૈન-જૈનેતર વિદ્વાન વાચકોને પ્રચૂર માહિતીઓ અને અનુભવો પણ મળશે આશા છે કે, જૈન-અજૈન જનતા, આવા ઉપયોગી પ્રયત્નનો જરૂર સમાદર કરશે.

આ ગ્રન્થમાં ઉઠાવેલા પ્રબલ પરિશ્રમ અંગે વિદ્વાન્ લેખક શ્રી કાપડિયાને સહર્ષ ધન્યવાદ આપું છું, અને તેમની જૈન સાહિત્યની શેષ સેવાઓનું વિધવિધ રીતે દર્શન કરાવવાની તેમની અખૂટ ભાવના સફળ બને એવી શુભેચ્છા સેવુ છુ.

આટલું કહ્યા બાદ એક વાતનું સંસૂચન કરવાનું ઉચિત સમજુ છું તે એ કે—

ઇતિહાસ–સાહિત્ય વગેરે એવી ચીજ છે કે, એમાં પૂરેપૂરા નિર્ણયો લેવાયા જ છે એવું નથી હોતું. જે હોય છે તેમાં કેટલાક એવા પણ હોય છે કે જે સંપૂર્ણરીતે સાચા ન પણ હોય, આનુમાનિક પણ હોય, ને છેવટે સંભવિત પણ રાખવામાં આવ્યા હોય માટે અહીં એ કહેવુ જોઈએ કે, વિદ્વાનોએ કેટલાક સંયોગોમાં ઉપરોક્ત સ્થિતિને માન્ય રાખી છે, પણ તે એવા સાધનો અને સાહિત્ય માટે કે જે અપ્રાપ્ય હોય અને જેની હકીકતો મળતી ન હોય! પરન્તુ આમાં, કેટલીક પ્રકાશિત અને લભ્ય કૃતિઓ માટે એવું બને ત્યારે તે કેમ ગમે? અને આથી અમુક કૃતિ પ્રત્યક્ષ રીતે એક માહિતી આપતી હોય ત્યારે આ પ્રકાશનમા બીજી જ માહિતી જણાવાતી હોય! ક્યાક ક્યાંક તો ઉલટી જ હકીકત પણ રજૂ થઈ હોય. વળી, કેટલીક પ્રાકૃત કૃતિઓને સંસ્કૃત માનીને, અજૈન કૃતિને જૈન ગણીને, પ્રકાશિત કૃતિને અપ્રકાશિત સમજીને પરિચય અપાયો છે. ક્યાંક અનૈતિહાસિક વિધાન પણ નજરે ચઢી જાય છે.

આ માટે આપણા માનનીય લેખક વિદ્વાને, થોડોક વધુ પરિશ્રમ કરીને જો સંસ્થાઓની સૂચીઓ મેળવી લીધી હોત, અને થોડી વધુ જાંચ કરી હોત તો, સૂચિત ક્ષતિઓથી આ સસ્કરણને જરૂર બચાવી શકાયું હોત! અને આવુ અતિપરિશ્રમ અને વ્યય સાધ્ય પ્રકાશન, શહાદતો (References) મ ટેનુ પ્રામાણિક સાધન બની ગયુ હોત!' અને આ ગ્રન્થ લખાવવા પાછળી સંસ્થાની જે ભાવના અને લક્ષ્ય હતુ તે વધુમાં વધુ રીતે પાર પડ્યુ હોત! અસ્તુ!

અન્તે જૈન શ્રીસઘને વિનંતિ કે, સંઘના પ્રત્યેક અગને, પોતાની અણમોલ સાહિત્ય સંપત્તિનું દર્શન થાય અને તેમાથી અનેકવિધ કલ્યાણકર પ્રેરણાઓ મેળવે, એ માટે આ પ્રકાશનને જરૂર વસાવી લે અને એથી સંસ્થાને પણ બીજો ભાગ બહાર પાડવામા પ્રોત્સાહન મળશે.

●

માટુંગા (મુંબઈ)
જેઠસુદિ પૂર્ણિમા
વિ સં. ૨૦૧૦

યશોવિજય

# અનુક્રમણિકા


| વિષય | |
|---|---|
| પ્રકાશકીય નિવેદન | ૫–૮ |
| આર્થિક સહાયકો | ૯ |
| પ્રો. કાપડિયાની અન્ય કૃતિઓ | ૧૦–૧૨ |
| ઉપોદ્ઘાત | ૧૩–૭૭ |
| બે બોલ — મુનિશ્રીયશોવિજયજી | ૭૮–૮૦ |
| પ્રકરણ ૧ : પ્રાસ્તાવિક | ૧–૮ |
| ,, ૨. વ્યાકરણ બે પરિશિષ્ટ સહિત | ૯–૬૦ |
| ,, ૩ : હૈમ પચાંગ વ્યાકરણ | ૬૧–૧૦૩ |
| ,, ૪· કોશ યાને નામમાલા | ૧૦૪–૧૩૩ |
| ,, ૫· છંદઃશાસ્ત્ર | ૧૩૪–૧૫૨ |
| ,, ૬ : અલંકારશાસ્ત્ર (કાવ્યશાસ્ત્ર) | ૧૫૩–૧૭૯ |
| ,, ૭ : નાટ્યશાસ્ત્ર | ૧૮૦–૧૮૬ |
| ,, ૮ : સંગીતશાસ્ત્ર | ૧૮૭–૧૯૦ |
| , ૯ : કામશાસ્ત્ર | ૧૯૧, ૧૯૨ |
| ,, ૧૦ : સ્થાપત્ય અને મુદ્રાશાસ્ત્ર | ૧૯૩, ૧૯૪ |
| ,, ૧૧ : ગણિતશાસ્ત્ર | ૧૯૫–૨૦૦ |
| ,, ૧૨ : નિમિત્તશાસ્ત્ર | ૨૦૧–૨૨૬ |
| ,, ૧૩ : વૈદ્યકશાસ્ત્ર | ૨૨૭–૨૩૨ |
| ,, ૧૪ : પાકશાસ્ત્ર | ૨૩૩ |
| ,, ૧૫. વિજ્ઞાન | ૨૩૪–૨૩૮ |
| ,, ૧૬ : નીતિશાસ્ત્ર | ૨૩૯–૨૫૪ |
| ,, ૧૭ : અજૈન લાક્ષણિક સાહિત્યનાં જૈન સંસ્કૃત વિવરણો | ૨૫૫–૨૯૯ |

| વિષય | |
|---|---|
| પુરવણી | ૩૦૦–૩૧૪ |
| અનુલેખ | ૩૧૪–૩૨૩ |
| પરિશિષ્ટ ૧ ગ્રન્થકારોની સૂચી | ૩૨૪–૩૪૬ |
| ,, ૨ ગ્રન્થો અને લેખોની સૂચી | ૩૪૭–૩૯૮ |
| ,, ૩: પ્રકીર્ણક વિશેષનામો | ૩૯૯–૪૨૪ |
| વિષયસૂચી | ૪૨૫–૪૪૩ |
| સંકેતસૂચી | ૪૪૪–૪૪૬ |
| શ્રીમુક્તિ-કમલ-જૈન-મોહનમાલાનાં અદ્યાવધિ પ્રકાશિત પુષ્પો | ૪૪૭–૪૫૩ |
| અશુદ્ધિશોધન | ૪૫૪–૪૬૭ |

# वीतरागस्तवः ॥

यः परात्मा परंज्योतिः, परमः परमेष्ठिनाम् ।
आदित्यवर्णं तमसः परस्तादामनन्ति यम् ॥१॥

सर्वे येनोदमूल्यन्त समूलाः, क्लेशपादपाः ।
मूर्ध्ना यस्मै नमस्यन्ति, सुरासुरनरेश्वराः ॥२॥

प्रावर्त्तत यतो विद्याः, पुरुषार्थप्रसाधिकाः ।
यस्य ज्ञानं भवद्-भावि-भूतभावावभासकृत् ॥३॥

यस्मिन् विज्ञानमानन्दं, ब्रह्म चैकात्मतां गतम् ।
स श्रद्धेयः स च ध्येयः, प्रपद्ये शरणं च तम् ॥४॥

तेन स्यां नाथवॉस्तस्मै, स्पृहयेयं समाहितः ।
ततः कृतार्थो भूयासं, भवेयं तस्य किङ्करः ॥५॥

तत्र स्तोत्रेण कुर्यां च, पवित्रां स्वां सरस्वतीम् ।
इदं हि भवकान्तारे, जन्मिनां जन्मनः फलम् ॥६॥

क्वाहं पशोरपि पशुर्वीतरागस्तवः क्व च ।
उत्तितीर्षुररण्यानीं, पद्भ्यां पङ्गुरिवास्म्यतः ॥७॥

तथापि श्रद्धामुग्धोऽहं, नोपालभ्यस्खलन्नपि ।
विशृङ्खलाऽपि वाग्वृत्तिः, श्रद्दधानस्य शोभते ॥८॥

श्रीहेमचन्द्रप्रभवाद् वीतरागस्तवादितः ।
कुमारपालभूपालः, प्राप्नोतु फलमीप्सितम् ॥९॥

× × ×

तव चेतसि वर्तेऽहमिति वार्तापि दुर्लभा ।
मच्चित्ते वर्तसे चेत्त्वमलमन्येन केनचित् ॥१॥

निगृह्य कोपतः कांश्चित्, कांश्चित् तुष्ट्याऽनुगृह्य च ।
प्रतार्यन्ते मृदुधियः, प्रलम्भनपरैः परैः ॥२॥

अप्रसन्नात् कथं प्राप्यं, फलमेतदसङ्गतम् ।
चिन्तामण्यादयः किं न, फलन्त्यपि विचेतनाः ॥३॥

वीतराग ! सपर्यास्तवाज्ञापालनं परम् ।
आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥४॥

आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेय उपादेयश्च संवरः ॥५॥

आश्रवो भवहेतुः स्यात् संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रपञ्चनम् ॥६॥

इत्याज्ञाराधनपरा अनन्ताः परिनिर्वृताः ।
निर्वान्ति चान्ये क्वचन, निर्वास्यन्ति तथाऽपरे ॥७॥

हित्वा प्रसादनादैन्यमेकयैव त्वदाज्ञया ।
सर्वथैव विमुच्यन्ते, जन्मिनः कर्मपञ्जरात् ॥८॥

* * *

पादपीठलुठन्मूर्ध्नि मयि पादरजस्तव ।
चिरं निवसतां पुण्यपरमाणुकणोपमम् ॥१॥

मद्दृशौ त्वन्मुखासक्ते, हर्षबाष्पजलोर्मिभिः ।
अप्रेक्ष्य प्रेक्षणोद्भूतं क्षणात् क्षालयतां मलम् ॥२॥

त्वत्पुरो लुठनैर्भूयान्मद्भालस्य तपस्विनः ।
कृतासेव्यप्रणामस्य प्रायश्चित्तकिणावलिः ॥३॥

मम त्वद्दर्शनोद्भूताश्चिरं रोमाञ्चकण्टकाः ।
नुदन्तां चिरकालोत्थामसद्दर्शनवासनाम् ॥४॥

त्वद्वक्त्रकान्ति ज्योत्स्नासु, निपीतासु सुधास्विव ।
मदीयैर्लोचनाम्भोजैः प्राप्यतां निर्निमेषता ॥५॥

त्वदास्यलासिनी नेत्रे त्वदुपास्तिकरौ करौ ।
त्वद्गुणश्रोतृणी श्रोत्रे, भूयास्तां सर्वदा मम ॥६॥

कुण्ठापि यदि सोत्कण्ठा, त्वद्गुणग्रहणं प्रति ।
ममैषा भारती तर्हि, स्वस्त्येतस्यै किमन्यया ? ॥७॥

तव प्रेष्योऽस्मि दासोऽस्मि सेवकोऽस्म्यस्मि किङ्करः ।
ओमिति प्रतिपद्यस्व, नाथ ! नातः परं ब्रुवे ॥८॥

श्रीहेमचन्द्रप्रभवाद् वीतरागस्तवादितः ।
कुमारपालभूपालः, प्राप्नोतु फलमीप्सितम् ॥९॥

[ कलिकालसर्वज्ञश्रीहेमचन्द्राचार्यप्रणीत-
वीतरागस्तोत्र. प्र. १, १९, २०. ]

यो विश्वं वेद वेद्यं जननजलनिधेः भङ्गिनः पारदृश्वा,
पौर्वापर्याविरुद्धं वचनमनुपमं निष्कलङ्कं यदीयम् ।
तं वन्दे साधुवन्द्यं सकलगुणनिधिं ध्वस्तदोषद्विषन्तं,
बुद्धं वा वर्धमानं शतदलनिलयं केशवं वा शिवं वा ॥४॥

[स्तुतिकाराः श्रीहेमचन्द्राचार्याः]

श्रीवीतरागाय नमः ॥

# ....જૈન....

# સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ

卐

## ખંડ ૧: સાર્વજનીન સાહિત્ય

---

### પ્રકરણ ૧: પ્રાસ્તાવિક

**ભાષાના ઉદ્‌ભવનો સમય**—'જગત્ એટલે શું?' અને 'એ ક્યારથી ઉદ્‌ભવ્યું?' એ બાબત વિવિધ મંતવ્યો પ્રવર્તે છે. આધુનિક વૈજ્ઞાનિકોનું—રસાયણશાસ્ત્રીઓનું માનવું એ છે કે પુદ્‌ગલ (matter) અવિનાશી છે. આ ઉપરથી એ ફલિત થાય છે કે પુદ્‌ગલાત્મક જગત્ અનાદિ અનંત છે જૈન દર્શનનું પણ મંતવ્ય આ જ છે, પરંતુ પુદ્‌ગલરૂપ નિર્જીવ પદાર્થ કાલાંતરે—ભલે યુગોના યુગો—કલ્પોના કલ્પો પછીથી યે

સજીવ બન્યો અને બને છે એ આધુનિક જીવનશાસ્ત્ર (biology)ના મત સાથે તો એ મળતું આવતુ નથી.

આપણે આજે જે પૃથ્વી ઉપર જીવીએ છીએ એ પૃથ્વીનું આયુષ્ય આશરે અઢી અબજ વર્ષનું છે, એમ સર જેમ્સ જીન્સ જેવા કેટલાક આધુનિક વિદ્વાનોનું કહેવુ છે વિશેષમા એમની માન્યતા મુજબ મનુષ્ય અને વાનરના એક જ જાતના પૂર્વજોનો ઉદ્દ્ભવ થયાને ઘણું કરીને ત્રણથી સાડાત્રણ કરોડ વર્ષો વ્યતીત થયાં છે.[1] વળી આ પૃથ્વી ઉપર વસતા બધા જ મનુષ્યોનો જે એક જ જાતમા સમાવેશ કરાય છે તે જાતની ઉત્પત્તિ લગભગ દસ લાખ વર્ષો પહેલાં થયેલી મનાય છે.[2]

કેટલાક આધુનિક ભાષાશાસ્ત્રીઓનું એમ માનવું છે કે આજે જે [3]અનેક પ્રકારની ભાષાઓથી આપણે આ પૃથ્વી ઉપર રહેનારા માનવીઓ પરિચિત છીએ તે પ્રથમથી જ આ જ સ્વરૂપે હતી નહિ, પરંતુ ધીરે ધીરે વિકસિત થયેલી છે. આ હિસાબે મનુષ્યને વાચા ફૂટતા અને એ વાણી સાહિત્યની ભાષા તરીકે ઘડાતા એકાદેક લાખ વર્ષો વ્યતીત થયા હશે. એ હિસાબે સાહિત્યની પ્રથમ કૃતિ આઠેક લાખ વર્ષો ઉપર ઉદ્દ્ભવેલી ગણાય. જૈન દૃષ્ટિ પ્રમાણે તો મનુષ્ય-જાતિ અનાદિ કાળથી છે અને અનંત કાળ સુધી રહેવાની છે વળી પ્રત્યેક મનુષ્યની વાણીની શરૂઆત મનુષ્ય તરીકેના

૧ જુઓ પ્રો. ડૉ ગતિલાલ દેવચંદ આઢતિયાનું સને ૧૯૫૧નુ "માનવ ઉત્પત્તિ અને વિકાસ" નામનું ભાષણ (પૃ ૧૯) આ ભાષણ સને ૧૯૫૦ અને ૧૯૫૧ના અન્ય ભાષણો સહિત મુંબઈની "જ્ઞાન પ્રસારક મંડળી" તરફથી સને ૧૯૫૨માં પ્રકાશિત થયેલા છે

૨ જુઓ ઉપર્યુક્ત ભાષણ (પૃ. ૧૯).

૩ જાતજાતની ભાષાઓ અને બોલીઓના—૬૯૨ પ્રકારની વાણીના નમૂના The Gospel in Many Tonguesમાં જોવા મળે છે. ઈ. સ. ૧૯૩૫મા છપાયેલા આ પુસ્તકમા વિવિધ લિપિના પણ નમૂના છે

એ જીવના જન્મ બાદ 'ભાષા-પર્યાપ્તિ' નામ-કર્મના ઉદયકાળથી થાય છે એમ પણ એ માને છે.

ભાષાનું વર્ગીકરણ—જૈન દૃષ્ટિ સમગ્ર ભાષાઓને સંસ્કૃત અને પાઇય (પ્રાકૃત) એમ બે વિભાગોમા વિભક્ત કરે છે.[1] આનો એક રીતે વિચાર કરીએ તો 'સંસ્કૃત' ભાષા એ પાઇય ભાષાનું વ્યાકરણાદિની દૃષ્ટિએ—શિષ્ટતાદિની અપેક્ષાએ ઘડાયેલું સ્વરૂપ છે. આ હિસાબે તો સંસ્કૃત ભાષા પાઇયની જેમ અનાદિ કાળની ઠરે. અહીં જે 'સંસ્કૃત સાહિત્ય'નો વિચાર કરવાનો છે તેને આ અનાદિકાલીન સંસ્કૃત સાથે સીધો સંબંધ નથી એટલું જ નહિ, પરંતુ સમગ્ર દુનિયામા આજે જે પ્રાચીનમા પ્રાચીન કૃતિ તરીકે ઋગ્વેદના અમુક મંડળો અને કેટલીક વાર અથર્વવેદનો અમુક ભાગ ગણાવાય છે એ 'વૈદિક' ભાષા સાથે પણ સાક્ષાત્ નિસ્બત નથી. આ વૈદિક ભાષાના વિવિધ પરિવર્તનો થયા છે. ઋગ્વેદ વગેરે વેદો જે ભાષામાં ગ્રન્થસ્થ સ્વરૂપે આજે આપણને ઉપલબ્ધ છે, એ ભાષાની નાની બેનરૂપ 'અવેસ્તા' ભાષામાં લખાયેલા પારસીઓના ધાર્મિક ગ્રંથોની તેમજ વેદોના પ્રણયન-કાલ પછીના રચાયેલા [2]બ્રાહ્મણોની ભાષા ઋગ્વેદ આદિની ભાષાથી થોડીઘણી ભિન્નતા ધરાવે છે. આ બ્રાહ્મણો પૈકી કેટલાકથી તો યાસ્કનું નિરુક્ત અર્વાચીન છે જ. એની ભાષા એ પ્રાચીન બ્રાહ્મણોથી અંશતઃ ભિન્ન છે યાસ્કે નિરુક્તની ભાષાને 'ભાષા' કહી છે આ નિરુક્તની રચના બાદ ઉપનિષદોનું સર્જન થયું છે. આગળ જતાં કોઇ કોઇ વિદ્વાનના મતે ઇ. સ ની પૂર્વે છઠ્ઠી સદીમાં અને અન્ય કેટલાકના મતે ઇ સ ની પૂર્વે ચોથી સદીમાં પાણિનિ થયા. એમણે અષ્ટાધ્યાયી નામનું વ્યાકરણ રચી એમના સમયમાં શિષ્ટ જનોમા

1 જુઓ ઠાણ (ઠા ૭, સુત્ત ૫૫૩; પત્ર ૩૯૪અ )

2 યજ્ઞપ્રસંગે કામમા લેવાતા મન્ત્રોના ઉપયોગ અને અર્થ ઉપર પ્રકાશ પાડનારા આ એક જાતના વિવરણ છે

બોલાતી ભાષાને નિયંત્રિત કરી. આ ભાષાને 'વૈદિક' યાને 'છાંદસ' ભાષાથી ભિન્ન બતાવવા તેમજ એમાથી એની ઉત્પત્તિ સૂચવવા લૌકિક (classical) સંસ્કૃત એવું નામ આધુનિક વિદ્વાનોએ આપ્યું છે. આ વ્યાકરણમાં નહિ નોધાયેલા એવા કેટલાક પ્રયોગો [1]ભાસની કૃતિઓમાં મળે છે તેમ છતાં એની પણ ભાષા તો આ લૌકિક સંસ્કૃત જ છે, અને ભાસ પછી થયેલા દરેક સંસ્કૃત ગ્રંથકારની ભાષા આ જ રહી છે. આજે પણ આ ભાષામા પુસ્તકો રચાય છે (નહિ કે વૈદિક ભાષામાં) અને પ્રસંગવશાત્ ભાષણો અપાય છે એટલે આ દૃષ્ટિએ તો આ ભાષા જીવતીજાગતી જ છે. એ મૃત ભાષા (dead language) ન જ ગણાય અને ગણાવી પણ ન જ જોઇએ.

જૈન લિપિબદ્ધ સાહિત્ય શ્રમણ ભગવાન મહાવીરસ્વામી (ઇ. સ. પૂર્વે ૫૯૯ થી ઇ. સ. પૂર્વે ૫૨૭) પૂર્વેનું મળતું નથી. એ રીતે વિચારતા જૈનોને હાથે સંસ્કૃતમાં લખાયેલી તમામ કૃતિઓ અશ્વઘોષ, ભાસ વગેરેના ગ્રંથોની પેઠે લૌકિક સંસ્કૃત ભાષામાં જ છે.

**ભાષા કોની?**—ભાષા એ તો વિચારોને વ્યક્ત કરવાનું એક વાહન છે (અને એ પણ સર્વાંશે સંપૂર્ણ નથી) તો પછી અમુક ભાષા તે અમુક લોકોની કે અમુક સંપ્રદાયની છે એમ કેમ કહેવાય? જે કોઈ જે ભાષા બોલે એમાં વિચાર કરે અને લખે તેની તે ભાષા ગણાય તેમ છતાં એવો ભ્રમ સેવાતો જોવાય છે કે જાણે 'વૈદિક' ભાષા અર્થાત્ વેદાદિની સંસ્કૃત ભાષા તે બ્રાહ્મણોની જ, 'અવેસ્તા-પહેલવી' તે પારસીઓની જ, 'પાલિ' તે બૌદ્ધોની જ અને 'અદ્ધમાગહી' (અર્ધમાગધી) તે જૈનોની જ ભાષા છે. આ વસ્તુસ્થિતિ સાચી નથી એ મેં પાઇય

[1] એમની કૃતિઓમા કેટલેક સ્થળે 'અપાણિનીય' ગણાય એવા પ્રયોગો છે જુઓ ભાસનાટકચક્રનું દ્વિતીય પરિશિષ્ટ (પૃ ૫૬૯–૫૭૩)

(પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય નામના મારા પુસ્તકમા સૂચવ્યું છે. એમાં મેં મરહટ્ટી અને સોરસેણીના ભેદ ગણાવતા 'જઘન્ય' વિશેષણ જે વાપર્યું છે તે આધુનિક પાશ્ચાત્ય વિદ્વાનોના કથનને અનુલક્ષીને છે.

'જૈન' સંસ્કૃત—બ્લૂમફીલ્ડે જૈનોની કેટલીક સસ્કૃત કૃતિઓની ભાષાને 'જૈન સંસ્કૃત' કહી છે. એનું કારણ એ છે કે એ ભાષા અષ્ટા૦ને સર્વાંશે અનુસરતી નથી એટલું જ નહિ પણ એના ઉપર અ૦મા૦નો—પાઇય ભાષાનો પાસ જોવાય છે. તેમ છતા આ ભાષા [1]"आदुं च मरचां" જેવા શ્લોક દ્વારા સૂચિત બનાવટી સંસ્કૃત નથી જ.

ખરેખરી સસ્કૃત ભાષા ગણાય એવી ભાષામાં અનેક ગ્રંથો જૈનોને હાથે રચાયેલા છે. એના હિસાબે "घोटके चटित:" જેવા "જૈન સંસ્કૃત"મા બહુ ઓછા ગ્રંથો—ગ્રંથાંશો છે. એની પણ હું અહીં નોંધ લેનાર છું.

મર્યાદા—અત્યાર સુધીમાં જેટલી કૃતિઓ આ દેશના કે અન્ય દેશના કોઈ પણ માનવીને હાથે રચાઈ છે તે નિરવધિ કાળ પર્યંત સચવાઈ જ રહે એમ બને જ નહિ. આથી તો આપણને અનેક ગ્રંથકારોની કૃતિ

---

१ "आदुं च मरचां लसणं च लीम्बुं
धाणाश्च जीरूं मीठुं नाखी देवुं ।
पाषाणमध्ये परिमर्दयामि
इदं प्रमाणे चटणी भवन्ति ॥"

આવાં અન્ય ઉદાહરણો માટે—સંસ્કૃતાભાસના નમૂના માટે જુઓ મારો "ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ"ના તા ૧૮-૫-'૪૭ના અકમા પ્રકાશિત થયેલો લેખ નામે "બનાવટી સસ્કૃત"

જૈનેન્દ્ર-વ્યાકરણ એ પ્રાસાદ છે, એનાં મૂળ સૂત્ર એ એના સ્તંભ છે, એનો ન્યાસ એ એની રત્નમય ભૂમિ છે, એની વૃત્તિ એ એનાં દ્વાર છે, એનું ભાષ્ય એ એનું શય્યાતલ છે, એની ટીકા એ એનો માળ છે, અને આ પંચવસ્તુ ટીકા એ એ પ્રાસાદ ઉપર પહોંચવા માટેનું સોપાન છે.

મહાવૃત્તિ—આના કર્તા અભયનંદિ છે. એ દિ. રાજવાર્તિકકાર અકલંક પછી અને દિ શ્રુતકીર્તિની પહેલાં કાંઈક સમયે થયા હોય એમ લાગે છે. આ મહાવૃત્તિ લગભગ ૧૨૦૦૦ શ્લોક જેવડી છે અને ઉપલબ્ધ ટીકાઓમાં એ સૌથી પ્રાચીન જણાય છે.[1]

શબ્દાંભોજભાસ્કર—આ ન્યાસનું પરિમાણ આશરે ૧૬૦૦૦ શ્લોક જેટલું હશે. આની રચના અભયનંદિકૃત મહાવૃત્તિને અનુલક્ષીને દિ પ્રભાચન્દ્રે કરી છે. એમનો સમય ઇ સ ૯૮૦થી ૧૦૬૫ સુધીનો હોવાનું અનુમાન પં. મહેન્દ્રકુમારે પ્રમેયકમલમાર્તણ્ડની પ્રસ્તાવના (પૃ. ૬૭)માં દોર્યું છે.

આ ન્યાસમાં પ્રમેયકમલમાર્તણ્ડ અને ન્યાયકુમુદચન્દ્રનો જે રીતે ઉલ્લેખ છે[2] તે વિચારતાં આ બેના કર્તા તે જ ન્યાસકાર છે એમ જણાય છે. આ ન્યાસ હજી સુધી તો પૂરો મળ્યો નથી. અ. ૪, પા. ૩, સૂ. ૨૧૧ સુધીનો જ ન્યાસ અત્યારે તો મળે છે. શું આ ન્યાસ પૂરો નહિ રચાયો હોય?

---

૧ આ ટીકાના આધારે દિ પં. રાજકુમારે લઘુવૃત્તિ રચી છે, અને એ બનારસથી ઇ સ ૧૯૨૪ માં પ્રકાશિત થઈ છે.

૨ "तदात्मकत्वं चार्थस्याध्यक्षतोऽनुमानादेश्च यथा सिद्ध्यति तथा प्रपञ्चतः प्रमेयकमलमार्तण्डे न्यायकुमुदचन्द्रे च प्ररूपितमिह द्रष्टव्यम्"—ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ ૭૨)

(પૃ. ૨)માં કહ્યું છે કે અષ્ટા૦ને સ્થાને અન્ય વ્યાકરણ પ્રચારમાં હશે એથી તો અષ્ટા૦ગત ગણસૂત્રો ન આપતાં એ અષ્ટા૦ને જોઇને એના ઉપરથી કોઇએ સંક્ષેપમાં રચેલાં સૂત્રો વૃત્તિમાં ઉદ્ધૃત કરાયેલાં જોવાય છે.

પ્રથમ પદ્યમાં વાગ્દેવતાની અને દ્વિતીય પદ્યમાં શાલાતુરીય (પાણિનિ), શકટાંગજ (શાકટાયન), [1]ચંદ્રગોમિ, [2]દિગ્વસ્ત્ર (દેવનંદિ), ભર્તૃહરિ, વામન, ભોજ અને દીપકકર્તા (ભદ્રેશ્વરસૂરિ)ની સ્તુતિ છે. આની સ્વોપજ્ઞ વૃત્તિમાં કહ્યું છે કે આ દીપકકર્તાનું પ્રાધાન્ય આધુનિક વૈયાકરણોની અપેક્ષાએ છે. આથી આ ભદ્રેશ્વરે વિ. સં. ૧૧૯૭ પહેલાં કોઈ વ્યાકરણ રચ્યું હોય એમ લાગે છે.

વર્ધમાનસૂરિએ ઉપર્યુક્ત ગણોના પ્રત્યેક પદની વ્યાખ્યા ઉદાહરણપૂર્વક આપી છે. આમાં એમણે અનેક વૈયાકરણોના મતો નોંધ્યા છે. એમના સમકાલીન અને સિદ્ધરાજને અંગે કોઇ કાવ્ય રચનાર સાગરચંદ્રના આ કાવ્યમાંથી શ્લોકો ઉદ્ધૃત કર્યા છે. આ ઉપરાંત 'તદ્ધિત' પ્રત્યયોનાં ઉદાહરણો આપતી વેળા એમણે ભટ્ટિકાવ્યમાંથી તેમજ 'માલવ'ના 'પરમાર' રાજાઓને લગતા કોઇ [3]કાવ્યમાંથી અનેક પદ્યો ઉદ્ધૃત કર્યાં છે.

અવચૂરિ— ગ૦ ર૦ મ૦ ઉપર કોઇકે અવચૂરિ રચી છે. આની વિ. સં. ૧૫૨૯માં લખાયેલી એક હાથપોથી ભા૦ પ્રા૦ સં૦ મં૦માં છે.

શબ્દાનુશાસન યાને મુષ્ટિવ્યાકરણ (ઉ. વિ. સં. ૧૨૩૦)— આના કર્તા મલયગિરિસૂરિ છે. એમણે અ૦ મા૦માં રચાયેલા વિવિધ આગમો ઉપર તેમજ જ૦ મ૦માં રચાયેલા કેટલાક અનાગમિક ગ્રંથો

---

૧ વૃત્તિમાં 'ગોમિ'નો અર્થ 'પૂજ્ય' કરાયો છે

૨ આનો સામાન્ય અર્થ 'દિગંબર' થાય છે. પૃ. ૧૧૪મા દિગંબરો સામે કટાક્ષ કરાયો છે (જુઓ જૈ૦ સા૦ ઇતુ૦ પૃ. ૨૬૨)

૩ આ કાવ્યની શૈલી દ્વયાશ્રયના જેવી છે.

ઉપર પણ વિવરણો રચ્યાં છે એમાં દાર્શનિક ચર્ચાઓની વિપુલતા હોવા છતાં વિશદતામાં એમણે ન્યૂનતા આવવા દીધી નથી. આથી એમણે સમર્થ વિવરણકાર તરીકે ખૂબ નામના મેળવી છે. એમની સ્વતંત્ર રચના તરીકે તો અત્યારે આ પ્રસ્તુત વ્યાકરણ જ જાણવામાં છે એના ઉપર એમણે ૪૩૦૦ શ્લોક જેવડી સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે અને એની હાથપોથીઓ મળે છે.

મલયગિરિસૂરિએ 'કલિ૰' હેમચન્દ્રસૂરિને 'ગુરુ' કહી સંબોધ્યા છે,[1] અને એ રીતે એમના તરફનો પોતાનો પૂજ્ય ભાવ વ્યક્ત કર્યો છે. આ મલયગિરિસૂરિ સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલના તેમજ 'કલિ૰' હેમચન્દ્રસૂરિના સમકાલીન છે.

મલયગિરિસૂરિએ રચેલા વ્યાકરણને સામાન્ય રીતે શબ્દાનુશાસન તરીકે ઓળખાવાય છે. એને કેટલાક મુષ્ટિવ્યાકરણ કહે છે. એમાં ચચ્ચાર પાદવાળા બાર અધ્યાયો છે.[2] વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીએ એક[3] લેખમાં કહ્યું છે કે આજે આ વ્યાકરણ પૂરેપૂરું મળતું નથી. વિશેષમાં એમણે બે હાથપોથીનો નીચે મુજબની મતલબનો પરિચય આપ્યો છે :—

(૧) પાટણના વાડી-પાર્શ્વનાથના ભંડારમાં આ વ્યાકરણની કાગળ ઉપર લખેલી હાથપોથીમાં પંચસંધિ, નામ, આખ્યાત અને કૃત્ સુધીનો

---

૧ જુઓ આવસ્સયની વૃત્તિ (પત્ર ૧૧આ) પ્રસ્તુત ઉલ્લેખ નીચે મુજબ છે—
"तथा चाहुः स्तुतिषु गुरवः"

૨ આનું પરિમાણ ૬૦૦૦ શ્લોકનું છે એમ જૈ૰ સા૰ સં૰ ઇ૰ (પૃ ૨૭૪)માં નોંધ છે

૩ આ લેખનું નામ "આચાર્ય શ્રીમલયગિરિ અને તેમનું શબ્દાનુશાસન" છે. એ લેખ "જૈન સત્ય પ્રકાશ" (વર્ષ ૭, અંક ૧-૩, પૃ. ૧૪૧-૧૪૪)મા છપાયો છે આનો મેં અહીં ઉપયોગ કર્યો છે. આ લેખમાં "મુષ્ટિ-વ્યાકરણ" એ નામ નથી.

પ્રાથમિક સ્મૃતિના કારણે કરાઇ છે. એનો ઉદ્દેશ ગુજરાતી દ્વારા સંસ્કૃત ભાષાનું વ્યાકરણ શિખવવાનો છે. આથી તો અહી કેટલાંક પદ્યોમાં ગુજરાતીમા લખાણ છે અને એની સાથે સાથે સસ્કૃતમા એનો અનુવાદ છે. આ કૃતિનો પ્રારભ ઉક્તિના 'પ્રાખ્તર' અને 'વક્ર' એ બે પ્રકારો અને એના ઉપપ્રકારોથી કરાયો છે. આગળ જતાં કર્તરિ અને કર્મણિના પ્રત્યયો ગણાવાયા છે અને એનાં ઉદાહરણ અપાયા છે (શ્લો. ૨ અને ૨૮મા 'સકર્મક' એ અર્થમાં 'સાપ્ય' શબ્દ વપરાયો છે). ત્યાર બાદ ગણજ, નામજ અને સૌત્ર (કણ્ડ્વાદિ) એમ ધાતુના ત્રણ પ્રકાર દર્શાવી એનું સ્વરૂપ સમજાવાયું છે 'પરસ્મૈપદી' વગેરે એમ પણ ધાતુના ત્રણ ભેદ પડાયા છે. ત્યાર બાદ 'વર્તમાના' વગેરે દસ વિભક્તિ, તદ્ધિત-પ્રત્યયો અને સમાસની સમજણ અપાઇ છે.

આ જાતના ઔક્તિકોમા ઉપર્યુક્ત બાલશિક્ષા અને કુલમંડન-સૂરિકૃત મુગ્ધાવબોધ ઔક્તિક એ બે કૃતિઓ ખાસ નોંધપાત્ર ગણાય છે. આ પ્રકારના વ્યાકરણો ભાષાના ઇતિહાસની સીમાના ચિહ્ન પૂરા પાડે છે.

[1]પ્રસ્તુત કૃતિ ઉપર નીચે મુજબની ટીકાઓ છે:-

(૧) ટીકા— આના કર્તા સોમવિમલના શિષ્ય હર્ષકુલ છે એમ જિ૦ ૨૦ કો૦ (ખડ ૧, પૃ. ૩૪૬)માં ઉલ્લેખ છે. જૈ૦ સા૦ સં. ઇ. (પૃ ૫૧૯) પ્રમાણે હેમવિમલસૂરિના શિષ્ય જે હર્ષકુલગણિએ સૂયગડ ઉપર વિ સં. ૧૫૮૩મા દીપિકા રચી છે અને જેઓ બંધહેતૂદયત્રિ-ભંગીના કર્તા છે તેમણે હેમવિમલસૂરિના રાજ્યમાં આ વાક્યપ્રકાશ ઉપર ટીકા રચી છે.

(૨) ટીકા— આ વાચક કીર્તિવિજયના શિષ્ય જિનવિજયની વિ. સં ૧૬૯૪ની રચના છે.

૧ શું વિનયવિજયગણિએ હૈમલઘુપ્રક્રિયાની સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિમા આ કૃતિનો ઉલ્લેખ કર્યો છે ?

(૩) ટીકા—જૈન ગ્રન્થાવલી (પૃ. ૩૦૭) પ્રમાણે આ રત્નસૂરિની કૃતિ છે.

(૪) [1]ટીકા—આ અજ્ઞાતકર્તૃક રચનાનો પ્રારંભ "श्रीमज्जिनेन्द्र-मानम्य"થી થાય છે.

(૫) ટીકા—આના કર્તાનું નામ જાણવામાં નથી

અન્ય ઔક્તિકો—સોમપ્રભસૂરિએ ૪૧૫ શ્લોક જેવડું એક [2]ઔક્તિક રચ્યું છે. વળી જિનચન્દ્રે તેમજ અન્ય કોઇએ એકેક ઔક્તિક રચ્યું છે.

## આંશિક વ્યાકરણ

ઉપસર્ગ-મંડન (વિ. સં. ૧૪૯૨)—આના કર્તા જૈન ગૃહસ્થ મંત્રી મંડન છે એઓ ઝંઝણ સંઘવીના [3]૭ પુત્રોમાંના બીજા પુત્ર બાહડના નાના પુત્ર થાય છે એમના મોટા ભાઇનું નામ સમુદ્ર (સમધર) છે. એમની પેઠે એમના કાકા દેહડના પુત્ર ધન્યરાજ, ધનરાજ ઉર્ફે [4]ધનદ પણ વિદ્વાન અને ધનિક હતા મંડને 'ભૂષણ' અર્થવાચક 'મંડન'

૧ આ પ્રકાશિત છે જુઓ પૃ ૫૦

૨ આ ઔક્તિકનો પરિચય આપતાં જૈ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ ૬૩)મા કોષમાં "grammar" એટલે કે વ્યાકરણ એવો ઉલ્લેખ છે. તેમ છતા અહી ઔક્તિકોને અંગે નીચે મુજબ લખાણ છે તો એ વિચારણીય જણાય છે—

"The Auktikas are a sort of Prākṛta into Sanskrit Dictionaries"

અર્થાત્ ઔક્તિકો એ એક જાતના પ્રાકૃત-સંસ્કૃત કોશો છે

૩ આ ૭ યે પુત્રો આલમશાહ (હોશંગ ઘોરી)ના સચિવો હતા જૈ૦ સા૦ સં૦ ઇ૦ (પૃ ૪૮૦)મા કહ્યું છે કે આ આલમશાહ તે "દિલાવરખાનનો પુત્ર અલ્પખા (વિ સં ૧૪૬૧-૧૪૮૬) અને પછી થયેલ હોશંગ ઘોરી"

૪ આ ધનદે શૃંગાર-ધનદ, નીતિ-ધનદ અને વૈરાગ્ય-ધનદ એમ ત્રણ શતકો રચી એમા પોતાનું નામ જોડ્યું છે

પાણિનીય અષ્ટા૦ની 'લોટ્' અને 'લિઙ્'[1] સંજ્ઞાને બદલે કાતન્ત્રની પેઠે સિ૦ હે૦માં પંચમી અને 'સપ્તમી' સંજ્ઞા છે.

અષ્ટા૦માં લટ્, લિટ્, લુટ્, લૃટ્, લેટ્, લોટ્, લઙ્, લિઙ્, લુઙ્ અને લૃઙ્ એમ દસ સંજ્ઞા છે. તેમાં 'લેટ્' તો વેદમાં જોવાય છે. એથી એને બાજુએ રાખતાં 'લોટ્' યાને આજ્ઞાર્થ એ 'પંચમી' અને 'લિઙ્' યાને વિધ્યર્થ એ 'સપ્તમી' ગણાય.

સન્તુલન— પ્ર૦ ચ૦ (શૃંગ ૨૨, શ્લો. ૮૬-૮૭) પ્રમાણે 'કલિ૦' હેમચન્દ્રસૂરિને સિદ્ધરાજે જ્યારે વ્યાકરણ રચવા વિજ્ઞપ્તિ કરી ત્યારે એ સૂરિએ કાશ્મીરથી આઠ વ્યાકરણો મંગાવી આપવા કહ્યું. આનાં નામ કોઇ સ્થળે નોંધાયેલાં હોય એમ જણાતું નથી. ગમે તેમ એમણે આ આઠ વ્યાકરણોનો તો ઉપયોગ કર્યો જ હોવો જોઇએ.

પુરોગામીઓની સબળ કૃતિઓનો જેટલા પ્રમાણમાં લાભ લેવાય તેટલો લેવો અને પુસ્તક રચવામાં એના અંશો તેના તે જ સ્વરૂપમાં લેવા યોગ્ય જણાય તો તેમ પણ કરવું. આ પ્રકારની મનોદશા પ્રાચીન સમયના જૈન શ્રમણો સેવતા હતા. 'કલિ૦' હેમચન્દ્રસૂરિની પણ આવી વૃત્તિ હોવાથી તેમજ રાજા તરફથી સત્વર કાર્ય કરી આપવાનું સૂચન હોવાથી એમણે શાકટાયનનાં કેટલાં યે સૂત્રો જરા યે ફરફાર વિના

૧ આ તેમજ અન્ય પાણિનીય સંજ્ઞા વગેરેનો વિચાર ક્ષિતિશચન્દ્ર ચેટર્જીએ સત્યપ્રસાદ ભટ્ટાચાર્જી દ્વારા ઇ. સ. ૧૯૪૮મા પ્રકાશિત "ઉષા સ્મારક ગ્રંથમાલા" ગ્રંથાંક ૩ નામે Technical Terms and Technique of Sanskrit Grammar (part I)મા સારી રીતે કર્યો છે.

અપનાવ્યાં છે,[1] અને એના કેટલાંક સૂત્રો સમુચિત ન જણાતાં એમા એમણે પરિવર્તન કરી તેને સ્થાન આપ્યું છે.

[2]પાંત્રીસ પદ્યો— પ્ર૦ ચ૦ (શૃંગ ૨૨, શ્લો ૧૦૧-૧૦૨)માં સિ૦ હે૦ના (અંતિમ સિવાયના) દરેક પાદને અંતે એકેક પદ્ય અને સર્વ પાદને અંતે ચાર એટલે કે ત્રીસ વત્તા પાચ એમ ૩૫ પદ્યોની પ્રશસ્તિ હોવાનો ઉલ્લેખ છે. આજે સિ૦ હે૦ના ૩૨ પાદ પૈકી પ્રત્યેકને અંતે એકેક પદ્ય અને અંતમાં ત્રણ વધારે એમ ૩૫ પદ્યો જોવાય છે. આ પદ્યો સિ૦ હે૦નાં સમજવા કે એની સ્વોપજ્ઞ લઘુવૃત્તિના કે એની બૃહદ્‌વૃત્તિનાં ગણવાં એવો એક પ્રશ્ન આ ત્રણેના વિવિધ સંપાદનો જોતા ઉદ્‌ભવે છે. અંતિમ નિર્ણય કરવા માટે આ ત્રણેની પ્રાચીન હાથપોથીઓ તપાસવી ઘટે. આ સબંધમાં થોડોક વિચાર કરતાં અત્યારે તો મારું એમ માનવું થાય છે કે એ સિ૦ હે૦ની સ્વોપજ્ઞ બૃહદ્‌વૃત્તિનાં જ છે.

---

૧ "શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ" તરફથી વિ સં ૨૦૦૨મા પ્રકાશિત અને પં. ચંદ્રસાગરગણિ (હવે સૂરિ) દ્વારા સંપાદિત "શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્" (ભાગ ૧)ની પ્રસ્તાવના (પૃ 'કૂ')મા શાકટાયન વ્યાકરણ (અ ૧, પા ૧)માના વીસ સૂત્રો આપી એના એ જ સૂત્રો સિ૦ હે૦માં કયા કયા છે તે દર્શાવાયું છે એના પછીના પૃષ્ઠમાં શાકટાયન વ્યાકરણમાથી નવ સૂત્રો આપી એમા રહેલી ક્લિષ્ટતા અને સદિગ્ધતાને દૂર કરનાર સિ૦ હે૦ના સૂત્રો સંતુલનાર્થે રજૂ કરાયા છે

આ સંપાદનમા બીજા અધ્યાયના બીજા પાદ પૂરતા સૂત્રો અપાયા છે આમ અહીં સંજ્ઞા, સધિ, નામ અને કારકને લગતા સૂત્રો છે એને અગેની હૈમ બૃહદ્‌વૃત્તિ નામે **તત્ત્વપ્રકાશિકા** અને ચંદ્રસાગરજીએ તૈયાર કરેલી **આનંદબોધિની** નામની વિવૃતિ અહીં અપાઈ છે અંતમા ૧૪ પરિશિષ્ટો અપાયા છે.

૨ આનો ગુજરાતી અનુવાદ **હૈમ-સારસ્વત-સત્ર**મા અપાયો છે. "ગુજરાતનું પ્રવાનતમ વ્યાકરણ" નામના લેખના અંતમા આ ૩૫ પદ્યો ગુજરાતી અનુવાદ સહિત અપાયા છે.

રાજથી હતું.[1] એઓ 'વણિક' જ્ઞાતિના હશે.[2] એઓ વિ. સં ૧૭૩૮માં રાંદેરમાં કાળધર્મ પામ્યા હતા. એમણે વિ સં ૧૬૯૬ પજ્જોસવણાકપ્પ ઉપર [3]સુબોધિકા નામની ટીકા સંસ્કૃતમાં રચી છે. વેળા એમની ઉમ્મર પાંત્રીસેક વર્ષની હશે.[4] એ હિસાબે એમનો જન્મ વિ સં. ૧૬૬૧માં થયેલો ગણાય એમણે સંસ્કૃતમાં તેમજ ગુજરાતી કૃતિઓ રચી છે. એ પૈકી સંસ્કૃત કૃતિઓ નીચે મુજબ છેઃ-

અર્હન્નમસ્કારસ્તોત્ર, [5]આનંદલેખ, [6]ઇન્દુદૂત, [7]જિનસહસ્રનામસ્તો [8]નયકર્ણિકા, [9]લોકપ્રકાશ, [10]શાન્તસુધારસ, ષટ્ત્રિંશજ્જલ્પસં અને સુબોધિકા તેમજ આ હૈમલઘુપ્રક્રિયા અને એની સ્વોપજ્ઞ ટી

---

૧ જુઓ લોકપ્રકાશ (સ ૧)નું અંતિમ પદ્ય.

૨ જુઓ શાન્તસુધારસ (ભા. ૨)નું શ્રી મોતીચંદ ગિ કાપડિયાનું વિ (પૃ ૩૯)

૩ આની દ્વિતીય આવૃત્તિ "દે૦ લા૦ જૈ૦ પુ૦ સં૦" તરફથી પજ્જોસવ કપ્પ સહિત ઈ. સ. ૧૯૨૩માં છપાવાઈ છે.

૪ જુઓ શાન્તસુધારસ (ભા ૨)નું ઉપર્યુક્ત વિવેચન (પૃ ૪૮).

૫ આ કૃતિ "દેશવિરતિ ધર્મારાધક સમાજ" તરફથી વિ સં. ૧૯૯૩ પ્રકાશિત શ્રીપ્રશસ્તિસંગ્રહમા પૃ. ૯૬-૧૧૯મા છપાવાઈ છે એમા વિ બંધોથી વિભૂષિત પદ્યો છે એ મારો જે લેખ નામે 'Illustrations of Lett diagrams" મુંબઈ વિદ્યાપીઠના સામયિકમા કટકે કટકે છપાય છે તેમા (Arts N 30, pp 127-128)મા અપાયા છે

૬ આ કાવ્ય "કાવ્યમાલા" (ગુ ૧૪)મા છપાયું છે

૭ આ સ્તોત્ર "વીરસમાજ" તરફથી અમદાવાદથી વિ. સં ૧૯૮૧મા છપાવાયુ

૮ આ કૃતિ ગુજરાતી અનુવાદ સહિત શ્રી મોહનલાલ દ. દેસાઈ દ્વારા ઈ. સ. ૧૯૧ છપાવાઈ છે.

૯ આ ગ્રંથ "દે૦ લા૦ જૈ૦ પુ૦ સં૦" તરફથી ચાર ભાગમા અનુક્રમે ઈ. ૧૯૨૬, ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૭મા પ્રકાશિત કરાયો છે.

૧૦ આ કૃતિ ગંભીરવિજયગણિકૃત ટીકા સહિત "જૈન ધર્મ પ્રસારક સભ તરફથી વિ. સં. ૧૯૬૯મા પ્રસિદ્ધ કરાઈ છે.

[1]સન્માન—હૈમ (પંચાંગ વ્યાકરણ રચાતા એ ગ્રંથને સિદ્ધરાજ નૃપતિની સવારીના હાથી ઉપર રાખી એ રાજાના દરબારમાં લાવવામાં આવ્યો હતો. હાથી ઉપર બેઠેલી બે ચામર ધરનારી સ્ત્રીઓ એ વ્યાકરણની બંને બાજુએ ચામર ઢાળતી હતી અને એ વ્યાકરણ ઉપર શ્વેત છત્ર ધરવામાં આવ્યું હતું. એનું પૂજન રાજસભાના વિદ્વાનોએ કર્યું અને રાજાએ પૂજોપચાર કર્યો ત્યાર બાદ રાજકીય સરસ્વતી-કોષમાં એને સ્થાન અપાયું હતું.

પ્રચાર—હૈમ પંચાંગ વ્યાકરણના પ્રચાર માટે સિદ્ધરાજ જયસિંહે પુષ્કળ પ્રયાસ કર્યો હોય એમ જણાય છે. પ્ર૦ ચ૦ (શૃંગ ૨૨, શ્લો. ૧૦૪) પ્રમાણે આ રાજવીએ ૩૦૦ કુશળ લહિયાઓ રાખી એની નકલો જલદી તૈયાર કરાવી અને પછી આપણા આ ભારતવર્ષના અંગ, બંગ, કલિંગ ઇત્યાદિ [2]વિવિધ દેશોમાં એ મોકલાવી અને તેમા પણ વીસ નકલો તો એકલા કાશ્મીરના જ સરસ્વતી-ભંડાર માટે એમણે મોકલાવી. [3]આઠ વ્યાકરણમાં નિષ્ણાત એવા કાકલ નામના કાયસ્થની મુખ્ય અધ્યાપક તરીકે એમણે નિમણુંક કરી. આ વ્યાકરણના અભ્યાસીઓની દર મહિને સુદ પાંચમે (જ્ઞાન-પંચમીએ) પરીક્ષા લેવાય એવો એમણે પ્રબંધ કર્યો આ વ્યાકરણનો અભ્યાસ કરનારને ઉત્તેજનાર્થે કંકણ અપાતું અને એમાં નિષ્ણાત થનારને રેશમી વસ્ત્રો, સુવર્ણનાં આભૂષણો સુખાસન અને છત્ર અપાતાં[4]

---

૧ ઇ. સ ની છઠ્ઠી સદીમાં થયેલા મેઠ હયગ્રીવવધ નામનું કાવ્ય રચ્યું છે. એ દેશના એ સમયના રાજા તરફથી એની એવી કદર કરાઇ હતી કે જેથી એ કવિને રાજાએ કહ્યું કે અર્પણ કરવા માટે સુવર્ણના કરંડકમા એ કાવ્યને મૂક્યુ જુઓ Sanskrit Literature (P. E. N, p 111)

૨ આની સંપૂર્ણ યાદી પ્ર૦ ચ૦ (શૃંગ ૨૨, શ્લો- ૧૦૬–૧૦૯)માં છે.

૩ આના નામ કોઈ સ્થળે અપાયાં છે ખરા ?

૪ એમ કહેવાય છે કે ભટ્ટોજી દીક્ષિતે (લ વિ સં ૧૫૫૦–૧૫૭૫) સિદ્ધાંત-કૌમદી કંઠસ્થ કરનારને સારી રકમ રાજા તરફથી ભેટ મળે એવો પ્રબંધ કરાવ્યો હતો અને એ રીતે એના પ્રચારને વેગ અપાવ્યો હતો.

એવો ઉલ્લેખ 'કલિ૦' હેમચન્દ્રસૂરિએ કર્યો છે એ ઉપરથી અનુમનાય છે. એક ટિપ્પણીમાં ૧૮૦૦ શ્લોક જેવડી નામમાલાના કર્તા તરીકે ધનપાલનો ઉલ્લેખ છે.[૧] એ નામમાલા **પાઇય-લચ્છી-નામમાલાથી** મોટી હોઈ એનાથી તો ભિન્ન ગણાય, પણ શું એ નામમાલા સંસ્કૃતમાં છે અને તે જ આ કોશ છે ? વિશેષમાં આ કોશ રચાયો ત્યારે ધનપાલ 'જૈન' બન્યા હતા કે નહિ એ પ્રશ્ન પણ વિચારવાનો રહે છે, જો કે અહીં તો એમણે જૈન તરીકે આ કોશ રચ્યાનું મેં માની લીધું છે. વિશેષમાં આ કોશ શબ્દોની કેવળ વ્યુત્પત્તિ પૂરતો જ નહિ હશે, પરંતુ એના પર્યાયો પૂરા પાડતો હશે એવી હું કલ્પના કરું છું.

નિઘંટુ (લ. વિ. સં. ૧૦૮૦)— વર્ધમાનસૂરિએ વિ. સં. ૧૧૪૦માં **મનોરમા-ચરિય** રચ્યું છે. એની પ્રશસ્તિ (શ્લો. ) ઉપરથી જણાય છે કે (વિ. સં. ૧૦૮૦માં બુદ્ધિસાગર વ્યાકરણ રચનારા) બુદ્ધિસાગરસૂરિએ વ્યાકરણ, છંદ, [૨]નિઘંટુ, કાવ્ય, નાટક, કથા, પ્રબંધ ઇત્યાદિ રચ્યાં છે. આમ અહીં જે નિઘંટુનો ઉલ્લેખ છે તેથી અભિ૦ ચિ૦ જેવો કોશ સમજવાનો હશે. જો એ વનસ્પતિને અંગેનો જ કોશ હોય અને સાથે સાથે એ સંસ્કૃતમાં હોય તો એ હેમ નિઘંટુ-શેષ કરતાં પ્રાચીન ગણાય. બુદ્ધિસાગરસૂરિનો આ કોશ કે એમણે રચેલી કાવ્ય, નાટક, કથા કે પ્રબંધને અંગેની કોઈ કૃતિ હજી સુધી તો મળી આવેલ નથી.

---

૧ જુઓ જૈ૦ સા૦ સં૦ ઇ૦ (પૃ ૧૯૯)

૨ આના અર્થ માટે જુઓ નિઘંટુ-શેષને લગતું મારું લખાણ ( પૃ ).

અભિધાન-ચિન્તામણિ[1] (લ. વિ. સં. ૧૨૦૭)— આ નામમાલાના— કોશના કર્તા 'કલિ૦' હેમચન્દ્રસૂરિ છે. એમણે આ કોશ ઉપરાંત અનેકાર્થ-સંગ્રહ[2] અને નિઘણ્ટુશેષ[3] તેમજ દેસિય (દેશ્ય) શબ્દોને અંગે રયણાવલિ[4] યાને દેસિસદ્દસંગહ એમ બીજા ત્રણ કોશો રચ્યા છે, અને એ દ્વારા વ્યાકરણના જ્ઞાનને સક્રિય બનાવવા માટે અને વિદ્યાર્થીઓને સંસ્કૃતાદિ ભાષાનું જ્ઞાન મેળવવા માટે માર્ગ મોકળો કર્યો છે.

યોજના— આ નામમાલામા રૂઢ, યૌગિક યાને વ્યુત્પત્તિ વડે સિદ્ધ અને મિશ્ર શબ્દોને અમરકોશની[5] પેઠે ભિન્ન ભિન્ન કાંડમાં પર્યાયવાચક

૧ આ કોશ વિદ્યાકર મિશ્રે ઈ. સ ૧૮૦૮મા કલકત્તાથી બહાર પાડ્યો હતો. ત્યાર બાદ એ 'અભિધાન-સંગ્રહમાં બીજા ભાગ તરીકે "મહાવીર જૈન સભા" તરફથી ખંભાતથી શકસંવત્ ૧૮૧૮માં પ્રસિદ્ધ કરાયો હતો વળી એ કોશ સ્વોપજ્ઞ વિવૃતિ સહિત "ય૦ જૈ૦ ગ્રં૦" તરફથી વીરસંવત્ ૨૪૪૬મા છપાવાયો છે બીજા ભાગ તરીકે મૂળ કોશમાના શબ્દોની સૂચિ તેમજ સ્વોપજ્ઞ વિવૃતિમા નોંધેલા શેષ શબ્દોની સૂચિ, સ્વોપજ્ઞ વિવૃતિમા નિર્દેશાયેલા ગ્રંથકારોની નામાવલી સહિત આ જ સંસ્થા તરફથી એ જ (વીરસંવત્ ૨૪૪૬) વર્ષમાં પ્રકાશિત થયો છે, બીજા ભાગનું તમામ સંપાદન મુનિશ્રી જયંતવિજયજીએ કર્યું છે વળી 'મુક્તિ-કમલ-જૈન-મોહન-માલા'માં ૨૧મા પુષ્પ તરીકે એ કોશ, સ્વોપજ્ઞ તત્ત્વાભિધાયિની વૃત્તિને અનુસરનારી રત્નપ્રભા વ્યાખ્યા તેમજ શેષનામમાલા, જિનદેવકૃત શિલોંછ અને સુધાકલશકૃત એકાક્ષર-નામમાલા એ ત્રણ પરિશિષ્ટો સહિત છપાયો છે એનું સંશોધન મુનિશ્રી ધર્મવિજયજીએ (હવે શ્રીવિજયધર્મસૂરિએ) કર્યું છે. આ ઉપરાંત "દે લા જૈ પુ. સ' તરફથી આ કોશ અકારાદિ ક્રમપૂર્વકની શબ્દાનુક્રમણિકા તેમજ નિમ્નલિખિત અન્ય કૃતિઓ સહિત ઈ સ ૧૯૪૬મા પ્રકાશિત કરાયો છે— (અ) શેષનામમાલા, (આ) જિનદેવકૃત શિલોંછ, (ઇ) (હૈમ) નિઘણ્ટુશેષ, (ઈ) (હૈમ) લિંગાનુશાસન, (ઉ) એકાક્ષર-કોશ, (ઊ) પુરુષોત્તમે રચેલો શબ્દભેદપ્રકાશ અને (ઋ) સુધાકલશકૃત એકાક્ષર-નામમાલા.

૨-૩ આનો પરિચય આગળ ઉપર અપાયો છે.

૪ આના પરિચય માટે જુઓ પા૦ ભા૦ સા૦ (પૃ ૫૮-૫૯)

૫ અમરકોશમાં લિંગોનો સાથે સાથે જ અંતર્ગત સ્વરૂપે વિચાર કરાયો છે, જ્યારે અહીં કાંડ ૧, શ્લો ૧૯માં સૂચવાયા મુજબ એ માટે લિંગાનુશાસન જોવાની ભલામણ કરાઈ છે.

અર્થાત્ પીપળા વગેરે વૃક્ષોની જાતિઓનાં નામ અમે રચેલા નિઘંટુથી જાણવાં. આ ઉપરથી એમ કહી શકાય કે સ્વોપજ્ઞ વિવૃતિ રચાયા પૂર્વે આ કોશ રચાયો છે અથવા તો એની સાથે સાથે આની રચના કરાઇ છે

**ટીકા**— જ્ઞાનવિમલના શિષ્ય શ્રીવલ્લભે આ રચી છે. એમણે આ ટીકાનો ઉલ્લેખ **અભિ૦ ચિ૦** ઉપરની પોતાની ટીકામાં કર્યો છે.

**નિઘંટ-સંગ્રહ**— અકલંકદેવની કૃતિ તરીકે જિ૦ ૨૦ કો૦ (ખંડ ૧, પૃ. ૨૧૨)માં આની નોંધ છે, પણ આ શી કૃતિ છે?

**ઔષધીનામમાલા**— જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૧૦)માં આ કૃતિની ચાર પત્રની એક હાથપોથી અમદાવાદમાં હોવાનો ઉલ્લેખ છે. આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે. એનું નામ વિચારતાં એમ ભાસે છે કે એમાં ઔષધિઓનાં—વનસ્પતિઓનાં નામ ગણાવાયા હશે

**બીજ-નિઘંટુ**— આ અજ્ઞાતકર્તૃક કૃતિની નોંધ જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૧૧)માં છે. શું એમાં જાતજાતનાં બીજનો ઉલ્લેખ હશે?[1]

## [૨] અનેકાર્થક કોશો

**અનેકાર્થ-નામમાલા** (ઉ. વિક્રમની ૧૧મી સદી)— આ દિ૦ ગૃહસ્થ [2]ધનંજયે ૪૬ પદ્યોમાં રચેલી નામમાલા છે. એમાં અનેકાર્થી શબ્દોને સ્થાન અપાયું છે આ કોશ ઉપલબ્ધ જૈન સાહિત્યની અપેક્ષાએ સૌથી પ્રથમ છે. આના ઉપર એક અવચૂરિ જેવી સંક્ષિપ્ત [3]ટીકા છે.

---

૧ જૈ૦ ગ્રં૦ (પૃ ૩૧૧)મા **માતૃકાનિઘંટ** નામની કૃતિ ડેક્કન કૉલેજમા હોવાની નોંધ છે અને એના કર્તા તરીકે **મહીદાસ**નો અહીં ઉલ્લેખ છે. શું આ કોઈ જૈન નામમાલા છે?

૨ એમની અન્ય કૃતિઓ માટે જુઓ પૃ૦ ૧૦૬

૩ આ પ્રકાશિત છે જુઓ પૃ૦ ૧૦૬.

[1]અનેકાર્થ-નિઘંટુ— આ પણ બે નામમાલા રચનારા ધનંજયની જ કૃતિ હોય એમ લાગે છે. એમાં લગભગ ૧૫૪ શ્લોક છે. એમાં ૭૫ મા, ૧૫૦મા અને ૧૫૩મા પછીનો શ્લોક અંશતઃ છપાયો છે. અંતમાં જે ઉલ્લેખ છે તે ઉપરથી એમ જાણી શકાય છે કે આ કૃતિના [2]બે પરિચ્છેદ તો છે જ, પણ એકંદર કેટલા પરિચ્છેદ છે અને પ્રથમ પરિચ્છેદ ક્યા પૂર્ણ થાય છે તે જાણવું બાકી રહે છે.

[3]અનેકાર્થ-સંગ્રહ (લ. વિ. સં. ૧૨૧૦)— આ કોશમાં એક શબ્દના અનેક અર્થ અપાયા છે, જ્યારે અભિ૦ ચિ૦ જેવા કોશોમાં એકાર્થવાચક અનેક શબ્દો અપાયા છે. આમ આ નાનાર્થ-કોશ છે. એના કર્તા 'કુલિ૦' હેમચન્દ્રસૂરિ છે. એના આદ્ય પદ્યમા છ કાંડનો ઉલ્લેખ છે, જ્યારે આજે સાત કાડ મળે છે. એ સાતમો કાંડ અવ્યયો પૂરતો છે અને અભિ૦ ચિ૦ને અંગે જેમ શેષનામમાલા રચાઈ છે તે પ્રકારનો જણાય છે. આ સાત કાંડનાં નામ અને એની શ્લોક-સંખ્યા નીચે મુજબ છે :—

(૧) એક-સ્વર (શ્લો. ૧૬), (૨) દ્વિ-સ્વર (શ્લો. ૫૯૧), (૩) ત્રિ-સ્વર (શ્લો૦ ૭૬૬), (૪) ચતુઃ-સ્વર (શ્લો. ૩૪૩), (૫) પંચ-સ્વર (શ્લો. ૪૮), (૬) ષટ્-સ્વર (શ્લો. ૫) અને (૭) અવ્યય (શ્લો. ૬૦).

---

૧ આ "ભારતીય જ્ઞાનપીઠ કાશી" તરફથી છપાયો છે.

૨ શું જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ ૨૧૨)મા ધનંજયના નામે જે નિઘંટ-સમય નામની બે પરિચ્છેદની કૃતિની નોંધ છે તે આ જ છે?

૩ મહેન્દ્રસૂરિકૃત અનેકાર્થ-કૈરવાકર-કૌમુદી નામની ટીકા સહિત આ કોશનું અવતરણોના મૂળ સ્થાનના નિર્દેશપૂર્વક સંપાદન ઝેચારિઆએ (Zachariae)-એ ઈ સ ૧૮૯૩મા કર્યું છે, જ્યારે કેવળ આ કોશ તો "અભિધાન-સંગ્રહ"મ શકસંવત્ ૧૮૧૮મા છપાયો છે (જુઓ પૃ૦ ૧૧૨)

આમ અહીં કુલ શ્લોકો ૧૮૨૯ (૧૭૬૯+૬૦) છે. અહીં પણ અભિ૦ ચિ૦ની પેઠે કેટલાક દેશ્ય જણાતા [1]શબ્દોની નોંધ છે. એટલે આ કોશ પણ એના અભ્યાસીઓએ વિચારવો ઘટે.

યોજના—ગ્રંથકારે જાતે આ કોશની યોજના શ્લો. ૨-૪મા સમજાવી છે.

રચના-સમય—અભિ૦ ચિ૦ પછી આ કોશ રચાયો છે એમ આદ્ય પદ્ય ઉપરથી જાણી શકાય છે.

આ કોશ ઉપર નીચે મુજબની વૃત્તિઓ છે:—

(૧) [2]અનેકાર્થ-કૈરવાકર-કૌમુદી[3]—આ કૃતિનો આ નામથી એના પ્રારંભમાં જ કર્તાએ—'કલિ૦' હેમચન્દ્રસૂરિના શિષ્ય મહેન્દ્રસૂરિએ જાતે ઉલ્લેખ કર્યો છે. એમણે આ કૃતિ પોતાના ગુરુને નામે ચડાવી છે એ વાત બીજા કાંડની ટીકાના અંતિમ પદ્ય ઉપરથી જણાય છે; બાકી પ્રથમ કાંડની ટીકાને અંતે અપાયેલી પુષ્પિકામાં તો કર્તા તરીકે હેમચન્દ્રસૂરિનું નામ છે. આ ટીકા રચવામાં નિમ્નલિખિત ગ્રંથો સહાયક નીવડ્યાનો પ્રારંભમાં ઉલ્લેખ છે:—

વિશ્વપ્રકાશ, શાશ્વત, રભસ, અમરસિંહ, મંખ, હુગ્ગ, વ્યાડિ, ધનપાલ, ભાગુરિ, વાચસ્પતિ અને યાદવની કૃતિઓ તેમજ ધન્વંતરિકૃત નિઘંટુ અને લિંગાનુશાસનો.

---

૧ આવા ૭ શબ્દો ગુજરાતી અર્થ સહિત હેમસમીક્ષા (પૃ૦ ૮૨)મા અપાયા છે.

૨ આ પ્રકાશિત છે જુઓ પૃ૦ ૧૨૭, ટિ. ૩

૩ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૧૦)માં આને જ 'કૈરવાકરકૌમુદી' કહી છે અને અનેકાર્થધ્વનિમંજરી તે શું હૈમ અનેકાર્થસંગ્રહ જ છે એવો પ્રશ્ન ઉઠાવાયો છે.

પૃ ૬૬માં ચોવીસ માટે 'જિન' સંજ્ઞા વપરાઈ છે. સંજ્ઞાધિકારના નામના પહેલા અધિકારના શ્લો. ૨૨માં 'કર્ણાટક'નો અને પૃ. ૬૬માં 'કર્ણાટ'નો તેમજ 'કર્ણાટક'નો ઉલ્લેખ છે. પૃ. ૬૭માં કર્ણાટ–માલતીમાધવ અને કર્ણાટ–કુમારસંભવનો અને પૃ. ૬૬માં શૃંગારપિંડ કાવ્યનો ઉલ્લેખ છે.

જયકીર્તિએ અ. ૧, શ્લો ૧૩માં કહ્યું છે કે [1]પિંગલ, વસિષ્ઠ, કૌણ્ડિન્ય, કપિલ અને કંબલ મુનિ યતિ ઇચ્છે છે, જ્યારે ભરત, કોહલ, [2]માંડવ્ય, અશ્વતર, સૈતવ વગેરે એ ઇચ્છતા નથી.

જયકીર્તિનું છન્દોડનુશાસન એ સંસ્કૃત છંદઃશાસ્ત્રને લગતો એક મહત્ત્વનો ગ્રન્થ છે. એનું સ્થાન કાલક્રમ અને વિકાસની દૃષ્ટિએ કેદારના વૃત્તરત્નાકર અને 'કલિ૦' હેમચન્દ્રસૂરિના છન્દોડનુશાસનની વચ્ચે છે એમ પ્રો. વેલણકરનું કહેવું છે એમણે એમની પ્રસ્તાવના (પૃ. ૩૭–૩૮)માં જયકીર્તિનો સમય ઇ સ ૧૦૦૦ની આસપાસનો દર્શાવ્યો છે અને તેને માટે એ કારણ આપ્યું છે કે ઇ. સ. ની દસમી સદીના પૂર્વાર્ધમાં–ઇ. સ. ૯૫૦ના અરસામાં થઇ ગયેલા અસગ વગેરે વિષે જયકીર્તિએ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે (જુઓ અ. ૭, પૃ ૬૭).

ધમ્મોવએસમાલા ઉપર વિ. સં. ૯૧૫માં વિવરણ રચનારા [3]જયસિંહસૂરિના શિષ્ય અને ૧૧૬ ગાથામાં જ૦ મ૦માં સીલોવએસ-માલા રચનારનું નામ જયકીર્તિ છે. શું આ પ્રસ્તુત છંદઃશાસ્ત્રી છે?

---

૧–૨ માંડવ્યનો તેમજ ક્રૌષ્ટુકિ, તંડિન્, યાસ્ક, કાશ્યપ, સૈતવ અને રાટનો ઉલ્લેખ પિંગલે કર્યો છે. જુઓ M. Krishnamachariarનું પુસ્તક History of Classical Sanskrit Literature (p 902).

૩ જુઓ "અનેકાન્ત" (વ. ૧, કિ. ૬–૭, પૃ. ૩૨૬)ગત પં. નાથૂરામ પ્રેમીના લેખ ઉપરનું સંપાદકીય ટિપ્પણ તેમજ જૈ૦ સા૦ ઇ૦ (પૃ. ૫૨૬).

રચ્યો છે. એમાં એકંદર ૨૬૦ પદ્યો છે. એમાંનાં ઘણાંખરાં પદ્યો 'અનુષ્ટુભ્' છંદમાં છે. પ્રત્યેક પરિચ્છેદનું અંતિમ પદ્ય ભિન્ન છંદમાં છે. ત્રીજા પરિચ્છેદમાં 'ઓજસ્' ગુણને અંગેનું લખાણ ગદ્યમાં છે. આ બાદ કરતાં તમામ લખાણ પદ્યમાં છે.

વિષય—પ્રથમ પરિચ્છેદમાં કાવ્યનું લક્ષણ, કાવ્યની રચનામાં હેતુ તરીકે પ્રતિભાનો ઉલ્લેખ, પ્રતિભા, વ્યુત્પત્તિ અને અભ્યાસની વ્યાખ્યા, કાવ્ય રચવા માટેના અનુકૂળ પ્રસંગો અને કવિઓને પાળવાના નિયમો એમ વિવિધ બાબતો રજૂ કરાઇ છે.

બીજા પરિચ્છેદમાં કહ્યું છે કે કાવ્ય સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ભૂતભાષા એમ ચાર ભાષામાં રચી શકાય. કાવ્યના છંદોનિબદ્ધ અને અછંદોનિબદ્ધ એ બે પ્રકારો અને પદ્ય, ગદ્ય અને મિશ્ર એમ એના ત્રણ પ્રકારો પણ પડાયા છે. વિશેષમાં અહીં પદ, વાક્ય અને અર્થના દોષોનો વિચાર કરાયો છે.

ત્રીજા પરિચ્છેદમાં દસ ગુણોની વ્યાખ્યા આપી એનું વિવરણ કરાયું છે.

ચોથા પરિચ્છેદમાં શબ્દાલંકારના (૧) ચિત્ર, (૨) [1]વક્રોક્તિ, (૩) અનુપ્રાસ અને (૪) યમક એ ચાર પ્રકારોનો, અર્થાલંકારના ૩૫ પ્રકારોનો તેમજ વૈદર્ભી અને ગૌડી એ બે રીતિનો વિચાર કરાયો છે.

પાંચમા પરિચ્છેદમાં નવ રસોનું નિરૂપણ છે. નાયક અને નાયિકાના ભેદો તેમજ બીજી કેટલીક બાબતો પણ અહીં આલેખાઈ છે.

ઉદાહરણો—આ કૃતિમાં જે ઉદાહરણો અપાયાં છે તે કર્તાના પોતાનાં હોય એમ લાગે છે. કેટલાંક ઉદાહરણો પાઇયમાં છે. જુઓ

૧ "વક્રોક્તિની વણજાર" નામનો મેં એક લેખ લખ્યો છે એ "ફા ગુ. સ ત્રૈ" માટે એના તંત્રીએ સ્વીકાર્યો છે પણ હજી સુધી તો છપાયો નથી

ચોથા પરિચ્છેદના શ્લો. ૪૯, ૫૩, ૫૪, ૭૪. ૭૮, ૧૦૬, ૧૦૭ ને ૧૪૮. કર્નલ જેકૉબે સૂચવ્યું છે તેમ વાગ્ભટકૃત નેમિનિર્વાણ-મહાકાવ્યમાંથી ૭ પદ્યો આ કૃતિમાં ઉદ્ધૃત કરાયાં છે.

નેમિ-નિર્વાણ (૭-૫૦)નો આ કૃતિમાં મહાયમકના ઉદાહરણ તરીકે ઉલ્લેખ છે. ચોથા પરિચ્છેદના શ્લો. ૪૫, ૭૬, ૮૧, ૮૫ અને ૧૩૨ (સિદ્ધરાજ) જયસિંહની પ્રશંસારૂપે છે.

વાગ્ભટાલંકારના ચોથા પરિચ્છેદમાં નિમ્નલિખિત પદ્ય છે—

"ककाकुकङ्ककेकाङ्ककेकिकोकैकक्कुः ककः ।
अकुकौकः काककाक्क ऋक्काकुकुकका कुः ॥ १२ ॥"

આના ટીકાકાર કહે છે કે નેમિનિર્વાણ-મહાકાવ્યમાં રાજીમતીના ત્યાગને લગતા અધિકારમાંનો સમુદ્રના વર્ણનરૂપ આ એક-વ્યંજનવાળો શ્લોક જાણવો, પરંતુ નેમિનિર્વાણ-મહાકાવ્ય જે "કાવ્યમાલા"માં છપાયું છે તેમાં તો આ જણાતો નથી.

આ વાગ્ભટાલંકાર ઉપર જૈનોએ તેમજ અજૈનોએ ટીકા રચી છે. તેમાંની જૈન ટીકાઓ નીચે મુજબ છે:—

(૧) [1]વ્યાખ્યા— આના કર્તા સોમસુંદરસૂરિના સંતાનીય સિંહદેવગણિ છે. આ ટીકા ૧૩૩૧ શ્લોક જેવડી છે.

(૨) ટીકા—'તપા' ગચ્છના વિશાલરાજના શિષ્ય સોમોદયગણિએ આ ટીકા ૧૧૬૪ શ્લોક જેવડી રચી છે.

(૩) ટીકા— 'ખરતર' ગચ્છના જિનપ્રભસૂરિના સંતાનીય જિનતિલકસૂરિના શિષ્ય ઉપા૦ રાજહંસની આ રચના છે. આની એક હાથપોથી વિ સં. ૧૪૮૬માં લખાયેલી છે.

૧ આ પ્રકાશિત છે જુઓ પૃ. ૧૫૫.

(૪) [1]ટીકા— જિનરાજસૂરિના શિષ્ય જિનવર્ધનસૂરિએ આ રચી છે. આની એક હાથપોથી વિ. સં. ૧૬૧૦માં લખાયેલી છે.

(૫) વૃત્તિ— આ ૨૯૫૬ શ્લોક જેવડી વૃત્તિ 'ખરતર' ગચ્છના રત્નધીરના વિનેય જ્ઞાનપ્રમોદગણિએ વિ. સં. ૧૬૮૧માં રચી છે.

(૬) ટીકા— આ ૧૬૫૦ શ્લોક જેવડી ટીકા સમયસુંદરગણિએ વિ. સં. ૧૬૯૨માં રચી છે.

(૭) ટીકા— આના કર્તા ક્ષેમહંસગણિ છે.

(૮) ટીકા— આના કર્તા કુમુદચન્દ્ર છે.

(૯) ટીકા— આના કર્તા તરીકે વર્ધમાનસૂરિનો ઉલ્લેખ કરાય છે પણ આ વાત શંકાસ્પદ છે.

(૧૦) ટીકા— આના કર્તાનું નામ જાણવામાં નથી.

આ તો શ્વેતાંબરીય ટીકાઓ છે. દિ. વાદિરાજે પણ એક ટીકા રચી છે. આ ઉપરાંત કૃષ્ણશર્મા, ગણેશ વગેરે અજૈનોએ પણ આ વાગ્ભટાલંકાર ઉપર ટીકાઓ રચી છે.

બાલાવબોધ—સટ્ટિસયગપયરણના કર્તા જૈન ગૃહસ્થ મારવાડી નેમિચન્દ્ર ભંડારીએ એક બાલાવબોધ રચ્યો છે.

'ખરતર' ગચ્છના [2]મેરુસુંદરે પણ વિ. સં. ૧૫૩૫માં બાલાવબોધ રચ્યો છે. એમાં પ્રારંભનાં પાંચ પદ્યો અને અંતના બે પદ્યો સંસ્કૃતમાં છે.

૧ આ "ગ્રંથમાલા"માં ઈ. સ. ૧૮૮૯–૯૦માં છપાઈ છે.

૨ એમણે સટ્ટિસયગપયરણની જેમ વિદગ્ધમુખમંડનનો પણ બાલાવબોધ રચ્યો છે.

આ બાલાવબોધમાં મૂળનું સંસ્કૃતમાં કટકે કટકે વિવરણ છે અને [1]સાથે સાથે ગુજરાતીમાં સમજૂતી છે.[2]

અલંકારશાસ્ત્રની સંસ્કૃતમાં રચાયેલી કૃતિઓના ગુજરાતી બાલાવબોધ બહુ થોડા મળ્યા છે. એ હિસાબે આ બે બાલાવબોધ મહત્ત્વના ગણાય.

[3]કાવ્યાનુશાસન (ઉ. વિ. સં. ૧૧૯૮)— આના પ્રણેતા 'કલિ૦' હેમચન્દ્રસૂરિ છે. આ નામની એક બીજી કૃતિ છે, પરંતુ એના કર્તા તો એમના પછી થયેલા જૈન ગૃહસ્થ વાગ્ભટ છે.

---

૧ આનો અર્થ એ નથી કે ચુણ્ણિના લખાણની જેમ આ લખાણ મિશ્રભાષામય છે

૨ આનો નમૂનો "ષષ્ટિશતક પ્રકરણ"ની પ્રસ્તાવના (પૃ ૧૬-૨૦)માં ડો સાંડેસરાએ આપ્યો છે. એના પૃ ૧૮મા બે મુદ્રણદોષ હોય એમ લાગે છે

૩ આ કૃતિ અલંકાર-ચૂડામણિ તેમજ વિવેક સહિત "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી "કાવ્યમાલા" (૭૦)માં ઈ. સ. ૧૯૦૧માં છપાઈ છે. ત્યાર બાદ આ કૃતિ અ૦ ચૂ૦, વિવેક અને તાડપત્ર ઉપર લખાયેલા અજ્ઞાતકર્તૃક ટિપ્પણ તેમજ પાઇય પદ્યોની સંસ્કૃત છાયા, ૭ અનુક્રમણિકાઓ તથા ડો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવની "પૂર્વ-વચનિકા" પૂરતા લખાણ સહિત પ્રથમ ખંડ તરીકે છપાઈ છે અને શ્રી રસિકલાલ છો પરીખના અંગ્રેજી ઉપોદ્ઘાત અને પ્રો રામચન્દ્ર આથવલેના અંગ્રેજી ટિપ્પણ પૂરતુ લખાણ બીજા ખંડ તરીકે છપાયુ છે આ બંને ખંડ "શ્રીમહાવીર જૈન વિદ્યાલય" તરફથી મુંબઈથી ઈ. સ. ૧૯૩૮માં—એક જ વર્ષમા પ્રસિદ્ધ કરાયા છે.

ઉપર્યુક્ત ૭ અનુક્રમણિકામા પહેલી અ૦ ચૂ૦ગત અને વિવેકગત ઉદાહરણોને લગતી છે બીજી અનુક્રમણિકા પ્રમાણરૂપ ઉદ્ધૃત કરાયેલા સંદર્ભોની છે. ત્રીજી સૂત્રોને અંગેની છે. ચોથી, બે વૃત્તિમા નિર્દેશાયેલા ગ્રંથો અને ગ્રંથકારોની સૂચીરૂપ છે. પાંચમી સંપાદકે નિર્દેશેલા ગ્રંથોને લગતી છે. છઠ્ઠી વિશિષ્ટ શબ્દોની સૂચીરૂપ છે.

નામ—'કાવ્યાનુશાસન' એ મૂળ [1]સૂત્રાત્મક કૃતિનું નામ છે કે એની અ૦ ચૂ૦ નામની ટીકા સહિત મૂળનું નામ છે? આવો પ્રશ્ન આની હાથપોથીઓ અને વિવેક જોતાં ઉદ્‌ભવે છે. આના ઉત્તર તરીકે ડૉ. આનંદશંકર બા. ધ્રુવે કહ્યું છે કે હેમચન્દ્રે પ્રથમ સૂત્ર રચી એને કાવ્યાનુશાસન નામ આપ્યું અને પછી એના ઉપર સ્પષ્ટીકરણાર્થે વૃત્તિ રચી તેને અલંકારચૂડામણિ કહી અને આ બંને મળીને કાવ્યના અનુશાસન એટલે કે શાસ્ત્રની ગરજ સારશે એવો ઇરાદો રાખ્યો.

કાવ્યાનુશાસન એ વિશેષનામ છે કે પુસ્તકનું પરિચયાત્મક નામ છે? જેમ શબ્દાનુશાસનનું સિદ્ધહેમચન્દ્ર એવું વિશેષનામ છે એવી રીતે કાવ્યના શાસ્ત્રનું પણ કોઇ વિશેષનામ હોવું જોઇએ એમ વિદ્વાનો સૂચવે છે.

વિભાગ— મૂળ કૃતિ આઠ અધ્યાયોમાં વિભક્ત છે. પ્રારંભમાં બે પદ્યો છે. એને કેટલાક એકેક સૂત્ર ગણે છે. એ હિસાબે પ્રથમ અધ્યાયમાં ૨૫ (૨૩+૨) સૂત્ર છે. બાકીના અધ્યાયોનાં સૂત્રની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે:—

૫૯, ૧૦, ૯, ૯, ૩૧, પર અને ૧૩.

આમ એકંદરે ૨૦૮ (૨૦૬+૨) સૂત્રો છે.

વિષય— પ્રથમ અધ્યાયમાં કાવ્યના પ્રયોજન, કાવ્યનો હેતુ, કાવ્યનું લક્ષણ, શબ્દ અને અર્થનું સ્વરૂપ તેમજ મુખ્ય, ગૌણ, લક્ષ્ય અને વ્યંગ્ય એમ ચાર જાતના અર્થ એમ વિવિધ બાબતો વિચારાઈ છે.

---

૧ સૂત્ર પૂરતી આ કૃતિ હે૦ કૃ૦ (પૃ ૨૨૫–૨૪૦)માં પ્રકાશિત થયેલી। જુઓ પૃ. ૩૪.

બીજા અધ્યાયમાં રસનું તેમજ સ્થાયી, વ્યભિચારી અને સાત્ત્વિક ભાવોનું નિરૂપણ છે. વિશેષમાં રસાભાસ અને ભાવાભાસની ચર્ચા પછી છેલ્લાં ચાર સૂત્રોમાં કાવ્યના ઉત્તમાદિ ત્રણ પ્રકારો વિચારાયા છે.

ત્રીજા અધ્યાયમાં શબ્દ, વાક્ય, અર્થ અને રસના દોષો વિષે વિચાર કરાયો છે.

ચોથા અધ્યાયમાં ગુણો ચર્ચાયા છે.

પાંચમા અધ્યાયમાં અનુપ્રાસ, યમક, [1]ચિત્ર, શ્લેષ, વક્રોક્તિ અને પુનરુક્તાભાસ એ છ જાતના શબ્દાલંકારનો અધિકાર છે.

છઠ્ઠા અધ્યાયમાં 'સંકર' સહિત ૨૯ અર્થાલંકારનું નિરૂપણ છે, જ્યારે મમ્મટે ૬૧ અર્થાલંકારો વિષે વિવેચન કર્યું છે અને ભોજે સરસ્વતીકંઠાભરણમાં ૨૪ શબ્દાલંકારો, ૨૪ અર્થાલંકારો અને ૨૪ શબ્દ અને અર્થ એ ઉભયને લગતા અલંકારો (ઉભયાલંકારો) વર્ણવ્યા છે.

'કલિ૦' હેમચન્દ્રસૂરિએ સ્વભાવોક્તિને બદલે 'જાતિ' શબ્દ અને અપ્રસ્તુત-પ્રશંસાને બદલે 'અન્યોક્તિ' શબ્દ વાપરેલા છે.

સાતમા અધ્યાયમાં નાયક અને નાયિકાના ભેદો તેમજ પ્રતિનાયકનું સ્વરૂપ એ બાબતો હાથ ધરાઇ છે.

આઠમા અધ્યાયમાં પ્રેક્ષ્ય (દૃશ્ય) અને શ્રવ્ય એમ કાવ્યના બે પ્રકાર સૂચવી એના ઉપપ્રકારો સમજાવાયા છે

રચના-સમય—કાવ્યાનુશાસનમાં કુમારપાલ વિષે ઉલ્લેખ જણાતો નથી. એથી આ કૃતિ વિ. સં. ૧૧૯૯ પહેલાં રચાઇ હશે એમ અનુમનાય છે.

---

[1] આના વિવિધ પ્રકારો છે. જેમકે સ્વર-ચિત્ર, વ્યંજન-ચિત્ર, આકાર-ચિત્ર, ગૂઢ-ચિત્ર ઇત્યાદિ.

[1]અલંકાર-ચૂડામણિ— આ સૂત્રાત્મક કાવ્યાનુશાસનની 'કલિ૦' હેમચન્દ્રસૂરિએ રચેલી સ્વોપજ્ઞ ટીકા છે. રયણાવલી (વગ્ગ ૧)ના ત્રીજા પદ્યની સ્વોપજ્ઞ વૃત્તિમાં આ હેમચન્દ્રસૂરિએ જે અલંકાર-ચૂડામણિનો ઉલ્લેખ કર્યો છે તે આ જ છે. આ અ૦ ચૂ૦નો અવતરણપૂર્વક ઉલ્લેખ સિ૦ હે૦ (૧-૧-૨૬) ઉપરના બૃહન્ન્યાસ ([2]પૃ. ૩૪)માં નીચે મુજબ કરાયો છે.—

"यदाह स्वोपज्ञालङ्कारचूडामणौ—वक्त्रादिवैशिष्ट्यादर्थस्यापि मुख्यामुख्यात्मनो व्यञ्जकत्वम्"[3]

અ૦ ચૂ૦ ૨૮૦૦ શ્લોક જેવડી છે. આ સરળ છે અને એમાં વિવાદગ્રસ્ત વિષયો હાથ ધરાયા નથી. આમાં ૭૪૦ ઉદાહરણો છે અને ૬૭ પ્રમાણો અપાયાં છે.

અ. ૩ ઉપરની આ ટીકા અને ખાસ કરીને એના ઉપરનો વિવેક મનનીય છે. અ૦ ચૂ૦માં પૃ. ૧૧૫, ૧૫૮ ને ૪૧૮માંનાં અવતરણો શૃંગારતિલકમાંથી જ ઉદ્ધૃત કરાયાં હોય એમ લાગે છે. જો એ મૂળે આ જ કૃતિનાં હોય તો આમ અવતરણ આપનાર તરીકે 'કલિ૦' હેમચન્દ્રસૂરિ પ્રથમ છે.

અ૦ ચૂ૦ (પૃ. ૨૧૪)માં છંદોઽનુશાસનનો ઉલ્લેખ છે. અ. ૫, સૂ. ૫ને અંગેની અ૦ ચૂ૦ (પૃ. ૩૨૮)માં તિલકમંજરીનું દ્વિતીય પદ્ય ઉદ્ધૃત કરાયું છે.

---

૧ આ પ્રકાશિત છે. જુઓ પૃ૦ ૧૫૯

૨ આ પૃષ્ઠાંક શ્રીવિજયલાવણ્યસૂરિ દ્વારા સંપાદિત આવૃત્તિનો છે.

૩ આ પંક્તિ પૈકી "मुख्यामुख्यात्मनः" એટલો અંશ અ૦ ચૂ૦ (પૃ૦ ૫૮)-નો છે જ્યારે બાકીનો અંશ અ. ૧ના ૨૧મા સૂત્રરૂપે છે.

અ. ૭ને અંગેની અ૦ ચૂ૦માં નાયક, નાયિકા અને પ્રતિનાયક વિષે વિસ્તૃત નિરૂપણ છે. એથી તો એને અંગેના વિવેકમાં કશું વિશેષ કહેવાયું નથી. આ તૈયાર કરવા માટે ધનંજયના દશરૂપકનો તેમજ ભરતના નાટ્યશાસ્ત્રનો અને એના ઉપરની અભિનવગુપ્તકૃત ટીકાનો ઉપયોગ કરાયો છે.

અ. ૮, સૂ. ૩ને અંગેની અ૦ ચૂ૦ ભરતના નાટ્યશાસ્ત્ર (અ૦ ૨૦)માંથી ઉતારા કરી સમૃદ્ધ બનાવાઇ છે.

[1]વિવેક—કાવ્યાનુશાસન તેમજ અ૦ ચૂ૦ એ બંનેને લક્ષીને અને કાવ્યશાસ્ત્રની ઝીણવટભરી વિગતો રજૂ કરવાના ઇરાદે આ વૃત્તિ 'કલિ૦' હેમચન્દ્રસૂરિએ રચી છે. એમાં અનેક વિષયના મુદ્દાઓની છણાવટ છે. એમાં ૬૨૪ ઉદાહરણો અને ૨૦૧ પ્રમાણો અપાયાં છે.[2]

આ વિવેકમાં બે સ્થળે—પૃ. ૭ અને ૪૬૨માં છંદોડનુશાસનના ઉલ્લેખપૂર્વક અવતરણ અપાયાં છે. અ. ૫, સૂ. ૪ના વિવેક (પૃ. ૩૧૭)માં ભગવદ્ગીતાના અ. ૧૫નું ૧૩મું પદ્ય ઉદ્ધૃત કરાયું છે.

અ. ૨, સૂ. ૧ને લગતા વિવેક (પૃ. ૧૦૩)માં ભરતના નાટ્યશાસ્ત્ર અને એના ઉપરની અભિનવગુપ્તકૃત ટીકામાંથી પુષ્કળ મસાલો લેવાયો છે. રસનું નિરૂપણ કરતી વેળા આ ટીકામાંથી લગભગ અક્ષરશઃ લખાણ લેવાયું છે.

અ ૩, સૂ. ૩ના વિવેક (પૃ. ૧૭૯–૧૮૯)માં દેશ અને કાળનો વિચાર કરતી વેળા રાજશેખરની કાવ્યમીમાંસાનો આશ્રય લેવાયો છે

૧ આ પ્રકાશિત છે જુઓ પૃ. ૧૫૯

૨ આમ અ૦ ચૂ૦ સાથે આનો વિચાર કરતા જુદા જુદા ગ્રંથકારોની કૃતિમાંથી લગભગ ૧૫૦૦ ઉદાહરણો અપાયા છે. આ પૈકી કેટલીક કૃતિ તો નામશેષ બની છે. આ દૃષ્ટિએ પણ આનું મહત્ત્વ છે.

પણ અહીં રાજશેખરના નામનો ઉલ્લેખ જણાતો નથી. આનું શું કારણ હશે? શું રાજશેખરે પણ એમના કોઈ પુરોગામી લેખકની કૃતિમાંથી આ ભાગ ઉદ્ધૃત કર્યો હશે?

અ. ૪, સૂ. ૧ના **વિવેક**માં પૃ. ૭૪, ૭૬–૭૮, ૮૦ અને ૮૨–૮૫માં ભરતના, પૃ. ૭૪ અને ૭૫માં મંગલના, પૃ. ૭૫-૭૯ અને ૮૧–૮૭માં વામનના અને પૃ. ૭૫, ૭૮, ૭૯, ૮૧, ૮૨, ૮૫ અને ૮૬માં દંડીના વિચારો રજૂ કરાયા છે.

અ ૪, સૂ ૪ના **વિવેક** (પૃ ૩૨૧)માં આનંદવર્ધનનો નોણના પુત્ર તરીકે ઉલ્લેખ છે આ આનંદવર્ધનકૃત [1]**દેવીશતક**માંથી શબ્દાલંકારો માટે સ્પષ્ટીકરણપૂર્વક ઉદાહરણો અપાયાં છે. આ અધ્યાયની રચનામાં **કાવ્યાદર્શ**નો તેમજ **કાવ્યાલંકાર**નો પણ ઉપયોગ કરાયો છે. **કાવ્યાલંકાર** અને **દેવીશતક**માંનાં આકાર-ચિત્રને લગતા જે ઉદાહરણો અહીં અપાયાં છે તે સચિત્ર સ્વરૂપે મુંબઈ વિદ્યાપીઠના સામયિક (Arts No. 30)માં જે મારો લેખ નામે ILD છપાયો છે તેમાં અપાયાં છે.

અ. ૪, સૂ. ૭ના **વિવેક**માં પાઠ્યધર્મત્વ સમજાવતી વેળા **નાટ્યશાસ્ત્ર**ની કોઈ ટીકામાંથી અવતરણ અપાયાં છે. અભિનવગુપ્તકૃત ટીકાનો ઉપયોગ કરાયો હોય એમ લાગે છે.

અ. ૬ના **વિવેક**માં મૂળમાં ગણાવાયેલા ઉપરાંતના વધારાના અલંકારો વિષે વિચાર કરાયો છે.

અ. ૮ને લગતા **વિવેક**માં અભિનવગુપ્તની ટીકાનો લાભ લેવાયો હોય એમ લાગે છે.

---

૧ આ સંબંધમાં જુઓ મારો લેખ નામે "દેવીશતક અને શ્રીહેમચન્દ્રસૂરિ" આ "આત્માનંદ પ્રકાશ" (પુ૦ ૫૨, અં૦ ૪–૫)માં છપાયો છે.

મૂલ્યાંકન—ડૉ. એસ. કે. ડેએ એવું કથન કર્યું છે કે મમ્મટકૃત કાવ્યપ્રકાશ કરતાં હેમ કાવ્યાનુશાસન શિક્ષાગ્રંથ તરીકે ઊતરતી કોટિનો ગ્રંથ છે. આની તથ્યતા વિચારવાનું કાર્ય હું વિશેષજ્ઞોને ભળાવું છું એટલે અહીં તો હું એટલું જ કહીશ કે કાવ્યાનુશાસનમાં કાવ્યપ્રકાશમાં આપેલા અલંકારોની સંખ્યાને યોગ્ય રીતે ઘટાડાઈ છે, અલંકારાદિકનાં લક્ષણોમાં સમુચિત સુધારો કરાયો છે અને કાવ્યપ્રકાશ કરતાં [1]સંક્ષિપ્ત અને તેમ છતાં સુગમ એવો આ ગ્રંથ રચાયો છે.

મહામહોપાધ્યાય કાણેનું મંતવ્ય—'મહામહોપાધ્યાય' પી વી. કાણેએ વિશ્વનાથના સાહિત્ય-દર્પણ (પરિ૰ ૧, ૨ ને ૧૦)નું અંગ્રેજી ટિપ્પણો તેમજ સંસ્કૃત કાવ્યશાસ્ત્ર (poetics)ના ઇતિહાસપૂર્વક સંપાદન કર્યું છે. આની ઇ. સ. ૧૯૫૧મા પ્રસિદ્ધ થયેલી બીજી આવૃત્તિ (પૃ ૨૭૭-૨૭૮)માં હેમ કાવ્યાનુશાસન વિષે એમણે નીચે મુજબની મતલબના ઉદ્ગાર કાઢ્યા છે;—

કાવ્યાનુશાસન એ સંગ્રહાત્મક કૃતિ છે. એમાં મૌલિકતાનાં ભાગ્યે જ દર્શન થાય છે. એમાં (રાજશેખરની) કાવ્યમીમાંસા, કાવ્યપ્રકાશ, ધ્વન્યાલોક અને અભિનવગુપ્તના ગ્રંથોમાંથી ખૂબ મસાલો ઉઠાવાયો છે. દા. ત. કાવ્યાનુશાસનનાં પૃ. [2]૮-૧૦ને કાવ્યમીમાંસા (પૃ ૫૬) સાથે, પૃ ૧૧-૧૬ને કાવ્યમીમાંસા (પૃ. ૪૨-૪૪) સાથે અને પૃ. ૧૨૨-૧૨૩ને કાવ્યમીમાંસા (પૃ ૪૨-૪૪) સાથે સરખાવો. વળી અભિનવગુપ્ત અને ભરતનાં મંતવ્યોને આધારે પોતે અમુક અમુક

૧ કાવ્યપ્રકાશમા દસ ઉલ્લાસમા ૨૧૨ સૂત્રોમાં જે વિષય આલેખાયો છે તે આ હેમ કાવ્યાનુશાસનમા ૭ અધ્યાયમા ૧૪૩ સૂત્રોમા અપાયો છે (જુઓ શ્રો રસિકલાલ-છો પરીખનો ઉપોદ્ઘાત (પૃ૰ ૩૨૧)

૨ આ નિર્ણયસાગરી આવૃત્તિ અનુસાર સમજવાના છે

બાબતો કહ્યાનો ઉલ્લેખ હેમચન્દ્રસૂરિએ જાતે કર્યો છે. જુઓ વિવેક (પૃ. [1]૬૬).

કાવ્યાનુશાસનનો એક ગુણ (merit) એ છે કે એની વૃત્તિ અને વિવેકમાં જુદા જુદા ગ્રંથકારોની કૃતિઓમાંથી લગભગ ૧૫૦૦ ઉદાહરણો અપાયાં છે. હેમચન્દ્રસૂરિની આ કૃતિનો પ્રભાવ પાછળના અલંકારશાસ્ત્રીઓ ઉપર ભાગ્યે પડ્યો છે. વળી [2]રત્નાપણ (પૃ. ૪૬, ૧૭૫, ૨૨૪, ૨૩૩, ૨૫૯, ૨૭૯ અને ૨૯૯)મા કાવ્યાનુશાસનમાંથી અવતરણ અપાયાં છે એ વાતને બાજુ ઉપર રાખીએ તો ભાગ્યે જ કોઈ પાછળના લેખકે આમાંથી અવતરણ આપ્યાં છે.

શ્રી કાણેએ કાવ્યાનુશાસનની મૌલિકતા વિષે કરેલા વિધાનના સંબંધમાં શ્રી. વિષ્ણુપાદ ભટ્ટાચરજીએ "Indian Culture' (Vol. XIII, pp. 218–224)માં વાંધા ઉઠાવ્યા છે. આ વાતનો શ્રી કાણેએ નિર્દેશ કરી એ વાંધાઓની નીચે પ્રમાણે નોધ એમણે સાહિત્યદર્પણની બીજી આવૃત્તિમાં પૃ. ૨૭૭માં લીધી છે:—

(૧) કાવ્ય રચવાનો એક લાભ અર્થની—પૈસાની પ્રાપ્તિ છે એમ જે મમ્મટે કહ્યું છે તે વાત હેમચન્દ્રને માન્ય નથી.

(૨) મુકુલ અને મમ્મટની જેમ લક્ષણાનો આધાર રૂઢિ કે પ્રયોજન છે એમ ન માનતાં કેવળ પ્રયોજન જ છે એમ હેમચન્દ્ર પ્રતિપાદન કરે છે.

(૩) અર્થ-શક્તિ-મૂલ-ધ્વનિના (૧) સ્વતઃ સંભવી, (૨) કવિપ્રૌઢોક્તિ-નિષ્પન્ન અને (૩) કવિનિબદ્ધ-વક્તૃ-પ્રૌઢોક્તિનિષ્પન્ન એમ ત્રણ પ્રકાર દર્શાવનાર ધ્વનિકારથી હેમચન્દ્ર જુદા પડે છે. જુઓ પૃ. ૪૬.

૧ આ મ૦ વિ૦ના પ્રકાશનનું ૧૦૩મું પૃષ્ઠ છે

૨ વિદ્યાનાથે રચેલા પ્રતાપરુદ્રયશોભૂષણ ઉપરની આ ટીકા છે એ ટીકા મલ્લિનાથના પુત્ર કુમારસ્વામીએ રચી છે. એ ટીકા સહિત મૂળ કૃતિ B S Sના ૬૫મા ગ્રંથાંક તરીકે છપાવાઈ છે.

(૪) મમ્મટના મતે "पुंस्त्वादपि प्रविचलेत्" વાળું પદ્ય શ્લેષમૂલક અપ્રસ્તુતપ્રશંસાનું ઉદાહરણ છે, જ્યારે હેમચન્દ્રને મતે એ 'શબ્દ-શક્તિ-મૂલધ્વનિ'નું છે

(૫) રસોમાં અલંકાર પરત્વેના સિદ્ધાંતોના પાલનનો ભંગ જે મહાકવિઓને હાથે થયો છે તેનો ધ્વનિકારે નિર્દેશ કર્યો નથી જ્યારે હેમચન્દ્રે તેમ કર્યું છે.

આ બધા મુદ્દા સ્વીકારી લઈએ તો પણ કાવ્યાનુશાસન એ મૌલિક કૃતિ છે એમ ભાગ્યે જ કહી શકાય. આવા મતભેદો તો અનેક બીજા ગ્રંથકારોની કૃતિઓમાં જોવાય છે.

આ પ્રમાણે પ્રતિવિધાનની સમાલોચના શ્રી. કાણેએ કરી છે. ડૉ. આ૦ બા૦ ધ્રુવે અ૦ ચૂ૦ અને વિવેક સહિતના કાવ્યાનુશાસનની "પૂર્વવચનિકા"માં કહ્યું છે કે કાવ્યમીમાંસા, કાવ્યપ્રકાશ, ધ્વન્યાલોક અને લોચનમાંથી આખા પાઠના પાઠ હેમચન્દ્રસૂરિએ લઈ લીધા છે. એથી કેટલાક એને 'ચોરી' કહે છે, પરંતુ વાત એ છે કે હેમચન્દ્રની ઇચ્છા એ જણાય છે કે બ્રાહ્મણો જે જે જાણતા હતા તે બધું જૈનો જાણે. એથી પુરોગામી બ્રાહ્મણોના જ્ઞાનનો ઉપયોગ કરતાં એઓ અચકાયા નથી એમણે જે વારસો પોતાને મળ્યો હતો તેમાં પોતાની તરફથી સંગીન ઉમેરો કર્યો છે.

કાવ્યમીમાંસા એ વિચારો અને એની રજૂઆતની દૃષ્ટિએ મૌલિક ભલે ગણાય, પણ એ કાવ્યપ્રકાશ કે કાવ્યાનુશાસન જેવી વ્યવસ્થિત કૃતિ નથી.

મમ્મટે કાવ્યપ્રકાશમાં ભામહથી માંડીને એમના સમય સુધીનાં કાવ્યશાસ્ત્રને લગતાં બધાં મંતવ્યો રજૂ કર્યાં છે ખરાં, પરંતુ

નાટ્યશાસ્ત્ર સાથે સંબદ્ધ રસની વાત જવા દઈએ તો નાટ્યશાસ્ત્રને એમણે જતું કર્યું છે જ્યારે હેમચન્દ્રે અને આગળ જતાં વિશ્વનાથે એ ઉણપ રહેવા દીધી નથી (જુઓ પૃ. ૧૨).

ધ્વન્યાલોક અને લોચનનું ક્ષેત્ર કાવ્યપ્રકાશ જેટલું યે વ્યાપક નથી તો કાવ્યાનુશાસનના અતિવિશાળ ક્ષેત્ર સાથે એની શી તુલના કરવી ?

આ પ્રમાણે ડૉ. ધ્રુવે 'કલિ૦' હેમચન્દ્રસૂરિ ઉપર કરાતા આક્ષેપનો રદિયો આપ્યો છે.

વૃત્તિ—કાવ્યાનુશાસનની અ૦ ચૂ૦ નામની ટીકાને અંગે 'ન્યાયાચાર્ય' યશોવિજયગણિએ વૃત્તિ રચી હતી એમ જે મનાય છે તે વાત સાચી છે, કેમકે એમણે પ્રતિમાશતક(? )ની સ્વોપજ્ઞ ટીકામાં નિમ્નલિખિત ઉલ્લેખ કર્યો છે:—

"प्रपञ्चितं चैतदलङ्कारचूडामणिवृत्तावस्माभिः"

કવિશિક્ષા (લ. વિ. સં. ૧૨૦૦)—આ ૩૦૦ શ્લોક જેવડી કૃતિના કર્તા જયમંગલસૂરિ છે. એમની આ કૃતિની તાડપત્રીય હાથપોથી ખંભાતના શાંતિનાથના ભંડારમાં છે. એના પ્રારંભની અને અંતમાંની થોડીક પંક્તિ પ્રો. પિટર્સને એમના પ્રથમ હેવાલ (પૃ ૭૮-૮૦)માં આપી છે. આ કૃતિમાં સિદ્ધરાજ જયસિંહની સ્તુતિરૂપ દૃષ્ટાંત છે એટલે જયમંગલસૂરિ વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધમાં થયા હશે એમ લાગે છે. એમની આ કૃતિ કોઈ સ્થળેથી પ્રસિદ્ધ થઈ હોય એમ જણાતું નથી તો એ સત્વર પ્રકાશિત થવી ઘટે.

[1]કાવ્યકલ્પલતા (લ. વિ. સં. ૧૨૮૦)—આના કર્તા 'વાયડ'

૧ કવિશિક્ષા નામની વૃત્તિ સહિત આ મૂળ કૃતિ કાશીથી વિ સં ૧૯૪૨મા પ્રસિદ્ધ થઈ છે અને એનું મરાઠી ભાષાંતર ગાયકવાડ સરકાર તરફથી છપાયેલું છે એ બેમાંથી એકે પુસ્તક મારા જોવામાં આવ્યું નથી.

[1]ગચ્છના જિનદત્તસૂરિના શિષ્ય અને સ્યાદિશબ્દસમુચ્ચય વગેરેના પ્રણેતા અમરચન્દ્રસૂરિ તેમજ [2]અરિસિંહ છે.[3] આ ચાર પ્રતાનોમાં વિભક્ત છે એમા એકંદર ૪૫૨ જેટલાં પદ્યો છે.

કાવ્યકલ્પલતા અને એની સ્વોપજ્ઞ વૃત્તિમાં વર્ણવાયેલા વિષયોની નોંધ ડૉ. ડેએ H S P (ભા. ૨, પૃ ૩૬૪–૩૬૬)માં નીચે મુજબ લીધી છે.–

પ્રથમ પ્રતાનનું નામ 'છન્દસિદ્ધિ' છે. એમાં પાંચ સ્તબક છે. (૧) 'અનુષ્ટુભ્' છંદની રચના (અનુષ્ટુભ્ સાસન); (૨) મુખ્ય વૃત્તોનો ઉલ્લેખ, એક છંદનું બીજા છંદમાં પરિવર્તન તેમજ યતિ ઇત્યાદિ (છન્દોઽભ્યાસ); (૩) છંદ પૂર્ણ કરવા માટે વપરાતા શબ્દો જેમકે શ્રી, સમ્, સત્, દ્રાક્, વિ, પ્ર, ઇત્યાદિ (સામાન્ય-શબ્દક), (૪) વાદ, પ્રશંસાના વિષયો, કુલ–શાસ્ત્રાદિ અને સ્વશાસ્ત્રાધ્યયન પ્રથા સબંધી પ્રશ્નો ઇત્યાદિ (વાદ); અને (૫) રાજા, મંત્રી વગેરેનાં વર્ણન માટેની રીતિ અને કવિ–સમય (વર્ણ્ય-સ્થિતિ).

બીજા પ્રતાનનું નામ 'શબ્દ–સિદ્ધિ' છે. એમાં શબ્દોની વ્યુત્પત્તિ, અનુપ્રાસ, સંબધી વાક્યોના ઉલ્લેખ, સૂચિત વગેરે અર્થો ઇત્યાદિનું નિરૂપણ છે. એમાં ચાર સ્તબક છે.

ત્રીજા પ્રતાનનું નામ [4]શ્લેષ-સિદ્ધિ' છે. ભિન્ન ભિન્ન પરિચ્છેદ પ્રમાણે શબ્દોના ભિન્ન ભિન્ન અર્થ, શ્લેષોપયોગી શબ્દોની સૂચી,

---

૧ ગચ્છનું આ નામ 'અણહિલપુર પાટણ'ના વાયવ્ય ખૂણામા ૫૬૨ માઇલને અતરે આવેલા 'વાયડ'ને આભારી છે

૨ એમણે સુકૃતસંકીર્તન રચ્યું છે અને બ્હીલરના મતે કવિતારહસ્ય પણ એમની કૃતિ છે

૩ જુઓ કાવ્યકલ્પલતા (૧, ૨)

૪ વસ્તુપાલકૃત નરનારાયણાનંદ (સ ૧૪)માનું ૧૬મુ પદ્ય આ પ્રતાનમા જોવાય છે.

દ્વયથી શબ્દો, બંધો, ચિત્ર–કાવ્યો ઇત્યાદિ બાબતો અહીં અપાઇ છે. એમાં પાંચ સ્તબક છે.

ચોથા (છેલ્લા) પ્રતાનનું નામ 'અર્થ–સિદ્ધિ' છે. કઈ વસ્તુને શેની સાથે સરખાવવી એ બાબત અહીં વિચારાઈ છે. એમાં સાત સ્તબક છે.

કાવ્યકલ્પલતાના અંતમાં 'અષ્ટચક્રાર' બંધથી વિભૂષિત પરિધિશ્લોક છે. એની ચિત્ર સહિત નોંધ મેં [1] I L Dમાં લીધી છે.

આ કૃતિની સ્વોપજ્ઞ વૃત્તિમાં એના કર્તાએ પોતાની નિમ્નલિખિત કૃતિઓનો ઉલ્લેખ કર્યો છેઃ—

કાવ્યકલ્પલતા–પરિમલ, કાવ્યકલ્પલતા–મંજરી, અલંકાર-પ્રબોધ અને છંદોરત્નાવલી.

વૃત્તિઓઃ—

કવિશિક્ષા— આ ૩૩૫૭ શ્લોક જેવડી સ્વોપજ્ઞ વૃત્તિ છે

કાવ્યકલ્પલતા-પરિમલ— આ કાવ્યકલ્પલતા ઉપરની ૧૧૨૨ શ્લોક જેવડી સ્વોપજ્ઞ વૃત્તિ છે.

કાવ્યકલ્પલતા-મંજરી— આ સ્વોપજ્ઞ વૃત્તિ હજી સુધી તો મળી આવી નથી. એ કાવ્યકલ્પલતા–પરિમલ કરતાં પહેલી રચાઈ હશે એમ આ એનાં નામ ઉપરથી કલ્પના કરાય છે.

કાવ્યકલ્પલતા ઉપર ઉપર્યુક્ત ત્રણ સ્વોપજ્ઞ વૃત્તિ ઉપરાંત નીચે મુજબનું વિવરણાત્મક સાહિત્ય છે.—

મકરન્દ— આ વૃત્તિના રચનાર હીરવિજયસૂરિના શિષ્ય શુભ-વિજયગણિ છે. એમણે વિ. સં. ૧૬૬૫માં આ વૃત્તિ ૩૧૯૬ શ્લોક જેવડી રચી છે.

---

૧ જુઓ મુંબઈ વિદ્યાપીઠનું સામયિક (Arts No. 30).

વૃત્તિ— યશોવિજયગણિએ પણ ૩૨૫૦ શ્લોક જેટલા પરિમાણવાળી એક વૃત્તિ રચી છે એમ જિ૦ ૨૦ કો૦ (ખંડ ૧, પૃ ૮૯) જોતા જણાય છે. શું આ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિની કૃતિ છે?

વિવેક યાને પલ્લવશેષ — આ નામની એક વૃત્તિ વિણુધમંદિરગણિએ રચ્યાનુ કહેવાય છે. એનો પ્રારભ "यत् पल्लवेन विवृतं"થી થાય છે.[1]

અલંકાર-પ્રબોધ (લ વિ. સં. ૧૨૮૦)— આના કર્તા પદ્માનન્દ મહાકાવ્ય વગેરેના કર્તા અમરચન્દ્રસૂરિ છે. એમણે આ કૃતિનો ઉલ્લેખ કાવ્યકલ્પલતાવૃત્તિ (પૃ. ૧૧૬)માં કર્યો છે. અલંકાર-પ્રબોધમા અલંકારોનું નિરૂપણ હશે એમ નામ વિચારતા લાગે છે. આ કૃતિ મળે છે ખરી?

કવિશિક્ષા (લ વિ. સં. ૧૨૮૦)— આના કર્તા વિનયચન્દ્રસૂરિ છે એઓ વિ. સં. ૧૨૮૫ના અરસામાં વિદ્યમાન હતા એમણે પાર્શ્વ-નાથચરિત્ર ઇત્યાદિ વીસ પ્રબંધો રચ્યા છે

કેટલાકને મતે વિ. સં. ૧૨૮૬માં મલ્લિનાથચરિત્ર રચનારા અને ઉદયસિંહે રચેલી ધર્મવિધિવૃત્તિને સુધારનારા વિનયચન્દ્ર તે જ આ કવિશિક્ષાના કર્તા છે. એમની આ કવિશિક્ષા એ 'વિનય' અંકથી અંકિત છે. એના પ્રારંભમાં એના કર્તાએ કહ્યુ છે કે ભારતી દેવીને પ્રણામ કરીને બપ્પભટ્ટિ ગુરુની વાણીમા વિવિધ શાસ્ત્રો જોઇને હું કવિશિક્ષા કહીશ આથી એમ લાગે છે કે બપ્પભટ્ટિએ કવિશિક્ષા રચી હશે તેનો

૧ જુઓ જિ૦ ૨૦ કો૦ (ખંડ ૧, પૃ. ૮૯) જેસલમેરના ભંડારમા આ વિવેકની વિ સં ૧૨૦૫માં લખાયેલી તાડપત્રીય પ્રતિ હોવાનો અહીં ઉલ્લેખ છે એ વિચારણીય છે.

વિનયચન્દ્રે ઉપયોગ કર્યો છે. એમણે આ કવિશિક્ષામાં તે વખતના ચોર્યાસી દેશોની—સૌરાષ્ટ્ર, લાટ વગેરે વિષે થોડીક [1]માહિતી આપી છે. પં. લાલચન્દ્ર ગાંધી કહે છે કે આ કવિશિક્ષા રવિપ્રભ ગણીવરે રચેલા [2]શિક્ષાશતનું શિક્ષણ આપનારી છે.

[3]**અલંકારમહોદધિ** (લ. વિ. સં. ૧૨૮૦)—આના કર્તા નરેન્દ્રપ્રભસૂરિ છે. એઓ નરચન્દ્રસૂરિના શિષ્ય થાય છે. એમણે [4]**વિવેક-કલિકા** અને [5]**વિવેક-પાદપ** એ નામના બે **સૂક્તિ-સંગ્રહ**, **કાકુત્સ્થકેલિ** નામનું નાટક, બે **વસ્તુપાલ-પ્રશસ્તિ** તેમજ 'ગિરનાર' ઉપરના વસ્તુપાલના **પ્રશસ્તિ-લેખો**માંનો એક લેખ રચ્યાં છે. એઓ વસ્તુપાલના સમકાલીન છે અને એ મંત્રીશ્વરની અભ્યર્થનાથી અને એમના પ્રમોદને માટે એમણે આ **અલંકારમહોદધિ**ની રચના કરી છે.

આ કૃતિ આઠ ભાગમાં વિભક્ત છે. પ્રત્યેક ભાગને 'તરંગ' કહેવામાં આવ્યો છે. દરેક તરંગનું તદ્દગત વિષય અનુસાર નામ યોજાયું છે. સમગ્ર કૃતિ પદ્યમાં છે. આઠ તરંગોનાં પદ્યોની સંખ્યા અનુક્રમે ૧૮, ૩૫, ૬૬,

---

૧ આ માટે જુઓ જૈ૦ સા૦ સં૦ ઇ૦ (પૃ૦ ૩૯૩)

૨ જિ૦ ૨૦ કો૦ (ખંડ ૧, પૃ. ૩૮૩)મા જે **શિક્ષાશતક**નો ઉલ્લેખ છે તે જ આ કૃતિ છે ?

૩ આ તેમજ એની સ્વોપજ્ઞ વૃત્તિ ભાવદેવસૂરિકૃત **કાવ્યાલંકાર** યાને **અલંકારસાર** નામના પરિશિષ્ટ સહિત "ગા૦ પૌ૦ ગ્ર૦"મા ઈ૦ સ૦ ૧૯૪૨મા પ્રસિદ્ધ થઈ છે, છતા મુખપૃષ્ઠ ઉપર સ્વોપજ્ઞ વૃત્તિનો ઉલ્લેખ નથી. એનું સંપાદન પં. લાલચન્દ્ર ગાધીએ કર્યું છે. એમણે આને અંગે સંસ્કૃતમા પ્રસ્તાવના અને અન્તમા વૃત્તિગત ઐતિહાસિક ઉપયુક્ત નામોની સૂચી, આ વૃત્તિમાના ઉદાહરણોના મૂળ સ્થળોની સૂચી, નરચન્દ્રસૂરિકૃત **વસ્તુપાલ-પ્રશસ્તિ** અને નરેન્દ્રપ્રભસૂરિકૃત બે **વસ્તુપાલ-પ્રશસ્તિ** પરિશિષ્ટો તરીકે રજૂ કર્યા છે.

૪-૫ આ બે કૃતિ ઉપરથી એ જાણી શકાય છે કે નરેન્દ્રપ્રભસૂરિનુ ઉપનામ (pen-name) "વિબુધચન્દ્ર કવિ" હતુ. જુઓ **પત્તન૦સૂચી** (ભા, ૧, પૃ ૧૮૬ ઈ૦)

૫, ૨૪, ૩૨, ૨૫ અને ૯૯ છે. આમ એકંદર ૩૦૪ (ત્રણ સો ને ચાર) પદ્યો છે.

પ્રથમ તરંગમાં કાવ્યના પ્રયોજન અને એના ભેદનું, બીજામાં શબ્દવૈચિત્ર્યનું, ત્રીજામાં ધ્વનિના નિર્ણયનું, ચોથામાં ગુણીભૂત વ્યંગ્યનું, પાંચમામાં દોષનું, છઠ્ઠામાં ગુણના નિર્ણયનું, સાતમામાં શબ્દાલંકારનુ અને આઠમામાં અર્થાલંકારનું નિરૂપણ છે.

[1]સ્વોપજ્ઞ વૃત્તિ— આ વૃત્તિ નરેન્દ્રપ્રભસૂરિએ વિ. સં. ૧૨૮૨માં રચી છે અને એનું પ્રમાણ ૪૫૦૦ શ્લોક જેટલું છે આ સ્વોપજ્ઞ વૃત્તિમાં પ્રાચીન કવિવરોની કૃતિમાથી ૯૮૨ પદ્યો [2]ઉદાહરણરૂપે અપાયાં છે. આમાંના પાઇય પદ્યોની છાયા સંપાદકે આપી છે.

અર્થાલંકાર-વર્ણન—અલંકારમહોદધિની સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૨૨–૨૩)માં આ અર્થાલંકારવર્ણનની અમદાવાદના ડેલાના ભંડારની ૩૯ પત્રની હાથપોથીનો પરિચય અપાયો છે અને સાથે સાથે એના છેલ્લા પત્રની પ્રતિકૃતિ પણ અપાઈ છે. આ પ્રતિકૃતિ જોતાં એ વાત નિઃસંદિગ્ધ બને છે કે અર્થાલંકારવર્ણનમાં અલંકારમહોદધિના આઠમા તરંગનો મૂળ ભાગ વૃત્તિ સહિત અપાયેલો છે એટલે આ કોઈ સ્વતંત્ર કૃતિ નથી.

[3]કાવ્યાનુશાસન (લ વિ સં. ૧૩૫૦)— આ નામની આ બીજી કૃતિ છે. એના કર્તા વાગ્ભટ બીજા છે. એમણે [4]છન્દોઽનુશાસન,

૧ આ પ્રકાશિત છે જુઓ પૃ ૧૭૨

૨ તરંગ ૭, શ્લો ૨૧ની વૃત્તિમા કોઈક કૃતિમાથી અષ્ટદલ કમલનું ઉદાહરણ અપાયું છે એ ચિત્ર સહિત મારા લેખ નામે I L D ના બીજા હપ્તામા અપાયુ છે.

૩ આ અલંકારતિલક નામની સ્વોપજ્ઞ વ્યાખ્યા સહિત "કાવ્યમાલા" (૪૩)મા પ્રસિદ્ધ થયેલું છે.

૪ આનો ઉલ્લેખ ગ્રંથકારે કાવ્યાનુશાસન (સટીક)મા પૃ. ૧૫મા કર્યો છે. પણ હજી સુધી તો એ કૃતિ મળી આવી નથી.

[1]ઋષભદેવચરિત્ર ઇત્યાદિની રચના કરી છે. એમનો સમય વિક્રમની ચૌદમી સદી છે. એમણે મેદપાટ (મેવાડ), રાહડપુર અને નલોટકપુરનો ઉલ્લેખ કર્યો છે.

મેવાડ વગેરેમાં પ્રસિદ્ધ નેમિકુમારના એઓ પુત્ર થાય છે. કાવ્યાનુશાસન (પૃ ૩૧)માં એમણે વાગ્ભટ પહેલાનો ઉલ્લેખ કર્યો છે એટલે એઓ વાગ્ભટ બીજા છે એ વાત નિર્વિવાદ બને છે.

આ કાવ્યાનુશાસન પાંચ અધ્યાયમાં વિભક્ત છે. પ્રથમ અધ્યાયમા કાવ્યનાં પ્રયોજનો અને હેતુ તેમજ એ બનેનાં લક્ષણ, કવિ-સમય, કાવ્યનું લક્ષણ અને એના ગદ્યાદિ ત્રણ ભેદ, મહાકાવ્ય, આખ્યાયિકા, કથા, ચંપૂ અને મિશ્ર કાવ્યનાં લક્ષણો તેમજ દસ રૂપકો અને ગેયો એમ વિવિધ બાબતો અપાઇ છે.

બીજા અધ્યાયમાં પદ ને વાકયના દોષો, અર્થના ચૌદ દોષ, દંડીએ, વામને અને વાગ્ભટ પહેલાએ નિર્દેશેલા દસ ગુણ અને ખરી રીતે ત્રણ હોવા સંબંધી પોતાનો અભિપ્રાય તેમજ ત્રણ રીતિ એ બાબતો હાથ ધરાઇ છે.

ત્રીજા અધ્યાયમાં ત્રેસઠ અલંકારોનું નિરૂપણ છે. એમાંના કેટલાક વિરલ છે. જેમકે અન્ય, અપર, આશિસ્, ઉભય-ન્યાસ, પિહિત, પૂર્વ, ભાવ, મત અને લેશ.

ચોથા અધ્યાયમાં શબ્દાલંકારના ચિત્ર, શ્લેષ, અનુપ્રાસ, વક્રોક્તિ, યમક અને પુનરુક્તવદાભાસ એ પ્રકારો તેમજ એના ઉપપ્રકારો સમજાવાયા છે.

પાંચમા અધ્યાયમાં નવ રસ, વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવ, નાયક અને નાયિકાના પ્રકારો, કામની દસ દશા અને રસના દોષો એમ વિવિધ વિષયો ચર્ચ્યા છે.

---

૧ આ કૃતિ સટીક કાવ્યાનુશાસન (પૃ. ૨૦)મા નોધાઈ છે ખરી પણ અપ્રાપ્ય છે.

આ કૃતિનો મુખ્ય ભાગ ગદ્યમાં સૂત્રરૂપે રજૂ કરાયો છે. એનું નિરૂપણ અને એને લગતાં ઉદાહરણો સ્વોપજ્ઞ ટીકામાં જોવા મળે છે.

અલંકારતિલકમાં વિવિધ દેશો, નદીઓ અને વનસ્પતિ વિષે ઉલ્લેખ છે.

પૃ ૩૨માં નેમિકુમારનો નિર્દેશ છે. પૃ. ૫૮માં જે વાગ્ભટનો ઉલ્લેખ છે તે ગ્રંથકારે પોતાને જ વિષે કર્યો હોય એમ લાગે છે.

ઉલ્લેખ— આ વાગ્ભટ બીજાએ અનેક ગ્રંથ અને ગ્રંથકારોનું ટાંચણ કર્યું છે. જેમકે ચંદ્રપ્રભકાવ્ય, નેમિનિર્વાણ, ગ્રામ્ય ભાષામાં ભીમકાવ્ય (પૃ ૧૫), રાજીમતી-પરિત્યાગ, શીતા નામની કવયિત્રી (પૃ ૨૦), અપભ્રંશનિબદ્ધ અબ્ધિમંથન (પૃ. ૧૫) ઇત્યાદિ.

એમણે કાવ્યમીમાંસા, કાવ્યપ્રકાશ વગેરેનો પુષ્કળ ઉપયોગ કર્યો છે. વાગ્ભટાલંકાર (૪-૩૦) યમકને પ્રસંગે અવતરણરૂપે અપાયેલ છે. નેમિનિર્વાણકાવ્ય (૭-૫૦) વિષે પણ ઉલ્લેખ છે.

[1]અલંકારસાર યાને અલંકારસંગ્રહ (વિ. સં. ૧૪૧૨)— આ 'ખડિલ્લ' ગચ્છના ભાવદેવસૂરિની કૃતિ છે. એમણે પાટણમાં વિ. સં. ૧૪૧૨માં પાર્શ્વનાથચરિત્ર રચ્યું છે વળી એમણે પાઇયમાં પણ બે કૃતિ રચી છે: (૧) જઇદિણચરિયા (યતિદિનચર્યા) અને કાલકકહા (કાલકકથા).

અલંકારસાર નામની આ પદ્યાત્મક કૃતિના પ્રથમ પદ્યમાં આ કૃતિનો કાવ્યાલંકારસારસંકલના તરીકે, એના પ્રત્યેક અધ્યાયની પુષ્પિકામાં એનો અલંકારસાર તરીકે અને આઠમા અધ્યાયના અંતિમ પદ્યમાં એનો અલંકારસંગ્રહ તરીકે ઉલ્લેખ છે.

૧ આ કાવ્યાલંકારને નામે અલંકારમહોદધિ નામની કૃતિના પરિશિષ્ટ તરીકે છપાવાયો છે. જુઓ પૃ. ૧૭૨.

આમ વિવિધ નામોથી ઓળખાવાતી આ કૃતિને સમ્પાદકે કાવ્યાલંકારસંગ્રહ તરીકે નિર્દેશી છે. આમાં એકંદર આઠ અધ્યાય છે. એનાં પદ્યોની સંખ્યા અનુક્રમે ૫, ૧૫, ૨૪, ૧૩, ૧૩, ૪૯, ૫ અને ૮ની છે.

પહેલા અધ્યાયમાં કાવ્યનું ફળ, કાવ્યનો હેતુ અને કાવ્યનું સ્વરૂપ વિચારાયાં છે. બીજામાં શબ્દ અને અર્થના સ્વરૂપનું નિરૂપણ છે. ત્રીજામાં શબ્દ અને અર્થના દોષો જણાવાયા છે. ચોથામાં ગુણ ઉપર પ્રકાશ પડાયો છે. પાંચમામાં શબ્દાલંકારનું, છઠ્ઠામાં અર્થાલંકારનું, સાતમામાં રીતિનું અને આઠમામાં ભાવનું—વિભાવ અને અનુભાવનું સ્વરૂપ આલેખાયું છે. આ પ્રમાણેના વિષય અનુસાર અધ્યાયોનાં નામ યોજાયાં છે.

અંતિમ પદ્યમાં કર્તાએ પોતાને 'આચાર્ય ભાવદેવ' તરીકે ઓળખાવેલ છે. પ્રત્યેક પુષ્પિકામાં આ આચાર્યનો 'કાલકાચાર્યના સંતાનીય' તરીકે ઉલ્લેખ છે.

[1]અલંકાર-મંડન (લ. વિ. સં ૧૪૭૫)— આ ઉપસર્ગમંડન વગેરે રચનારા જૈન મંત્રી મંડનની કૃતિ છે. એ પાંચ પરિચ્છેદોમાં વિભક્ત છે. એમાં કાવ્યનાં લક્ષણ, પ્રકાર, રીતિઓ, દોષો અને ગુણો તેમજ રસ અને અલંકારો વિષે માહિતી અપાઇ છે.

આ કૃતિની તેમજ બીજી 'મંડન' અંતવાળી સાતે કૃતિઓની તથા ચંદ્રવિજયની, કાયસ્થ વિનાયકદાસે તાડપત્ર ઉપર વિ. સં. ૧૫૦૪માં લખેલી હાથપોથી પાટણના ભંડારમાં છે.

કવિતામદપરિહાર (લ. વિ. સં. ૧૭૦૦)— જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૮૨) પ્રમાણે આના કર્તા સકલચન્દ્રના શિષ્ય શાંતિચન્દ્ર છે.

૧ આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૫૩.

એમણે આ કૃતિને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કર્યાનો પણ અહીં ઉલ્લેખ છે. આ ઉલ્લેખની પૂર્વે 'કવિતામદપરિહારવૃત્તિ' તે 'કવિમદ-પરિહાર' હોવાનું સંભવે છે એમ જે કહ્યું છે તે વિચારણીય જણાય છે.

[1]અલંકારચિન્તામણિ (ઉ. વિક્રમની ૧૮મી સદી) — દિ૦ અજિત-સેને રચેલી આ કૃતિમાં પાંચ પરિચ્છેદ છે. આમા કવિશિક્ષા, [2]ચિત્રાલંકાર, યમકાદિ, અર્થાલંકાર અને રસાદિનુ અનુક્રમે નિરૂપણ છે.

ટીકા— જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૧૭) પ્રમાણે અલંકાર-ચિન્તામણિ ઉપર કોઇકની ટીકા છે.

અલંકારસંગ્રહ— આના કર્તા અમૃતનંદિ છે. એમણે આ કૃતિ ૭ પ્રકરણોમાં વિભક્ત કરી છે. એમા અનુક્રમે નિમ્નલિખિત વિષયોનું નિરૂપણ છે:—

વર્ણગણવિચાર, શબ્દાર્થનિર્ણય, રસવર્ણન, નેત્રભેદનિર્ણય, અલં-કારનિર્ણય અને ગુણનિર્ણય

આ કૃતિની વિવિધ હાથપોથીઓની નોંધ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૧૭)માં લેવાઇ છે.

કાવ્યલક્ષણ— જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૧૬)માં આ અજ્ઞાતકર્તૃક કૃતિ ૨૫૦૦ શ્લોક જેવડી હોવાનો ઉલ્લેખ છે. આ કૃતિ વિષે વિશેષ હકીકત જાણવામાં નથી.

૧ આ કૃતિ સોલાપુરના રહીશ સખારામ નેમચંદ દોશી દ્વારા શકસંવત્ ૧૮૨૯માં સચિત્ર સ્વરૂપે પ્રસિદ્ધ કરાઈ છે પણ એ અપૂર્ણ જણાય છે.

૨ "આકાર-ચિત્ર"નાં ઉદાહરણો તેમજ એને લગતા ચિત્રો મેં I L D નામના મારા લેખમા આપ્યા છે અને એ એના ત્રીજા હપ્તામા મુંબઈ વિદ્યાપીઠના સામયિક (Arts No. 31)માં પ્રસિદ્ધ થનાર છે.

કાવ્યામ્નાય— આ કૃતિ વિષે જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ ૯૧)માં નોંધ છે, પરતુ અહીં એ પ્રશ્ન ઉઠાવાયો છે કે શું આ ચન્દ્રાલોકની ટીકા છે?

ચન્દ્રાલોક (લ વિ. સં. ૧૨૭૫)— મહાદેવના પુત્ર 'પીયૂષવર્ષ' જયદેવે દસ મયૂખમાં વિભક્ત કરાયેલું ચન્દ્રાલોક નામનું અલંકારશાસ્ત્ર લગભગ ૩૫૦ પદ્યોમાં ઇ. સ. ૧૨૦૦થી ૧૨૫૦ના ગાળામાં રચ્યું છે અને ભામહ તથા દંડીની પેઠે ઉદાહરણો પોતાનાં આપ્યાં છે. આ કૃતિ અત્ર અભિપ્રેત હોય એમ લાગે છે. જો એમ જ હોય તો કાવ્યામ્નાય એ સ્વતંત્ર કૃતિ ન ગણાય; એ તો એક અજૈન કૃતિની જૈન ટીકા ગણાય.

જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૧૫)માં ૨૦ પત્ર પૂરતો અમરચન્દ્રે કાવ્યામ્નાય રચ્યાનો ઉલ્લેખ છે પણ એ વિચારણીય જણાય છે.

પ્રક્રાન્તાલંકાર-વૃત્તિ— આ નામની કૃતિ જિનહર્ષના શિષ્યે રચી છે અને એની તાડપત્રીય હાથપોથી પાટણના ભંડારમાં છે એમ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૨૫૭)માં નોંધ છે.

કર્ણાલંકારમંજરી— જૈ૦ ગ્રં૦ (પૃ ૩૧૫)માં આ કૃતિ ૭૦ પદ્યોમાં ત્રિમલ્લે રચ્યાનો ઉલ્લેખ છે પણ જિ૦ ર૦ કો૦માં તો આ નામથી કોઈ કૃતિની નોંધ નથી તો શું આ કૃતિ અલંકારશાસ્ત્રને લગતી છે અને એના કર્તા કોઈ જૈન છે?

અલંકારચંદ્રિકા— જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૧૭)માં આની નોંધ છે.

અલંકારચૂર્ણિ— આ નામની કૃતિ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૧૭)માં નોંધાઇ છે. વિશેષ હકીકત જાણવામાં નથી.

## આંશિક કૃતિઓ

રૂપક-મંજરી (વિ. સં. ૧૬૪૪)— આ ગોપાલના પુત્ર રૂપચન્દ્રની સો શ્લોક જેવડી કૃતિ હોવાનો જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૧૨)માં ઉલ્લેખ છે. આ નામથી કોઇ કૃતિ જિ૦ ર૦ કો૦માં નોંધાયેલી નથી. પણ એમાં (ખંડ ૧, પૃ. ૩૩૨મા) આ હકીકત રૂપમંજરીનામમાલાને અંગે જોવાય છે જો ખરી રીતે તેમ ન જ હોય તો પ્રસ્તુત નામ વિચારતાં એમાં 'રૂપક' નામના અલંકાર વિષે નિરૂપણ હશે એમ લાગે છે અને એ હિસાબે એ અલંકારશાસ્ત્રની કૃતિ ગણાય

રૂપક-માલા— આ ઉપા૦ પુણ્યનંદનની કૃતિ છે અને એના ઉપર સમયસુંદરગણિએ વિ સં ૧૬૬૩માં ટીકા રચી છે. આ નામની એક કૃતિ પાર્શ્વચન્દ્રસૂરિએ વિ. સં. ૧૫૮૬માં રચી છે. વળી આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે.

વક્રોક્તિ-પંચાશિકા— આ રત્નાકરની રચના છે એમ જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૧૨)માં ઉલ્લેખ છે. મને તો આ નામ વિચારતાં બે કલ્પના સ્ફુરે છેઃ (૧) આ વક્રોક્તિનાં પચાસ ઉદાહરણરૂપ હશે. (૨) આમાં વક્રોક્તિ વિષે પચાસ પદ્યો હશે. પ્રથમ વિકલ્પ સાચો હોય તો એ અલંકારશાસ્ત્રની કે કાવ્યરૂપ કૃતિ ગણાય. બીજો વિકલ્પ ખરો હોય તો એ અલંકારશાસ્ત્રની કૃતિ ગણાય.

## પ્રકરણ ૭ : નાટ્યશાસ્ત્ર

'નાટ્ય'નો અર્થ નૃત્ય અને અભિનય એમ કરાય છે. એની કળાને 'નાટ્યકળા' કહે છે. એ કળાનું શાસ્ત્રીય નિરૂપણ પૂરા પાડનારા ગ્રંથને 'નાટ્યશાસ્ત્ર' તરીકે ઓળખાવાય છે ઉપલબ્ધ જૈન સાહિત્ય જોતાં આ જાતના સ્વતંત્ર ગ્રંથો વિક્રમની દસમી સદી કરતાં પ્રાચીન સમયમાં રચાયા હોય[1] તો પણ તે હજી સુધી તો મળ્યા નથી. આથી આ જાતનો આદ્ય ગ્રથ નાટ્યદર્પણ ગણાય. આ વિષયનો બીજો કોઈ સ્વતંત્ર જૈન ગ્રંથ આ પછી રચાયો હોય એમ જોવાજાણવામાં નથી. આમ જ હોય તો આ બાબતમાં જૈન સાહિત્ય જેવું જોઈએ તેવું સમૃદ્ધ નથી એમ કહેવું પડે.

[2]નાટ્યદર્પણ (લ. વિ. સં. ૧૨૦૦)—આના કર્તા 'કલિ૦' હેમચન્દ્રસૂરિના બે શિષ્ય છેઃ (૧) 'કવિ-કટારમલ્લ' સ્વાતંત્ર્યપ્રિય રામચન્દ્રસૂરિ અને (૨) એમના [3]ગુરુભાઈ (સતીર્થ્ય) ગુણચન્દ્રગણિ.

---

૧ રાયપ્પસેણઇજ્જ નામના ઉવંગ (સુ ૨૩)ની વૃત્તિ (પત્ર ૫૨આ)મા મલયગિરિસૂરિએ **નાટ્યવિધિપ્રાભૃત** (પા નાડ્યવિહિપાહુડ)નો ઉલ્લેખ કર્યો છે એ પાહુડમા નાટ્યશાસ્ત્રને લગતું નિરૂપણ હશે આ ઉવંગમા સૂર્યાભદેવે ભજવી બતાવેલાં બત્રીસ નાટકોને અંગે માહિતી અપાઈ છે

૨ ચાર વિવેક પૂરતો આ ગ્રંથ, એની બે ગ્રંથકારે રચેલી વિવૃતિ અને ત્રણ પરિશિષ્ટરૂપે આ વિવૃત્તિમાં (અ) ઉદાહરણરૂપે અપાયેલા પદ્યોની, (આ) વીસ ગ્રંથકારનાં નામની અને (ઇ) ત્રેસઠ ગ્રંથોનાં નામની સૂચી તેમજ અંગ્રેજી પ્રસ્તાવના સહિત "ગા૦ પૌ૦ ગ્રં૦"મા ગ્રંથાંક ૪૮ તરીકે ઈ સ ૧૯૨૯માં છપાયો છે શું આ ગ્રંથ અહીં પૂર્ણ થયો નથી કે જેથી એનો પ્રથમ ભાગ તરીકે ઉલ્લેખ છે?

૩ ઉદયચન્દ્ર, દેવચન્દ્ર, બાલચન્દ્ર, મહેન્દ્રસૂરિ, યશશ્ચન્દ્રગણિ અને વર્ધમાનગણિ એ પણ એમના ગુરુભાઈ ગણાય છે, કેમકે એ બધા એક જ ગુરુના શિષ્યો છે.

આમ આ કૃતિ તેમજ એની વિવૃતિ સટીક [1]દ્રવ્યાલંકારની જેમ દ્વિકર્તૃક છે આ ત્રૈવિદ્યવેદી રામચન્દ્રસૂરિએ સો [2]પ્રબંધો યાને ગ્રંથો રચ્યા છે. તેમાંનાં નીચે મુજબના એમના અગિયાર ગ્રંથોનો ઉલ્લેખ તો આ કૃતિના ઉપર્યુક્ત બંને કર્તાના સંયુક્ત પરિશ્રમના પરિપાકરૂપ વિવૃતિમાં જોવાય છેઃ—

(૧) કૌમુદીમિત્રાણંદ (પ્રકરણ) પૃ ૭૦.

(૨) નલવિલાસ (નાટક) પૃ. ૩૧-૩૪, ૪૦, ૪૫, ૫૦, ૫૧, ૬૯, ૭૫, ૭૯, ૧૦૬, ૧૩૫, ૧૪૭, ૧૪૮ અને ૧૫૬.

(૩) નિર્ભય-ભીમ (વ્યાયોગ) પૃ. ૬૮.

(૪) મલ્લિકા-મકરન્દ (પ્રકરણ) પૃ. ૧૭૧.

(૫) યાદવાભ્યુદય (નાટક) પૃ. ૪૨, ૬૩, ૮૪, ૯૪, ૧૦૫, ૧૧૨, ૧૧૩ ને ૧૧૫.

(૬) રઘુવિલાસ (નાટક) પૃ ૩૬, ૩૭, ૫૭, ૮૦, ૮૨, ૮૫, ૯૦, ૯૨, ૯૪, ૯૭, ૧૦૭, ૧૧૦, ૧૩૬, ૧૪૫ ને ૧૫૬.

(૭) રાઘવાભ્યુદય (નાટક) પૃ. ૪૭, ૪૯, ૫૨, ૫૩, ૬૧, ૬૩, ૬૬, ૧૦૨, ૧૦૬ ને ૧૭૦.

(૮) રોહિણી-મૃગાંક (પ્રકરણ) પૃ. ૬૧ ને ૬૮.

(૯) વનમાલા (નાટિકા) પૃ. ૧૭૧.

---

૧ આ મૂળના તેમજ એની ટીકાના કર્તા પણ આ રામચન્દ્રસૂરિ તેમજ એમના ગુરુભાઇ ગુણચન્દ્રગણિ છે

૨ રઘુવિલાસમા દ્રવ્યાલંકારને પ્રબંધ કહ્યો છે અને એ ભજવી શકાય નહિ એમ કહ્યું છે આથી સો પ્રબંધ એટલે સો નાટક એવો અર્થ થઈ શકે નહિ.

(૧૦) સત્યહરિશ્ચન્દ્ર (નાટક) પૃ. ૩૦, ૩૬, ૪૨, ૫૪, ૫૮, ૭૧, ૭૮, ૧૩૯, ૧૫૪, ૧૫૭ ને ૧૫૮.

(૧૧) [1]સુધાકલશ (કોશ) પૃ. ૧૪૭, ૧૪૮ ને ૧૬૫.

આ રામચન્દ્રસૂરિની અન્ય સ્વતંત્ર કૃતિઓ તરીકે નીચે મુજબની કૃતિઓ ગણાવાય છે:—

આદિદેવસ્તવ, કુમારવિહારશતક, જિનસ્તોત્રો, નેમિસ્તવ, મુનિસુવ્રતસ્તવ, [2]યદુવિલાસ, લઘુન્યાસ અને [3]સોળ સાધારણ-જિન-સ્તવ.

આ ઉપરાંત નિમ્નલિખિત દ્વાત્રિંશિકાઓને પણ કેટલાક આ રામચન્દ્રસૂરિની કૃતિ તરીકે ઓળખાવે છે:—

(૧) પ્રસાદ-દ્વાત્રિંશિકા, (૨) યુગાદિદેવ-દ્વાત્રિંશિકા અને (૩) વ્યતિરેક-દ્વાત્રિંશિકા.

આ પ્રમાણેની વિવિધ કૃતિઓ રચનારા રામચન્દ્રસૂરિનો કાવ્યાદિના ગુણદોષોના પરીક્ષક તરીકે તેમજ સમસ્યા-પૂર્તિની શક્તિ ધરાવનારા તરીકેનો ઉલ્લેખ કેટલીક જૈન કૃતિઓમાં જોવાય છે. પ્ર૦ ચ૦ (શૃંગ ૨૨, શ્લો. ૧૩૯) અને પ્ર૦ ચિ૦માં સિદ્ધરાજ સાથેના એમના સમાગમ પછી એમની એક આંખ ગયાનો ઉલ્લેખ છે. પ્ર૦ ચિ૦ અને ચ૦ પ્ર૦ (પૃ. ૨૦૧) પ્રમાણે આ બહુશ્રુત સૂરિનાં અપમૃત્યુ માટે અજયપાલ રાજા જવાબદાર છે.

૧ આમાથી નાટચદર્પણની વિવૃતિમા જે અવતરણો અપાયા છે એ જોતા આ પાઇય સુભાષિતોનો કોશ હશે એમ લાગે છે.

૨ ઉપર્યુક્ત રઘુવિલાસમા આનો ઉલ્લેખ છે.

૩ આનું જ બીજું નામ ષોડશ-ષોડશિકા છે કે એમની એ અન્ય કૃતિ છે?

આ રામચન્દ્રસૂરિ સિદ્ધરાજ, કુમારપાલ અને અજયપાલ એ ત્રણેનાં રાજ્ય દરમ્યાન વિદ્યમાન હતા. એમના ગુરુને આચાર્ય-પદ વિ. સં. ૧૧૬૬માં મળ્યું હતું એ બાબત આ સાથે વિચારતાં એમનો સમય લ. વિ. સં. ૧૧૫૫થી લ. વિ. સં. ૧૨૩૦ સુધીનો ગણાય.

આમ રામચન્દ્રસૂરિનો સંક્ષિપ્ત પરિચય પૂરો થાય છે એટલે ગુણચન્દ્રગણિનો વિચાર કરવો ઘટે, પરંતુ એમણે રામચન્દ્રસૂરિના સહયોગપૂર્વક નિમ્નલિખિત કૃતિઓ રચી છે એ સિવાય વિશેષ ખાસ કંઇ જાણવામાં નથીઃ—

(૧) દ્રવ્યાલંકાર, (૨) દ્રવ્યાલંકારની વૃત્તિ, (૩) નાટ્યદર્પણ અને (૪) નાટ્યદર્પણની વિવૃતિ.

પરિમાણ અને વિષય— પ્રસ્તુત નાટ્યદર્પણ એ ૨૦૭ પદ્યોની કૃતિ છે. એ ચાર 'વિવેક'માં વિભક્ત છે. એમાં અનુક્રમે ૬૫, ૩૭, ૫૧ અને ૫૪ પદ્યો છે. 'નાટક-નિર્ણય' નામના પ્રથમ વિવેકમાં નાટક સંબંધી સર્વે બાબતોનું નિરૂપણ છે. એના શ્લો. ૩-૪માં નીચે મુજબનાં બાર રૂપકો ગણાવાયાં છેઃ—

(૧) નાટક, (૨) પ્રકરણ, (૩) નાટિકા, (૪) [1]પ્રકરણી, (૫) વ્યાયોગ, (૬) સમવકાર, (૭) ભાણ, (૮) પ્રહસન, (૯) ડિમ, (૧૦) અંક, (૧૧) ઇહામૃગ અને (૧૨) વીથિ.

આ બારને જિનની વાણીરૂપ (આચાર વગેરે) બાર અંગો જેવાં કહ્યાં છે.[2] શ્લો. ૩૪માં આરંભ ઇત્યાદિ પાંચ દશા યાને અવસ્થાનો

૧ આને અંગે કોઈ અવતરણ વિવૃતિમાં જણાતું નથી

૨ ધનંજયે દશરૂપકમાં દસ રૂપકોને વિષ્ણુના દસ અવતાર જેવાં કહ્યાં છે.

ઉલ્લેખ છે. શ્લો. ૩૭માં મુખ વગેરે પાંચ સંધિનો નિર્દેશ કરી આગળ ઉપર એ પાંચનાં અનુક્રમે ૧૨, ૧૩, ૧૩, ૧૩ અને ૧૪ અંગો ગણાવાયાં છે.

દ્વિતીય વિવેકનું નામ 'પ્રકરણાદ્યેકાદશ–નિર્ણય' છે. એમાં પ્રકરણથી માંડીને વીથિ સુધીનાં ૧૧ રૂપકોનું નિરૂપણ છે.

તૃતીય વિવેકનું નામ 'વૃત્તિ–રસ–ભાવાભિનય–વિચાર' છે અને તદનુસાર એ ભારતી વગેરે ચાર વૃત્તિ, શૃંગારથી માંડીને શાંત સુધીના નવ રસ, નવ સ્થાયી–ભાવ, તેત્રીસ વ્યભિચારી–ભાવ, રસાદિક આઠ અનુભાવ અને ચાર અભિનય ઉપર પ્રકાશ પાડે છે.

ચતુર્થ વિવેકનું નામ 'સર્વરૂપક–સાધારણ–લક્ષણ–નિર્ણય' છે. આ દ્વારા તમામ રૂપકોમાં ઘટી શકે એવાં લક્ષણો અપાયાં છે.

વિક્રમોર્વશીય નાટકની રંગનાથકૃત ટીકામાં નાટ્યદર્પણના ઉલ્લેખપૂર્વક જે અવતરણ અપાયું છે તે આમાં નથી. આ અવતરણ દ્વારા નાંદીના એક પ્રકારરૂપ 'પત્રાવલી'નો ઉલ્લેખ કરાયો છે. પ્રસ્તુત નાટ્યદર્પણની રચના એવી સીધીસાદી છે કે એમાં નાંદીના આવા પ્રકારો માટે સ્થાન હોઇ ન શકે. આથી એમ અનુમનાય છે કે ઉપર્યુક્ત નાટ્યદર્પણ આ પ્રસ્તુત નાટ્યદર્પણથી ભિન્ન છે.[1]

ભટ્ટિકાવ્ય (સ. ૧૪, શ્લો. ૩) ઉપરની ભરતમલ્લિકની ટીકામાં પણ નાટ્યદર્પણનો ઉલ્લેખ છે. વળી એમાં 'કાહલા' નામના વાદ્ય ઉપર પ્રકાશ પાડનારું અવતરણ છે. એ પ્રસ્તુત નાટ્યદર્પણમાં નથી. એથી એ નાટ્યદર્પણ નાટક ઉપરાંત સંગીતના નિરૂપણનો કોઇ ભિન્ન ગ્રંથ હશે એમ અનુમનાય છે.[2]

૧ જુઓ પ્રસ્તુત નાટ્યદર્પણની અંગ્રેજી પ્રસ્તાવના (પૃ ૨)

૨ એજન, પૃ. ૨.

સ્વોપજ્ઞ વિવૃતિ— આમાં અંતમાં નીચે મુજબનાં તેર ઉપરૂપકોનુ સ્વરૂપ આલેખાયું છે—

(૧) સટ્ટક, (૨) શ્રીગદિત, (૩) દુર્મિલિતા, (૪) પ્રસ્થાન, (૫) ગોષ્ઠી, (૬) હલ્લીસક, (૭) નર્તનક, (૮) પ્રેક્ષણક, (૯) રાસક, (૧૦) નાટ્ય-રાસક, (૧૧) કાવ્ય, (૧૨) ભાણક અને (૧૩) ભાણિકા.

આ વિવૃતિમાં બાર રૂપકનાં સ્વરૂપ સમજાવવા માટે નાટક વગેરે પંચાવન [1]કૃતિઓમાંથી ઉદાહરણ અપાયાં છે. વળી હેતુ, બિન્દુ ઇત્યાદિના નિરૂપણાર્થે નલવિલાસના અંશોનો ઉપયોગ કરાયો છે.

એકવાક્યતા અને ભિન્નતા— ધનંજયના દશરૂપક સાથે કેટલીક બાબતમાં આ વિવૃતિ મળતી આવે છે વળી આ દશરૂપકમાંથી જ અહીં અવતરણો અપાયા હોય એમ લાગે છે. તેમ છતાં એના કે એના કર્તાના કે એના વૃત્તિકાર ધનિકના નામનો અહીં નિર્દેશ નથી. આ વિવૃતિમાં એક બે સ્થળે આ ધનંજયથી ભિન્ન અભિપ્રાય દર્શાવાયો છે. ભરતના નાટ્યશાસ્ત્રમાં પૂર્વાપરવિરોધાત્મક કથન છે એમ પણ અહીં કહેવાયું છે. સટ્ટક એ બારમું પાઠ્ય છે એટલે કે રૂપક છે એમ 'કલિ૦' હેમચન્દ્રસૂરિએ કાવ્યાનુશાસન (અ. ૮, સૂ ૩[2])માં કહ્યું છે. પણ પ્રસ્તુત વિવૃતિમાં તો એને 'ઉપરૂપક' ગણ્યું છે

૧ આમા કેટલીક સ્વરચિત છે બાલિકા-વંચિતક, માયા-પુષ્પક અને વિધિ-લિખિત એ ત્રણ અજ્ઞાત નાટક છે એમાથી અપાયેલા અવતરણો ઉપરથી એ કંસ, રામ અને નળને અંગે હોય એમ લાગે છે.

૨ કાવ્યના પ્રેક્ષ્ય અને શ્રવ્ય એમ બે પ્રકાર પાડી પ્રેક્ષ્યના પાઠ્ય અને ગેય એમ બે ભેદ દર્શાવી પાઠ્યના ઉપભેદો તરીકે આ સૂત્ર નીચે મુજબ યોજાયું છે.

"पाठ्यं नाटक-प्रकरण-नाटिका-समवकारेहामृग-डिम-व्यायोगोत्सृष्टिकाङ्क-प्रहसन-भाण-वीथी-सट्टकादि"

અહીં અંકને બદલે ઉત્સૃષ્ટિકાંકનો ઉલ્લેખ છે.

આ ઉપરાંત રસ એ સુખ અને દુઃખ એમ બને લાગણી ઉત્પન્ન કરે છે એવું આ વિવૃતિનું વિધાન છે. એ પણ ઉપર્યુક્ત કાવ્યાનુશાસન અને કાવ્યપ્રકાશથી ભિન્ન મત દર્શાવે છે.

રસના દોષોના નિરૂપણ પ્રસંગે કાવ્યપ્રકાશ સાથે વિવૃતિ મળે છે તો કોઈ કોઈ વાર જુદી પણ પડે છે.

નવમા 'શાંત' રસને શ્રવ્ય કાવ્યમાં જ નહિ પણ નાટકમાં યે સ્થાન છે એમ વિવૃતિમાં પ્રતિપાદન કરાયું છે.

## પ્રકરણ ૮ : સંગીતશાસ્ત્ર

**સંગીત સંબંધી લેખો**—સંગીત એ અતિપ્રાચીન કાળની એક વિદ્યા છે—કળા છે અને એ આપણા તેમજ અન્ય દેશોમાં વિકસિત થયેલી છે એનો સંસારિક તેમજ ધાર્મિક કાર્યો માટે ઉપયોગ થયો છે અને થાય છે. જૈન તેમજ અજૈન જગતે એનો ભાવભીનો સત્કાર કર્યો છે અને એને અંગે વિવિધ કૃતિઓનું સર્જન કર્યું છે. જૈન આગમો વગેરેમાં સંગીત સંબંધી કેટલાક ઉલ્લેખોની નોંધ મેં "સંગીત અને જૈન સાહિત્ય" નામના મારા [1]લેખમાં લીધી છે. એ છપાયા બાદ, આ પૂર્વે આ સંબંધમાં બે લેખ લખાયાનું મને જાણવા મળ્યું છે:—

(૧) [2]"ભારતીય સંગીતનું ઐતિહાસિક અવલોકન". આના લેખક અધ્યાપક નારાયણ મોરેશ્વર ખરે છે. એમના આ લેખ (પુ. ૨, અં. ૧, પૃ. ૨૯–૩૫)માં જૈન સંગીત-સાહિત્યની ચર્ચા છે.

(૨) [3]**कुछ जैन ग्रंथोंमें संगीत-चर्चा.** આના લેખક ડૉ. વી રાઘવન્ છે.

[4]**સંગીત-સમયસાર**[5] (લ. વિ. સં. ૧૩૫૦)—આના કર્તા અભયચન્દ્રના શિષ્ય મહાદેવાર્યના શિષ્ય દિ૰ પાર્શ્વચન્દ્ર છે. એમણે આ

---

૧ આ લેખ "જૈ૰ સ૰ પ્ર૰" (વ ૧૦, અં ૮)માં છપાયો છે.

૨ આ લેખ "પુરાતત્ત્વ" ( પુ ૧, અં. ૩ અને પુ. ૨, અં. ૧ )માં બે કટકે છપાયો છે

૩ "જૈન સિદ્ધાન્ત ભાસ્કર" (ભા ૭, અં. ૧)મા આ છપાયો છે

૪ આ કૃતિ "ત્રિવેન્દ્રમ સંસ્કૃત ગ્રંથમાલા"માં ઈ સ મા છપાઈ છે એનો પરિચય "જૈન સિદ્ધાન્ત ભાસ્કર" (ભા ૯, અં. ૨ ને ભા. ૧૦, અં. ૧)મા અપાયો છે

૫ જિ૰ ર૰ કો૰ (ખંડ ૧, પૃ. ૪૦૯)માં આના નામાતર તરીકે સંગીત-સારસંગ્રહનો ઉલ્લેખ છે. અહી એમ કહ્યું છે કે પાર્શ્વદેવકૃત સંગીતરત્નાકર પણ આ જ કૃતિ હોવાનો સંભવ છે

નવ અધિકરણમાં વિભક્ત કરેલી કૃતિમાં ભોજ, સોમેશ્વર અને પરમર્દી એ ત્રણ રાજાઓનો ઉલ્લેખ કર્યો છે જ્યારે એમનો (પાર્શ્વચન્દ્રનો) નિર્દેશ સિંગભૂપાલે કર્યો છે. એ જોતાં એઓ ઈ. સ.ની ૧૩મી સદીમાં થઈ ગયેલાનું અનુમનાય છે. એમણે પ્રસ્તુત કૃતિમાં નાદ, ધ્વનિ સ્થાયી, રાગો, વાદ્ય, અભિનય, તાલ, પ્રસ્તાર અને આભ્યોગ એમ વિવિધ બાબતો આલેખી છે. આ કૃતિમાં એમણે પ્રતાપ, દિગંબર અને શંકર એ ગ્રંથકારોનો ઉલ્લેખ કર્યો છે.

**સંગીતોપનિષદ્** (વિ. સં. ૧૩૮૦) અને **સંગીતોપનિષત્સારોદ્ધાર** (વિ. સં. ૧૪૦૬)— આ બંનેના કર્તા રાજશેખરસૂરિના શિષ્ય સુધાકલશ છે. એમની વિ. સં. ૧૩૮૦માં રચાયેલી પહેલી કૃતિની કોઈ હાથપોથી હજી સુધી તો મળી આવી નથી પરંતુ વિ. સં. ૧૪૦૬માં પ્રથમ કૃતિના સારરૂપે રચાયેલી બીજી કૃતિની હાથપોથીઓ મળે છે. એવી એકને આધારે 'દક્ષિણવિહારી' અમરવિજયજીના શિષ્ય મુનિશ્રી ચતુરવિજયજીએ એનો [1]પરિચય આપતાં કહ્યું છે કે એમાં ૭ અધ્યાય છે અને એનાં નામ અને પ્રત્યેકની શ્લોક-સંખ્યા નીચે મુજબ છે.—

| અધ્યાય | નામ | શ્લોક-સંખ્યા |
|---|---|---|
| ૧ | ગીત – પ્રકાશન | ૯૪ |
| ૨ | પ્રસ્તારાદિ – સોપાશ્રય – તાલ – પ્રકાશન | ૯૮ |
| ૩ | ગુણ – સ્વર – રાગાદિ – પ્રકાશન | [2]૨૮ |
| ૪ | ચતુર્વિધ – વાદ્ય – પ્રકાશન | [3]૯૮ |

૧ જુઓ "આત્માનંદ-શતાબ્દિ-સ્મારક-ગ્રંથ"મા છપાયેલો એમનો લેખ નામે "વાચનાચાર્ય શ્રીસુધાકળશ અને તેની ગુરુપરંપરા" (પૃ. ૩૫).

૨-૩ શ્રી અગરચંદ નાહટા પ્રમાણે ૧૨૭ અને ૯૯ શ્લોક છે

| અધ્યાય | નામ | શ્લોક-સંખ્યા |
| --- | --- | --- |
| ૫ | નૃત્યાંગ – ઉપાંગ – પ્રત્યંગ – પ્રકાશન | ૧૪૧ |
| ૬ | નૃત્ય – પદ્ધતિ – પ્રકાશન | ૧૫૧ |

આમ આ કૃતિમાં એકંદર ૬૧૦ શ્લોકો છે. ઉપર્યુક્ત મુનિશ્રી ચતુરવિજયજીના [1]મતે સંગીત–મકરંદ અને સંગીત–પારિજાત કરતાં આ કૃતિ વધારે મહત્ત્વની છે.

પ્રત્યેક અધ્યાયના પ્રારંભમા ભિન્ન ભિન્ન રીતે મનોરમ પદ્ય દ્વારા જિનેશ્વરની સ્તુતિ કરાઇ છે. અ. ૧નું આદ્ય પદ્ય નીચે મુજબ છે—

"आनन्दनिर्भरपुरन्दरपङ्कजाक्षी-
नाट्यक्षणत्रुटितहारलताविमुक्तैः।
मुक्ताफलैः किल दिवाऽपि विसर्पितारा
यद्देशनाऽवनिरभूत् स जिनः श्रिये वः ॥१॥"

આ ગ્રંથની પ્રશસ્તિમાં સંગીતોપનિષદ્ વિ. સં. ૧૩૮૦માં રચાયાનો [2]ઉલ્લેખ છે. વળી નરચન્દ્રસૂરિનો 'સંગીતજ્ઞ' તરીકે અહીં નિર્દેશ છે.[3]

**વીણા-વાદન**— 'ઉપકેશ' ગચ્છના દેવગુપ્તસૂરિને વીણા વગાડવાનો ખૂબ શોખ હતો. એ સાધુને શોભે નહિ એમ એમને ઘણી વાર કહેવામાં આવ્યા છતાં એમની આસક્તિ ઓછી ન થઇ ત્યારે એઓ પોતાના પટ્ટધર તરીકે કક્કસૂરિને સ્થાપી 'લાટ' દેશમાં ચાલ્યા ગયા.

---

૧ જુઓ પૃ ૧૮૮ના પ્રથમ ટિપ્પણમાં નોંધાયેલો લેખ (પૃ. ૩૫)

૨-૩ જુઓ "જૈ. સ પ્ર." (વ. ૧૦, અં. ૯)ગત શ્રી અગરચંદ નાહટાનો લેખ – "संगीत अने जैन साहित्य के विषयमें कुछ विशेष बातें."

[1]સંગીત-મંડન (લ વિ. સં. ૧૪૯૦)— આના કર્તા જૈન ગૃહસ્થ મંડન છે. એમણે અલંકાર-મંડન વગેરે બીજી સાત કૃતિઓ રચી છે. એ આઠેની એક હાથપોથી વિ. સં. ૧૫૦૪માં લખાઇ છે

સંગીત-દીપક, સંગીત-રત્નાવલી અને [2]સંગીત-સહ-પિંગલ— આ ત્રણ કૃતિઓ જૈ૦ ગ્રં૦માં અનુક્રમે પૃ. ૩૬૩, ૩૬૩ અને ૩૧૮માં નોંધાયેલી છે. એ ઉપરાંત એ સંબધમા વિશેષ માહિતી મળી શકી નથી.

સંગીત, નૃત્ય અને નાટ્યશાસ્ત્ર સંબંધી જૈન ઉલ્લેખો— આ નામથી ગુજરાતીમાં લિખિત ભાષણ જાહેર વ્યાખ્યાનરૂપે આપવા માટે મને વડોદરાની "College of Indian Music, Dance & Dramatics" તરફથી તા. ૨૬-૧૧-'૫૪ને રોજ આમંત્રણ મળતાં એ [3]ભાષણ તૈયાર કરી એ વિદ્યાલયમાં મેં તા. ૧૩-૧-'૫૫ને રોજ એ ભાષણમાંથી થોડાક મુદ્દા વાંચી સંભળાવ્યા હતા અને કેટલાક મોટેથી કહ્યા હતા.

---

૧ આ કૃતિ પ્રકાશિત કરાઈ હોય એમ જણાતું નથી તો તેમ થવું ઘટે.

૨ જુઓ પૃ. ૧૫૨.

૩ આ લગભગ સો પાનાનું ભાષણ અપ્રકાશિત છે.

## પ્રકરણ ૯ : કામશાસ્ત્ર

સામાન્ય રીતે કોઇ જૈન શ્રમણ કામશાસ્ત્રને અંગે સ્વતંત્ર કૃતિ રચે નહિ, કેમકે કામથી વિમુખ બનેલા એઓ અન્યને એનાથી વિમુખ બનવાનો ઉપદેશ આપવામાં કૃતાર્થતા માને એ સ્વાભાવિક છે. કોઇ વ્રતધારી શ્રાવક પણ આ વિષયને ભાગ્યે જ ચર્ચે. તેમ છતાં કોઇકને કોઇક વાર આ વિષય હાથ ધરવાનો પ્રસંગ આવતાં એ આ વિષયને ન્યાય આપે જિનદત્તસૂરિકૃત વિવેકવિલાસ (ઉલ્લાસ ૫, શ્લો. ૧૩૮–૧૯૮)માં, જિનસૂરિકૃત [1]પ્રિયંકરનૃપકથા (પૃ. ૨૪)માં નિર્દેશાયેલી [2]કમલ-શ્રેષ્ઠિ-કથામાં તેમજ કેટલાંક કાવ્યોમાં અને કાવ્યશાસ્ત્રોમાં કામવિષયક હકીકતો જોવાય છે. આ સંબંધમાં સ્વતંત્ર કૃતિઓ હોય તો તે કઈ કઈ છે તેની તપાસ કરવી બાકી રહે છે.

[3]કંદર્પ-ચૂડામણિ[4] (વિ. સં. ૧૬૩૩)—જૈ૦ સા૦ સં૦ ઇ૦ (પૃ. ૫૮૬) પ્રમાણે વીરભદ્રે વિ સં. ૧૬૩૩માં ભૈરવ અને કૃષ્ણના સ્મરણપૂર્વક આ કૃતિ રચી છે. એને આ ઇતિહાસના લેખકે 'જૈન' રચના ગણી હોય એમ લાગે છે, પણ મને તો એ બાબત શંકા રહે છે. તેમ છતાં એ વિષે હું થોડુંક કહું છું.

---

૧ મેં સંપાદિત કરેલી આ કૃતિ "દે૦ લા૦ જૈ૦ પુ૦ સ૦" તરફથી "કમલ-શ્રેષ્ઠિ-કથા" વગેરે પાચ કથારૂપ પરિશિષ્ટ સહિત ઈ સ. ૧૯૩૨મા પ્રસિદ્ધ કરાઇ છે

૨ જુઓ ઉપર્યુક્ત ટિપ્પણ.

૩ "नितान्तं गोपनीयम्" એવા ઉલ્લેખપૂર્વક આ કૃતિ વિ સં. ૧૯૮૧માં પ્રસિદ્ધ કરાઈ છે. એનું સંશોધન સ્વ૦ જાદવજી ત્રિકમજી વૈદ્યે કર્યું છે અને એ મણિલાલ ઈ દેશાઈના મુદ્રણાલયમાં છપાઈ છે.

૪. આ કૃતિની આ નામથી નોધ જિ૦ ર૦ કો૦માં નથી.

આ વીરભદ્ર 'વઘેલ' વંશમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિય છે. એમણે વાત્સ્યાયનકૃત કામસૂત્રના વિષયોનું નિરૂપણ આર્યા છંદમાં કર્યું છે. એમણે પ્રસ્તુત કૃતિ સાધારણ, સાંપ્રયોગિક, કન્યા-સંપ્રયુક્તક, ભાર્યાધિકારિક, પારદારિક, વૈશિક અને ઔપનિષદિક એ નામનાં સાત અધિકરણોમાં વિભક્ત કરી છે. આ દરેકના પેટાવિભાગરૂપ ઓછાવત્તા અધ્યાયો છે. બધા મળીને ૩૬ (૫+૧૦+૫+૨+૬+૬+૨) અધ્યાયો છે. પ્રારંભમાં કર્તાએ પોતાનો પરિચય આપ્યો છે અને કામસૂત્ર રચનારા વિવિધ ગ્રંથકારોનાં નામો ગણાવ્યાં છે.

નિમ્નલિખિત કૃતિઓનાં નામ વિચારતાં એમાં પ્રસ્તુત વિષય ચર્ચાયો હોય તો ના નહિ :—

કામપ્રદીપ—આના કર્તા ગુણાકર છે.

[૧]કોકપ્રકાશસાર—આ અજ્ઞાતકર્તૃક કૃતિની એક હાથપોથી ભાં૦ પ્રા૦ સં૦ મં૦માં છે.

---

૧. નર્બુદાચાર્યે વિ. સં. ૧૬૫૬મા કોકશાસ્ત્ર-ચોપાઇ રચી છે

# પ્રકરણ ૧૦ : સ્થાપત્ય અને મુદ્રાશાસ્ત્ર

કળાના વિવિધ પ્રકારો છે. એમાંનો એક પ્રકાર તે [1]શિલ્પ-કળા છે. બાંધકામની વિદ્યાને 'શિલ્પ-વિદ્યા' અને એનું નિરૂપણ કરનાર ગ્રંથને 'શિલ્પ-શાસ્ત્ર' કહે છે. શિલ્પ-શાસ્ત્રનું બીજું નામ '[2]સ્થાપત્ય' છે. સ્થાપત્યનો અર્થ ઇમારત, બાંધકામ એમ પણ કરાય છે. પ્રસ્તુતમાં પ્રથમ અર્થ અભિપ્રેત છે આબુ, રાણકપુર, શત્રુંજય વગેરે જૈન તીર્થસ્થળોમા આવેલાં ભવ્ય મંદિરો જૈન સ્થાપત્યના ઉત્તમ નમૂના પૂરા પાડે છે.

ધાર્મિક તેમજ નાગરિક એમ ઉભય પ્રકારની શિલ્પકળાની સામગ્રી રાયપ્પસેણઇજ્જ તેમજ કપ્પનુ ભાસ પૂરી પાડે છે. રાય૦મા સૂર્યાભદેવે રચાવેલા વિમાનનુ ઝીણવટભર્યું વર્ણન છે. એ ઉપરથી એક નવ્ય અને ભવ્ય પ્રાસાદ ઊભો થઇ શકે. વિશેષમાં આ વર્ણન સ્થાપત્યને અંગેના કેટલાક પારિભાષિક શબ્દો પણ પૂરા પાડે છે. વળી સમવસરણને લગતી જે હકીકત આગમિક તેમજ અનાગમિક સાહિત્યમા મળે છે તે પણ સ્થાપત્યનો વિષય બની શકે તેમ છે. ભિન્ન ભિન્ન પ્રકારનાં નગરોનું તેમજ ગૃહનિર્માણકળા અને શિલ્પકળાનું વિસ્તૃત વર્ણન

---

૧ સ્વ૦ હિમાંશુવિજયે "શિલ્પના બે જૈન ગ્રંથો" નામનો લેખ લખ્યો છે અને એ "બુદ્ધિપ્રકાશ" (પૂ ૮૭, અં ૧, પૃ ૨૨–૨૯)મા છપાયો છે

૨ આપણા દેશના સ્થાપત્ય વિષે અંગ્રેજીમા બે મહત્ત્વના ગ્રંથ છે.—

(અ) History of Indian and Eastern Architecture

(આ) Indian Architecture

આ પૈકી પ્રથમ ગ્રંથ જેઇમ્સ ફર્ગ્યુસને રચ્યો છે અને એના બને ભાગ ઈ સ. ૧૯૧૦મા પ્રકાશિત થયા છે બીજો ગ્રંથ ઈ બ હાવેલ (Havell)ની રચના છે એની બીજી આવૃત્તિ ઈ સ ૧૯૨૭મા છપાઈ છે ફર્ગ્યુસનના ગ્રંથમા જૈન સ્થાપત્ય વિષે જેટલુ લખાણ છે તેના પ્રમાણમા હાવેલના ગ્રંથમા બહુ જ થોડું લખાણ છે

જૈન સાહિત્યમાં મળે છે. ડૉ. મોતીચન્દ્રે "जैनागम और स्थापत्य" નામનો એક [1]લેખ લખ્યો છે.

આ પ્રમાણોની મહત્ત્વની સામગ્રી હોવા છતાં સ્થાપત્ય સંબંધી જૈન કૃતિઓ આંગળીને વેઢે ગણાય એટલી ઓછી સંખ્યામાં જોવાય છે. [2]ઠક્કુર ફેરુએ વિ. સં. ૧૩૭૨માં રચેલું વત્થુસારપયરણ પાઇયમાં છે. આનો પરિચય મેં પા૦ ભા૦ સા૦ (પૃ. ૧૮૫)માં આપ્યો છે.

શિલ્પ-શાસ્ત્ર— આ નામની એક કૃતિ ભટ્ટારક એકસંધિએ રચી છે એમ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૩૮૩)માં નોંધ છે, અને એના આધાર તરીકે રાઇસ (Rice) દ્વારા તૈયાર કરાયેલા અને ઇ. સ. ૧૮૮૪માં બેંગલોરથી પ્રસિદ્ધ કરાયેલા A Catalogue of Sanskrit Manuscripts in Mysore and Koorg (પૃ. ૩૧૬)નો ઉલ્લેખ કરાયો છે.

મુદ્રાશાસ્ત્ર— સિક્કાઓનું પણ શાસ્ત્ર છે. એને 'મુદ્રાશાસ્ત્ર' કહે છે. ઉપર્યુક્ત ઠક્કુર ફેરુએ ૧૪૯ ગાથામાં કુતુબુદ્દીન તઘલખના રાજ્યમાં વિ. સં. ૧૩૭૫માં ભારતીય સિક્કાઓ વિષે [3]દવ્વપરિક્ખા (દ્રવ્યપરીક્ષા)માં વિચાર કર્યો છે. મુદ્રાશાસ્ત્રની પ્રવેશિકાની ગરજ સારનારી આ કૃતિમાં ૨૦૦ ઉપર સિક્કાઓનું વર્ણન છે. આવી કોઇ સંસ્કૃત કૃતિ કોઇ જૈને રચી છે ખરી?

---

૧ આ લેખ "જૈ૦ સિ૦ ભા૦" ભાસ્કર (ભા. ૧૬, કિરણ ૨)માં છપાયો છે.

૨ એમના વિષેનો તેમજ એમની કૃતિઓ વિષેનો એક લેખ નામે "ઠક્કુર ફેરુ" મુનિશ્રી કાંતિસાગરજીએ લખ્યો છે અને એ "વિશાલભારત" (સાલ ૨૬, અંક ૧, પૃ. ૧૧-૧૪)માં છપાયો છે. 'ચંદ્રાંગજ' કલશ ચન્દ્ર એ ઠક્કર ફેરુના પિતા થાય અને ચંદ્રા એમની માતા થાય.

૩ આના પરિચય માટે જુઓ ઉપર્યુક્ત લેખ તેમજ "જૈ૦ સ૦ પ્ર૦" (વ. ૨૫, અં. ૪, ૫, અને ૮)માં એજ મુનિનો ત્રણ હપ્તે છપાયેલો લેખ નામે "ઠક્કર ફેરુકૃત મુદ્રાશાસ્ત્રનો અદ્વિતીય જૈન ગ્રંથ."

# પ્રકરણ ૧૧ : ગણિતશાસ્ત્ર

ગણિતશાસ્ત્રનો વિષય ઘણાખરા જનોને મન માથાકૂટિયો, અટપટિયો અને કંટાળાભરેલો છે, પરંતુ મારા જેવાને તો એ સદા યે અતિશય રસિક અને આનંદજનક જણાયો છે અને એથી તો આજે ઉત્તરાવસ્થામાં પણ અનુસ્નાતકથી પણ ઉચ્ચ કોટિના અભ્યાસીઓની કક્ષાની ગણિત-શાસ્ત્રને અંગેની વિવિધ વિગતો વાંચવાવિચારવા હું ઉત્સુક રહું છું. ગણિતશાસ્ત્રની એક શાખારૂપ અંકગણિત તો સામાન્ય જનતાને યે ઉપયોગી છે, જ્યારે બીજગણિત યાને અક્ષરગણિત [1]વગેરે શાખાઓ તો ખાસ કરીને વૈજ્ઞાનિક શોધકોના કામની છે વળી આ શાસ્ત્રના અધ્યયનનો માર્ગ કેવળ વિનયન (Arts)ના જ કે વિજ્ઞાન (Science)ના જ કે વાણિજ્યના જ વિદ્યાર્થીઓ માટે મોકળો ન રાખતાં જ્ઞાનની અન્ય શાખાઓના અભ્યાસીઓ માટે પણ ઓછેવત્તે અંશે તેમ કરવાનું સ્તુત્ય પગલું વિશ્વવિદ્યાલયોએ ભર્યું છે. આથી તો ગણિતશાસ્ત્રની સાથે એક રીતે સરખુ મહત્ત્વ્ ધરાવનારા તત્ત્વજ્ઞાનના ક્ષેત્ર કરતાં યે ગણિતશાસ્ત્રનું ક્ષેત્ર વધારે વ્યાપક છે. જૈન દર્શનમાં ગણિત-શાસ્ત્રને ગૌરવશાળી સ્થાન અપાયું છે એમ પુવ્વોમાંની ગમ અને ભંગ (વિકલ્પો)ની પ્રચુરતા સબંધી જૈન પરંપરા અને સંખ્યાનું નિરૂપણ વિચારતાં તેમજ કર્મસિદ્ધાન્તને લગતી ઝીણવટભરી બાબતોને ધ્યાનમાં લેતાં સહેજે ફલિત થાય છે. આજે પુવ્વ તો નથી પરંતુ કર્મસિદ્ધાન્ત

---

૧ વગેરેથી સમતલ ભૂમિતિ, ઘન ભૂમિતિ, સમતલ ત્રિકોણમિતિ, ગોલીય ત્રિકોણમિતિ, સમતલ બીજભૂમિતિ (plane analytical geometry), ઘન બીજભૂમિતિ, શૂન્ય-લબ્ધિ યાને સૂક્ષ્મકલન, શૂન્યયુતિ યાને સમાસકલન અને શૂન્ય-સમીકરણ ઉપરાંત સ્થિતિ-શાસ્ત્ર, ગતિ-શાસ્ત્ર, ઉદક-સ્થિતિશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર જેવી શાખાઓ અત્ર અભિપ્રેત છે.

રજૂ કરનારા વિશિષ્ટ ગ્રંથો છે એટલે એ તેમજ કાળ અને ક્ષેત્રનાં પરિમાણ વિષે જે પ્રરૂપણા છે તે સમજવા માટે ગણિતશાસ્ત્રના જ્ઞાનની આવશ્યકતા રહે છે. આવી પરિસ્થિતિ હોવા છતાં કોણ જાણે કેમ ગણિતશાસ્ત્રના સ્વતંત્ર અને એની કોઇ એક શાખા પૂરતા યે સર્વાંગીણ ગણાય તેવા ગ્રંથો બહુ જ થોડા પ્રમાણમાં હજી સુધી તો મળી આવ્યા છે. વત્થુસારપયરણ, દવ્વપરિક્ખા વગેરે રચનારા ઠક્કર ફેરુએ [1]ગણિય-સારકોમુઈ (ગણિતસારકૌમુદી) રચી છે. એ પદ્યાત્મક કૃતિ પાંચ ઉદ્દેશમાં વિભક્ત છે.

[2]ગણિતસારસંગ્રહ (લ. વિ. સ. ૯૦૦)— આના કર્તા દિ૦ મહાવીરાચાર્ય છે. બ્રહ્મગુપ્તકૃત [3]બ્રાહ્મસ્ફુટસિદ્ધાંત સાથે પ્રસ્તુત કૃતિ સરખાવતાં એમ લાગે છે કે આ મહાવીરાચાર્ય આથી પરિચિત હતા. એમણે ગણિતસારસંગ્રહમાં એક સ્થળે [4]શ્રીધરનો ઉલ્લેખ કર્યો છે.[5] વિશેષમાં એમણે શ્લો. ૩મા અમોઘવર્ષનો અને શ્લો. ૮મા એમનો 'નૃપતુંગ' તરીકે નામોલ્લેખ કર્યો છે અને શ્લો. ૬માં આ રાજાને

૧ આનો સંક્ષિપ્ત પરિચય મુનિશ્રી કાંતિસાગરજીએ "ઠક્કર ફેરુરચિત 'ગણિતસાર-કૌમુદી' એક અદ્વિતીય ગ્રંથ" નામના લેખમા આપ્યો છે. આ લેખ "જૈ૦ સ૦ પ્ર૦" (વર્ષ ૨૧, અં. ૩, પૃ. ૫૯–૬૪)માં છપાવાયો છે.

૨ આ કૃતિ પ્રા એમ રંગાચાર્યના અંગ્રેજી અનુવાદ અને ટિપ્પણ સહિત મદ્રાસ સરકારની આજ્ઞાથી ઈ સ. ૧૯૧૨મા પ્રકાશિત થઈ છે, અંતમા ત્રણ પરિશિષ્ટ છે પ્રથમ પરિશિષ્ટ તરીકે સંસ્કૃત શબ્દો અને એ દ્વારા દર્શાવાતા અંક, દ્વિતીય પરિશિષ્ટ તરીકે અંગ્રેજી અનુવાદગત સંસ્કૃત શબ્દો અને એની સમજણ અને તૃતીય પરિશિષ્ટ તરીકે દાખલાઓના જવાબ અપાયા છે.

૩ આના ટીકાકાર પૃથુદકસ્વામી (ઈ. સ ૮૬૦) અને આ મહાવીરાચાર્ય વચ્ચે વિશેષ અંતર નહિ હશે એમ પ્રા. રંગાચાર્યે કહ્યું છે.

૪ આ શ્રીધર તે ત્રિશતિકા (ઈ. સ. ૭૫૦)ના કર્તા છે

૫ જુઓ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૧૦૩).

'ચક્રિકાભંજન' કહ્યા છે. આ 'રાષ્ટ્રકૂટ' વંશના રાજાનો સમય ઇ. સ. ૮૧૪ કે ૮૧૫થી ઇ. સ. ૮૭૭ કે ૮૭૮ ગણાય છે. આ હિસાબે આ કૃતિ ઇ સ ૮૫૦ની લગભગની ગણાય આ પદ્યાત્મક કૃતિના પ્રારંભમા જૈનોના ચરમ તીર્થંકર મહાવીરસ્વામીને વંદન કરી ઉપર્યુક્ત રાજાની તારીફ કરી ગણિતની પ્રશસા કરાઇ છે ત્યાર બાદ સજ્ઞાઓ યાને [1]ક્ષેત્રાદિકની પરિભાષાઓ સમજાવાઇ છે. પછી નીચે મુજબના આઠ વ્યવહારોનું નિરૂપણ છે :—

(૧) પરિકર્મ, (૨) કલાસવર્ણ, (૩) પ્રકીર્ણક, (૪) ત્રૈરાશિક, (૫) મિશ્રક, (૬) ક્ષેત્રગણિત, (૭) ખાત અને (૮) છાયા.

મિશ્રક વ્યવહારમા બ્યાજને અંગેની રીતો (rules)ની અને એના [2]દાખલાની સખ્યા [3]આર્યભટીય કરતા ઘણી વધારે છે.

**સંપ્રદાય**— આ કૃતિના કર્તા જૈન છે એમ જિનેશ્વરની પુષ્પ-પૂજા (પૃ ૯), ફલ-પૂજા (પૃ. ૩૪), દીપ-પૂજા (પૃ. ૪૦), ગંધ-પૂજા (પૃ. ૪૨), ધૂપ-પૂજા (પૃ. ૪૨) ઇત્યાદિને લગતાં ઉદાહરણો ઉપરથી તેમજ [4]પૃ. ૫૨માંના બાર પ્રકારના તપ અને બાર અંગ (દ્વાદશાગી)ના ઉલ્લેખ ઉપરથી તથા આકાશચારી મુનિ (પૃ ૧૩૮)ને લગતા ઉલ્લેખ ઉપરથી પણ જાણી શકાય છે.

---

૧ અહીં ૨૪ અંકસ્થાનો ગણાવાયા છે છેલ્લાનુ નામ 'મહાક્ષોભ' અપાયું છે

૨ History of Hindu Mathematics (ખંડ ૧, પૃ ૨૨૩-૨૨૬)મા તેગ દાખલા અપાયા છે

૩ આ આર્યભટ પહેલા (ઇ સ ૪૯૯)ની કૃતિ છે

૪ આ પૃષ્ઠગત શ્લો ૪૫મા 'સમુદાય' એ અર્થમા "यत्तिसमितिः" દ્વારા 'સમિતિ' શબ્દ વપરાયો છે

સ્ખલન— કોઇ સંખ્યાને શૂન્યથી ભાગે તો તે અવિકારી રહે છે- તેવી ને તેવી જ રહે છે એવો જે ઉલ્લેખ પૃ. ૬માં શ્લો. ૪૯માં કરાયો છે તે ભ્રાન્ત છે. બ્રહ્મગુપ્તે તો આવી ભૂલ કરી નથી.[૧]

સત્કાર – દક્ષિણ ભારતમાં ગણિતસારસંગ્રહને સારો આવકાર મળ્યો હોય એમ લાગે છે કેમકે ઇ. સ ની અગિયારમી સદીમાં તો પાવુલૂરિ મલ્લને એનો 'તેલુગુ' ભાષામાં પદ્યમાં અનુવાદ કર્યો હતો.

ટીકાઓ — વરદરાજે તેમજ અન્ય કોઇએ ગણિતસારસંગ્રહ ઉપર સંસ્કૃતમાં એકેક ટીકા રચી છે.

કાનડી અને તેલુગુ ટીકા — વલ્લભ નામની કોઇક વ્યક્તિએ ગણિતસારસંગ્રહ ઉપર કાનડી ભાષામાં તેમજ તેલુગુમાં એકેક ટીકા રચી છે.

ડૉ. દત્તના લેખ — ડૉ. બિભૂતિભૂષણ દત્તે જૈન ગણિતને અંગે નીચે મુજબના ત્રણ લેખ લખ્યા છેઃ—

(1) [૨]The Jaina School of Mathematics.

(2) [૩]On Mahāvīra's Solution of Rational Triangles and Quadrilaterals.

(3) [૪]Geometry in the Jaina Cosmography.

---

૧ જુઓ HHM (ખંડ ૧, પૃ. ૨૪૧).

૨ આ લેખ Bulletin of the Calcutta Mathematical Society (Vol. XXI, No. 2, 1929)માં છપાયો છે.

૩ આ લેખ Bul of the Cal. Math Society (Vol XX, 1928–29) માં પ્રકાશિત થયેલો છે.

૪ આ લેખની મુદ્રિત નકલ મારા જોવામાં આવી નથી, બાકી એની હાથે લખેલી નકલ તો મને એના લેખક મહાશય તરફથી મળી હતી

ગણિતસંગ્રહ— આના કર્તા યલ્લાચાર્ય છે. શું એઓ જૈન છે અને એમની આ કૃતિ સસ્કૃતમાં છે?

પાટીગણિત (લ વિ. સં. ૧૨૫૦)— આના કર્તા [1]જૈન ગૃહસ્થ અનંતપાલ છે. એઓ 'પલ્લીવાલ' કુળના અને નેમિચરિત નામનું મહાકાવ્ય રચનારા આમન કવિના ચાર પુત્રો પૈકી પ્રથમ છે. આ અનંતપાલના ધનપાલ નામના ભાઈએ તિલકમંજરીકથાસાર વિ. સં. ૧૨૬૧માં રચ્યો છે. પાટીગણિત એ નામ વિચારતાં એમ લાગે છે કે એમાં અંકગણિતનો વિષય વિચારાયો હશે.

ગણિતસાર (લ. વિ. સં. ૧૩૭૦)—આના કર્તા ઠક્કર ફેરુ છે એમણે વિ. સં. ૧૩૪૭માં યુગપ્રધાનચોપાઇ રચી છે અને વિ. સં. ૧૩૭૨માં વત્થુસારપયરણ અને જ્યોતિઃસાર અને વિ. સં ૧૩૭૫માં દવ્વપરિક્ખા રચ્યાં છે. આથી પ્રસ્તુત ગ્રંથ લ. વિ. સં. ૧૩૭૦માં રચાયો હશે એમ લાગે છે. એ ગમે તે હો પણ આ ગ્રંથ સંસ્કૃતમા છે?

સિદ્ધ-ભૂ-પદ્ધતિની ટીકા (લ વિ સં. ૮૭૫)— આના કર્તા દિ૦ વીરસેન આચાર્ય છે. એઓ [2]'પંચસ્તૂપ' અન્વયના દિ૦ આર્યનન્દિના શિષ્ય અને ચન્દ્રસેનના પ્રશિષ્ય થાય છે. આ વીરસેન જિનસેન (પહેલા)ના ગુરુ થાય છે[3] અને ઉત્તરપુરાણ રચનારા ગુણભદ્રના પ્રગુરુ

---

૧ જિનવિજયજીના મતે આ દિ૦ છે (જુઓ જૈ૦ સા૦ ઇ૦નું પૃ. ૪૭૧) જો એમ જ હોય તો તિલકમંજરીના કર્તા શ્વેતાબર ધનપાલને આ અનંતપાલના ભાઈ ધનપાલે નમન કર્યું છે તે એમની મતસહિષ્ણુતા—ઉદારતા સૂચવે છે. આવા બીજા ઉદાહરણરૂપ પં વાદિરાજ છે, કેમકે એમણે શ્વેતાંબરીય વાગ્ભટાલંકાર ઉપર ટીકા રચી છે જુઓ પૃ ૧૫૮.

૨ આ અન્વય આગળ જતા 'સેનાન્વય' યા 'સેન-સઘ' તરીકે પ્રસિદ્ધ થયો

૩ એમના અન્ય શિષ્યો વગેરેના નામ માટે જુઓ જૈ૦ સા૦ ઇ૦ (પૃ ૫૦૧)

થાય છે.[1] એ વીરસેને છખંડાગમ પૈકી પહેલા પાંચ ખંડની ટીકા નામે **ધવલા** શકસંવત્ ૭૩૮માં પૂરી કરી છે. એમાં ચર્ચાયેલો ગણિતનો વિષય જોતાં એઓ ગણિતજ્ઞ હતા એમ કહી શકાય. એમણે કસાય-પાહુડ ઉપર **જયધવલા** નામની ટીકા રચવા માંડી હતી પરંતુ વીસ હજાર શ્લોક જેટલો ભાગ રચાતાં એમનો સ્વર્ગવાસ થયો. એમનો જન્મ શકસંવત્ ૬૬૦ની આસપાસમાં અને સ્વર્ગવાસ શકસંવત્ ૭૪૫ની આસપાસમાં થયાનું અનુમનાય છે.[2]

**ઉત્તરપુરાણ**ની પ્રશસ્તિમાં દિ૦ ગુણભદ્રે પોતાના દાદાગુરુ દિ૦ વીરસેન માટે એવો ઉલ્લેખ કર્યો છે કે સિદ્ધ-ભૂ-પદ્ધતિનાં પદે પદ વિષમ અર્થાત્ કઠણ હતાં, પરંતુ આ વીરસેને એની એવી ટીકા રચી છે કે એ જોઇને ભિક્ષુઓને એ ગ્રંથ સમજવો સુગમ થઇ પડ્યો છે. આ મૂળ ગ્રંથ ક્ષેત્રગણિત (geometry)નો હશે એમ અનુમનાય છે.[3]

**ક્ષેત્રગણિત**— આના કર્તા નેમિચન્દ્ર છે.[4]

અહીં એ ઉમેરીશ કે ક્ષેત્રગણિતને અંગે ૭ [5]કરણો વાચકવર્ય ઉમાસ્વાતિએ ત૦સૂ૦ (અ. ૩, સૂ. ૧૧)ના સ્વોપજ્ઞ ભાષ્ય (પૃ. ૨૫૮)માં આપ્યાં છે.

---

૧ આ વીરસેન, જિનસેન અને ગુણભદ્ર એ ત્રણ વિદ્વાનો દિ૦ સાહિત્યક્ષેત્રના ત્રણ તેજસ્વી તારાઓ છે. એ ત્રિપુટી તે જાણે 'ભરણી નક્ષત્ર છે.

૨ જુઓ જૈ૦ સા૦ ઇ૦ (પૃ ૫૧૨).

૩ એજન (પૃ ૫૦૩)

૪ જુઓ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ ૯૮)

૫ આ કરણો જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે **સમયખેત્તસમાસ**માં પાઇયમાં પદ્યરૂપે રજૂ કર્યાં છે અને એના ઉપર કોઇકે પાઇયમાં ચુણ્ણિ રચી છે અને એ હાલમાં છપાય છે મે ઉપર્યુક્ત ૭ કરણો (formula) અંગ્રેજીમાં ત૦ સૂ૦ (દ્વિતીય વિભાગ)ના મારા અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૪૧)માં આપ્યાં છે.

## પ્રકરણ ૧૨ : નિમિત્ત-શાસ્ત્ર

**નિમિત્તશાસ્ત્રની વ્યાપકતા**— 'નિમિત્ત' એટલે દેશાન્તરિત અને કાલાન્તરિત ભવિષ્યના બનાવને જણાવનારું ચિહ્ન એ નિમિત્ત પર પ્રકાશ પાડનારું શાસ્ત્ર તે 'નિમિત્ત-શાસ્ત્ર' (Science of Divination) કહેવાય છે. આ વ્યાખ્યા પ્રમાણે જ્યોતિષનો નિમિત્તમા અતર્ભાવ થાય છે[1]

વિસેસા૦ (ગા૦ ૨૧૬૩)માં નિમિત્તનું લક્ષણ વગેરે હકીકત અપાઇ છે. ત્યા કહ્યુ છે કે જેના વડે શુભ અને અશુભ જાણી શકાય તે 'નિમિત્ત' છે આ નિમિત્તના આઠ પ્રકાર છે અને એથી તો [2]'અષ્ટાંગ નિમિત્ત' એવો પ્રયોગ જોવાય છે ઉપા૦ મેઘવિજયે હુસ્તસંજીવનની સ્વોપજ્ઞ વિવૃતિમાં નીચે મુજબના આઠ નિમિત્તોનો ઉલ્લેખ કરી એની આછી રૂપરેખા આલેખી છે, અને એ નિમિત્તોનો બોધ કરાવનાર સાહિત્યનો નિર્દેશ કર્યો છે અને પહેલાં સાત નિમિત્તોને લગતા જ્ઞાનનો વર્તમાનમા (પોતાના સમયમા) હ્રાસ થયો છે એમ કહ્યુ છે[3].—

(૧) અંગ, (૨) સ્વપ્ન, (૩) સ્વર, (૪) ભૌમ, (૫) વ્યંજન, (૬) લક્ષણ, (૭) ઉત્પાત અને (૮) અતરિક્ષ.

---

૧ આ સબંધમા વિશેષ માહિતી માટે જુઓ પા૦ ભા૦ સા૦ (પૃ ૧૬૭)

૨ "અષ્ટાગ નિમિત્ત અથવા ત્રિસ્કંધ જ્યોતિ શાસ્ત્ર એ એક જ વિદ્યાના બોધક શબ્દો છે" એમ "જૈન સામુદ્રિક પાચ ગ્રંથો"ના આમુખ (પૃ ૪૭)મા કહ્યુ છે અહીં એવો પણ ઉલ્લેખ છે કે ત્રિસ્કંધમા પહેલો સ્કધ ગણિતનો છે અને એને જ્યોતિષની પરિભાષામા 'સિદ્ધાત' કહે છે

૩ એમણે નારદકૃત અંગવિદ્યાનો અને મહેશ્વરકૃત સ્વરોદયનો (આને જ કેટલાક શિવસ્વરોદય કહે છે) ઉલ્લેખ કર્યો છે

રચના-સમય—સામુદ્રિક-લહરી નામની સ્વોપજ્ઞ [1]વિવૃતિમાં વિ. સં. ૧૭૭૩ની સાલનું ઉદાહરણ છે. એ ઉપરથી મૂળ કૃતિ આ વર્ષની આસપાસમાં રચાયાનું મનાય છે.

સ્વોપજ્ઞ ટિપ્પણ અને સામુદ્રિક-લહરી—મૂળ કૃતિને અંગે ગ્રંથકારે ટિપ્પણ રચ્યું છે અને એ બંનેના વિશદીકરણ માટે જીવરામ કવિના આગ્રહથી સામુદ્રિક-લહરી નામની ૩૮૦૦ શ્લોક જેવડી [2]વિવૃતિ રચી છે. આ વિવૃતિમાં સામુદ્રિક-ભૂષણ અને [3]શૈવ-સામુદ્રિક એ બે કૃતિઓનો પરિચય અપાયો છે. વિશેષમાં આ વિવૃતિમાં ૪૩ ગ્રંથોની સાક્ષી અપાઇ છે અને [4]હસ્ત-બિંબ[5], [6]હસ્તચિહ્ન-સૂત્ર, કરરેહાપયરણ (કરરેખા-પ્રકરણ), વિવેકવિલાસ વગેરેનો ઉપયોગ કરાયો છે.

## [7]શકુન-શાસ્ત્ર

શુકન અને અપશુકનની માન્યતા જગજૂની જણાય છે. તેમ છતાં વિક્રમની તેરમી સદી સુધી કોઇ જૈન ગ્રંથકારે આ વિષયની સ્વતંત્ર ગણનાપાત્ર કૃતિ સંસ્કૃતમાં રચી હોય એમ જણાતું નથી.

---

૧ આને કેટલાક 'ભાષ્ય' કહે છે અને એનું રેખા-શાસ્ત્ર એવું નામ રજૂ કરે છે. જુઓ "સંપાદકીય નિવેદન" (પૃ. ૧૭).

૨ આની ઈ. સ ૧૬૮૦થી ૧૭૦૦ના ગાળામા લખાયેલી એક હાથપોથીના નિર્દેશ માટે જુઓ "જૈ. સિ. ભા." (ભા. ૮, પૃ ૨૫).

૩ જુઓ અ. ૩. શ્લો. ૧૮૭ની વિવૃતિ.

૪ આમાથી ત્રણ ચિત્રો મેઘવિજયે ઉદ્ધૃત કર્યાં છે.

૫-૬ શું આ બે ગ્રંથો તેમજ સામુદ્રિક-ભૂષણ મળે છે?

૭ 'શકુન' એ સંસ્કૃત શબ્દ છે. એને ગુજરાતીમા 'શુકન' તથા 'શકન' પણ કહે છે.

નરપતિજયચર્યા (વિ. સં ૧૨૩૨)—આના કર્તા ધારાના આમ્રદેવના પુત્ર જૈન ગૃહસ્થ નરપતિ છે એમણે અજયપાલના રાજ્યમા અણહિલપુરમાં વિ સં. ૧૨૩૨મા આ કૃતિ રચી છે. એમાં એમણે [2]સ્વરો ઉપરથી શુકન જોવાની અને ખાસ કરીને તો માન્ત્રિક-યન્ત્રો વડે યુદ્ધમાં વિજય મેળવવા માટે શુકન જોવાની હકીકત આલેખી છે. આ પ્રમાણે જૈ૦ સા૦ સં૦ ઇ૦ (પૃ. ૩૩૫)મા કહ્યું છે. પરતુ જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથોના આમુખ (પૃ ૩૫-૩૬)માં નરપતિના ટીકાકાર હરિવંશ કવિનુ જે લખાણુ રજૂ કરાયું છે તે આ પ્રસ્તુત કૃતિને અગેનુ જણાય છે અને એમ હોય તો નરપતિ એ નરદેવના પુત્ર છે અને એમણે આશાપલ્લી (આધુનિક અમદાવાદ)મા પ્રસ્તુત કૃતિ રચી છે. આમુખ (પૃ ૩૪-૩૫)માં જે અવતરણરૂપે સાત પદ્યો અપાયાં છે તે નરપતિજયચર્યાનાં હોય એમ જણાય છે. એમા બ્રહ્મ-યામલ વગેરે સાત યામલનો ઉલ્લેખ છે અને એ વગેરેનો પ્રસ્તુત કૃતિમા ઉપયોગ કરાયાનો ઉલ્લેખ છે.

[3]શકુનશાસ્ત્ર યાને શાકુનસારોદ્ધાર (વિ સં ૧૩૩૮)—આના કર્તા માણિક્યસૂરિ છે એમણે આ કૃતિ ૧૧ વિભાગોમાં વિભક્ત કરી છે. એમાં ૫૦૭ શ્લોક છે. એની રચના વિ. સં ૧૩૩૮માં કરાઇ છે આની વિવિધ હાથપોથીઓ મળે છે.

શકુનશાસ્ત્ર સંબંધી આ ઉપરાંત કેટલીક કૃતિ નીચે મુજબ છેઃ—

શકુનદીપિકા—આ સ્વતંત્ર કૃતિ છે કે કોઇ કૃતિની વૃત્તિ છે તેમજ આના કર્તા જૈન છે કે કેમ એ પ્રશ્નો વિચારવાના રહે છે.

૧ જુઓ જૈ૦ સા૦ સં૦ ઇ૦ (પૃ. ૩૩૫)

૨ આ ઉપરથી કેટલાક પ્રસ્તુત કૃતિને 'સ્વરોદય' કહે છે. આ નામની એક કૃતિ યશકીર્તિએ રચી છે તેમજ અન્ય કોઇએ પણ રચી છે

૩ આ કૃતિ હીરાલાલ હંસરાજે ઈ સ ૧૯૧૭મા છપાવી છે.

[1]યોગ-રત્નાકર (વિ. સં. ૧૭૩૬)— આ કૃતિ અંચલ ગચ્છના જ્ઞાનશેખરના શિષ્ય નયનશેખરે વિ. સં. ૧૭૩૬માં ગુજરાતીમાં ચોપાઇમાં રચી છે. એનું પરિમાણ જિ૦ ૨૦ કો૦ (ખંડ ૧, પૃ. ૩૨૨) પ્રમાણે ૯૦૦૦ શ્લોકનું છે.

[2]દ્રવ્યાવલી-નિઘંટુ— આના કર્તા મહેન્દ્ર છે. એમણે આ કૃતિ ૯૦૦ શ્લોક જેવડી રચી છે. આ નામ વિચારતાં એમ લાગે છે કે એ વનસ્પતિઓનો કોશ હશે.

વૈદ્યકકલ્પ અને વૈદ્યકસાર— આ બંનેની તાડપત્રીય પ્રતિ મળે છે પણ એના કર્તાનાં નામ જાણવામાં નથી.

સિદ્ધયોગમાલા— આ ૫૦૦ શ્લોકની કૃતિના પ્રણેતા સિદ્ધર્ષિ છે.

રસપ્રયોગ— આના કર્તા સોમપ્રભાચાર્ય છે. જિ૦ ૨૦ કો૦ (ખંડ ૧, પૃ ૩૨૯) પ્રમાણે એ વૈદ્યકનો ગ્રંથ છે. એમાં રસ વિષે નિરૂપણ તથા પારાના ૧૮ સંસ્કારનું વર્ણન હશે.

[3]રસચિન્તામણિ— અનંતદેવસૂરિએ ૯૦૦ શ્લોક જેવડી આ કૃતિ રચી છે.

માધરાજપદ્ધતિ— આ ૧૦૦૦૦ શ્લોક જેવડી કૃતિના કર્તા માધચન્દ્રદેવ છે.

---

૧ આ નામનો ગ્રંથ મયૂરપાદ ભિક્ષુ નામના પ્રખ્યાત વૈદ્યે રચ્યો છે

૨ માધવે દ્રવ્યાવલિ રચી છે.

૩ આ કૃતિ ભાષાટીકા સાથે વેંકટેશ્વર મુદ્રણાલયમાં છપાવાઈ છે.

## સંદિગ્ધ કૃતિઓ

સિદ્ધસાર — શું આ વૈદ્યકને અંગેની જૈન કૃતિ છે?

[1]આયુર્વેદ-મહોદધિ— આ ૧૧૦૦ શ્લોક જેવડી કૃતિના કર્તા સુષેણ છે. શું એઓ જૈન છે?

ચિકિતો(?ત્સો)ત્સવ— આ ૧૭૦૦ શ્લોક પ્રમાણ કૃતિના કર્તા હંસરાજ છે. શું એઓ જૈન છે?

પ્રતાપકલ્પદ્રુમ— આ ૬૦૦૦ શ્લોક જેવડી કૃતિ પ્રતાપસિંહદેવે રચી છે. જિ૦ ૨૦ કો૦માં આની નોંધ નથી તો શું એના કર્તા અજૈન છે?

[2]યોગરત્નસમુચ્ચય— આ ૪૫૦ શ્લોક જેવડી કૃતિના કર્તાનું નામ જાણવામાં નથી. શુ એઓ જૈન છે?

[3]વૈદ્યામૃત— આ ૨૦૦ શ્લોક જેવડી કૃતિ શ્રીધરદેવે રચી છે. શું એઓ જૈન છે?

રત્નસાગર— આ શું વૈદ્યકની જૈન કૃતિ છે?

રસરત્નદીપિકા— મલ્લરાજ મહીપતિની ૬૦૦ શ્લોક જેવડી આ રચના છે. શું એઓ જૈન છે?

---

૧ શું આ દક્ષિણ ભારતમા રચાયેલો નિઘંટુ છે?

૨ આ નામની એક કૃતિ તીસટના પુત્ર ચન્દ્રટે રચી છે.

૩ આ નામની એક કૃતિ માણિક્યભટ્ટના પુત્ર મોરેશ્વરે શકસંવત્ ૧૬૦૩માં રચી છે.

# પ્રકરણ ૧૪ : પાકશાસ્ત્ર

જૈન દૃષ્ટિએ જીવોના બે પ્રકાર છે (૧) શરીરી ને (૨) અશરીરી. શરીરી જીવોને દેહ હોવાથી એ ટકી રહે તે વાસ્તે—એનાથી જીવી શકાય તે માટે એને આહાર લેવો પડે છે. દરેક જાતના જીવનો આહાર એકસરખો ન જ હોય તે સ્વાભાવિક છે. તેમાં યે મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે એટલે એ તો કેવળ આરોગ્યની જ દૃષ્ટિએ આહારનો વિચાર ન કરે પણ એમા યે વિવિધતા અને મનોરમતા લાવવા મથે. આવા કોઇ પ્રયત્નના પરિણામે રસોઇની કળા ઉદ્ભવી અને વિકસી હશે. એને અંગેનું વ્યવસ્થિત ગ્રંથસ્થ લખાણ તે 'પાકશાસ્ત્ર' યાને 'સૂપશાસ્ત્ર' કહેવાય છે. આ જાતની કૃતિઓ ભિન્ન ભિન્ન ભાષામાં રચાયેલી મળે છે. સંસ્કૃત કૃતિઓ પૈકી [1]નલપાકદર્પણ અને ક્ષેમશર્માએ વિ. સં. ૧૬૦૫માં રચેલા [2]ક્ષેમકુતૂહલ ગણાવી શકાય ગુજરાતીમાં પાકશાસ્ત્રને લગતી જાતજાતની કૃતિઓ છે.[3] વળી જે જૈન સાહિત્ય કાનડીમાં રચાયું છે તેમાં સૂપશાસ્ત્ર સંબધી કૃતિ છે. પરંતુ સંસ્કૃતમાં આવી કોઇ કૃતિ કોઇ જૈન ગૃહસ્થે—શ્રાવિકાએ પણ-રચી હોય એમ જણાતું નથી વસુદેવહિંડીમાં જે 'પોરાગમ' એવો ઉલ્લેખ છે તે શું પાકશાસ્ત્ર છે કે એના કોઇ એક અંગરૂપ વિષય સાથે સંબદ્ધ છે? ગમે તે હો પણ એ સંસ્કૃતમાં છે કે કેમ અને એની રચના જૈનને હાથે થયેલી છે કે કેમ એ પ્રશ્ન તો ઊભા જ રહે છે.

---

૧ આ "ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ"મા છપાયેલા છે.

૨ આ "આયુર્વેદીય ગ્રન્થમાળા"મા વૈદ્ય જાદવજી ત્રિકમજીએ છપાવેલ છે. એનો સંક્ષિપ્ત પરિચય શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીએ આયુર્વેદનો ઇતિહાસ (પૃ. ૨૨૭)માં આપ્યો છે

૩ આની એક સૂચી મેં રસોઇનું રસાયણ નામના પુસ્તકના અવલોકનમાં આપી છે એ અવલોકન "માનસી" (વ ૧૦, અ ૩)માં છપાયું છે

## પ્રકરણ ૧૫ : વિજ્ઞાન

'વિજ્ઞાન'નો સામાન્ય અર્થ 'વિશિષ્ટ જ્ઞાન' એમ થાય છે. વળી આ શબ્દના બીજા પણ અર્થ કરાય છેઃ (૧) શાસ્ત્રીય જ્ઞાન, (૨) અનુભવ-જ્ઞાન અને (૩) બ્રહ્મજ્ઞાન. અહીં તો હું આ શબ્દ ભૌતિક-શાસ્ત્ર, રસાયન-શાસ્ત્ર, જીવ-શાસ્ત્ર, ભૂસ્તર-શાસ્ત્ર, ખનિજ-શાસ્ત્ર, ધાતુ-શાસ્ત્ર એમ વિવિધ વૈજ્ઞાનિક શાખાઓને અંગેના ગ્રંથો એ અર્થમાં વાપરું છું. અન્ય શબ્દોમાં કહું તો જેને અંગ્રેજીમાં સાયન્સ (science) કહે છે તેને લગતા ગ્રંથો એમ અહીં હું 'વિજ્ઞાન' શબ્દથી સૂચવું છું.

કલાકલાપ (લ. વિ. સં. ૧૨૮૦)— જૈ૦ ગ્રં૦ (પૃ. ૧૨૬)માં 'વાયડ' ગચ્છના જિનદત્તસૂરિના શિષ્ય અમરચન્દ્રસૂરિની કૃતિઓ ગણાવાઈ છે. એમાંની એકનું નામ અહીં કલાકલાપ એમ અપાયું છે અને એનો 'શાસ્ત્ર' તરીકે ઉલ્લેખ કરાયો છે. શું એમાં ૭૨ કે ૬૪ કળાઓનું નિરૂપણ હશે? ક્ષેમેન્દ્રે કલાવિલાસ રચ્યો છે તેના જેવી આ કૃતિ હશે? કલાકલાપની એકે હાથપોથી હજી સુધી તો મળી આવી નથી એટલે એ કૃતિના વિષય વિષે ખાતરીથી શું કહેવાય?

મૃગ-પક્ષિ-શાસ્ત્ર (લ. વિ. સં. ૧૩૨૫)— આના કર્તા હંસદેવ છે. એઓ શૌંડદેવના આશ્રિત—કૃપાપાત્ર (protegé) થાય છે. ઇ. સ.ની ૧૩મી સદીમાં વિદ્યમાન આ હંસદેવે બે ખંડમાં ૧૭૧૨ શ્લોકમાં આ કૃતિ રચી છે. પ્રાણિ-વિદ્યા (zoology)ના આ વિરલ પુસ્તકની એક હાથપોથી ત્રિવેન્દ્રમના "રાજમહેલ-પુસ્તકાલય"માં છે.

ગજ-પ્રબંધ, ગજ-પરીક્ષા યાને હસ્તિપરીક્ષા (લ. વિ. સ. ૧૨૧૫)— આના કર્તા જગદ્દેવના પિતા દુર્લભરાજ હોવાનું મનાય છે. શું ૧૫૦૦ શ્લોક જેવડી જે કૃતિનો ઉલ્લેખ જૈ૦ ગ્રં૦ (પૃ ૩૬૧)માં છે તે જ આ છે? શું એમાં પાલકાપ્યના [1]હસ્ત્યાયુર્વેદનો ઉપયોગ કરાયો છે?

તુરંગ-પ્રબંધ (લ. વિ. સં. ૧૨૧૫)— આના કર્તા જગદ્દેવના પિતા દુર્લભરાજ હોવાનું મનાય છે.

શાલિ-હોત્ર— આ ઘોડા પારખવાની વિદ્યાને અંગેની કૃતિ હશે. આ નામની ૧૩૮ શ્લોકની કૃતિ ભોજે રચી છે.

અશ્વાદિગુણ— આ નામથી એક કૃતિ જૈ૦ ગ્રં૦ (પૃ ૩૬૧)માં નોંધાયેલી છે એમાં ઘોડા વગેરેના ગુણો વર્ણવાયા હશે.

શ્વાન-સપ્તતિકા— આ નામની એક કૃતિ જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૫૭)માં નોંધાયેલી છે. શું એ સંસ્કૃતમાં છે?

[2]શ્વ-રુદિત— જિ૦ ૨૦ કો૦ (ખંડ ૧, પૃ ૩૮૬)માં "[3]શુનોરુત" નામની કૃતિની એક હાથપોથી સુરતના જૈનાનંદ પુસ્તકાલયમાં હોવાનો ઉલ્લેખ છે. એ હાથપોથી મેં જોઈ તો જણાયું કે એ એક પત્રની હાથપોથી છે અને એમાં ૨૫ પદ્યો છે. એના પ્રારંભમાં "श्रीशंषे(खे)श्वरा(र)पा र्श्वनाथाय नमः" એમ છે. અંતમાં "इति शुनरुत समाप्तं ॥श्री॥ छ॥श्री॥" એવો ઉલ્લેખ છે.

૧ આમા હાથીના લક્ષણ, વર્ણ, લગભગ ૧૮૦ રોગો અને એની ચિકિત્સા, હાથીના પાલન, એને પકડવાની રીત ઈત્યાદિ વિષે નિરૂપણ છે આ ચાર સ્થાનમાં કુલ ૧૬૦ અધ્યાયમા રચાયેલી કૃતિ પૂનાની "આનંદાશ્રમ ગ્રંથમાલા"મા પ્રસિદ્ધ કરાઈ છે

૨ આ નામ મે યોજ્યું છે

૩ જિ૦ ૨૦ કો૦ (ખંડ ૧, પૃ ૪૦૦)મા ૨૦ પાઇય પદ્યોમા રચાયેલી અને શ્વાનરુતશકુનવિચાર એવા નામાંતરવાળી શ્વાનરુત નામની કૃતિની નોંધ છે.

આરંભમાં આ કૃતિનું આદ્ય પદ્ય નીચે મુજબ છેઃ—

"प्रस्थाने च प्रवेशे च स्वग(गृ)हाभ्यन्तरेऽपि वा।
शुना वै रुदितं चित्रं प्रवक्ष्याम्यनुपूर्वश(:) ॥१॥"

આ કૃતિમાં પોતાના ઘરથી પ્રસ્થાન કે એમાં પ્રવેશ કરતી વેળા કૂતરાની પ્રવૃત્તિ કેવી છે તે ઉપરથી મળનારા ફળનો ઉલ્લેખ કરાયો છે. જેમ કે ગામમાં પેસતાં મનુષ્યના કરતાં પહેલાં જો કૂતરો પ્રવેશે તો એ મનુષ્યને ગામમાંથી ઇષ્ટ ભોજન અને સુખે નિવાસ મળે (શ્લો. ૩). જે વ્યક્તિને પ્રસ્થાનની વેળાએ કૂતરાનું મુખ માંસથી અથવા અન્ય ભક્ષ્યથી પૂર્ણ દેખાય તેને લાભ થાય અને એનું કાર્ય સિદ્ધ થાય (શ્લો. ૬). હરિત (લીલી વસ્તુ)ને મુખમાં રાખી કૂતરો દોડતો જોવાય તો રાજાની કૃપા અને ખ્યાતિ મળે અને ચિન્તવેલું કાર્ય સફળ થાય (શ્લો. ૧૩). પ્રસ્થાનના સમયે જો કૂતરો ડાબી બાજુથી જમણી બાજુ જાય તો પ્રસ્થાન દુઃખકર જાણી ન કરવું (શ્લો. ૧૫). જો કૂતરો અકાળે વિસ્વર અને તીક્ષ્ણ રુદન કરતો હોય તો મોટો ભય ઉપસ્થિત થશે એમ જાણવું (શ્લો. ૨૦). મધ્યાહ્નના સમયે ગામમાં ઊંચું મુખ રાખીને કૂતરો રડે તો આગનો ભય રહે (શ્લો. ૨૧).

કાક-રુત— આ કૃતિની એક હાથપોથી અહીંના (સુરતના) જૈનાનંદ પુસ્તકાલયમાં હોવાનો ઉલ્લેખ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૮૩)માં છે. એ જોતાં જણાયું છે કે આ લગભગ અઢીસો વર્ષ ઉપરની ગુજરાતી ભાષામાં લખાયેલી કૃતિ છે. એમાં કાગડાને ઉદ્દેશીને ત્રણ પિંડ બનાવી જાતજાતના પ્રશ્નોના ઉત્તર વિચારાયા છે.

ધનુર્વેદ— આ કૃતિની જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૬૨)માં નોંધ છે.

**ધનુર્વિદ્યા અને એની વૃત્તિ**—આ કૃતિઓ વિષે જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૬૨)માં ઉલ્લેખ છે. શું આ બંને કૃતિ સંસ્કૃતમાં છે અને એના કર્તા જૈન છે?

**સમસ્તરત્નપરીક્ષા**—આ નામ ઉપરથી એમ જણાય છે કે એમાં તમામ જાતનાં [1]રત્નોની પરીક્ષાનું નિરૂપણ હશે. આ ૬૦૦ શ્લોક જેવડી કૃતિની નોંધ જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૬૩)માં છે. સંગ્રામસિંહે બુદ્ધિસાગરમાં રત્નાદિની પરીક્ષાનો વિષય ચર્ચ્યો છે.

**રત્ન-પરીક્ષા** (લ. વિ. સં. ૧૩૭૦)—આ નામની એક કૃતિ ઠક્કુર [2]ફેરુએ 'કલિકાલચક્રવતી' અલાઉદ્દીન ખીલજીના રાજ્યમાં પોતાના પુત્ર હેમપાલને બોધ કરાવવા માટે રચી છે. શું એ સંસ્કૃતમાં છે?

[3]**હીરક-પરીક્ષા**—આ કોઈ દિગંબરે ૯૦ શ્લોક જેવડી રચેલી કૃતિનું નામ વિચારતાં એમ લાગે છે કે હીરાની પરીક્ષા કેમ કરવી એ બાબત આ કૃતિમાં ચર્ચાઇ હશે.

---

૧ કેટલાક રત્નોના નામ અભિ૦ ચિં૦ (કાંડ ૪, શ્લો ૧૨૯–૧૩૪)માં અપાયા છે શ્લો ૧૨૯ની સ્વોપજ્ઞ વિવૃતિમા વાચસ્પતિના નામથી રત્નની આઠ જાતિ ગણાવાઈ છે (૧) હીરો, (૨) મોતી, (૩) સુવર્ણ, (૪) રૂપું, (૫) ચન્દન (૬) શંખ, (૭) ચર્મ અને (૮) વસ્ત્ર વિવિધ જાતના રત્નોનો—હીરા, મોતી વગેરેનો અનેક આકૃતિઓ અને ચિત્રો સહિત પરિચય જી એફ હર્બર્ટ સ્મિથકૃત Gem-stones and their distinctive characters નામનાં પુસ્તકમાં અપાયો છે. એની "મેથુએન ઍન્ડ કંપની લિમિટેડ" તરફથી લંડનથી બીજી આવૃત્તિ ઈ સ. ૧૯૧૩માં પ્રકાશિત કરાઈ છે

૨ એમની અન્ય કૃતિઓ માટે જુઓ પૃ ૧૯૪, ૧૯૬, ૧૯૯ અને ૨૩૮

૩ આ કૃતિની નોધ પ્રો. પિટર્સને એમના ચોથા હેવાલમા લીધી છે. એનો ક્રમાક ૧૫૦૪ છે

ધાતુપરીક્ષા (લ. વિ. સં. ૧૩૭૫)—આના કર્તા ઠક્કર ફેરુ છે. શું આ કૃતિ સંસ્કૃતમાં છે?

[1]મષી-વિચાર—જેસલમેરના ભંડારમાં આ કૃતિની હાથપોથી હોવાનો અને એમાં તાડપત્ર તેમજ કાગળ ઉપર લખવા માટે કામમાં લેવાની શાહી (મષી) કેમ બનાવવી એ હકીકત હોવાનો ઉલ્લેખ જૈ૦ ગ્રં૦(પૃ. ૩૬૨)માં છે

લેખ-પદ્ધતિ—આની નોંધ જિ૦ ૨૦ કો૦ (ખંડ ૧, પૃ. ૩૩૮)માં છે

લેખન-પ્રકાર—જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૬૨)માં આ કૃતિ વિષે ઉલ્લેખ છે.

વિજ્ઞાન-ચંદ્રિકા, વિજ્ઞાનાર્ણવ અને વિજ્ઞાનાર્ણવોપનિષદ્—આ ત્રણે કૃતિની નોંધ જિ૦ ૨૦ કો૦ (ખંડ ૧, પૃ. ૩૫૫)માં છે.

---

૧ આ નામ મેં યોજ્યું છે.

# પ્રકરણ ૧૬ : નીતિશાસ્ત્ર

'નીતિ' એ અનેકાર્થી શબ્દ છે. એના (૧) સદાચાર, (૨) આચરણને અંગેના નિયમો, (૩) ચાલચલગત, (૪) રાજનીતિ, (૫) પદ્ધતિ અને (૬) ધોરણ એમ વિવિધ અર્થ કરાય છે. આ પૈકી અંતિમ બે અર્થ તો અત્ર અપ્રસ્તુત છે.

આચરણના નિયમોનું શાસ્ત્ર તેમજ રાજનીતિનું શાસ્ત્ર પણ 'નીતિશાસ્ત્ર' કહેવાય છે. વ્યવહારકુશળતાને પણ એમાં સ્થાન છે. વિશેષમાં બોધદાયક મિતાક્ષરી વચનો–વાક્યોનો–નીતિસૂત્ર (maxim)નો–[1]સુભાષિતોનો પણ આ નીતિશાસ્ત્રમાં સમાવેશ કરાય છે. આમ વિવિધ બાબતો ઉપર નીતિશાસ્ત્ર પ્રકાશ પાડે છે. એને અંગેની કૃતિઓ હવે આપણે વિચારીએ તે પૂર્વે એ વાત નોંધી લઇશું કે 'ધર્મ' એ અંગ્રેજી શબ્દ રીલિજ્યન (religion) કરતાં વિશેષ વ્યાપક હોવાથી એમાં નીતિ (ethics)નો અંતર્ભાવ થાય છે, પરંતુ કેવળ નીતિમય જીવન એ કંઇ ધાર્મિક જીવન નથી એટલે કે નીતિને ધર્મ સાથે લેવાદેવા હોય જ એમ નહિ. તેમ છતાં નીતિમય જીવન જીવવું એ માનવતાના સોપાનનું પ્રથમ પગથિયું તો છે જ.

---

૧ સુભાષિતો સદાચારનાં દ્યોતક અને પોષક છે. એને લગતા સંગ્રહને અંગ્રેજીમાં એન્થોલોજી (anthology) કહે છે. એમાં સૈકાઓનો અનુભવ મધુરી વાણીમાં વિશદ રીતે રજૂ કરાયેલો હોય છે.

## (૧) સામાન્ય નીતિ

[1]પ્રશ્નોત્તરરત્નમાલા યાને [2]રત્નમાલિકા (ઉ વિ. સં. ૯૦૦)— આ ૨૯ પદ્યોની કૃતિનો વિષય સામાન્ય નીતિ છે અને એ પ્રશ્ન અને ઉત્તર દ્વારા ઘણી સુગમ સંસ્કૃત ભાષામાં ચર્ચાયો છે. આના કર્તા [3]વિમલસૂરિ છે તો કેટલાકને મતે દિ૦ જિનસેનના અનુરાગી અમોઘવર્ષ છે.[4] કેટલાક આને 'બૌદ્ધ' કૃતિ તો કેટલાક આને વૈદિક [5]હિંદુઓની કૃતિ

૧ આ કૃતિ "કાવ્યમાલા" (ગુ. ૭)માં ઇ. સ ૧૯૦૭મા (ત્રીજી આવૃત્તિ) છપાયેલી છે. દેવેન્દ્રકૃત ટીકા સહિત એ હીરાલાલ હંસરાજે જામનગરથી ઈ. સ ૧૯૧૪મા છપાવી છે

૨ જુઓ H I L (Vol II, p 559 fn)

૩ કોઈ કોઈ એમને વીરસંવત્ ૫૩૦માં પઉમચરિય રચનાર વિમલસૂરિ માને છે વળી કેટલાક 'વિમલ'ને બદલે વિમલચન્દ્ર નામ રજૂ કરે છે

૪ જુઓ જૈ૦ સા૦ ઇ૦ (પૃ ૫૨૦). અહીં કહ્યું છે કે તિબેટી અનુવાદમા અમોઘવર્ષનું નામ છે

આ સંબંધમાં પં. લાલચન્દ્ર ગાંધીએ "આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ" (પૃ ૫૭–૬૫)માં છપાયેલા એમના લેખ નામે "શ્વેતાંબર ગુરુ વિમલસૂરિની પ્રશ્નોત્તરરત્નમાલા"મા વિરુદ્ધ મત દર્શાવ્યો છે. તેમ કરવા માટે એમણે નીચે મુજબના કારણ આપ્યાં છે—

(અ) પ્રશ્નોત્તરરત્નમાલાની ઘણી તાડપત્રીય હાથપોથીઓ પણ શ્વેતાંબરોના ભંડારોમા જોવાય છે અને વિ. સં. ૧૨૨૩થી આ કૃતિના કર્તા શ્વેતાંબર વિમલ હોવાની પરંપરા જળવાઈ રહી છે.

(આ) અમોઘવર્ષના નામવાળું પદ્ય આર્યાને બદલે અનુષ્ટુભમાં છે તે વ્યાજબી નથી

(ઇ) અમોઘવર્ષ દીક્ષા લીધા બાદ પોતાનો પૂર્વાવસ્થાના નામે—રાજા તરીકે ઉલ્લેખ કરે એ સમુચિત ન ગણાય.

(ઈ) અમોઘવર્ષના નામવાળું પદ્ય કેટલું પ્રાચીન છે તેની તપાસ થવી ઘટે.

(ઉ) પ્રશ્નોત્તરરત્નમાલાના 'તિબેટી' અનુવાદમાં અમોઘવર્ષનું નામ મળે છે એ માટે પ્રમાણ દર્શાવાયું નથી.

૫ કેટલાક આ કૃતિના કર્તા તરીકે શુક યતીન્દ્રનો ઉલ્લેખ કરે છે.

ગણે છે.[1] એ ગમે તે હો, પણ એ ઉપરથી એ વાત ફલિત થાય છે કે આ કૃતિ સર્વમાન્ય—સર્વધર્મસંમત થઇ શકે તેવી છે અને થઇ છે. આના ઉપર નીચે મુજબનું વિવરણાત્મક સાહિત્ય છે.—

(૧) વૃત્તિ—આ ૨૧૩૪ શ્લોક જેવડી છે. એનો પ્રારંભ "चन्द्रादित्यमहौषधी"થી થાય છે. એની રચના યશોઘોષના શિષ્ય હેમપ્રભે વિ. સં. ભુવન-શ્રુતિ-રવિ એટલે ૧૨૭૩માં કરી છે એમ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧. પૃ ૨૭૬)માં ઉલ્લેખ છે. પં. લાલચન્દ્ર ગાંધીએ તો એમના લેખમા વિ સં. ૧૨૨૩નો ઉલ્લેખ કર્યો છે.

(૨) [2]ટીકા—આ ૭૩૨૬ શ્લોક જેવડી ટીકાના કર્તા 'રુદ્રપલ્લીય' ગચ્છના સંઘતિલકના શિષ્ય દેવેન્દ્ર છે. એમણે આ ટીકા વિ. સં. ૧૪૨૯માં રચી છે અને પ્રત્યેક પ્રશ્નને અંગે એકેક કથા આપી છે.

(૩) વૃત્તિ—આ મુનિભદ્રે રચી છે. H I L (Vol. II, p 559, fn)માં મણિભદ્રનો ઉલ્લેખ છે તે શુ સાચો છે?

(૪) ટીકા—આના કર્તાનું નામ જાણવામાં નથી.

રૂપાંતર—ભવ્યોત્તમ મુનિએ આ પ્રશ્નોત્તરરત્નમાલાનું રૂપાંતર પાઇયમા કર્યું છે.[3] શાયફનર (Schiefner) દ્વારા તિબેટી રૂપાંતર

---

૧ જુઓ H I L (Vol II, pp 559-560) મંજૂશ્રી, ગણેશ અને મહાવીરને ઉદ્દેશીને પણ મંગલાચરણો જોવાય છે કોઇક કર્તા તરીકે શંકરાચાર્યનો ઉલ્લેખ કર્યો છે.

૨ આ પ્રકાશિત છે જુઓ પૃ ૨૪૦.

૩ પવોલિનિએ કરેલુ પાઇય રૂપાતર G S A I (II, pp 153-163)માં છપાયું છે

તિએટીમાં અને જર્મનમાં સંપાદિત કરાયુ છે.[1] ઇ સ. ૧૮૬૭માં[2] ફ્રેન્ચ અનુવાદ છપાયો છે.[3]

સમાનનામક કૃતિ— ઉત્તમર્ષિની એક કૃતિનું નામ પ્રશ્નોત્તર-રત્નમાલા છે.

**નીતિશાસ્ત્ર** (લ. વિ. સં. ૧૩૦૦)—આના કર્તા તિલકપ્રભસૂરિ છે. એઓ 'પૂર્ણિમા' ગચ્છના દેવસૂરિના શિષ્ય થાય છે. એમણે **સુભાષિતાવલી** રચી છે. આ બંને કૃતિનો ઉલ્લેખ અજિતપ્રભસૂરિએ વિ. સં. ૧૩૦૭માં રચેલા **શાંતિનાથચરિત્ર**ની પ્રશસ્તિ (શ્લો.)માં કર્યો છે. ઉપર્યુક્ત તિલકપ્રભસૂરિએ આ **નીતિશાસ્ત્ર** રચ્યું તે પૂર્વે **ભાવનાસાર** રચ્યો હતો.

[4]**નીતિધનદ**[5] ( વિ. સં. ૧૪૯૦ )— આના કર્તા ધનદ છે. એમને ધન્યરાજ અને ધનરાજ પણ કહે છે. એઓ મંડન મંત્રીના કાકા [6]દેહડના

૧ એ રૂપાંતર પેટ્રોપોલીથી ઈ. સ ૧૮૫૮મા પ્રસિદ્ધ થયુ છે.

૨ Indische Streifen ( I, pp 210 ff )મા બે રૂપાતરોના જર્મન અનુવાદો પ્રસિદ્ધ થયા છે શ્લો. ૮, ૧૦, ૨૬ અને ૨૭નો વિન્તર્નિત્સે કરેલો અગ્રેજી અનુવાદ HIL (Vol. II, pp. 559–560)મા અપાયો છે

૩ "Indian Historical Quarterly (V, p 1431)મા ઈ. સ. ૧૯૨૯મા વિધુશેખર ભટ્ટાચાર્યનો લેખ છપાયો છે.

૪ આ તેમજ **શૃંગાર–ધનદ** અને **વૈરાગ્ય–ધનદ** એ ત્રણે શતકો "કાવ્યમાલા" (ગુ. ૧૩)મા ઈ. સ. ૧૯૧૬મા મુદ્રિત થયા છે.

૫ આ કૃતિને જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૨૧૬)મા **નીતિ–શતક** કહી છે.

૬ એઓ ગુર્જર પાદશાહનો ગર્વ તોડનારા ઘોરી **આલમશાહ**ના મંત્રી થાય છે. એમણે 'ખરતર' ગચ્છના મુનિઓ પાસેથી તીર્થંકરોનાં ચરિત્રો સાભળી તત્ત્વોપદેશ પ્રાપ્ત કર્યો હતો.

પુત્ર થાય છે. એમની માતાનું નામ ગંગાદેવી હતું. આ ધનદે ભર્તૃહરિકૃત શતકત્રયની પેઠે ત્રણ શતકો રચ્યાં છે. એને ધનદ-ત્રિશતી તરીકે ઓળખાવાય છે. આ પૈકી એક શતક તે નીતિ-ધનદ છે, અને બીજાં બે તે શૃંગાર-ધનદ અને વૈરાગ્ય-ધનદ છે નીતિ-ધનદ નામની કૃતિ મંડપદુર્ગમાં વિ. સં. ૧૪૯૦માં રચાયેલી છે. એમાં ધનદે પોતાનો પરિચય આપ્યો છે. સાથે સાથે એમાં એમણે જિનભદ્રસૂરિનું સ્મરણ કર્યું છે.

નીતિશાસ્ત્ર (લ. વિ. સં. ૧૫૩૦)—આ ધર્મશ્રેષ્ઠીની કૃતિ છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૩૪માં લખાયેલી મળે છે.

[1]નીતિસાર—આ ૧૧૩ પદ્યની કૃતિના રચનાર દિ૰ ઇન્દ્રનંદિ છે. ૭૦મા પદ્યમાં પ્રભાચન્દ્ર તેમજ નેમિચન્દ્રનો ઉલ્લેખ છે.

નીતિસારસમુચ્ચય—આના કર્તાનું નામ કુંદકુંદાચાર્ય છે.

નીતિ-રસાયન—આના કર્તા શુભચન્દ્ર છે. શું એમણે જ વિ. સં. ૧૬૦૮માં પાંડવ-પુરાણ રચ્યું છે?

નીતિગ્રન્થ—આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

નીતિસાર—પ્રભાચન્દ્રે તેમજ સમયભૂષણે આ નામની એકેક કૃતિ રચી છે.

[2]સજ્જન-ચિત્ત-વલ્લભ—આ સામાન્ય નીતિને લગતી ૨૫ પદ્યોની કૃતિના કર્તા મલ્લિષેણ છે. ત્રીજા પદ્ય ઉપરથી એઓ દિ૰ હોય એમ લાગે છે. એ પદ્યમાં મલ્લિષેણનો ઉલ્લેખ છે.

ટીકા—આ લઘુ કૃતિના ઉપર કોઈકની ટીકા છે. અભિનવ શ્રુતમુનિએ કાનડીમાં આ લઘુ કૃતિની ટીકા રચી છે.

---

૧ આ "મા૰ દિ૰ ગ્રં૰"માં ગ્રંથાંક ૧૨ નામે "તત્ત્વાનુશાસનાદિસંગ્રહ"માં પૃ. ૫૮-૬૯મા વિ. સં. ૧૯૭૫માં છપાવાયો છે.

૨ આ નામની એક કૃતિ પં નેમિદાસે રચી છે

[1]રત્નમાલા—આ સદાચારને અંગેની ૬૭ શ્લોકની કૃતિ છે. એ દિ૦ સમન્તભદ્રના શિષ્ય શિવકોટિની રચના છે. એના સંપાદકના મતે આ કૃતિના પ્રણેતા આરાહણાના કર્તાથી ભિન્ન છે, કેમકે શ્લો. ૨૨, ૬૩ અને ૬૪ એ આરાહણામાંના નિરૂપણથી ભિન્ન મત દર્શાવે છે. વિશેષમાં એમણે કહ્યું છે કે શ્લો. ૬૫ યશસ્તિલકમાંથી ઉદ્ધૃત કરાયો હશે.

## (૨) સુભાષિતો

સૂક્તિસમુચ્ચય (લ. વિ. સં. ૧૦૨૫)— આના કર્તા યશસ્તિલક (વિ. સં. ૧૦૧૬), નીતિવાક્યામૃત [2]વગેરે રચનારા દિ૦ સોમદેવસૂરિ હોવાનું કેટલાક માને છે.

[3]સુભાષિત-રત્ન-સન્દોહ (વિ. સં. ૧૦૫૦)— આના કર્તા દિ૦ [4]અમિતગતિ બીજા છે. એઓ 'માથુર' સંઘના માધવસેનના શિષ્ય અને [5]નેમિષેણના પ્રશિષ્ય થાય છે.[6] એમણે [7]આરાધના, [8]ઉપાસકાચાર યાને

૧ આ "મા૦ દિ૦ ગ્રં૦"મા ગ્રંથાંક ૨૧મા વિ. સં. ૧૯૭૯મા છપાવાઈ છે.

૨ જુઓ પૃ ૨૬૧–૨૬૨.

૩ આની બીજી આવૃત્તિ "કાવ્યમાલા" (ગુ. )મા ઈ. સ. ૧૯૦૯મા છપાઈ છે. આ મૂળ કૃતિ હિંદી અનુવાદ સહિત "હરિભાઈ દેવકરણ જૈન ગ્રંથમાલા"મા ગ્રંથાંક ૩ તરીકે ઈ. સ. મા છપાઈ છે. વળી આ કૃતિ આર શ્મિટ અને હર્ટલ એ એના સંયુક્ત જર્મન અનુવાદ સહિત Z D M Gમા બે કટકે ઈ. સ. ૧૯૦૫ અને ઈ. સ. ૧૯૦૭મા Vol. 59 અને 61માં છપાઈ છે.

૪ "આચાર્ય અમિતગતિ" એ નામનો પં. નાથૂરામ પ્રેમીનો લેખ જૈ૦ સા૦ ઇ૦ (પૃ. ૧૭૨–૧૮૨)માં છપાયો છે.

૫ એમના ગુરુ તે 'વીતરાગ' અમિતગતિ યાને અમિતગતિ પહેલા છે. એ અમિતગતિ વીરસેનના શિષ્ય દેવસેનના શિષ્ય થાય છે. એ અમિતગતિ પહેલાએ યોગસાર-પ્રાભૃત રચ્યું છે એમ કેટલાક કહે છે.

૬ એમની શિષ્ય-પરંપરા નીચે મુજબ છે—

શાન્તિષેણ, અમરસેન, શ્રીષેણ, ચન્દ્રકીર્તિ અને વિ. સં. ૧૨૪૭મા 'અપભ્રંશ'માં છક્કમોવએસ રચનાર અમરકીર્તિ.

૭ આ વિજયોદ્દયા અને દર્પણની સાથે છપાઈ છે.

૮ આ કૃતિ "અનંતકીર્તિ દિગંબર જૈન ગ્રંથમાલા"મા વિ. સં. ૧૯૭૯મા છપાઈ છે.

શ્રાવકાચાર, [1]ભાવના-દ્વાત્રિંશતિકા, [2]ધર્મપરીક્ષા, [3]પંચસંગ્રહ અને ૧૨૧ પદ્યનો [4]સામાયિક-પાઠ પણ રચ્યાં છે. પ્રસ્તુત કૃતિ એમણે ૯૨૨ પદ્યોમાં ૩૨ પ્રકરણોમાં વિભક્ત કરી વિ. સં. ૧૦૫૦મા રચી છે. આપ્તનું સ્વરૂપ વિચારતી વેળા વૈદિક હિંદુઓના દેવોની કડક સમાલોચના ૨૬મા પ્રકરણમા કરાઇ છે. વિશેષમાં અંતમાં ૨૧૭ પદ્યો દ્વારા શ્રાવકોના ધર્મ વિષે નિરૂપણ કરાયું છે અને એ રીતે શ્રાવકાચારની આ નાની આવૃત્તિ ગણાય સ્ત્રીઓના ગુણો અને દોષો, ઇન્દ્રિયોનો નિગ્રહ વગેરે બાબતો આ કૃતિમાં આલેખાઈ છે.

[5]**હેમચન્દ્ર-વચનામૃત** (લ. વિ. સ. ૧૨૨૦[6])— આ રચના 'કલિ૰' હેમચન્દ્રસૂરિએ વિ સં. ૧૨૨૦ની આસપાસમાં રચેલા ત્રિષષ્ટિ૰ના દસે પર્વમાંથી ચૂંટી કાઢેલાં વચનામૃતોના સંગ્રહરૂપ છે. આ સંગ્રહમાં સાતમા પર્વ પૂરતો અંશ ન્યાયતીર્થ સાહિત્યતીર્થ મુનિશ્રી હિમાંશુવિજયે યોજ્યો છે અને એનો ગુજરાતી અનુવાદ પણ એમણે કર્યો છે, જ્યારે બાકીનાં નવે પર્વમાથી વચનામૃતો એકત્રિત કરી તેનો ગુજરાતી

---

૧ આને **સામાયિકપાઠ** પણ કહે છે આ ૩૩ પદ્યની કૃતિ "મા૰ દિ૰ ગ્રં૰"મા ગ્રંથાક ૧૩મા પૃ ૧૩૨–૧૩૭મા વિ સં ૧૯૭૫માં છપાઇ છે

૨ આ કૃતિ હિન્દી અનુવાદ સહિત ઘણા વર્ષો ઉપર છપાઈ છે

૩ આ "મા૰ દિ૰ ગ્ર૰"મા ગ્રંથાક ૨૫ તરીકે ઈ. સ ૧૯૨૭મા છપાયો છે

૪ આ કૃતિ "મા૰ દિ૰ ગ્રં૰મા ગ્રંથાક ૨૧ નામે "સિદ્ધાન્તસારાદિસંગ્રહ"મા પૃ ૧૭૦–૧૯૧મા વિ સં. ૧૯૭૯માં છપાઈ છે

૫ આ કૃતિ "વિજયધર્મસૂરિગ્રન્થમાલા"મા પુસ્તક ૩૬ તરીકે વિ. સં ૧૯૯૩માં પ્રકાશિત થયેલી છે આમા બે અનુક્રમણિકાઓ અપાઈ છે પહેલીમા પર્વ અને સર્ગના ક્રમાક અપાયા છે અને બીજીમા વિષયનો ઉલ્લેખ માનનીય-વર્ગ, કુટુંબ-વર્ગ, રાજ-વર્ગ, દ્રવ્ય-વર્ગ, ગુણિ-વર્ગ, અવગુણિ-વર્ગ ઇત્યાદિ વર્ગો પાડીને કરાયો છે. વિશેષમાં એને દેવ-કાંડ (૪૮), માનવ-કાંડ (૪૭૬), તિર્યક્-કાંડ (૬૫) અને અજીવ-કાંડ (૩૨૪) એમ ચાર કાંડમાં વિભક્ત કર્યાં છે અહી ૪૮ ઇત્યાદિ વચનોની સખ્યા છે.

૬ આ રચનાસમય હેમચન્દ્રવચનામૃતગત સંસ્કૃત લખાણને અંગેનો છે

અનુવાદ મુનિશ્રી જયન્તવિજયજીએ કર્યો છે આ સમગ્ર સંગ્રહમાં ૯૧૫ વચનામૃતો છે. આમાં કેટલાંક વચનામૃતો એવા છે કે જેમાં બબ્બે નીતિવાક્યો સંકળાયેલાં છે.

આ સંગ્રહમાં પરમાત્મા, સૂર્ય, ચન્દ્ર, મુનિ, સંત, ગુરુ, વડીલ, શિષ્ય, અતિથિ, સાધર્મિક, આપ્ત, ચક્રવર્તી, મંત્રી, સુભટ, સારથિ, પ્રજા, બ્રાહ્મણ, મિત્ર, શત્રુ, સ્ત્રી, પશુ, પક્ષી, રાજનીતિ ઇત્યાદિને લગતાં વચનામૃતો છે.

[1]**સૂક્તિમુક્તાવલી, સિન્દૂરપ્રકર યાને સોમશતક** (લ. વિ સં. ૧૨૫૦)— આના કર્તા **સોમપ્રભસૂરિ** છે. એઓ 'પોરવાડ' વૈશ્ય સર્વદેવનો પુત્ર અને જિનદેવના પૌત્ર થાય છે. એમણે કુમારાવસ્થામાં 'બૃહદ્' ગચ્છના અજિતદેવના શિષ્ય વિજયસિંહ પાસે દીક્ષા લીધી હતી અને એઓ ટૂંક સમયમા આચાર્ય બન્યા હતા એમણે વિ સં. ૧૨૪૧માં [2]**કુમારવાલપડિબોહ** રચ્યો છે. વળી [3]**સુમઈનાહચરિય**,

---

૧ આ કાવ્ય **"કાવ્યમાલા"** (ગુ. ૭)મા ઈ સ ૧૯૦૭મા (ત્રીજી આવૃત્તિ) છપાયુ છે એ હર્ષકીર્તિસૂરકૃતિ વ્યાખ્યા સહિત અમદાવાદથી ઈ સ. ૧૯૨૪મા પ્રસિદ્ધ થયુ છે ભીમસી માણેક તરફથી આ કાવ્ય આ વ્યાખ્યા, એને અંગેનો કોઇકનો બાલાવબોધ તેમજ પં. બાનરસીદાસે વિ. સં. ૧૬૯૧મા આ કાવ્ય પરત્વે કરેલ હિદી કવિત્ત સહિત ઈ. સ ૧૯૦૨મા પ્રસિદ્ધ કરાયું છે વળી આ મૂળ કૃતિ હર્ષકીર્તિસૂરિકૃત વ્યાખ્યા સહિત "હંસવિજય ફ્રી લાયબ્રેરી" તરફથી ઈ. સ ૧૯૨૪મા છપાવાઇ છે શ્રી માવજી દામજી શાહે મૂળ કૃતિ પદ્યાનુક્રમણિકા, શબ્દ-કોષ અને ગુજરાતી અનુવાદ સહિત પ્રસિદ્ધ કરી છે અને એની ચોથી આવૃત્તિ ઈ. સ. ૧૯૩૬મા બહાર પડી છે.

૨ જુઓ પા૦ ભા૦ સા૦ (પૃ ૧૧૮).

૩ એજન, પૃ ૧૧૭-૧૧૮.

[1]શતાર્થ-કાવ્ય અને એની [2]સ્વોપજ્ઞ વૃત્તિ તેમજ [3]શૃંગારવૈરાગ્ય-તરંગિણી પણ એમની કૃતિઓ છે. એમનો સ્વર્ગવાસ 'શ્રીમાલ' નગરમાં વિ સં. ૧૨૮૪ની આસપાસમા થયાનું મનાય છે. એમના પટ્ટધર તે સુપ્રસિદ્ધ જગચ્ચન્દ્રસૂરિ છે

આ પ્રાસાદિક કૃતિ સૂક્તિરૂપ મુક્તકોની માળા જેવી હોવાથી એનું **સૂક્તિમુક્તાવલી** એવું નામ કર્તાએ અંતિમ શ્લોકમા દર્શાવ્યું છે. આ કૃતિનો પ્રારંભ 'સિન્દૂર-પ્રકર'થી થતો હોવાથી એનું આ નામ પડ્યું છે. એમા સો શ્લોક હોવાથી એના કર્તાનું નામ જોડી એને **સોમશતક** કહે છે. ભર્તૃહરિકૃત **નીતિશતક** જોઇને કર્તાએ આ શતક રચ્યું હશે એ વિવિધ છંદોમાં ગુંથાયેલુ છે.

**વિષય**— મંગલાચરણથી શરૂ કરાયેલા આ શતકમાં શ્લો. ૯-૯૨-રૂપ એકવીસ ચતુષ્ટયમા એકેક વિષય રજૂ કરાયો છે આ ૨૧ની નોંધ શ્લો ૮માં જેવાય છે. જિનેશ્વર, ગુરુ, ધર્મ અને સંઘની મહત્તા, અહિંસાદિ પાંચ [4]મહાવ્રતો, ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય ઉપર વિજય, સહૃદયતા તેમજ દાન, શીલ, તપ અને ભાવ અહી વર્ણવાયા છે. ટૂંકમાં આમ અહી જૈન ધર્મ અને નીતિ સાથે સંબંધ ધરાવનારા વિવિધ વિષયો સુબોધ અને હૃદયંગમ શૈલીએ રજૂ કરાયા છે. આમાના કેટલાક

---

૧ આ કાવ્ય એની સ્વોપજ્ઞ વૃત્તિ તેમજ એના ગુજરાતી અનુવાદ સહિત અનેકાર્થસાહિત્યસંગ્રહના પ્રથમ વિભાગમા ઈ સ ૧૯૩૫મા છપાવાયું છે.

૨ આ પ્રકાશિત છે. જુઓ ટિ ૧

૩ આ પ્રકરણરત્નાકર (ભા ૨ પૃ. ૨૧૭-૨૪૭)મા ગુજરાતી અનુવાદ સહિત ઇ સ ૧૮૭૬મા છપાયું છે નંદલાલની ટીકા સહિત આ કૃતિ વડોદરાના શ્રાવક જગજીવને વિ સં ૧૯૪૨મા છપાવી છે. "જૈન સ્વયંસેવક મંડળે" ઇન્દોરથી આ કૃતિ મારા ગુજરાતી અનુવાદ અને સ્પષ્ટીકરણ સહિત ઇ. સ ૧૯૨૩મા છપાવી છે.

૪ પ્રાણાતિપાત-વિરમણ, મૃષાવાદ-વિરમણ, અદત્તાદાન-વિરમણ, અબ્રહ્મવિરમણ અને પરિગ્રહ-વિરમણ

(૬) સૂક્તાવલી — આ તત્ત્વવલ્લભની રચના છે.

(૭) સૂક્તિમુક્તાવલી— આ નામની ત્રણ કૃતિઓ છે. એના કર્તાનાં નામ શ્રુતમુનિ, સોમદેવ અને સોમસેન છે

(૮) સૂક્તિરત્નાવલી— આના કર્તા અભયચન્દ્ર છે.

બીજા પ્રકારની કૃતિઓનાં નામ નીચે મુજબ છે:—

સુભાષિત, સુભાષિતશતક, સુભાષિતષટ્ત્રિંશિકા, સુભાષિતસારોદ્ધાર, સુભાષિતાર્ણવ, સૂક્તસંગ્રહ, સૂક્તસંદોહ અને સૂક્તાવલી યાને સુભાષિતસંગ્રહ.

## (૩) [1]રાજનીતિ

[2]નીતિવાક્યામૃત (લ વિ. સં. ૧૦૨૫)— આના કર્તા દિ૦ તાર્કિક કવિ સોમદેવસૂરિ છે. એઓ 'દેવ' સંઘના યશોદેવના શિષ્ય નેમિદેવના શિષ્ય થાય છે અને મહેન્દ્ર ભટ્ટારકના અનુજ થાય છે એમણે શકસંવત્ ૮૮૧ (વિ. સ. ૧૦૧૬)માં યશસ્તિલક-ચંપૂ નામની કૃતિ રચી છે. નીતિવાક્યામૃતની પ્રશસ્તિમા યશોધર-ચરિત્રનો જે ઉલ્લેખ છે તે આ જ કૃતિ છે. વિશેષમા આ ગ્રંથકારની (૧) [3]ત્રિવર્ગ–મહેન્દ્ર–

૧ આનો અંતર્ભાવ ચાર પુરુષાર્થ પૈકી અર્થ-પુરુષાર્થમા કરાય છે જુઓ જૈ૦ સા૦ ઇ૦ (પૃ ૬૧)

૨ આ ગ્રંથ અજ્ઞાતકર્તૃક સંસ્કૃત ટીકા તેમજ એ ટીકાગત પદ્યાત્મક અવતરણોની સૂચી સહિત "મા૦ દિ૦ ગ્ર૦"મા ગ્રંથાક ૨૨ તરીકે વિ સ ૧૯૭૯મા છપાયો છે મૂળની એક સુંદર તાડપત્રીય હાથપોથી મળે છે "सोमदेवसूरिका नीतिवाक्यामृत" નામનો પં નાથૂરામ પ્રેમીનો મનનીય લેખ જૈ૦ સા૦ ઇ૦ (પૃ ૬૧–૯૨)મા છપાયો છે એ લેખ તે આ સટીક કૃતિની ભૂમિકા રૂપે હતો એનો અંશત વિસ્તાર છે

૩ મહેન્દ્ર અને એના સારથિ માતલિ વચ્ચેની ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગ—પુરુષાર્થને અંગેની ચર્ચા સંવાદરૂપે આમા રજૂ કરાઈ હશે

(૪) ન્યાસ—આ રત્નહર્ષ અને હેમરત્નના સંયુક્ત પરિશ્રમનું ફળ છે.

(૫) રૂપરત્નમાલા—ભાનુમેરુના શિષ્ય [૧]નયસુન્દરે ૧૪૦૦૦ શ્લોક જેવડી આ ટીકા વિ. સં. ૧૬૭૬માં રચી છે.

(૬) વૃત્તિ—'ખરતર' ગચ્છના હેમનંદન અને રત્નહર્ષના શિષ્ય સહજકીર્તિએ લક્ષ્મીકીર્તિની સહાયતાથી વિ. સં. ૧૬૮૧માં આ રચી છે.

(૭) [૨]ટીકા—ચન્દ્રકીર્તિસૂરિએ આ ટીકા વિક્રમની ૧૭મી સદીમાં રચી છે. સારસ્વત-ધાતુપાઠ રચનારા હર્ષકીર્તિસૂરિએ આનો પ્રથમાદર્શ લખ્યો છે.

(૮) ટીકા—હર્ષકીર્તિસૂરિએ આ રચી છે.[૩]

(૯) પ્રક્રિયા-વૃત્તિ—વિક્રમની ૧૭મી સદીના 'ખરતર' ગચ્છના વિશાલકીર્તિની આ રચના છે.

(૧૦) ટીકા—'તપા' ગચ્છના ઉપા૦ ભાનુચન્દ્રે આ રચી છે.

(૧૧) ટીકા—આની રચના ભાનુચન્દ્રના શિષ્ય દેવચન્દ્રે પદ્યમાં કરી છે.

(૧૨) ટિપ્પનક—આ હરિભદ્રના શિષ્ય ક્ષેમેન્દ્રે વિ. સં. ૧૬૯૨માં રચ્યું છે. ભાનુચન્દ્રગણિએ ૨૧૫૦ શ્લોક જેવડું જે ભાષ્યવિવરણ રચ્યું છે તે આ ટિપ્પનકની ટીકા છે એમ કેટલાક કહે છે.

(૧૩) પંજિકા—આના કર્તા ધર્મદેવ છે.

૧ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ ૪૩૪) પ્રમાણે આ ધનરત્નના શિષ્ય છે

૨ આ "વેંકટેશ્વર મુદ્રણાલય" તરફથી છપાઈ છે

૩ જુઓ અમરવિજયજીના શિષ્ય ચતુરવિજયજીનો લેખ "જૈનેતર સાહિત્ય અને જૈનો". આ લેખ "જૈ૦ ધ૦ પ્ર૦" (પુ ૫૪, અં ૯)મા છપાયો છે.

સંસ્કૃતમા છે. એમા મૂળ પદ્યાત્મક કૃતિનું કટકે કટકે સંસ્કૃતમાં વિવરણ અપાયું છે અને સાથે સાથે ગુજરાતીમા એની સમજૂતી અપાઈ છે.[1]

## (૫) ગણિત

[2]ગણિતસાર— આના કર્તા શ્રીધર છે. શુ ત્રિશતિકાના કર્તા શ્રીધર (ઇ. સ. ૭૫૦) તે જ આ છે ?

[3]વૃત્તિ— ગણિતસાર ઉપર 'ઉપકેશ' ગચ્છના સિદ્ધિસૂરિએ વૃત્તિ રચી છે

[4]ગણિતતિલક[5] યાને ગણિત-પાટી[6] (લ. વિ સ. ૧૧૦૦)— આના કર્તા શ્રીપતિ છે. એમણે શકસંવત્ ૯૬૧મા ધીકોટિદ-કરણ, શકસંવત્ ૯૭૮માં ધ્રુવમાનસ, ઇ. સ. ૧૦૪૦ની આસપાસમાં [7]સિદ્ધાન્ત-શેખર ઇત્યાદિ કૃતિઓ રચી છે એઓ લીલાવતીના કર્તા ભાસ્કરાચાર્યના પુરોગામી છે. એમણે સર્વ દર્શનોને સંમત થાય એવું મંગલાચરણ કરી પરિભાષાઓ સમજાવી છે. એમણે પાટીગણિતને લગતી વિવિધ બાબતો

---

૧ આનો નમૂનો ષષ્ટિશતક પ્રકરણની પ્રસ્તાવના (પૃ ૨૦–૨૨ અને ૨૯)માં અપાયો છે

૨ આ પ્રકાશિત છે?

૩ જુઓ શ્રી અગરચદ નાહટાનો પૃ ૨૭૧મા નિર્દિષ્ટ લેખ.

૪ આ કૃતિ સિંહતિલકસૂરિકૃત વૃત્તિ સહિત "ગા૦ પૌ૦ ગ્ર૦"મા ગ્રંથાંક ૭૮ તરીકે ઇ. સ ૧૯૩૭મા છપાઈ છે એનુ સંપાદન મે કર્યું છે. એના અંગ્રેજી ઉપોદ્‌ઘાતમા મેં "ગણિતશાસ્ત્રને અંગેનો જૈનોનો ફાળો" એ વિષય વિસ્તારથી ચર્ચ્યો છે

૫ આ નામ સિંહતિલકસૂરિએ યોજ્યું છે. એમ કરવામા એમણે પોતાના નામનો એક અંશ જોડયો હોય એમ જણાય છે

૬ શ્રીપતિએ "गणितस्य पाटी" એમ કહ્યુ છે એ ઉપરથી મેં આ નામ યોજ્યું છે, બાકી સામાન્ય રીતે 'પાટીગણિત' એવું નામ હોય.

૭ આમા જૈનોની બે સૂર્ય, બે ચન્દ્ર ઇત્યાદિને લગતી માન્યતાનું ખંડન કર્યું છે

કુશલતાઓ કે જે અનેક વિદ્વાનોના મનોવિનોદના મૂળરૂપ હોય તે અનેક પ્રકારે સંભવે છે એમ કહ્યું છે.

પૃ. ૧૮૯, પં. ૫. '૬૧૦' પર ટિપ્પણ: મૂળ લેખમાં '૫૯૦' છપાયા છે

પૃ. ૧૯૩, ટિ. ૨. થોડા વખત ઉપર ડૉ. ઉમાકાંત પ્રેમાનંદ શાહનું Studies in Jaina Art નામનું પુસ્તક (પૃ ૮+૧૬૬) ૩૬ પ્લેટ્સમાં ૮૯ ચિત્રો સહિત "જૈન કલ્ચરલ રીસર્ચ સોસાયટી" તરફથી બનારસથી પ્રસિદ્ધ થયું છે ખરું પણ એ મારા જોવામાં આવ્યું નથી.

પૃ. ૨૧૧, પં ૧૦. 'પુરુષ' ઉપર ટિપ્પણ: દિ૦ જિનસેને શકસંવત્ ૭૦૫માં રચેલા હરિવંશપુરાણ સર્ગ ૨૩ (શ્લો૦ ૫૫-૧૦૭)માં પુરુષનાં લક્ષણો અને એ સર્ગ (શ્લો. ૮૫-૯૭)માં કરલક્ષણ અને એની સાર્થકતા વિષે નિરૂપણ કર્યું છે.

પૃ ૨૧૬, પં. ૧૩. લોકકલ્પ (ઇ. ઇ. સ. પૂર્વે ૩૦૦)—આના કર્તા [1]શ્રુતકેવલી [2]સમન્તભદ્ર છે અને એમણે પોતાની ઇચ્છાથી આ શાસ્ત્ર વિદ્યાપ્રવાદ નામના પૂર્વમાંથી ઉદ્ધૃત કર્યું હતુ એમ જિનદત્તસૂરિએ શકુનરહસ્યની પ્રશસ્તિમાં કહ્યું છે. એ લોકકલ્પ હજી સુધી તો અપ્રાપ્ય છે એટલે એની રચના સંસ્કૃતમાં કરાઇ હશે કે કેમ તે જાણવું બાકી રહે છે. બાકી એના આધારે શકુનરહસ્ય રચાયું છે એટલે એ લોકકલ્પમાં શુકનનો તો અધિકાર હોવો જોઇએ એમ બેધડક કહી શકાય.

---

૧ આ ઉલ્લેખ વાસ્તવિક છે એમ માની મેં લોકકલ્પનો સમય દર્શાવ્યો છે.

૨ અભિ૦ ચિ૦ (કાંડ ૧, શ્લો. ૩૨-૩૩)માં જે ૭ શ્રુતકેવલી ગણાવાયા છે તેમાં એમનું નામ નથી

પૃ ૨૧૭, પં. ૧૫. [૧]શકુન-રહસ્ય[૨] (લ. વિ સં. ૧૨૫૦)— આના કર્તા 'વાયડ' ગચ્છના જિનદત્તસૂરિ છે. એઓ અમરચન્દ્રસૂરિના અને અરિસિંહના ગુરુ થાય છે. એમણે [૩]વિવેકવિલાસ વિ સં. ૧૨૭૦ના અરસામાં રચ્યો છે. પ્રસ્તુત કૃતિ પદ્યમા છે અને એ નવ પ્રસ્તાવમાં વિભક્ત છે.

વિષય—પ્રારભમાં મંગલાચરણ છે. ત્યાર બાદ સતાનના જન્મ, લગ્ન અને શયન સંબંધી શુકનો, પ્રભાતે જાગતી વેળાના, દાતણ અને સ્નાન કરતી વખતના, પરદેશ જતી વેળાનાં અને નગરમા પ્રવેશ કરતી વેળાનાં શુકનો, વરસાદ સંબધી પરીક્ષા, વસ્તુના મૂલ્યમા વધઘટ, ઘર બાંધવા માટેની જમીનની પરીક્ષા, જમીન ખોદતાં નીકળતી વસ્તુઓનાં ફળ, સ્ત્રીને ગર્ભ નહિ રહેવાનાં કારણ, સંતાનોના અપમૃત્યુની ચર્ચા, [૪]મોતી, [૫]હીરા વગેરે રત્નોના પ્રકાર અનુસાર તેનાં શુભાશુભ ફળ અને ગ્રંથકારની પ્રશસ્તિ એમ વિવિધ બાબતો આલેખાઇ છે.

---

૧ આનુ ગુજરાતી ભાષાતર હીરાલાલ વિ હંસરાજે કર્યું છે અને એ શુકનશાસ્ત્રના નામથી જામનગરથી ઇ સ ૧૮૯૯મા એમણે પ્રકાશિત કર્યું છે

૨ મૂળ સંસ્કૃત કૃતિ પ્રસિદ્ધ થઈ હોય તો તે હજી સુધી મારા જોવામા આવી નથી

૩ આ કૃતિ પ દામોદર ગોવિન્દાચાર્યે કરેલા ગુજરાતી ભાષાતર સહિત બાલાભાઈ રાયચદ અને દેવીદાસ છગનલાલ એ બે જણે મળીને વિ સ ૧૯૫૪મા પ્રસિદ્ધ કરી છે.

૪ આને અગે મે "મોતી શુકનિયા અને અપશુકનિયા" નામનો લેખ લખ્યો છે એ હવે પછી પ્રસિદ્ધ થનાર છે

૫ આના ૧૧ પ્રકારના ફળ મેં "હીરો કેવો લેગો ?" એ નામના માગ લેખમા દર્શાવ્યા છે એ લેખ "હિંદુ મિલન મદિર" (વ ૮, અં ૧૧, પૃ ૫૩૦–૫૩૪)માં પ્રસિદ્ધ થયો છે.

આધાર— 'શ્રુતકેવલી' સમન્તભદ્રે રચેલા લોકકલ્પના આધારે આ પ્રસ્તુત કૃતિ યોજાઇ છે એમ પ્રશસ્તિમાં ઉલ્લેખ છે.

પૃ. ૨૨૪, ટિ. ૧. આ બીજી આવૃત્તિનું નામ વર્ષપ્રબોધ અને અષ્ટાંગ નિમિત્ત છે.

પૃ. ૨૨૮, પં. ૮. 'છે' પછી. આ વૈદ્યકગ્રંથ તે જ પૃ. ૧૭માં નોંધાયેલો વૈદ્યસાર છે. આનો સંક્ષિપ્ત પરિચય D C G C M (Vol. XVI, pt. 1, pp. 311-312)મા અપાયો છે.

નાડીપરીક્ષા— આ પૂજ્યપાદની કૃતિ છે એમ જિ૦ ૨૦ કો૦ (ખંડ ૧, પૃ. ૨૧૦)માં ઉલ્લેખ છે. આથી બે પ્રશ્ન ઉદ્ભવે છે:—

(૧) શું આ ઉપર્યુક્ત પૂજ્યપાદ છે?

(૨) શું આ કૃતિ ઉપર્યુક્ત વૈદ્યકગ્રંથનો ભાગ છે?

નાડીવિચાર— આ નામની બે અજ્ઞાતકર્તૃક કૃતિ છે. એકમા ૭૮ પદ્યો છે અને એનો પ્રારંભ "नत्वा वीरं"થી થાય છે. એની એક હાથપોથીમાથી પ્રારંભના બે પદ્ય અને અંતમાંનાં પાંચ પદ્યો પત્તન૦ સૂચી (ભા. ૧, પૃ. ૮૪)મા ઉદ્ધૃત કરાયા છે. તમામ પદ્યો 'અનુષ્ટુભ્'માં હશે એમ લાગે છે.

નાડીચક્ર અને નાડીસંચારજ્ઞાન— આ બેમાંથી એકેના કર્તાનું નામ જાણવામાં નથી. બીજી કૃતિનો ઉલ્લેખ બૃ૦ ટિ૦માં છે એટલે એ પાંચેક સૈકા જેટલી તો પ્રાચીન ગણાય.

નાડીનિર્ણય (ઉ. વિ. સં. ૧૮૧૨)— આ અજ્ઞાતકર્તૃક અને મુખ્યતયા પદ્યાત્મક કૃતિની [1]પાંચ પત્રની એક

[1] પહેલા પત્રની પહેલી પૂંઠી અને છેલ્લાની બીજી પૂંઠી કોરી છે

[1]હાથપોથી (૧૦ ૨"×૪ ૪") 'બૃહત્ ખરતર' ગચ્છના પં માનશેખરે મોટા અક્ષરે વિ. સ ૧૮૧૨મા લખી છે એમા આરંભમા "श्रीधन्वन्तरये नमः" એવા ઉલ્લેખપૂર્વક નાડીનિર્ણય એવુ કૃતિનુ નામ અપાયું છે. પ્રારંભના બે પદ્યો નીચે મુજબ છે:—

"स्नायुर्नाडी निशा हिंसा धमेनी धारिणी धरा।
तन्तुकीजीवितज्ञे च सरो पर्यायवाचका(ः) ॥१॥
वात्तं(तं) पित्तं कफं द्वन्द्वं त्रिपथं सन्निपातकम्।
साध्यासाध्यविवेकं च सर्वनाडी प्रकास्य(श्य)ते॥२॥"

૪૧ પદ્યો પછી 'નાડીપરીક્ષા' સંપૂર્ણ થયાનો ઉલ્લેખ છે. ત્યાર બાદ અનુક્રમે જે વિષયો ચર્ચાયા છે તેના નામ અને એના પદ્યોની સખ્યા નીચે મુજબ છે—

મૂત્રપરીક્ષા (૪૬), તેલના બિન્દુ ઉપરની દોષપરીક્ષા (૧૪), નેત્રપરીક્ષા (૮½), મુખપરીક્ષા (૨), જિહ્વાપરીક્ષા (૪), રોગોની સંખ્યા (૨૨) અને [2]જ્વરના પ્રકાર.

[3]પુષ્પિકાની પૂર્વે "नाडिवीचा समाप्तं" એવો ઉલ્લેખ છે. આથી 'નાડીવિચાર' નામ અભિપ્રેત હશે એમ લાગે છે

---

૧ આ હાથપોથી વ્યાકરણ-સાહિત્ય-તીર્થ મુનિશ્રી સૂર્યોદયવિજયજી પાસે જોવા મળી હતી

૨ આ લખાણ ગદ્યમા છે

૩ આ નીચે મુજબ છે—

"संवत् १८१२ना मागसर विद द्वतीयातिथै श्रीगरुवासरे श्रीवृहत्खरतरगच्छै वा०श्रीपुन्यसारगणितत्शिषपं०नत्यभक्तिगणित० पंवद्यारोन पं० मानशेषर लिख्यत्तं: ॥"

**નિદાનમુક્તાવલી**—'નિદાન' શબ્દના સાત અર્થ થાય છે. એ પૈકી નિમ્નલિખિત બે અર્થ અત્ર પ્રસ્તુત જણાય છે:—

(૧) રોગનાં કારણોની તપાસ (pathology).

(૨) રોગ નક્કી કરવો તે યાને રોગની ઓળખ (diagnosis).

જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૨૧૨)માં પૂજ્યપાદે **નિદાનમુક્તાવલી** રચ્યાનું અને એની બાર પત્રની એક હાથપોથી હોવાનો ઉલ્લેખ છે. આ પૂજ્યપાદ અને એમની આ કૃતિ વિષે **નાડીપરીક્ષા** માટે પૃ. ૩૦૮માં પુછાયેલા બે પ્રશ્નો ઉદ્ભવે છે.

**નિદાન**—આના કર્તા જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૨૧૨) પ્રમાણે લક્ષ્મીધર છે.

પૃ. ૨૨૯, પં. ૩. 'આઠ' ઉપર ટિપ્પણ: સુશ્રુતસંહિતા (સૂત્ર-સ્થાન, અ. ૫, શ્લો. ૫)માં શસ્ત્રકર્મના છેદ્ય, ભેદ્ય ઇત્યાદિ આઠ પ્રકારો દર્શાવાયા છે.

પૃ. ૨૨૯, પં. ૨૦. 'યોગરત્નમાલા' ઉપર ટિપ્પણ: યોગરત્નમાલા માટે જુઓ D C G C M (Vol. XVI, pt. 1, Nos. 170–174).

પૃ. ૨૩૦, પં. ૨. 'યોગચિન્તામણિ' ઉપર ટિપ્પણ; યોગચિન્તામણિ માટે જુઓ D C G C M (Vol. XVI, pt. 1, Nos. 158–161).

પૃ. ૨૩૦, પં. ૯. 'વૈદ્યવલ્લભ' ઉપર ટિપ્પણ: વૈદ્યવલ્લભ માટે જુઓ D C G C M (Vol. XVI, pt. 1, Nos. 281–283).

પૃ ૨૩૧, પં. ૨. 'યોગરત્નાકર' ઉપર ટિપ્પણ યોગરત્નાકરના અંતિમ ભાગની કડી ૯૧-૯૬ જૈન ગૂર્જર કવિઓ (ભાગ ૨, પૃ. ૩૫૧-૩૫૨)માં અને એ અંતિમ ભાગની કડી ૮૪-૯૦ અને ૯૭-૧૦૮ એ પુસ્તક (ભા. ૩, ખંડ ૨, પૃ ૧૩૨૫-૬)માં અપાઇ છે.

યોગરત્નાકર નામની કોઇ અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે.

પૃ ૨૩૧, પં ૬ અને ૧૫. દ્રવ્યાવલીનિઘંટુ અને રસચિન્તામણિ (આ પ્રકાશિત છે) માટે જુઓ D C G C M (Vol. XVI, pt I)ના અનુક્રમે ક્રમાંક ૧૦૫-૧૦૯ અને ૧૯૨-૧૯૩.

પૃ ૨૩૨, પં. ૧૫. 'છે?' પછી. રત્નસાગર માટે જુઓ ઉપર્યુક્ત પુસ્તકનો ક્રમાંક ૧૯૧.

પૃ. ૨૩૪, પં. અંત્ય આ પુસ્તકમાં પશુ-પંખીના આયુષ્ય વિષે ઉલ્લેખ છે. એની સંક્ષિપ્ત નોંધ "જૈ० સ० પ્ર०" (વ. ૯, અં. ૭, પૃ. ૩૪૦)માં લેવાઇ છે.

પૃ ૨૩૫. પં ૧૨. 'હશે' પછી. શ્વ-શકુનાધ્યાય— જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૪૦૦)માં આ કૃતિનું નામ શ્વાનશકુનાધ્યાય અપાયું છે. એ ઉપરથી મે આ નામ યોજ્યું છે. આ કૃતિની નોંધ પત્તન૦સૂચી (ભાગ ૧, પૃ ૧૨૬)મા છે, આ કૃતિમાં ૨૨ પદ્યો છે. એમાં કૂતરાની હિલચાલ ઉપરથી શુકન જાણવાની હકીકત અપાઇ છે

પૃ ૨૩૮, પં. ૭. 'છે.' પછી. આ સંબંધમાં કેટલીક માહિતી જૈન ચિત્ર કલ્પદ્રુમમાંનું વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીનું લખાણ (પૃ. ૩૭-૪૫) પૂરી પાડે છે.

પૃ. ૨૪૩, ૫. ૧૦. 'છે.' પછી. 'ધન્દ્રન દિ' શબ્દ આના આદ્ય પદ્યમા છે. અંતિમ પદ્ય કર્તાની પ્રશંસારૂપ છે તો એ કર્તાના કોઇ ભક્તે ઉમેર્યું હશે

પૃ. ૨૪૪, ટિ. ૩ સુભાષિતરત્નસંદોહના નામથી મૂળ કૃતિ, એના દયાળજી ગંગાધર ભણસાળીએ શરૂ કરી લગભગ પૂર્ણ કરેલા અને છેલ્લાં સોએક પદ્યોના ભોગીલાલ અમરતલાલ જવેરીએ કરેલા ગુજરાતી ભાષાંતર સહિત હીરજી ગંગાધર ભણસાળીએ વિ સં. ૧૯૮૮માં પ્રકાશિત કરી છે. મૂળ કૃતિ અશુદ્ધ છપાઇ છે.

પૃ. ૨૫૭, પં ૧૧. 'છે.' પછી. આર્યાગાથા— આ મુખ્યતયા 'આર્યા'માં રચાયેલાં ૧૪૦ પદ્યોની કૃતિ છે. એના કર્તાનું નામ જાણવામાં નથી. એમાં અનેક સુભાષિતો અપાયેલાં છે. આ કૃતિનાં પ્રારંભનાં બે પદ્યો અને અંતમાંનાં ત્રણ પદ્યો મે D C G C M (Vol. XVIII, pt 1, p 269)માં આપ્યા છે. આ અપ્રસિદ્ધ કૃતિની એક જ હાથપોથી મળતી હશે એમ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૩૪) જોતાં અનુમનાય છે.

પૃ. ૨૬૯. ૫. ૮. 'છે.' પછી. આ ઉક્તિના સંગ્રહરૂપ [1]કૃતિની બે હાથપોથીઓનો પરિચય D C G C M (Vol. II, pt. [2]1)મા ક્રમાંક ૩૮૬ અને ૪૧૭ તરીકે અપાયો છે. પ્રારંભમા ભારતીના સ્મરણપૂર્વકનું પદ્ય છે. ત્યાર બાદ વિભક્તિનુ

૧ જુઓ પૃ ૯૩

૨ આ ભાગમા વૈદિક અને પાણિનીય વ્યાકરણોને લગતી હાથપોથીઓનો પરિચય ડૉ શ્રીપાદ કૃષ્ણ બેલ્વલકરે આપ્યો છે. એમા ઉક્તિરત્નાકરને સ્થાન અપાયુ છે એટલે એ પાણિનીય વ્યાકરણને લગતી કૃતિ ગણાય. એ હિસાબે મે એની અહીં નોંધ લીધી છે.

સ્વરૂપ ગદ્યમાં આલેખાયું છે. પાઇય શબ્દોનાં સંસ્કૃત સમીકરણો (દા. ત करइ = क्रियते અને जणाइ = ज्ञायते) આ કૃતિનો મહત્ત્વનો અને સૌથી મોટો અંશ છે.

પૃ. ૨૬૯, પં. ૮. 'છે' પછી પદવ્યવસ્થા— આના કર્તા વિમલકીર્તિ છે. એમણે પાણિનિકૃત અષ્ટા૦ પ્રમાણે સંસ્કૃત ધાતુઓનાં પદ જાણવાના નિયમો સૂત્રોને પદ્યાત્મક સ્વરૂપ આપી રજૂ કર્યાં છે. એમણે પોતાને 'વિદ્વાન્' કહ્યા છે.

ટીકા (વિ સં. ૧૬૮૧)— આ ૩૩૦૦ શ્લોક જેવડી ટીકાના કર્તા ઉદયકીર્તિ છે. એઓ 'ખરતર' ગચ્છના સાધુકીર્તિના શિષ્ય વિમલતિલકના શિષ્ય સાધુસુન્દરના શિષ્ય થાય છે. એમણે આ ટીકા બાલજનોના બોધાર્થે વિ સં. ૧૬૮૧માં રચી છે. એના અંતમાં એમણે ૭ પદ્યની પ્રશસ્તિ આપી છે. આની મૂળ સહિતની એક હાથપોથી વિ. સં. ૧૭૧૩માં સુખસાગરગણિના શિષ્ય સમયહર્ષને માટે લખાયેલી મળે છે. આ હાથપોથીનો અવતરણપૂર્વક પરિચય "પદવ્યવસ્થાસૂત્ર-કારિકા સટીકા" નામથી D C G C M (Vol. II, pt. 1, pp. 192–193)માં અપાયો છે.

પૃ ૨૭૯, પં. ૧૪. 'છે.' પછી આ વિવરણની એક હાથપોથીનો સંક્ષિપ્ત પરિચય D C G C M (Vol. II, pt. 1, p. 187)માં અપાયો છે. ત્યાં કહ્યું છે કે અનિટ્કારિકામાં [1]૧૧ પદ્યો છે. અને એ કાતન્ત્ર વ્યાકરણને અનુસરતાં હોય એમ જણાય છે.

આ વિવરણ વિનીત અક્ષયચન્દ્રના પઠનાર્થે જયંધરમાં

[1] આ પૈકી આદ્ય અને અંતિમ એ બે પદ્યો D C G C M (Vol II, pt. 1, p. 187)મા અપાયા છે.

ક્ષમામાણિક્યગણિએ રચ્યું છે એમ એના અંતિમ પદ્યમાં ઉલ્લેખ છે.

અવચૂરિ—અનિટ્કારિકા ઉપર [1]બે અવચૂરિ છે. એમાંની એક મુનિ ભાવરત્ને લખી છે. 'અવચૂરિ' શબ્દ વિચારતા આ બંને અવચૂરિના કર્તા જૈન અને તે પણ શ્વેતાંબર હોય એમ લાગે છે.

પૃ ૨૮૮, પં. ૧૮. 'થોડોક જ ભાગ' પછી (બીજા અને ત્રીજા ઉલ્લાસ પૂરતો)

પૃ. ૨૮૮, પં ૧૮. 'છે.' પછી. જે ભાગ મળ્યો છે તેમાં યશોવિજય-ગણિએ વિવિધ મતો દર્શાવી પોતાનો મત પણ દર્શાવ્યો છે.

## અનુલેખ

પૃ. ૪૬, પં. ૧૬. 'છે.' પછી. ચિન્તામણિની ટીકા — આ ટીકા ચિન્તામણિમાંના વિષમ ઉદાહરણોની સિદ્ધિને માટે રચાઈ છે. એના કર્તા સમંતભદ્ર છે એમ [2]કન્નડપ્રાન્તીય તાડપત્રીય-

---

૧ આ બેનાં અવતરણ માટે જુઓ DCGCM (Vol II, pt I)ના અનુક્રમે પૃ. ૧૮૯ અને ૧૯૧.

૨ આ પુસ્તક "ભારતીય જ્ઞાનપીઠ, કાશી" તરફથી ઈ. સ. ૧૯૪૮માં પ્રસિદ્ધ કરાયેલું છે એમાં મૂડબિદ્રીના કેટલાક ભંડારની, કારકલના જૈન મઠની, અલિયૂરના આદિનાથ-ગ્રન્થભંડારની તેમજ કન્નડ પ્રાંતમાંના કેટલાક અન્ય સામાન્ય ભંડારોની કન્નડ લિપિમાં લખાયેલી અને સંસ્કૃત, પાઇય અને કન્નડ ભાષામાં રચાયેલા ગ્રંથોની ૩૫૬૮ તાડપત્રીય અને થોડીક કાગળ ઉપરની હાથપોથીઓની વિષયદીઠ સૂચી અપાઈ છે એની હિન્દી પ્રસ્તાવનાનાં પૃ. ૧૫-૧૭માં જૈનોના સંસ્કૃત સાહિત્યની આછી રૂપરેખા આલેખાઇ છે અને પૃ. ૨૪-૨૮માં સંસ્કૃત, પાઇય અને કન્નડમાં રચાયેલા પરંતુ ઈ સ ૧૯૪૮ સુધી તો અપ્રકાશિત જણાતા એવા ગ્રંથોનાં તેમજ એના પ્રણેતાનાં નામ વગેરે અપાયાં છે. એમાંથી આ ખંડ માટે ઉપર્યુક્ત ટીકા તેમજ બીજી કેટલીક કૃતિઓની મેં નોંધ લીધી છે, કેમકે એના ગ્રન્થકારોનાં નામ જોતાં તેઓ જૈન હોય એમ લાગે છે. આ ક૦ તા૦ ગ્ર૦ મુખ્યતયા દિ૦ ગ્રંથોને અંગે છે.

ગ્રન્થસૂચી (પૃ. ૨૮૯)માં ઉલ્લેખ છે. વિશેષમાં આ પૃષ્ઠ ઉપર આ ટીકાની 'કન્નડ' લિપિમાં લખાયેલી ૫૦ પત્રની હાથપોથીની નોંધ છે. એમાં પત્રદીઠ દોઢ સો દોઢ સો અક્ષરવાળી સાત સાત પંક્તિ છે. આ હાથપોથીમાંની કૃતિ અપૂર્ણ છે. એવી રીતે પૃ. ૧૦૭માં નોંધાયેલી હાથપોથીમાં પણ અપૂર્ણ કૃતિ છે. એ પૃષ્ઠ ઉપર નીચે મુજબનું પ્રારંભિક પદ્ય અપાયું છે:—

"जिनचिन्तामणिमीशं नत्वा चिन्तामणेः स्फुटां टीकाम् ।
विषमोदाहृविसिद्ध्यै कुर्वे शक्त्या समन्तभद्रोऽहम् ॥"

અહીં જે ચિન્તામણિનો ઉલ્લેખ છે તે શું દિ૦ શુભચન્દ્રસૂરિકૃત વ્યાકરણ હશે ?

પૃ. ૪૬, પં. ૧૬. 'છે.' પછી. મન્ત્રવ્યાકરણ— આ વ્યાકરણનો ગ્રંથ છે, એના કર્તા સમંતભદ્ર છે અને એની છપ્પન છપ્પન અક્ષરની પાંચ પાંચ પંક્તિવાળાં સોળ પત્રની એક હાથપોથી 'કન્નડ' લિપિમાં લખાયાનો ઉલ્લેખ ક૦ તા૦ ગ્રં૦ (પૃ. ૨૨૩)માં કરાયો છે. શું આ સમંતભદ્રે ચિન્તામણિની ટીકા રચી છે?

પૃ. ૪૭, પં. ૧૬. 'છે.' પછી. [1]જૈન સિદ્ધાન્ત કૌમુદી (વિ. સં. ૧૯૮૧)— આના કર્તા 'શતાવધાની' મુનિશ્રી રત્નચન્દ્રજી છે. એઓ 'લોંકા' ગચ્છમાં અંતર્ગત 'લીંબડી' સંપ્રદાયના શ્રીગુલાબચન્દ્રજીના શિષ્ય થાય છે. એમણે આ વ્યાકરણ ચચ્ચાર પાદવાળા ચાર અધ્યાયમાં વિભક્ત કર્યું છે. એ સોળ પાદની સૂત્રસંખ્યા અનુક્રમે નીચે પ્રમાણે છે :—

1 આ કૃતિ ભૈરવદાને અને જેઠમલ્લે પોતાના બિકાનેરના મુદ્રણાલયમાં છાપી ઈ સ ૧૯૨૫માં પ્રસિદ્ધ કરી છે. એના અંતમાં સૂત્રપાઠ, વાર્તિક, ધાતુપાઠ તેમજ સૂત્રોની અકારાદિ ક્રમે સૂચી અપાઈ છે.

૪૬, ૩૨, ૧૦૦, ૧૪૫, ૯૪, ૪૦, ૫૧, ૧૦૭, ૧૮૫, ૭૧, ૬૯, ૪૦, ૮૬, ૫૧, ૬૫ અને ૧૧૯.

આ ૧૩૦૧ સૂત્રોને તેમજ એના ઉપરના સ્વોપજ્ઞ વાર્તિકને પ્રક્રિયા ક્રમે રજૂ કરી એનું કર્તાએ જાતે રચેલું વિવરણ અપાયું છે. એ સમગ્ર રચનાને જૈનસિદ્ધાન્તકૌમુદી નામ અપાયું છે. એના પૂર્વાર્ધમાં નિમ્નલિખિત નામવાળાં પ્રકરણો અનુક્રમે અપાયાં છે:—

સંજ્ઞા, પરિભાષા, સ્વરસન્ધિ, વ્યંજનસન્ધિ, સ્વરવિકાર, વ્યંજનવિકાર, વિભક્તિ, અવ્યય, સ્ત્રીપ્રત્યય, કારક, સમાસ અને તદ્ધિત.

ઉત્તરાર્ધમાં આખ્યાત-પ્રક્રિયા અને કૃદન્ત-પ્રક્રિયાનું નિરૂપણ છે.

પૃ. ૧૩૨, પં. ૧૪. [1]અભિધાનરાજેન્દ્ર (વિ. સં. ૧૯૪૬—વિ. સં. ૧૯૬૦)—આ સાડા ચાર લાખ શ્લોક જેવડા મહાકાય કોશના કર્તા વિજયરાજેન્દ્રસૂરિ છે. એઓ 'સૌધર્મબૃહત્તપા' ગચ્છના પ્રમોદસૂરિજીના શિષ્ય થાય છે. એમણે આ કોશનો પ્રારંભ સિયાણામાં વિ. સં. ૧૯૪૬માં કર્યો હતો અને એની પૂર્ણાહુતિ એમણે અહીં (સુરતમાં) વિ. સં. ૧૯૬૦માં કરી હતી એમણે આ કોશમાં ૬૦૦૦૦ પાઇય શબ્દોનાં મૂળના નિર્દેશપૂર્વક એનાં સંસ્કૃત સમીકરણ આપ્યાં છે. શબ્દનો અર્થ સમજાવતી વેળા પાઇય કે સંસ્કૃત અવતરણ અપાયું છે. કોઈ કોઇ વાર તો સમગ્ર કૃતિ અવતરણરૂપે અપાઈ છે. એવી કોઇ કોઇ કૃતિ સંસ્કૃતમાં છે. આ કોશની આ વિશિષ્ટતાને લઇને મેં એનો આ સંક્ષિપ્ત પરિચય

૧ આ પાઇય-સંસ્કૃત કોશ સાત વિભાગમાં રતલામથી ઈ. સ. ૧૯૧૩, ૧૯૧૦, ૧૯૧૪, ૧૯૧૩, ૧૯૨૧, ૧૯૩૪ અને ૧૯૩૪માં અનુક્રમે પ્રસિદ્ધ કરાયેલો છે.

આપ્યો છે, જ્યારે આ જ, [1]કર્તાના શબ્દામ્બુધિકોશનો, પં. હરગોવિન્દદાસ ત્રિકમચંદ શેઠે રચેલા [2]પાઇયસદ્દમહણ્ણવ નામના પાઇય-સંસ્કૃત કોશનો, 'શતાવધાની' શ્રીરત્નચન્દ્રકૃત [3]Ardhmāgadhī Dictionary નો કે જેમાં જૈન આગમોના શબ્દોના સંસ્કૃતાદિ ચાર ભાષામાં અર્થ અપાયા છે તેનો તેમજ 'આગમોદ્ધારક' શ્રીઆનન્દસાગરસૂરિએ સંકલિત કરેલા [4]અલ્પપરિચિતસૈદ્ધાન્તિકશબ્દકોષનો પરિચય હું આપતો નથી.

પૃ. ૧૫૮, પં. ૧૪. 'છે' પછી વાગ્ભટાલંકારની ટિપ્પની—આ ટિપ્પની બાલચંદ્રે રચી છે અને એની 'કન્નડ' લિપિમાં લખાયેલી એક હાથપોથી મળે છે એમ ક૦ તા૦ ગ્ર૦ (પૃ. ૧૩૭)માં ઉલ્લેખ છે. આ બાલચન્દ્ર દિ૦ છે?

પૃ ૧૭૭, પં. ૧૬. 'છે.' પછી આ કૃતિની 'કન્નડ' લિપિમાં લખાયેલી ત્રણ હાથપોથીની નોંધ ક૦ તા૦ ગ્ર૦માં છે (જુઓ પૃ. ૧૩૫, ૨૨૫ અને ૨૯૩). પૃ ૩૧૩માં આ કૃતિના પ્રણેતાનું નામ 'અમૃતાનન્દ યોગી' અપાયુ છે.

પૃ ૧૯૬, પં. ૧૧. 'છે.' પછી ગણિતશાસ્ત્ર અને ગણિતસૂત્ર (લ વિ. સં. ૯૦૦)—આ ગણિતને અંગેના બંને ગ્રંથના કર્તા [5]ગણિત-

[1] આ ઉપરાતની કૃતિઓના નામ વગેરે માટે જુઓ અભિધાનરાજેન્દ્રના પ્રથમ ભાગની પ્રસ્તાવના (પૃ ૧૩-૧૪)

[2] આના પરિચય માટે જુઓ પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય (પૃ ૫૯-૬૦)

[3] એજન, પૃ ૬૦

[4] એજન, પૃ ૬૦

[5] આનો કેટલોક પરિચય કેવલજ્ઞાનપ્રશ્નચૂડામણિની હિન્દી પ્રસ્તાવન (પૃ. ૫-૧૦)મા અપાયો છે.

સારસંગ્રહ રચનારા દિ. મહાવીરાચાર્ય છે એમ કે૦ પ્ર૦ ચૂ૦ની હિન્દી પ્રસ્તાવના (પૃ. ૬) જોતાં જણાય છે. વળી [1]ગણિતસાર પણ એમની કૃતિ છે અને એમાં ગુણોત્તર શ્રેણીના સિદ્ધાન્તોનું વિસ્તૃત નિરૂપણ છે એમ કે૦ પ્ર૦ ચૂ૦ની હિન્દી પ્રસ્તાવના (પૃ ૫)માં ઉલ્લેખ છે. તો શું એ ગણિતસાર ઉપર્યુક્ત કૃતિઓથી ભિન્ન છે?

પૃ. ૧૯૯, પં. ૨. 'છે?' પછી. ગણિતશાસ્ત્ર (વિક્રમની [2]૧૧મી સદી)— આના કર્તા શ્રીધરાચાર્ય છે.

પૃ. ૧૯૯, પં. ૧૪. 'છે?' પછી. તિલક—આ ગણિતને લગતા ગ્રંથના કર્તા સિંહતિલકસૂરિ છે એમ કે૦ પ્ર૦ ચૂ૦ની હિન્દી પ્રસ્તાવના (પૃ. ૬)માં ઉલ્લેખ છે તે ખરો છે?

પૃ. ૨૦૦, પં. ૧૭. 'છે.' પછી. બૈજિક યાને વ્યવચ્છેદક રેખાગણિત— આના કર્તા શ્રીધરાચાર્ય છે અને એમાં એમણે સરળ રેખા, વૃત્ત, રૈખિક ક્ષેત્ર, નલાકૃતિ, મોચાકૃતિ, વર્તુલાકૃતિ ઇત્યાદિ વિષયોનું નિરૂપણ કર્યું છે.[3]

પૃ. ૨૦૫, પં. ૮. 'છે.' પછી. જ્યોતિર્જ્ઞાનવિધિ— આના કર્તા શ્રીધરાચાર્ય છે અને એમણે ગણિતસાર નામની કૃતિ રચી છે. આની 'કન્નડ' લિપિમાં લખાયેલી નવ પત્રની તાડપત્રીય હાથપોથીની

---

૧ આ નામની મહાવીરાચાર્યે સંસ્કૃતમાં રચેલી કૃતિની 'કન્નડ' લિપિમાં લખાયેલી વિવિધ હાથપોથીઓની નોંધ કે૦ તા૦ (પૃ. ૧૬૮–૧૬૯)માં છે.

૨ આ સદીમાં પાઇયમાં એક ગણિતનો ગ્રન્થ રચાયો છે અને એમાં મિશ્રિત પ્રશ્નનો ઉત્તર શ્રેણિવ્યવહાર અને કુટ્ટકની રીતિથી અપાયો છે.

૩ જુઓ કે૦ પ્ર૦ ચૂ૦ની હિન્દી પ્રસ્તાવના (પૃ. ૭).

નોંત્ર ક૦ તા૦ ગ્રં૦ (પૃ. ૨૪૨)માં છે આ કૃતિનું મંગલાચરણ નીચે મુજબ અહી અપાયું છે:—

"प्रणिपत्य वर्धमानं स्फुटकेवलदृष्टतत्त्वमीशानम्।
ज्योतिर्ज्ञानविधानं वक्ष्ये स्वायम्भुव सम्यक्॥"

આ કૃતિમાં [1]પરિભ્રમન-વિધિના સંકેત મળે છે વિશેષમા આ કૃતિમા ચર કરણ અને સ્થિર કરણની સમજણ અપાઈ છે.[2]

પૃ ૨૨૦, પં ૬ 'છે' પછી પાશકકેવલી— આના કર્તા સકલકીર્તિ છે

પૃ ૨૨૧, પં. ૮ 'છે' પછી તીર્થંકેવલિપ્રશ્ન—'કન્નડ' ટિપ્પણીથી અલંકૃત આ અજ્ઞાતકર્તૃક અપૂર્ણ કૃતિની 'કન્નડ' લિપિમા લખાયેલી ૪૨ પત્રની એક હાથપોથીની નોંધ ક૦ તા૦ ગ્ર૦ (પૃ ૨૭૪)-મા લેવાઇ છે.

પૃ. ૨૨૧, પ. ૮ 'છે' પછી [3]કેવલજ્ઞાનપ્રશ્નચૂડામણિ (લ વિક્રમની બારમી-તેરમી સદી)—આના કર્તા દિ. સમન્તભદ્ર હોવાનું મનાય છે. આ પુસ્તકના વિદ્વાન સંપાદક પં. નેમિચન્દ્ર જૈનના મતે એ સમન્તભદ્ર આપ્તમીમાંસાના કર્તાથી તો ભિન્ન છે. એઓ અષ્ટાંગ આયુર્વેદના પ્રણેતા હોવાની અને પ્રતિષ્ઠાતિલકના કર્તા નેમિચન્દ્રના ભાઇ વિજયપના પુત્ર હોવાની સંભાવના સંપાદકે દર્શાવી છે

---

૧ પ્રતિભાગણિતમા ગ્રહના વૃત્તોના પરિભ્રમનનુ નિરૂપણ છે

૨ આને લગતા સ. પદ્યો કે૦પ્ર૦ચૂ૦ની હિન્દી પ્રસ્તાવના (પૃ ૧૧)માં છે

૩ આ પુસ્તક પ નેમિચન્દ્ર જૈનનાં હિન્દી અનુવાદ તથા વિસ્તૃત અને અનેક ચક્રો રજૂ કરનારા વિવેચન તેમજ પ્રસ્તાવના અને ત્રણ પરિશિષ્ટ સહિત 'ભારતીય જ્ઞાનપીઠ, કાશી" તરફથી ઈ સ ૧૯૫૦માં પ્રસિદ્ધ કરાયું છે પ્રથમ પરિશિષ્ટમા નક્ષત્ર યોગ અને કરણના નામ અપાયા છે અને જાતજાતના મુહૂર્તને લગના ચક્રો અપાયા છે. બીજા પરિશિષ્ટમા જન્મપત્રી બનાવવાની રીત વિસ્તારથી સમજાવાઈ છે ત્રીજા પરિશિષ્ટમાં વર અને કન્યાને કેવો મેળ રહેશે તેનો વિચાર કરાયો છે

[1]જ્યોતિષશાસ્ત્રના ગણિત અને ફલિત એવા બે વિભાગ પડાય છે. ફલિત જ્યોતિષના વિવિધ પેટાવિભાગ છે. દા. ત. હોરાશાસ્ત્ર, સંહિતાશાસ્ત્ર, મુહૂર્તશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર, પ્રશ્નશાસ્ત્ર ઇત્યાદિ. પ્રશ્નશાસ્ત્ર એ જ્યોતિષનું મહત્ત્વનું અંગ છે. જૈનોના—ખાસ કરીને [2]દિગંબરોના જ્યોતિષના ગ્રંથોમાં પ્રશ્નગ્રંથો વિશેષ પ્રમાણમાં જોવાય છે.[3]

પ્રસ્તુત પુસ્તકમાં 'ચન્દ્રોન્મીલન' નામની પ્રશ્નપ્રણાલીનું વર્ણન નજરે પડે છે. આ ગદ્યાત્મક પુસ્તક ચન્દ્રોન્મીલનના સંક્ષેપરૂપ છે, પરંતુ સુબોધ છે. એમાં 'આયપ્રશ્ન' પ્રણાલી અને 'કલ્પિતસંજ્ઞાલગ્ન' પ્રણાલીની છાંટ જોવાય છે. અક્ષરોના વર્ગીકરણથી શરૂ થતા આ પુસ્તકમાં વિવિધ વિષયને અંગેના પ્રશ્નોને સ્થાન અપાયું છે. જેમકે કાર્યની સિદ્ધિ, લાભાલાભ, ચોરાયેલી વસ્તુની પ્રાપ્તિ, પ્રવાસીનું આગમન, રોગનું નિવારણ અને મુકદ્દમાની સફળતા વિશેષમાં મુષ્ટિ-પ્રશ્ન અને મૂક-પ્રશ્નોનો પણ અહીં વિચાર કરાયો છે. નષ્ટ જન્મપત્ર બનાવવાની રીત એ આ પુસ્તકનો મહત્ત્વનો અંશ છે. સંપાદકના મતે એ રીત સર્વથા નવીન અને મૌલિક છે.[4]

કેo પ્રo ચૂoમાં કોઇ કોઇ સ્થળે પ્રાચીન કૃતિમાંથી પાઇય ગાથાઓ ઉદ્ધૃત કરાઇ છે.[5]

---

૧ દિ. અકલંકે સિદ્ધિવિનિશ્ચયના આઠમા પરિચ્છેદના સર્વજ્ઞની સિદ્ધિ કરવા માટે જ્યોતિષના જ્ઞાનના ઉપદેશને હેતુ તરીકે દર્શાવ્યો છે.

૨ દિગંબર સાહિત્યમાં રમલશાસ્ત્રને બદલે 'પાશાકેવલી' નામની પ્રણાલીનો પ્રચાર જોવાય છે જુઓ ઉપર્યુક્ત હિન્દી પ્રસ્તાવના (પૃ. ૨૩).

૩ જુઓ હિન્દી પ્રસ્તાવના (પૃ. ૧૭).

૪ જુઓ હિન્દી પ્રસ્તાવના (પૃ. ૨૪)

૫ જુઓ પૃ. ૧૮, ૧૯, ૨૪, ૪૬, ૪૭, ૪૯ અને ૮૪.

પૃ ૨૨૧, ૫ ૯ 'છે.' પછી. ચન્દ્રોન્મીલનપ્રશ્ન—આ નિમિત્તશાસ્ત્રની કૃતિની કાગળ ઉપર 'કનડ' લિપિમાં સોળ પત્ર ઉપર લખાયેલી એક હાથપોથીની નોંધ ક૦ તા૦ ગ્રં૦ (પૃ. ૨૪૨)મા લેવાઇ છે. શુ આ કૃતિ બૃહજ્જ્યોતિષાર્ણવનો ભાગ છે?

પૃ ૨૨૧, ૫. ૯. 'છે.' પછી. આયજ્ઞાનતિલક (ઉ વિ. સં. ૧૪૪૧)—આ નિમિત્તશાસ્ત્રની ૭૫૦ પદ્યની કૃતિના રચનાર વોસરિભટ્ટ છે. એઓ દામનન્દિના શિષ્ય થાય છે એમણે અણહિલવાડમાં રચેલી આ કૃતિની એક હાથપોથી વિ સં ૧૪૪૧માં લખાયેલી મળે છે. આ કૃતિ પચ્ચીસ પ્રકરણોમાં વિભક્ત છે.

સ્વોપજ્ઞ ટીકા—આ ૧૨૦૦ શ્લોક જેવડી છે.

પૃ ૨૨૧, ૫. ૯. 'છે.' પછી. આયતત્ત્વરાજવલ્લભ—આ રાજવલ્લભની કૃતિ છે શુ એ નિમિત્તશાસ્ત્રને લગતી છે?

પૃ. ૨૨૧, પં ૯. છે' પછી. આયપ્રશ્ન—આની નોંધ જૈ૦ ગ્રં૦ (પૃ. ૩૪૬)માં છે.

પૃ. ૨૨૧, પં. ૯. 'છે.' પછી આયસદ્ભાવ—આ ૧૯૫ શ્લોક જેવડી અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

વૃત્તિ—આ ૧૬૦૦ શ્લોક જેવડી છે.

પૃ ૨૨૬, ૫. ૫. '૫૦૦' પછી પંચાંગતત્ત્વ—પચાંગ એટલે (૧) તિથિ, (૨) વાર, (૩) નક્ષત્ર, (૪) યોગ અને (૫) કરણ. આ પાચ અગોના નિરૂપણરૂપ આ કૃતિ હશે એમ માની મેં એની અહીં નોંધ લીધી છે.

વૃત્તિ—આ ૯૦૦૦ શ્લોક જેવડી વૃત્તિ અભયદેવસૂરિએ રચી છે.

## (આ) દિગમ્બર


અકલંક ૨૧, ૧૦૮, ૩૨૦ જુઓ રાજવાર્તિકકાર
અકલંક ૫૬
અકલંકદેવ ૧૨૬
અજિતસેન ૨૯
,, ૧૭૭
અનન્તકીર્તિ ૪૬
અનન્તપાલ (ગૃ૦) ૧૯૯
અભયચન્દ્ર ૨૫, ૨૯
અભયનન્દિ ૧૫, ૧૮, ૨૦, ૨૧
{ અમર ૧૩૧, ૧૩૨
{ અમરકીર્તિ (ત્રૈવિદ્ય) ૧૦૬, ૧૦૮, ૧૦૯, ૧૩૧, ૧૩૨
અમરકીર્તિ ૨૪૪
અમિતગતિ (પહેલા) ૨૪૪
,, (બીજા) ૨૪૪
અમૃતનન્દિ ૧૭૭
,, ૨૨૭
અમૃતાનન્દયોગી ૩૧૭
અમોઘવર્ષ ૨૪૦
અસગ ૧૪૧
આમન ૧૯૯
આશાધર (ગૃ૦) ૧૬, ૪૪–૪૬, ૧૦૯, ૨૨૯, ૨૮૦, ૨૮૬, ૨૯૬, ૩૦૦
ઇન્દ્રનન્દિ ૨૪૩, ૩૧૨
ઉગ્રાદિત્ય ૨૨૭–૨૨૯
ઉપાધ્યે એ. એન ૪૬
એકસન્ધિ ભટ્ટારક ૧૯૪
કલ્યાણકીર્તિ ૧૦૯
કુન્દકુન્દાચાર્ય ૪૩
,, ૨૪૩
કુમારસેન ૨૨૯
કેવલકીર્તિ ૨૨૫
ગુણનન્દિ ૧૮, ૧૯, ૨૨
,, ૨૨
ગુણભદ્ર ૧૯૯, ૨૦૦
ગુમ્મટદેવ મુનિ ૨૨૮
ચન્દ્રકીર્તિ ૪૬
ચન્દ્રય્ય ૧૭
ચન્દ્રસેન ૩૨૩
ચારુકીર્તિ ૨૨
,, ૧૪૦
ચિત્રકુમારસેન ૨૨૯
જયકીર્તિ ૧૩૪, ૧૩૫, ૧૩૮, ૧૪૦–૧૪૩
જવેરી ભોગીલાલ અમરતલાલ ૩૧૨
જિનસેન (પહેલા) ૧૫, ૧૦૮, ૨૦૦
,, (બીજા) ૧૦૮, ૩૦૬

જિનેન્દ્રબુદ્ધિ ૧૬ જુઓ દિગ્વસ્ત્ર, દેવ, દેવનન્દિ, વનન્દિન્, પાદપૂજ્ય અને પૂજ્યપાદ
જૈન મોહનલાલ ૧૦૬
જોઇન્દુ ૧૪૨. જુઓ યોગીન્દુ
દમસાગર (મુનિ) ૧૪૦
દયાલ મુનિ ૨૯. જુઓ વાદિપર્વતરાજ
દશરથગુરુ ૨૨૮
દિગ્વસ્ત્ર ૧૭, ૩૬, જુઓ જિનેન્દ્રબુદ્ધિ, પાદપૂજ્ય અને પૂજ્યપાદ
દેવ ૧૫
દેવનન્દિ ૧૫, ૧૬, ૩૬
દેવનન્દિન્ ૧૫
દેવેન્દ્રકીર્તિ ૪૩, ૪૬
દ્વિવેદી એમ એન. ૧૭
ધનંજય (ગૃ૦) ૧૦૬–૧૦૯, ૧૨૬, ૧૨૭, ૩૦૨
ધનંજય ૧૦૬
ધનપાલ (ગૃ૦) ૧૯૯
ધર્મચન્દ્ર ૪૩
નેમિચન્દ્ર ૪૬
" ૨૦૦
" ૩૧૯
નેમિચન્દ્ર જૈન ૩૧૯
નેમિચન્દ્ર શાસ્ત્રી ૨૨૬
નેમિદાસ ૨૪૩
નેમિનાથ ૨૬૩
પદ્મસુન્દર ૧૧૮
પાત્રકેસરિસ્વામી ૨૨૮
પાદપૂજ્ય ૧૪૦ જુઓ જિનેન્દ્રબુદ્ધિ, દિગ્વસ્ત્ર, દેવ, દેવનન્દિ, દેવનન્દિન્ અને પૂજ્યપાદ
પાર્શ્વચન્દ્ર ૧૮૭, ૧૮૮
પાર્શ્વદેવ ૧૮૭
પુષ્પદન્ત ૨૮૪
પૂજ્યપાદ ૧૫, ૧૭, ૧૯, ૪૦, ૧૦૮, ૧૩૪, ૧૩૭, ૧૪૦, ૨૨૮, ૨૬૮ જુઓ જિનેન્દ્રબુદ્ધિ, દિગ્વસ્ત્ર, દેવ, દેવનન્દિ, દેવનન્દિન્ અને પાદપૂજ્ય
પૂજ્યપાદ ૨૨૯
" ૩૦૮
" ૩૧૦
" ૩૨૭
પૂર્ણસેન ૨૨૯
પ્રભાચન્દ્ર ૧૭
" ૧૯
" ૨૦, ૨૧, ૨૭, ૨૮, ૧૦૭, ૨૪૩
પ્રભાચન્દ્ર ૪૬

એકાક્ષરનામમાલા (અમર૦) ૯૮
,, (વિશ્વ૦) ૧૩૨
,, (સુધા૦) ૧૧૨, ૧૩૦.
જુઓ એકાક્ષરનિઘણ્ટુ અને નામમાલા
એકાક્ષરનિઘણ્ટુ ૧૨૯
,, ૧૩૧. જુઓ એકાક્ષરનામમાલા (સુધા૦) અને નામમાલા
ઐન્દ્રવ્યાકરણ ૧૨-૧૪, ૬૫. જુઓ ઇન્દ્ર-વ્યાકરણ અને જૈનેન્દ્ર-વ્યાકરણ
ઔક્તિક (અજ્ઞાત) ૫૨
,, (કુલ૦) ૪૯
,, (જિન૦) ૫૨
,, (સોમ૦) ૫૨
ઔષધિનામમાલા ૧૨૬
{ કક્ષાપટવૃત્તિ ૭૬. જુઓ બૃહદ્વૃત્તિ વિષમપદવ્યાખ્યા
{ * કક્ષાપટ્ટ ૭૬
કથાકોશ ૨૧૮. જુઓ શકુનરત્નાવલી
કથામહોદધિ ૨૫૨
કથારત્નાકર ૨૫૪
કન્દર્પચૂડામણિ ૧૯૧
કલ્પ
— ચુણ્ણિ ૨૦૪
— ટીકા ૪૦
— ભાસ ૧૯૩
કમલવિજયરાસ ૨૫૪
કમ્મત્થય
— ટિપ્પણ ૨૦૭
કરણકુતૂહલ
— ટીકા ૨૯૨. જુઓ ગણકકુમુદકૌમુદી
{ કરણશેખર ૩૨૧
{ કરણશેષ ૩૨૧
કર્ણાલંકારમંજરી ૧૭૮
કર્પૂરપ્રકર ૨૪૯, ૨૫૨. જુઓ સુભાષિતકોષ અને સૂક્તાવલી
— અવચૂરિ ૨૫૨. જુઓ ટીકા (જિન૦)
— ટીકા (અજ્ઞાત) ૨૫૩
— ,, (જય૦) ૨૫૩
— ,, (જિન૦) ૨૫૨ જુઓ અવચૂરિ
— ,, (યશો૦) ૨૫૩
— ,, (હર્ષ૦) ૨૫૩
— બાલાવબોધ ૨૫૩
— સ્તબક ૨૫૩
કર્મગ્રન્થ (દેવેન્દ્ર)
— અવચૂરિ ૧૦૦
કલાકલાપ ૯૮, ૨૩૪
કલાપવ્યાકરણસન્ધિગર્ભિતસ્તવ ૨૭૩
— અવચૂરિ ૨૭૩
× કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિ એટલે? ૬૧

બાલભારત ૯૮
બાલશિક્ષા (પ્રાચીન ગુજરાતી સંસ્કૃત વ્યાકરણ) ૪૮, ૨૭૩
બાલશિક્ષા (ભક્તિ૦) ૪૮
„ (સંગ્રામ૦) ૪૮, ૫૧, ૨૭૩
બાલાવબોધવૃત્તિ ૪૧, ૨૭૧. જુઓ બાલબોધ
*બાલાવબોધિની ૨૯૫
બીજકૌસ્તુભ ૨૧૮. જુઓ શકુનાવલી
બીજનિઘંટુ ૧૨૬
બુદ્ધિસાગર (નીતિ) ૩૧, ૨૩૭, ૨૬૩
„ (વ્યાકરણ) ૩૧-૩૩, ૪૦, ૪૧, ૬૨, ૧૧૧, ૧૪૩, જુઓ પંચગ્રન્થી
બૃહચ્છાન્તિસ્તોત્ર
— ટીકા ૧૨૦
બૃહદ્-ટિપ્પનિકા ૭૬-૭૮, ૨૭૨, ૩૦૮
બૃહત્પર્વમાલા ૨૯૨
બૃહત્પ્રક્રિયા ૮૩. જુઓ ચન્દ્રપ્રભા અને હૈમકૌમુદી
બૃહદ્વૃત્તિ (હૈમ) ૫૮, ૬૪, ૬૭, ૬૯, ૭૧, ૭૩-૭૮, ૯૯. જુઓ અઢારહજારી, ઢુંઢિકા, તત્ત્વપ્રકાશિકા, પ્રકાશિકા અને બલાબલવૃત્તિ
— અવચૂર્ણિકા ૭૫, ૮૮. જુઓ સિદ્ધહેમચન્દ્ર-બૃહદવચૂરિ
— ટિપ્પણ ૭૬
— ઢુંઢિકા ૭૬
— દીપિકા ૭૬
— પ્રક્રિયા ૧૦૦. જુઓ હૈમબૃહત્પ્રક્રિયા (?)
— વિષમપદવ્યાખ્યા ૭૬. જુઓ કક્ષાપટવૃત્તિ અને કક્ષાપટ
— સારોદ્ધાર ૭૬
બૃહદ્-હેમપ્રભા ૮૪
બૃહન્ન્યાસ (હૈમ) ૨૪, ૭૨, ૭૪, ૭૭, ૭૮, ૮૨, ૧૬૨, ૩૦૬. જુઓ તત્ત્વપ્રકાશિકાપ્રકાશ, ન્યાસ, મહાર્ણવ અને શબ્દમહાર્ણવ
— દુર્ગપદવ્યાખ્યા ૭૨, ૭૮. જુઓ ન્યાસસારસમુદ્ધાર, ન્યાસોદ્ધાર અને લઘુન્યાસ
*બેડા ૨૦૯
બે મહત્ત્વના ગ્રંથોની શોધ ૨૮૪
{*બોધદીપિકા ૧૪૬
{*બોધિદીપિકા ૧૪૬
ભક્તામર-કલ્યાણ મન્દિર-નમિઊણ-સ્તોત્રત્રય ૫૫

ભક્તામરસ્તોત્ર ૨૬૪, ૩૦૦
—ટીકા (સિદ્ધિ૦) ૨૫૫. જુઓ વૃત્તિ
—ટીકા (હર્ષ૦) ૨૧૦
—વૃત્તિ (સિદ્ધિ૦) ૫૪, ૫૫. જુઓ ટીકા
ભગવતી ૨૨૫
—વૃત્તિ ૨૨૫
ભત્તપરિણ્ણા
—અવચૂરિ ૧૦૦
ભદ્રબાહુસંહિતા ૨૨૫
ભદ્રેશ્વર ૩૪
ભાનુચન્દ્રગણિચરિત ૫૪, ૧૨૦, ૨૫૪, ૨૮૮
ભાનુચન્દ્રનામમાલા ૧૧૯. જુઓ નામમાલાસંગ્રહ, નામસંગ્રહ અને વિવિક્તનામસંગ્રહ
ભાવનાસાર ૨૪૨
ભાવબોધિકા ૨૦૫
ભાવસપ્તતિકા ૨૯૪
ભાષ્યવિવરણ ૨૭૬
ભુવનદીપક
—બાલાવબોધ ૨૯૫
ભુવનદીપક (પદ્મ૦) ૨૦૫, ૨૯૫. જુઓ ગ્રહભાવપ્રકાશ
—અવચૂરિ ૨૦૬
—ટીકા ૨૦૬
—બાલાવબોધ ૨૦૬
—વૃત્તિ (સિંહ૦) ૨૦૫
— ,, (હેમ૦) ૨૦૬
ભુવનદીપક (હેમ૦) ૨૦૮, ૨૯૫. જુઓ ત્રૈલોક્યદીપક, ત્રૈલોક્યપ્રકાશ, નવ્યતાજિક અને મેઘમાલા
ભૂધાતુ
{ —વિવરણ ૨૫૮
{ —વૃત્તિ ૨૭૯
ભૂધાતુવૃત્તિસંગ્રહ ૨૭૯
ભોજપ્રબન્ધ ૭૮
ભોજવ્યાકરણ ૨૫૬, ૨૭૪
મકરન્દ ૧૭૦
* મણિ (યા૦) ૨૯
મધ્યમપ્રક્રિયા ૮૩
મધ્યમવૃત્તિ (કાકલ) ૭૧. જુઓ કાકલની કૃતિ, ઢુણ્ઢિકાદીપિકા અને લઘુવૃત્તિ
મધ્યમવૃત્તિ (સ્વોપજ્ઞ) ૭૨
મધ્યમ–હેમપ્રભા ૮૪
મનોરથનામમાલા ૧૩૩
મનોરમાકહા ૧૪૩
મનોરમાચરિય ૧૧૧
મન્ત્રરાજરહસ્ય ૨૦૬, ૨૯૨
મલયવઈ ૨૦૩

મલ્લિકામકરન્દ ૧૮૧
મલ્લિનાથચરિત્ર ૧૭૧
મષીવિચાર ૨૩૮
મહાદેવીસારણી
— ટિપ્પણ ૨૯૪
— ટીકા ૨૯૪
— વિવૃતિ ૨૯૪
* મહાર્ણવ ૭૭. જુઓ તત્ત્વપ્રકાશિકા-પ્રકાશ, ન્યાસ, બૃહન્ન્યાસ (હૈમ) અને શબ્દમહાર્ણવ
મહાવીરચરિય ૬૭, ૧૪૩, ૨૧૨
મહાવીરસ્તવન ૫૦
માધરાજપદ્ધતિ ૨૩૧
માતૃકાકેવલી ૨૨૦
માતૃકાનિઘંટ (? અજૈન) ૧૨૬
માધવનિદાન
— ટબ્બો ૨૯૮
માનસાગરીપદ્ધતિ ૨૧૦
મિશ્રલિંગકોશ ૫૫. જુઓ લિંગાનુશાસન અને શિવસિન્ધુ
મિશ્રલિંગનિર્ણય ૫૫
મુગ્ધાવબોધ ઔક્તિક ૪૭, ૪૯–૫૧
* મુગ્ધાવબોધા ૨૫૩
મુનિસુવ્રતચરિત્ર ૨૦૫
મુનિસુવ્રતસ્તવ ૧૮૨
મુષ્ટિવ્યાકરણ ૩૬–૩૯. જુઓ શબ્દાનુશાસન (મલય૦)
— વિષમપદવિવરણ ૪૦
— વૃત્તિ (સ્વોપજ્ઞ) ૩૭-૩૯
મુહૂર્તચિન્તામણિ
— ટબ્બો ૨૯૫
મૃગપક્ષિશાસ્ત્ર ૩૪
મેઘદૂત
— ટીકા ૨૮૨
મેઘમહોદય ૨૧૯, ૨૨૪. જુઓ વર્ષપ્રબોધ તેમજ વર્ષપ્રબોધ અને અષ્ટાંગનિમિત્ત
મેઘમહોદય–વર્ષપ્રબોધ ૨૨૪
મેઘમાલા (? અજ્ઞાત) ૨૨૫
„ (હીર૦) ૨૨૫
„ (હેમ૦) ૨૦૮. જુઓ ત્રૈલોક્યદીપક, ત્રૈલોક્યપ્રકાશ, નબ્યતાજિક અને ભુવનદીપક
મેરુત્રયોદશી
— વિવરણ ૨૫૮
× મોતીઃ શુકનિયાં અને અપશુકનિયાં ૩૦૭
યતિદિનચર્યા ૧૭૫. જુઓ જઇદિણચરિયા
યન્ત્રરાજ ૩૨૨
યન્ત્રરાજરચનાપ્રકાર ૩૨૨
યન્ત્રામ્નાય ૩૨૨
યદુવિલાસ ૧૮૨

સૂક્તાવલી (હરિ) ૨૫૨ જુઓ કર્પૂરપ્રકર અને સુભાષિતકોશ
સૂક્તિદ્વાત્રિંશિકા ૨૫૫. જુઓ સૂક્તાદ્વાત્રિંશિકા
— વિવરણ (સ્વોપજ્ઞ) ૨૫૫
સૂક્તિમુક્તાવલી (મેઘ૦) ૨૫૭ જુઓ સૂક્તમુક્તાવલી
સૂક્તિમુક્તાવલી (સોમ૦) ૨૪૬, ૨૪૭ જુઓ સિન્દૂરપ્રકર અને સોમશતક
— કવિત્ત ૨૪૬
— બાલાવબોધ ૨૪૬
— વ્યાખ્યા ૨૪૬
સૂક્તિરત્નાકર ૨૫૪
સૂક્તિરત્નાવલી ૨૬૧
સૂક્તિસંગ્રહ ૨૫૧ જુઓ સૂક્તાવલી
સૂક્તિસમુચ્ચય ૨૫૧
સૂયગડ ૫૧
— નિજ્જુત્તિટીકા ૧૩૮
સૂરપણ્ણત્તિ ૨૦૭
સૂર્યસહસ્રનામ ૧૧૯
— વૃત્તિ ૧૧૯
સેટ્-અનિટ્-કારિકા ૧૨૦
— ટીકા ૧૨૦
સોમશતક ૨૪૬-૨૪૮, ૨૯૯ જુઓ સિન્દૂરપ્રકર અને સૂક્તિમુક્તાવલી
— ટિપ્પણ ૨૪૮
— ટીકા (અજ્ઞાત) ૨૪૮
— „ (ગુણ૦) ૨૪૮
— „ (જિન૦) ૨૪૮
— „ (વિમલ૦) ૨૪૮
— વૃત્તિ ૨૪૮
— વ્યાખ્યા (ધર્મ૦) ૨૪૮
— „ (હર્ષ૦) ૨૪૮
સોમસૌભાગ્ય ૨૮૮
સ્તવનરત્ન ૨૯૪
સ્તુતિત્રિદશતરંગિણી ૨૫૪
સ્તોત્ર (૧૭૦૦) ૨૯૦
સ્તોત્રરત્નાકર ૫૦, ૨૭૮, ૨૮૦
સ્ત્રીમુક્તિ-કેવલિભુક્તિ-પ્રકરણ (શા૦) ૨૬
સ્થાન ૨૨૫
— વૃત્તિ ૨૨૫
સ્નાત્રપંચાશિકા ૫૫
* સ્યાદિશબ્દદીપિકા ૭૨. જુઓ દીપિકા અને સ્યાદિશબ્દસમુચ્ચયની અવચૂરિ
સ્યાદિશબ્દસમુચ્ચય ૭૨, ૯૭ ૯૮, ૧૩૦, ૧૬૯

૧ આ કૃતિની સંખ્યા દર્શાવે છે

— અવચૂરિ ૯૭, ૯૯. જુઓ દીપિકા તેમજ સ્યાદિશબ્દદીપિકા
— ટીકા ૯૯
સ્યાદ્યન્તરત્નાકર ૯૮
*સ્યાદ્વાદમંજરી ૨૦૬
સ્યાદ્વાદમુક્તાવલી ૨૯૪
સ્વપ્નચિન્તામણિ (અજ્ઞાત) ૨૧૯
,, (જગ૦) ૨૧૮, ૨૧૯. જુઓ સ્વપ્નશાસ્ત્ર
સ્વપ્નપ્રદીપ ૨૧૯. જુઓ સ્વપ્નવિચાર
સ્વપ્નલક્ષણ ૨૧૯
સ્વપ્નવિચાર (જિન૦) ૨૧૯
,, (વર્ધ૦) ૨૧૯. જુઓ સ્વપ્નપ્રદીપ
સ્વપ્નશાસ્ત્ર(જગ૦)૨૧૦, ૨૧૮, ૨૧૯
સ્વપ્નસપ્તતિકા ૨૧૯. જુઓ સુમિણસત્તરિયા
— વૃત્તિ ૨૧૯
સ્વપ્નસુભાષિત ૨૧૯
સ્વપ્નાધિકાર ૨૧૯
સ્વપ્નાધ્યાય ૨૧૯
સ્વપ્નાવલિ ૨૧૯
સ્વપ્નાષ્ટકવિચાર ૨૧૯
સ્વરોદય (અજ્ઞાત) ૨૧૭
,, (નર૦) ૨૧૭. જુઓ નરપતિ-જયચર્યા
સ્વરોદય (યશ:૦) ૨૧૭
હમ્મીરમહાકાવ્ય ૬૦
હસ્તકાણ્ડ ૨૧૧, ૨૧૩
હસ્તસંજીવન ૨૦૧, ૨૧૧, ૨૧૨, ૨૧૪. જુઓ સિદ્ધજ્ઞાન અને હસ્તસંજીવની
— ટિપ્પણ ૨૧૬
— વૃત્તિ (સ્વોપજ્ઞ) ૨૦૧, ૨૧૫
હસ્તસંજીવની ૨૧૪. જુઓ સિદ્ધજ્ઞાન અને હસ્તસંજીવન
હસ્તિપરીક્ષા ૨૧૧, ૨૩૫ જુઓ ગજપરીક્ષા અને ગજપ્રબન્ધ
{ હિંગુલપ્રકર ૨૪૯, ૨૫૫-૨૫૭
{ હિંગુલપ્રકરણ ૨૫૫
હીરમેઘમાલા ૨૨૫
×હીરો કેવો લેશો ? ૩૦૭
હેમચન્દ્રકૃતિકુસુમાવલી ૩૪, ૮૮, ૯૩, ૧૦૭, ૧૬૦
હેમચન્દ્રનું પ્રાકૃત વ્યાકરણ ૬૯
હેમચન્દ્રવચનામૃત ૨૪૫
હેમચન્દ્રીય અપભ્રંશનું સ્વરૂપ ૬૩
હેમશબ્દસમુચ્ચય, શ્રી ૮૪
હેમસમીક્ષા ૬૫, ૧૧૩, ૧૧૫, ૧૧૭, ૧૨૮
હેમકારકસમુચ્ચય ૮૫
હેમકૌમુદી ૮૩. જુઓ ચન્દ્રપ્રભા અને બૃહત્-પ્રક્રિયા

વાક્યપ્રકાશ ૮૩
વારાહીસંહિતા ૨૨૫
વિક્રમોર્વશીય
—ટીકા ૧૮૪
વિજ્ઞાનશતક ૨૯૮
વિટવૃત્ત ૨૯૮
વિદગ્ધમુખમણ્ડન ૨૮૯
વિધિલિખિત ૧૮૫
વિશાલભારત ૧૯૪
વિશ્રાન્તવિદ્યાધર ૨૬૯
વિશ્વકોશ ૧૧૮, ૧૩૧
વિશ્વપ્રકાશ ૧૨૮
વિષ્ણુપુરાણ ૧૧૫
વૃત્તજાતિસમુચ્ચય ૧૫૦
—ટીકા ૧૩૮
વૃત્તરત્નાકર ૧૩૪, ૧૩૮, ૧૪૧, ૧૪૯, ૨૮૧, ૨૮૨
—ટીકા ૧૩૮, ૨૮૧
—વૃત્તિ ૧૩૬
વૃત્તિસૂત્ર ૨૬૭. જુઓ અષ્ટક, અષ્ટાધ્યાયી અને શબ્દાનુશાસન
{વૃદ્ધયોગશત ૨૯૭. જુઓ યોગશત અને યોગશતક
વૃદ્ધયોગશતક ૨૩૦
વેણીસંહાર ૨૯૫
વૈદિક વ્યાકરણ ૧૮, ૩૧૨. જુઓ છાન્દસ વ્યાકરણ
વૈદ્યજીવન ૨૯૮
વૈદ્યામૃત ૨૩૨
વૈયાકરણભૂષણસાર ૮૩
વૈરાગ્યશતક ૨૯૮
* વ્યાખ્યાસુધા ૨૮૦. જુઓ રામાશ્રમી
{શકુનનિર્ણય ૨૯૫. જુઓ વસન્તરાજશકુન
શકુનાર્ણવ ૨૯૫
શતકત્રય ૨૪૩, ૨૯૮, ૨૯૯
—ટીકાઓ ૨૯૯
શતકત્રયાદિસુભાષિતસંગ્રહ ૨૯૮
શબ્દભેદપ્રકાશ ૧૧૨, ૧૧૮
શબ્દમણિદર્પણ ૫૬
શબ્દાનુશાસન ૨૬૭. જુઓ અષ્ટક, અષ્ટાધ્યાયી અને વૃત્તિસૂત્ર
* શારીરકભાષ્ય ૨૬૭, ૨૮૬
શાર્ઙ્ગધરપદ્ધતિ ૬૦, ૨૯૦
શાલિહોત્ર ૨૩૫
શાશ્વત ૧૨૮
શિવસ્વરોદય ૨૦૧. જુઓ સ્વરોદય
શિશુપાલવધ ૨૭૩, ૨૮૫. જુઓ માઘકાવ્ય
શૃંગારતિલક ૧૬૨
શૃંગારતિલકાલંકાર ૨૭૩

શૃંગારપિણ્ડ ૧૪૧
શૃંગારપ્રકાશ ૨૮૯
શૃંગારશતક ૨૯૮
શૈવશાસ્ત્ર ૨૮૨
શૈવસામુદ્રિક ૨૧૬
શ્રુતબોધ ૨૮૧, ૨૮૨
ષટ્પંચાશિકા ૨૯૫
ષષ્ટિસંવત્સર ૨૨૫
संस्कृत व्याकरण शास्त्रका इतिहास ૧૧, ૧૬, ૧૯, ૨૩–૨૫, ૨૯–૩૧, ૩૩, ૪૨, ૫૭, ૬૨, ૨૬૭–૨૭૧, ૨૭૩
સંગીતપારિજાત ૧૮૯
સંગીતમકરન્દ ૧૮૯
સંજીવની ૨૬૪
સંજ્ઞાસૂત્ર ૨૭૪
સરસ્વતીકંઠાભરણ ૧૬૧, ૨૮૯
સરસ્વતીનિઘણ્ટુ ૧૨૪
સરસ્વતીસૂત્રપ્રક્રિયા ૨૭૪
સરસ્વતીસૂત્રો ૨૭૮
સામવેદ ૨૮૫
સામુદ્રિકભૂષણ ૨૧૫, ૨૧૬
સારસંગ્રહ ૨૨૫
સારસ્વતપ્રક્રિયા ૨૭૩
સારસ્વતવિભ્રમ ૮૬ (કાતન્ત્ર), ૮૭, ૨૭૮, ૨૭૯
સારસ્વતવ્યાકરણ ૮૭, ૧૨૦, ૨૫૬, ૨૭૩–૨૭૫, ૨૭૭–૨૭૯,
સાહિત્ય અને વિવેચન ૪૯
સાહિત્યદર્પણ ૧૬૫, ૧૬૬, ૨૮૬, ૨૮૭
સિદ્ધાન્તકૌમુદી ૧૮, ૨૯, ૫૮, ૬૩, ૮૨, ૮૩, ૯૬
* સિદ્ધાન્તચન્દ્રિકા ૨૭૭
સિદ્ધાન્તશેખર ૨૯૧
સી. કે. રાજા સ્મારકગ્રન્થ ૧૩૭
સુકૃતસંકીર્તન ૧૬૯
સુશ્રુતસંહિતા ૨૯૬, ૩૧૦
સૂક્તિમુક્તાવલી ૧૦૭, ૨૪૮
સૂર્યશતક ૨૭૦
સેઉબન્ધ ૧૪૫. જુઓ રાવણવહ
સ્વરોદય ૨૦૧. જુઓ શિવસ્વરોદય
હનુમન્નિઘણ્ટુ ૧૨૪
હયગ્રીવવધ ૯૬
હર્ષચરિત ૨૮૬
હસ્તચિહ્નસૂત્ર ૨૧૬
હસ્તબિમ્બ ૨૧૬
હસ્ત્યાયુર્વેદ ૨૩૫
હિતોપદેશ ૨૬૦
હેવાલ (Report) ૪૨ (ચોથો), ૨૩૭ (ચોથો), ૨૮૧ (ત્રીજો)

હેરામ્બકરન્દ ૨૯૫

Catalogus Catalogorum ૫૩

Catalogue of Sanskrit Manuscripts in Mysore and Koorg ૧૯૪

Descriptive Catalogue of the Government Collections of Manuscripts ૨૬૯, ૨૮૬, ૨૯૭, ૨૯૯, ૩૦૮, ૩૧૦–૩૧૪

Encyclopædia Britanica ૨૨૬

Ganadarpana, a work on Sanskrit Grammar ascribed to King Kumārapāla (1143–1174 A. D) of Gujarat, The ૬૦

Gem-stones and their distinctive characters ૨૩૭

Gospel in many Tongues, The ૨

History of Classical Sanskrit Liturature ૧૪૧, ૧૫૫

History of Hindu Mathematics ૧૯૭, ૧૯૮

History of Indian and Eastern Architecture ૧૯૩

History of Indian Literature ૨૪૦–૨૪૨

History of Sanskrit Poetics ૧૫૫, ૧૬૯, ૨૮૩

Indian Architecture ૧૯૩

Indian Literatures, The ૨૬૭

Literary Circle of Mahāmātya Vastupāla and its Contribution to Sanskrit Literature ૨૪૯

On the Aindra School of Sanskrit Grammarians ૧૧

Sanskrit Literature ૯૬, ૨૫૭

Some Notes on the Manuscripts of medical works by Jaina writers ૨૨૭

Technical terms and Technique of Sanskrit Grammar ૬૬

## પરિશિષ્ટ ૩: પ્રકીર્ણક વિશેષનામો


અકબર (નૃપ) ૫૪, ૧૧૯
અક્ષયચન્દ્ર ૩૧૪
અખંડ આનંદ ૨૯૮
અહૂગ ૯૬
[1]અંગ્રેજી ૩૦, ૧૦૪, ૧૦૬; ૧૯૩, ૨૦૦, ૨૨૬, ૨૫૦
— અનુવાદ ૧૭, ૬૯, ૧૯૬, ૨૪૨, ૨૮૬
— ઉપોદ્ઘાત ૧૫૯, ૨૦૦, ૨૮૬, ૨૯૧
— ટિપ્પણ ૧૪૮, ૧૫૯, ૧૯૬
— પ્રસ્તાવના ૧૪૮, ૨૦૩, ૨૦૮
અજયપાલ (નૃપ) ૯૭, ૧૮૨, ૧૮૩, ૨૧૭
અજિત ૨૨૨
અજિતદેવ ૨૪૬
અજિતનાથ ૮૩
અંચલ ગચ્છ ૪૦, ૫૫, ૧૧૬, ૧૨૯, ૧૫૨, ૨૩૧, ૨૫૬, ૨૭૧, ૨૭૭, ૨૯૨, ૨૯૩, ૨૯૫
અણહિલપુર ૨૧૭
અણહિલપુર પાટણ ૧૨૩, ૧૬૯, ૨૦૬
અણહિલવાડ ૩૨૧
અદ્ધમાગહી ૪, ૫, ૭, ૩૬, ૬૩. જુઓ અર્ધમાગધી અને આર્ષ
અનન્તકીર્તિ દિગમ્બર જૈન ગ્રન્થમાલા ૨૪૪
અનૂપ સંસ્કૃત પુસ્તકાલય ૨૨૬
અનેકાન્ત ૫૬, ૧૪૧
અપભ્રંશ ૬૯, ૧૧૦, ૧૪૬, ૧૫૬, ૧૭૫, ૨૪૪, ૨૬૫, ૨૮૩, ૨૮૬. જુઓ અવહટ્ટ
— છંદો ૧૪૩, ૧૪૪, ૧૪૬
— મુક્તકો ૬૯
અભયચન્દ્ર ૧૮૭
અભયદેવ ૨૧૮
અભિનન્દન ૨૨૨
અભિમન્યુ (નૃપ) ૫૭


---

૧ આથી આ નામની ભાષા અભિપ્રેત છે. આ પ્રમાણે પાઇય (પ્રાકૃત), આર્ષ, અદ્ધમાગહી (અર્ધમાગધી), જઇણ મરહટ્ઠી (જૈન માહારાષ્ટ્રી), સોરસેણી (શૌરસેની) માગહી (માગધી), પેસાઇ (પૈશાચી), ચૂલિયા પેસાઇ (ચૂલિકા પૈશાચી), અવહટ્ઠ ((અપભ્રંશ), જૈન સંસ્કૃત, લૌકિક સંસ્કૃત, આર્ષ સંસ્કૃત, જૂની ગુજરાતી, ઉર્દૂ–હિન્દી, દ્રાવિડ, કન્નડ (કાનડી), તેલુગુ, તિબેટી, અવેસ્તા, અવેસ્તા પહેલવી ઇત્યાદિ માટે સમજી લેવું

પરમાગમપ્રવીણ ૪૩
પરમાનન્દ ૮૮
પરમાર (નૃપ) ૩૬
પરમાર્હત ૫૯, ૬૨, ૧૧૪, ૧૧૫, ૨૧૧
પલ્લીવાલ ૧૯૯
પર્યેક ૨૮૨
પાઇય ૩, ૫, ૬, ૮, ૩૦, ૪૩, ૪૫, ૪૬, ૬૩, ૬૪, ૧૦૪, ૧૦૫, ૧૧૦, ૧૪૫, ૧૪૭, ૧૪૮, ૧૫૧, ૧૭૫, ૧૯૪, ૨૦૦, ૨૦૯–૨૧૧, ૨૧૩, ૨૧૯, ૨૫૧, ૨૬૫, ૨૮૬, ૨૯૪, ૨૯૫, ૩૧૪, ૩૧૮. જુઓ પ્રાકૃત
—અવતરણ ૨૮૯, ૩૧૬
—અવ્યય ૬૫
—ઉદાહરણો ૧૪૮, ૧૫૬
—ગાથાઓ ૩૨૦
—છંદો ૧૪૫, ૧૪૬
—નામ ૧૫૫
—પદ્યો ૬૯, ૧૫૯, ૧૭૩, ૨૦૦, ૨૩૫, ૨૫૯
—રૂપાન્તર ૨૪૧ (૨)
—વિવરણ ૨૮૫
—શબ્દો ૩૧૩, ૩૧૬
—સુભાષિતો ૧૮૨
પાટણ ૭૯, ૮૪, ૮૫, ૯૮, ૧૧૬, ૧૭૫, ૧૭૬, ૧૭૮, ૨૦૬, ૨૨૦, ૨૫૦, ૨૫૧, ૨૭૮
પાટલિપુત્ર ૨૦૪
પાણિનિ ૨૫
પાણ્ડુરંગ જાવજી ૨૮૦
પાદલિપ્તસૂરિ ૨૦૪. જુઓ નાગેન્દ્ર
પારસી ૩, ૪, ૨૬૫
પારસીક ૫૬. જુઓ ફારસી
પારેખ પ્રભુદાસ બેચરદાસ ૭૦
પાર્શ્વ ૭૦. જુઓ પાર્શ્વનાથ
પાર્શ્વચન્દ્ર ૨૮૯
પાર્શ્વનાથ ૬, ૨૧૦, ૨૫૮. જુઓ પાર્શ્વ
પાલિ ૪, ૬૩, ૬૫
પાહિણી ૬૨. જુઓ ચંગી અને ચાહિણી
પિતામહ ૧૨૯
પીયૂષવર્ષ ૧૭૮
પુણ્ડરીક ૨૧૦
પુષ્યહર્ષ ૨૯૫
પુન્ય(ણ્ય)સારગણિ ૩૦૯
પુરાતત્ત્વ ૩૨, ૪૮, ૫૪, ૧૮૭, ૨૭૦, ૨૮૪

૩૯—૬૭ જૈન મૌલિક ગ્રંથોનું મૂલ્યાંકન:
૩૯—૪૨ પંદર વિષયો અને એને અંગેની કૃતિઓની સંખ્યા તથા ચિત્રકળા
૪૨—૬૬ વ્યાકરણાદિનું વિહંગાવલોકન
૬૬ ત્રણ અને ચાર વિષયની એકકર્તૃક કૃતિઓ
૬૬, ૬૭ સૈકાદીઠ ફાલ
૬૮-૭૪ નિવેદન: દ્વિતીય અંશ—
૬૮ રચનાસમયની સૂચી અને કર્તવ્ય
૬૮-૭૧ પ્રયાસ તેમજ ભારતીય સાહિત્યના તથા સંસ્કૃત સાહિત્યના ઇતિહાસને લગતા વિવિધ ભાષાઓમાં રચાયેલા પુસ્તકોની સૂચી
૭૧, ૭૨ પ્રસ્તુત પુસ્તકની આવશ્યકતા
૭૨-૭૪ ઋણસ્વીકાર

## ૧-૩૨૩ સટિપ્પણ મૂળ

૧-૮ પ્રકરણ ૧: પ્રાસ્તાવિક
૧ જગતની અનાદ્યનન્તતા
૨ સાહિત્યની ભાષાનો ઉદ્ભવ
૩ ભાષાઓનું વર્ગીકરણ
૪, ૫ ભાષા કોની?
૫ 'જૈન' સંસ્કૃત
૫, ૬ ઉપલબ્ધ સાહિત્યની ઇયત્તા
૭ પુસ્તકની મર્યાદા
૮ સંસ્કૃત કૃતિઓના સાત વર્ગ
૯-૬૦ પ્રકરણ ૨: વ્યાકરણ
૯ વ્યાકરણના પર્યાયો
૯ વેદનાં છ અંગ
૯ વ્યાકરણનો ઉદ્ભવ
૧૦-૪૭ [૧] વ્યાકરણો
૧૦, ૧૧ (૧) અજૈન ઇન્દ્ર (ઐન્દ્ર) વ્યાકરણ
૧૨-૧૪ (૨) જૈન ઐન્દ્ર વ્યાકરણ અને એની ઉત્પત્તિ
૧૪, ૧૫ (૩) સદ્દપાહુડ (શબ્દપ્રાભૃત)
૧૫-૨૩ (૪) જૈનેન્દ્ર વ્યાકરણ યાને પંચાધ્યાયી:
દિ૦ પૂજ્યપાદનો પરિચય, બે વાચના, અસલી સૂત્રપાઠના ટીકાઓ, સ્વોપજ્ઞ ન્યાસ ને ભાષ્ય, મહાવૃત્તિ, શબ્દાંભોજ-ભાસ્કર, પંચવસ્તુ, (૪અ) શબ્દાર્ણવ અને એની ટીકાઓ, શબ્દાર્ણવપ્રક્રિયા તેમજ જૈનેન્દ્ર વ્યાકરણની અનિટ્સ્વરાન્તકારિકા
૨૩-૨૫ (૫) વિશ્રાન્તવિદ્યાધર· આ જૈન કૃતિ છે? વામનનો

## ૩૨૪-૪૨૪ ત્રણ પરિશિષ્ટો


૩૨૪-૩૪૬ પરિશિષ્ટ ૧: ગ્રન્થકારોની સૂચી

૩૨૪-૩૩૫ (અ) શ્વેતામ્બર અને યાપનીય

૩૩૬-૩૩૯ (આ) દિગમ્બરે

૩૪૦-૩૪૬ (ઇ) અજૈન

૩૪૭-૩૯૮ પરિશિષ્ટ ૨: ગ્રન્થો અને લેખોની સૂચી

૩૪૭-૩૮૪ (અ) શ્વેતામ્બર અને યાપનીય

૩૮૪-૩૯૧ (આ) દિગમ્બર

૩૯૧-૩૯૮ (ઇ) અજૈન

૩૯૯-૪૨૪ પરિશિષ્ટ ૩: પ્રકીર્ણક વિશેષનામો

# સંકેત-સૂચી

અં૦=અંચલ
અ૦ચૂ૦=અલંકારચૂડામણિ
અભિ૦ચિ૦=અભિધાનચિન્તામણિ
અ૦મા૦=અર્દ્ધમાગધી
અષ્ટા૦=અષ્ટાધ્યાયી
અ૦ર૦=અનેકાર્થરત્નમંજૂષા
આ૦ દિ૦=આગમોનું દિગ્દર્શન
આ૦ પ્ર૦=આત્માનંદ પ્રકાશ
આ૦ સભા૦=આત્માનંદ સભા
આ૦ સ૦=આગમોદય સમિતિ
ઉ૦=ઉત્તર સીમા
ઉ૦=ઉપકેશ યાને ઉકેશ
ઉપા૦=ઉપાધ્યાય
ઋ૦ કે૦ શ્વે૦ સં૦=ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા
ઋ૦ છ૦=ઋષભદેવજી છગનીમલજી
ક૦ તા૦ ગ્રં૦=કન્નડપ્રાન્તીય તાડપત્રીય ગ્રન્થસૂચી
કલિ૦=કલિકાલસર્વજ્ઞ
કા૦=કાસહ્રદ
કૃ૦=કૃષ્ણર્ષિ
ખં૦=ખંડિલ્લ
ખ૦=ખરતર
ગ૦ર૦મ૦=ગણરત્નમહોદધિ
કે૦પ્ર૦ચૂ૦=કેવલજ્ઞાનપ્રશ્નચૂડામણિ
ગ૦સા૦સં૦=ગણિતસારસંગ્રહ
ગા૦ પૌ૦ ગ્રં૦=ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાલા
ગુ૦ મિ૦ તથા ગુ૦દ૦=ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ
ગૃ૦=ગૃહસ્થ
ચં૦=ચંદ્ર
ચ૦પ્ર૦=ચતુર્વિંશતિપ્રબન્ધ
જ૦ મ૦=જયંતી મરહટ્ટી
જિ૦ર૦કો૦=જિનરત્નકોશ
જેસલ૦સૂચી=જેસલમેરીય ભાણ્ડાગારીય ગ્રન્થસૂચી
જૈ૦આ૦સ૦=જૈન આત્માનંદ સભા
જૈ૦ ગ્રં૦=જૈન ગ્રંથાવલી
જૈ૦ ગ્રં૦ પ્ર૦ સ૦=જૈન ગ્રંથ પ્રકાશક સભા
જૈ૦ પુ૦ પ્ર૦ સં૦=જૈન પુસ્તક પ્રચારક સંસ્થા
જૈ૦ ધ૦ પ્ર૦=જૈન ધર્મ પ્રકાશ
જૈ૦ધ૦પ્ર૦સ૦=જૈન ધર્મ પ્રસારક સભા
જૈ૦ સ૦ પ્ર૦=જૈન સત્ય પ્રકાશ
જૈ૦ સા૦ ઇ૦=જૈન સાહિત્ય ઔર ઇતિહાસ
જૈ૦ સા૦ સં૦=જૈન સાહિત્ય સંશોધક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯૧ | અંત્ય | ઞ | ઞ |
| ૯૩ | ૭ | દ્વિતીય...૩૪માં | પ્ર. ૬૭માં |
| ” | ૧૩ | કૃતિનાં | કૃતિના |
| ” | ૧૭ | ઉધ્ધૃત | ઉદ્ધૃત |
| ” | ૨૧ | પ્રસિધ્ધ | પ્રસિદ્ધ |
| ૯૪ | ૨૧ | સુપ્રસિધ્ધ | સુપ્રસિદ્ધ |
| ૯૫ | ૧૩ | વલ્લભે | શ્રીવલ્લભે |
| ૯૬ | ૨૭ | ભટ્ટોજી | ભટ્ટોજિ |
| ૯૮ | ૪ | કવિશિક્ષા યાને | ૦ |
| ” | ” | વૃત્તિ | વૃત્તિ કવિશિક્ષા |
| ” | ૧૪ | ૧૨૭૭ | ૧૨૯૭ |
| ” | ૨૩ | કલ્પક્રુમ | કલ્પદ્રુમ |
| ૧૦૧ | ૧૧ | ક્રિયાત્તિપત્તિ | ક્રિયાતિપત્તિ |
| ૧૦૩ | ૩ | આ | આનું |
| ” | ૫ | વીસ્મ્ | વીરમ્ |
| ” | ૧૩ | કેટલાક હિંવદન્તીઓ | કેટલીક કિંવદન્તીઓ |
| ” | ” | મિ૦ | મિ૦ તથા |
| ૧૦૬ | ૩ | ગૃહસ્થ | ગૃહસ્થ નામે ધનંજય |
| ૧૦૭ | ૧૪ | ૪૦માં | ૪૦મા |
| ૧૦૮ | અંત્ય | द्विःसन्धानकवेः | द्विसन्धानं कवेः |
| ૧૧૦ | ૧૨ | °धर्ज° | °धंन° |
| ” | ૧૭ | આ૦ સા૦ | આ૦ સ૦ |
| ” | ૨૩ | ૧૦૨૯)માં | ૧૦૨૯માં |
| ૧૧૧ | અંત્ય | પૃ. | પૃ. ૧૨૪ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૫૯ | ૨૨ | ગતઉ દાહરણોને | ગત ઉદાહરણોને |
| ૧૬૩ | ૧૫ | ૧૩મું | ૧૨મું |
| ૧૬૮ | ૧૧ | (?) | (શ્લો. ૯) |
| ૧૬૯ | ૮ | સાસન | શાસન |
| ૧૭૧ | ૫–૬ | વિવેક....થાય છે | ૦ |
| ૧૭૩ | અંત્ય | પણ...નથી | ૦ |
| ૧૭૪ | ૧૭ | ત્રેસઠ | તેંસઠ |
| ,, | ૨૩ | દસા | દશા |
| ૧૭૮ | ૨૦–૨૧ | અલંકાર.. છે | ૦[1] |
| ,, | અંત્ય | જાણવામાં નથી | માટે જુઓ પૃ. ૭૫ (ઉપોદ્ઘાત) |
| ૧૮૦ | ૧૯ | વિવૃત્તિમાં | વિવૃતિમાં |
| ,, | ૨૦ | ત્રેસઠ | તેંસઠ |
| ૧૮૧ | ૪ | તેમાનાં | તેમાંના |
| ૧૮૫ | ઉપાંત્ય | ન્વાયોગો૦ | ન્યાયોગો૦ |
| ૧૯૩ | ૧૭ | પૃ | પૃ. |
| ,, | ૨૨ | બ | બી |
| ૧૯૪ | ૧૯ | ભાસ્કર | ૦ |
| ૨૦૦ | ૧૮ | જિનસેન અને | જિનસેન પહેલા અને |
| ૨૦૧ | ૧૯ | સામુદ્રિક | સામુદ્રિકના |
| ૨૦૨ | ૬ | સ્વપ્ન નિદ્રામાં | સ્વપ્ન—નિદ્રામાં |
| ,, | ૧૪ | વ્યંજન | વ્યંજન |
| ૨૦૩ | ૨૨ | ભૂમિકાસ હિત | ભૂમિકા સહિત |

૧ જુઓ ઉપોદ્ઘાત (પૃ ૭૫).